॥ श्रीजिनाय नमः ॥

(श्रीरत्नशेखरसूरिविरचितं)

# ॥ श्रीश्रीपालचरित्रम् ॥

(मूल अने गुजरातीभाषान्तरसहित)

छपावी प्रसिद्ध करनार

पण्डित हीरालाल हंसराज (जामनगरवाळा)

वीर संवत् २४५९ किंमत. रु. ४-०-० विक्रम संवत् १९८९

॥ श्रीजिनाय नमः ॥

# ॥ अथ श्रीश्रीपालचरित्रं प्रारभ्यते ॥

(मूळ अने गुजरातीभाषांतर सहित)

(मूलकर्त्ता—श्रीरत्नशेखरसूरिः)

भाषांतरकर्त्ता—पंडित हीरालाल हंसराज (जामनगरवाळा)

अरिहाइनवपयाइं । झाइत्ता हिययकमलमज्झंमि सिरिसिद्धचक्कमाहप्प । मुत्तमं किंपि जंपेमि ॥ १ ॥

भाषांतरं—मारां हृदयकमलनी अंदर अरिहंतादिक नवे पदोनुं ध्यान धरीने उत्तम एवुं श्रीसिद्धचक्रनुं किंचित् महात्म्य हुं कहुं छुं.॥१॥

अत्थित्थ जंबूदीवे । दाहिणभरहद्दमज्झि खंडे ॥ बहुघणधन्नसमिद्धो । मगहादेसो जयपसिद्धो ॥ २ ॥

आ जंबूद्वीपमां दक्षिणार्धभरतक्षेत्रना मध्यखंडमां घणां धन अने धान्योथी समृद्धिवान् थयेलो अने जगत्मां प्रसिद्ध एवो मगधनामे देश छे.

जत्थुप्पन्नं सिरिवीरनाह—तित्थं जयंमि वित्थरियं ॥ तं देसं सविसेसं । तित्थं भासंति गीयत्था ॥ ३ ॥

ते देशमां उत्पन्न थयेलुं श्रीवीरप्रभुनुं शासन जगत्मां विस्तार पाम्युं छे, माटे ते देशने गीतार्थो विशेषप्रकारे तीर्थरूप कहे छे. ॥३॥

तत्थय मगहादेसे । रायगिहं नाम पुरवरं अत्थि ॥ वेभारविउलगिरिवर–समलंकियपरिसरएसं ॥ ४ ॥
ते मगधदेशनी अंदर राजग्रह नामनुं एक सुंदर नगर छे, के जेनी आसपासनो प्रदेश वैभार नामना विस्तीर्णपर्वतथी शोभी रह्यो छे.॥४॥

तत्थय सेणियराओ । रज्जं पालेइ तिजयविख्खाओ ॥ वीरजिणचलणभत्तो । विहअज्जिअतित्थयरगुत्तो ॥ ५ ॥
ते नगरमां त्रणे जगत्मां प्रख्यात एवा श्रेणिकनामे राजा राज्य करे छे, ते राजा श्रीवीरप्रभुना चरणोनी सेवा करनारो छे, तथा तेणे विधिपूर्वक तीर्थंकरनामकर्म उपार्जन करेलुं छे. ॥ ५ ॥

जस्सत्थि पढमपत्ती । नंदा नामेण जीइ वरपुत्तो ॥ अभयकुमारो बहुगुण–सारो चउबुद्धिभंडारो ॥ ६ ॥
जे श्रेणिकराजाने पहेली नंदा नामनी राणी छे. के जेणीने घणा उत्तम गुणवाळो अने चारे बुद्धिओना भंडाररूप अभयकुमारनामे पुत्रछे

चेडयनिरिंदधूया । बीया जस्सत्थि चिल्लणादेवो ॥ जीए असोगचंदो । पुत्तो हल्लो विहल्लो य ॥ ७ ॥
वळी ते श्रेणिकराजाने बीजी चेडाराजानीपुत्री चिल्लणादेवीनामे राणी छे, के जेणीने अशोकचन्द्र, हल्ल अने विहल्ल ए नामना त्रण पुत्रो छे

अन्नाओ अणेगाओ । धारिणिपमुहाओ जस्स देवीओ ॥ मेहाइणो अणेगे । पुत्ता पियमाइपयभत्ता ॥ ८ ॥
तेमज ते राजानी बीजी धारिणीआदिक अनेक राणीओ छे के जेओना बुद्धिवान तथा मातापिताना चरणोनी भक्तिवाळा अनेक पुत्रोछे.

सो सेणियनरनाहो । अभयकुमारेण विहियउच्छाहो ॥ तिहुयणपयडपयावो । पालइ रज्जं च धम्मं च ॥ ९ ॥
ते श्रेणिकराजा अभयकुमारप्रते प्रीतियुक्त थइने त्रणे भुवनोमां प्रसिद्ध महिमावाळो यथोचितो राज्य अने धर्म पाळे छे. ॥ ९ ॥

**एयंमि पुणो समए । सुरमहिओ वद्धमाणतित्थयरो ॥ विहरंतो संपत्तो । रायगिहासन्ननयरंमि ॥ १० ॥**

हवे एवामां देवोथी पूजायेला श्रीमहावीरस्वामी तीर्थंकर विहार करताथका राजगृहीनगरीपासे आवेला कोइक नगरमां पधार्या.॥१०॥

**पेसेइ पढमसीसं । जिट्ठं गणहारिणं गुणगरिट्ठं ॥ सिरि गोयमं मुणिंदं । रायग्गिहलोयलाभत्थं ॥ ११ ॥**

त्यां तेमणे महागुणवान ज्येष्ट तथा प्रथम शिष्य एवा श्रीगौतमस्वामी गणधरने राजगृहीनगरीना लोकोना लाभमाटे मोकल्या ॥११॥

**सो लद्धजिणाएसो । संपत्तो रायग्गिहपुरोज्जाणे ॥ कइवयमुणिपरिवरिओ। गोयमसामी समोसरिओ ॥ १२ ॥**

ते गौतमस्वामी पण प्रभुनो आदेश लेइने राजगृहनगरना उद्यानमां पधार्या तथा त्यां केटलाक मुनिओना परिवारसहित समोसर्या. १२

**तस्सागमणं सोउं। सयलो नरनारीपमुहपुरलोओ ॥ नियनियरिद्धिसमेओ । समागओ झत्ति उज्जाणे ॥ १३ ॥**

तेमनुं आगमन साभळीने स्त्रीपुरुषआदिक नगरना सघळा लोको पोतपोतानी ऋद्धि सहित तुरत ते उद्यानमां आव्या. ॥ १३ ॥

**पंचविहं अभिगमणं । काउं तिपयाहिणाउ दाऊणं ॥ पणमिय गोयमचलणे। उवविट्ठो उचियभूमिए ॥ १४ ॥**

तेओ (सचित्तद्रव्यना त्यागआदिकरूप) पांच प्रकारनो अभिगम सांचवीने तथा त्रण प्रदक्षिणा देइने श्रीगौतमस्वामीना चरणोने नमीने उचित स्थानके बेठा. ॥ १४ ॥

**भयवंपि सजलजलहर–गंभीरसरेण कहिउमाढत्तो ॥ धम्मसरूवं सम्मं । परोवयारिक्कतल्लिच्छो ॥ १५ ॥**

त्यारे परोपकारनीज एक इच्छावाळा भगवान् श्रीगौतमस्वामी पण जलयुक्तमेघसरखा गंभीर स्वरथी सम्यक्प्रकारे धर्मनुं स्वरूपकहेवा लाग्या.

भो भो महाणुभागा । दुलहं लद्धूण माणुसं जम्मं ॥ खित्तकुलाइपहाणं । गुरुसामग्गिं च पुण्णवसा ॥१६॥

हे महानुभावो! पुण्यना प्रभावथी दुर्लभ एवो आ मनुष्यजन्म पामीने, तेमज उत्तम क्षेत्र तथा कुलआदिक अने सुगुरुनी पण सामग्रीमेळवीने

पंचविहं पि पमायं । गुरुआवायं विवज्जिउं झत्ति ॥ सद्धम्मकम्मविसए । समुज्जमो होइ कायव्वो ॥ १७॥

महानुकशानकारक एवा पांचे प्रकारना प्रमादोने तुरत छोडीने उत्तम धर्मकार्य संबंधि उद्यम तमारे करवो जोइये. ॥ १७ ॥

सो धम्मो चउभेओ । उवइट्ठो सयणजिणवरिंदेहिं ॥ दाणं सीलं च तवो । भावोवि य तस्सिमे भेया ॥ १८॥

ते धर्म सर्व जिनेश्वरप्रभुओए चार प्रकारनो उपदेशेलो छे, एटले दान शील तप अने भाव, एम ते धर्मना चार भेदो छे. ॥ १८॥

तत्थवि भावेण विणा। दाणं न हु सिद्धिसाहणं होइ ॥ सिलंपि भाववियलं। विहलं चिय होइ लोगंमि ॥ १९ ॥

तेमां पण भावविना आपेलुं दान फलदायक होतुं नथी, तेमज भावविनानुं शील पण दुनीयामां निष्फलज थाय छे ॥ १९ ॥

भावं विणा तवो वि हु । भवोहवित्थारकारणं चेव ॥ तम्हा नियभावुच्चिय–सुविसुद्धो होइ कायव्वो ॥ २० ॥

वळी भावविना करेलो तप पण भवोना समूहने विस्तारनारो थाय छे, तेटलमाटे पोताना भावनेज विशेषप्रकारे शुद्ध करवो जोइए.

भावो वि मणोविसओ । मणं च अइदुज्जयं निरालंबं ॥ ता तस्स नियमणत्थं । कहियं सालंवणं झाणं ॥ २१ ॥

हवे ते भाव पण मनने आधिन छे, अने ते मनने आलंबनविना जीती शकातुं नथी, माटे ते मनने वश करवामाटे आलंबनवाळुं ध्यान (स्वीकारवानुं) कह्युं छे. ॥ २१ ॥

आलंबणाणि जइविहु । बहुप्पयाराणि संति सत्थेसु ॥ तहवि हु नवपयज्झाणं । सुपहाणं बिंति जगगुरुणो॥२२॥

हवे तेवां आलंबनो शास्त्रोमां जोके घणा प्रकारनां छे, तोपण तेमां नवपदना ध्यानने श्रीजिनेश्वरप्रभुओए उत्तम आलंबन कह्युं छे.

अरिहं सिद्धायरिया । उवज्झाया साहूणो य संम्मत्तं॥ नाणं चरणं च तवो । इय पयनवगं मुणेयव्वं ॥२३ ॥

अरिहन्त, सिद्ध, आचार्य, उपाध्याय, साधु, दर्शन, ज्ञान, चारित्र अने तप, ए नवपदो जाणवां. ॥ २३ ॥

तत्थऽरिहंतेट्ठारस । दोसविमुक्के विसुद्धनाणमए ॥ पयडियतत्ते नतसुर–राए झाएह निच्चंपि ॥ २४ ॥

त्यां अढार दोषोथी रहित थयेला, शुद्ध केवलज्ञानवाळा, तत्वोने प्रगट करनारा, तथा इन्द्रो पण जेमने नमेला छे, एवा श्रीअरिहंत प्रभुने हंमेशां ध्याववा. ॥ २४ ॥

पनरसभेयपसिद्धे । सिद्धे घणकम्मबंधणविमुक्के सिद्धाणंतचउक्के । झायह तम्मयमणा सययं ॥ २५ ॥

पंदर भेदोथी प्रसिद्ध थयेला, तथा निबिड एवां कर्मबन्धनोथी मुक्त थयेला, तेमज जेमने अनंतचतुष्टय प्राप्त थयेल छे, एवा सिद्ध महाराजोने हमेशां तन्मयपणे ध्याववा. ॥ २५ ॥

पंचायारपवित्ते । विसुद्धसिद्धंतदेसणुज्जुत्ते ॥ परउवयारिक्कपरे । निच्चं झाएह सूरिवरे ॥ २६ ॥

पांचे प्रकारना आचारोथी पवित्र, तथा शुद्ध सिद्धांतनी देशना देनारा, तेमज फक्त परोपकार करवामांज तत्पर एवा श्रीआचार्यजीमहाराजनुं हंमेशां ध्यान धरवुं. ॥ २६ ॥

गणतत्तिसु निउत्ते सुत्तत्थज्झाणंमि उज्जुत्ते ॥ सज्झाए लीणमणे सम्मं झाएह उवज्झाए ॥ २७ ॥

गच्छनी सारणआदिकना अधिकारवाळा, तथा सूत्र अने अर्थनो अभ्यास कराववांनां उद्यमवंत थयेला अने फक्त सज्झायध्यानमांज तल्लालीन मनवाळा एवा श्रीउपाध्यायजीनुं सम्यक्प्रकारे ध्यान धरवुं ॥ २७ ॥

सव्वासु कम्मभूमिसु । विहरंते गुणगणेहिं संजुत्ते ॥ गुत्ते मुत्ते झायह । मुणिराए निट्ठियकसाए ॥ २८ ॥

सर्व कर्मभूमिओमां विचरता तथा गुणोना समूहोथी भरेला तेमज वैरागी अने त्यागी एवा तथा कषायरहित एवा मुनिमहाराजोनुंध्यानधरवुं

सव्वन्नुपणीयागम–पयडियतत्तत्थसद्दहणरूवं ॥ दंसणरयणपईवं । निच्चं धारेह मणभवणे ॥ २९ ॥

सर्वज्ञप्रभुए रचेला आगमोमां प्रगट करेलां तत्वोना अर्थोनी सद्दहणारूप जे सम्यक्त्व, ते रूपी रत्नना दीपकने हमेशां पोताना मन-रुपी मंदिरमां धारण करवो, ॥ २९ ॥

जीवाजीवाइनवपयत्थ–सत्थतत्तावबोहरूवं च ॥ नाणं सव्वगुणाणं मूलं सिक्खेह विणएणं ॥ ३० ॥

जीव अजीवादिक नव पदार्थोना समूहना तत्वोने जणावनारुं तथा सर्वगुणोना मूलरूप एवा ज्ञाननो विनयपूर्वक अभ्यास करवो. ।३०।

असुहकि रियाणचाओ सुहासु किरियासु जो य अपमाओ ॥ तं चारित्तं उत्तमं । गुणजुत्तं पालह निरुत्तं ॥ ३१ ॥

अशुभक्रियाओनो त्याग करीने शुभक्रियाओमां प्रमाद न करवारूप, तथा गुणोयें करीने युक्त, अने कर्मोना संचयने दूर करवारूप निरुक्तार्थवाळुं एवुं चारित्र पाळवुं. ॥ ३१ ॥

घणकम्मतमोभरहरण–भाणुप्भूयं दुवालसंगधरं ॥ नवरमकसायतावं । चरेह सम्मं तवोकम्मं ॥ ३२ ॥

निबिडकर्मोरूपी अंधकारना समूहने हरवामां सूर्यसमान, तथा बार[1] भेदोवाळा परंतु एटलुं विशेषके कषायरूपी तापथी रहित एवा ते तपकार्यने सम्यक्मकारे आचरवुं ॥ ३२ ॥

एयाइं नवपयाइं । जिणवरधम्मंमि सारभूयाइं ॥ कल्लाणकारणाइं । विहिणा आराहियव्वाइं ॥ ३३ ॥

ए उपर कहेलां नवे पदो श्रीजैनधर्ममां सारभूत तथा कल्याण करनारां छे, माटे तेओने विधिपूर्वक आराधवां. ॥ ३३ ॥

अन्नं च–एएहिं नवपएहिं । सिद्धं सिरिसिद्धचक्कमाउत्तो ॥ अरिहंतो संतो । सिरिसिरिपालुव्व लहइ सुहं ॥३४॥

वळी–ए नवे पदोथी बनेला एवा श्रीसिद्धजक्रजीमहाराजने उद्यमपूर्वक आराधवाथी श्रीश्रीपालराजानी पेठे (प्राणी) सुख मेळवेछे.

तो पुच्छइ मगहेसो को एसो मुणिवरिंद सिरिपालो ॥ कह तेण सिद्धचक्कं । आराहिय पावियं सुक्खं ॥ ३५ ॥

ते सांभळी मगधराजा श्रेणिक पूछेछे के हे मुनिवर! ए श्रीपालराजा कोण हता? तथा तेणे सिद्धचक्र आराधि केवीरीते सुख प्राप्त कर्युं?

तो भणइ मुणी निसुणसु-नरवरअक्खाणयं इमं रम्मं ॥ सिरिसिद्धचक्कमाहप्प–सुंदरं परमचुज्जकरं[2] ॥३६ ॥

---

१ छ बाह्य अने छ अभ्यंतर. सूर्यना पक्षमां ते पण बार आत्मारूप लोकोमां कहेवाय छे. यतः—'द्वादशात्मादिवाकरः'

२ 'बोकहरं' इति द्वितीयपुस्तकपाठः—एटले परम बोध करनारुं. ॥

त्यारे श्रीगौतमस्वामी कहे छे के, हे राजन् ! ते उत्तमपुरषनुं आ रमणिक चरित्र तुं सांभळ? के जे चरित्र श्रीसिद्धचक्रजीना माहात्म्यथी सुंदर थयेलुं तथा अत्यन्त आश्चर्य करनारुं छे. ॥ ३६ ॥ ते कहे छे—

**तथाहि—इत्थेव भरहखित्ते। दाहिणखंडंमि अत्थि सुपसिद्धो॥ सव्वड्ढिकयपवेसो। मालवनामेण वरदेसो ॥३७॥**

आज भरतक्षेत्रमां दक्षिणखण्डमां प्रसिद्ध एवो तथा सर्व प्रकारनी ऋद्धिए जेमां प्रवेश करेलो छे एवो मालवा नामे उत्तम देश छे.

**सोय केरिसो—पए पए जत्थ सुगुत्तिगुत्ता। जोगप्पवेसा इव संनिवेसा॥**
**पए पए जत्थ अगंजणीया। कुडुंबमेला इव तुंगसेला ॥ ३८ ॥**

वळी ते देश केवो छे? तो के ज्यां पगले पगले योगीओनी पेठे गुप्तिओवाळां (पक्षे—वाडोवाळां) गामो छे, तथा ज्यां पगले पगले कुटुंबना समूहोनी पेठे न ओळंगी शकाय तेवा उंचा पर्वतो छे. ॥ ३८ ॥

**पए पए जत्थ रसाउलाओ। पणंगणाउव्व तरंगिणीओ॥ पए पए जत्थ सुहंकराओ। गुणावलीओव्व वणावली॥३९॥**

वळी ज्यां पगले पगले वेश्याओनी पेठे रसवाळी (पक्षे—जलवाळी) नदीओ छे, तथा ज्यां पगले पगले गुणोनी श्रेणिओनी पेठे वननी श्रेणिओ सुख करनारी छे. ॥ ३९ ॥

**पए पए जच्छ सुवाणियाणि। महापुराणीव महासराणि॥ पए पए जत्थ सगोरसाणि। सुहीमुहाणीव सुगोउलाणी**

वळी ज्यां पगले पगले मोटां नगरोनी पेठे उत्तम जलवाळां (पक्षे–उत्तम व्यापारीओवाळां) महान सरोवरो छे. तथा ज्यां पगले पगले विद्वानोनां मुखोनी पेठे उत्तम गोरसोवाळां ( पक्षे–उत्तम वाणीवाळां ) गोकुलो छे. ॥ ४० ॥

**तत्थय मालवदेसे । अकयपवेसे दुकालडमरेहिं ॥ अत्थि पुरी पोराणा । उज्जेणीनाम सुपहाणा ॥ ४१ ॥**

वळी दुकाळ तथा भये ज्यां प्रवेश करेलो नथी एवा ते मालवदेशमां उज्जयनी नामनी एक उत्तम पुराणी नगरी छे, ॥ ४१ ॥

**साय केरिसा—अणेगसो जत्थ पयावइओ । नरुत्तमाणं च न जत्थ संखा ॥**
**महेसरा जत्थ गिहेगिहेसु । सचीवरा जत्थ समग्गलोया ॥ ४२ ॥**

वळी ते नगरी केवी छे? तो के ज्यां अनेक प्रजापतिओ (पक्षे–ब्रह्माओ छे) तेमज उत्तम पुरुषोनी (पक्षे–विष्णुओनी) तो संख्याज नथी, वळी ज्यां घरे घरे महान् वैभववाला लोको (पक्षे–महेश्वरो) छे, तथा ज्यां सघळा लोको वस्त्रोवाला (पक्षे इन्द्रो) छे. ॥४२ ॥

**घरे घरे जत्थ रमंति गोरी–गणा सिरीओ य पए पए य । वणे वणे यावि अणेगरंभा । रईय पीइवि य ठाणठाणे**

वली ज्यां घेर घेर स्त्रीओना समूहो (पक्षे-पार्वतीओ) रमी रही छे, तथा पगले पगले लक्ष्मीओ छे, वली ज्यां दरेक वनमां अनेक केलो छे (पक्षे–रंभाअप्सराओ ) छे, तेमज ज्यां मोजमजा अने आनंद (पक्षे–रति अने प्रीति) ठेकाणे ठेकाणे छे. ॥ ४३ ॥

**तीसे पुरीइ सुरवर–पुरीइ अइहियाइ वन्नणं काउं ॥ जइ निउणबुद्धिकलिओ। सुक्कगुरु चेव सक्केइ ॥ ४४ ॥**

एवीरीते देवतानी नगरीथी पण अधिक शोभावाली एवी ते नगरीनुं वर्णन करवाने निपुणबुद्धिवाला बृहस्पतिज समर्थ थइ शके. ४४

**तत्थत्थि पुहविपालो । पयपालो नामओ य गुणओ य ॥ जस्स पयावो सोमो । भीमो विय सिट्ठदुट्ठेसु ४५**

ते नगरीमां नामथी अने गुणोथी पण युक्त एवो प्रजापाल नामे राजा छे, के जेनो प्रताप सज्जनोप्रते शीतल तथा दुष्टोप्रते भयंकर छे.

**तस्सावरोहे बहुदेह–सोहअवहरियगोरिगव्वेवि ॥ अच्चंतं मणहरणे । निउणाओ दुन्नि देवीओ ॥ ४६ ॥**

ते राजाना अन्तेउरमां शरीरनी घणीज शोभाथी पार्वतीना गर्वने पण दूर करनारी तथा अत्यन्त मनोहर अने निपुण एवी बे राणीओ हती.

**सोहग्गलडहदेहा । एगा सोहग्गसुंदरी नामा ॥ बीया य रूवसुंदरि–नामा रूवेण रइतुल्ला ॥ ४७ ॥**

तेओमां लावण्ययुक्त मनोहर शरीरवाली एक सौभाग्यसुंदरी नामे राणी हती, तथा बीजी रतिसमान रूपवाली रूपसुंदरीनामे राणी हती.

**पढमा माहेसरकुल--संभूआ तेण मिच्छदिट्ठित्ति ॥ बीया सावगधूया । तेण सा सम्मदिट्ठित्ति ॥ ४८ ॥**

पहेली शिवमार्गीना कुलमां उत्पन्न थयेली होवाथी मिथ्यादृष्टि हती, तथा बीजी श्रावकनी पुत्री होवाथी सम्यग्दृष्टि हती. ॥ ४८ ॥

**ताओ सरिसवयाओ । समसोहग्गाओ सरिसरूवाओ ॥ सावत्तेवि हु पायं । परूप्परं पीइकलियाओ ॥ ४९ ॥**

तेओ बन्ने तुल्य वयवाली तुल्य सौभाग्यवाली तुल्य रूपवाली हती; वली तेओ वच्चे शोकोनो संबंध होवा छतां पण तेओ प्रायें करीने परस्पर प्रीतिवाली हती ॥ ४९ ॥

**न वरं ताणमणट्ठिय–धम्मसरूवं वियारयंताणं ॥ दूरेण विसंवाओ । विसपीऊसेहिं सारित्थो ॥ ५० ॥**

(तेमां पण एटलुं विशेषके तेओ बन्नेना मनमां रहेलुं धर्मनुं स्वरूप विचारतांथकां झेर अने अमृतना मेलापसरखो तओवच्चे अत्यंत विवाद थतो हतो. ॥ ५० ॥

ताओ य रमंताओ । नवनवलीलाहिं नरवरेण सम्मं ॥ थोवंतरंमि समए । दोवि सगब्भाओ जायाओ ॥ ५१ ॥

हवे तेओ बन्ने विविध प्रकारनी क्रीडापूर्वक राजासाथे भोगो भोगवतां थकां थोडाज काळमां सगर्भाओ थइ. ॥ ५१ ॥

समयंमि पसूयाओ । जायाओ कन्नगाओ दुह्वंपि ॥ नरनाहोवि सहरिसो । वद्धावणयं करावेइ ॥ ५२ ॥

संपूर्ण समये ते बन्ने स्त्रीओए बे कन्याओने जन्म आप्यो; तेथी राजाए पण हर्षित थइने वधामणां कराव्यां. ॥ ५२ ॥

सोहग्गसुंदरी नंदणाइ । सुरसुंदरित्ति वरनामा ॥ बीयाइं मयणसुंदरि । नामं च ठवेइ नरनाहो ॥ ५३ ॥

सौभाग्यसुंदरीनी पुत्रीनुं राजाए सुरसुंदरी एवुं उत्तम नाम पाडयुं तथा बीजी रूपसुंदरी राणीनी पुत्रीनुं मयणासुंदरीनाम पाडयुं. ५३

समए समप्पियाओ । ताओ सिवधम्मजिणमयविऊणं ॥ अज्झावयाण रन्ना । सिवभूतिसुबुद्धिनामाणं ॥ ५४ ॥

समय थयो त्यारे राजाए तेओ बन्नेने अभ्यास कराववा माटे अनुक्रमे शिवधर्म तथा जैनधर्मना जाणकार एवा शिवभूति अने सुबुद्धि नामना विद्वानोने सोंपी. ॥ ५४ ॥

सुरसुंदरी य सिक्खइ । लिहियं गणियं च लक्खणं छंदं ॥ कव्वमलंकारजुयं । तक्कं च पुराणसमिइओ ॥ ५५ ॥

हवे त्यां सुरसुंदरी लेखनकला, गणित व्याकरण, छंद अलंकारवालां काव्य, तर्क तथा पुराण अने स्मृतिओनो अभ्यास करेछे ५५

सिक्खेइ भरहसत्थं । गीयं नट्टं च जोइसतिगिच्छं ॥ विज्जं मंतं तंतं । हरमेहलचित्तकम्माइं ॥ ५६ ॥

वळी ते भरतशास्त्र, गीत, नृत्य, ज्योतिष, वैद्यक, विद्या मंत्र, तंत्र, हरिमेषल[१], अने चित्रकर्मो पण शीखे छे. ॥ ५६ ॥

१ हरिमेषलचित्रकर्माणि कलाविशेषानिति वृत्तिकारः ॥

अन्नाइं वि कुंटलविं–टलाइं करलाघवाइकम्माइं ॥ सच्छाइं सिख्खियाइं । तीइ चमुक्कारजयणाइं ॥ ५७॥
वली बीजां पण कामणकूटण, तथा हाथचालाकिआदिकना खेलो इत्यादि चमत्कार करनारां शास्त्रो पण ते शिखे छे. ॥ ५७ ॥
सा कावि कला तं किंपि। कोसलं तं च नत्थि विन्नाणं ॥ जं सिख्खियं न तीए। पन्नाअभिओगजोगेणं ॥ ५८ ॥
एवी कोइपण कला, के एवुं कंइपण कुशलपणुं अथवा एवुं कोइपण विज्ञान नथी के जेनो तेणीए बुद्धि अने उद्यमना योगवडे अभ्यास कर्यो नथी
सविसेसं संगीयाइसु । निउणावीणाविणोयलीणा सा ॥ सुरसुंदरी वियढ्ढा। जाया पत्ता य तारुण्णं ॥ ५९ ॥
वली ते विशेष प्रकारे संगीतआदिकनी कलाओमां निपुण थइ थकी वीणा वगाडवामां तल्लीन थयेली छे, एवी ते चतुरसुरसुंदरी तरुण अवस्थाने प्राप्त थइ, ॥ ५९ ॥
जारिसो होइ गुरू । तारिसो होइ सीसगुणजोगो ॥ इत्तुच्चिय सा मिच्छा–दिट्ठी उक्किट्ठदप्पा य ॥ ६० ॥
जेवो गुरु होय तेवोज शिष्यमां गुणोनो संयोग थाय छे, एवा हेतुथी ते सुरसुंदरी पण मिथ्यादृष्टि तथा महा अहंकारी थइ. ॥ ६० ॥
तह मयणसुंदरी वि हु । एयाउ कलाउ लीलमत्तेण ॥ सिख्खेइ विमलपन्ना। धन्ना विणएण संपन्ना ॥ ६१ ॥
हवे ते धन्य एवी मयणासुंदरी पण निर्मल बुद्धिवाळी अने विनयने प्राप्त थइथकी लीलामात्रमां ते पूर्वे कहेली सघळी कळाओ शीखी ॥ ६१ ॥
जिणमयनिउणेण झाव–एण सा मयणसुंदरी बाला ॥ तह सिख्खविया जह जिण–मयंमि कुसलत्तणं पत्ता

जिनमतमां निपुण एवा ते अध्यापके ते मयणासुंदरी बालीकाने एवी तो शीखावी के ते जिनमतमां कुशलपणुं पामी. ॥ ६२ ॥

**एगा सत्ता दुविहो । नओ य कालत्तयं गइंचउक्कं ॥ पंचेव अत्थिकाया । दव्वछक्कं च सत्त नया ॥ ६३ ॥**

एक प्रकारनुं अस्तिपणुं (द्रव्यपर्यायरूप) बे प्रकारनो नय, त्रण काळ, चार गति, पंचास्तिकाय, छ द्रव्य, सात नय, ॥ ६३ ॥

**अट्ठेव य कम्माइं । नव तत्ताइं च दसविहो धम्मो ॥ एगारस पडिमाओ । बारस वयाइं गिहीणं च ॥ ६४ ॥**

आठ कर्मो, नव तत्वो, दश प्रकारनो यतिधर्म, अग्यार प्रकारनी (श्रावक संबंधि) प्रतिमा, बार प्रकारनां श्रावकनां व्रतो, ॥६४॥

**इच्चाइ वियाराचार–सारकुसलत्तणं च संपत्ता ॥ अन्ने सुहुमवियारे वि । मुणइ सा नियनामं वा ॥६५॥**

इत्यादिक उत्तम प्रकारना विचार अने आचारमां, ते कुशलपणुं पामी, तेमज बीजा पण सूक्ष्म विचारोने ते पोताना नामनीपेठे जाणवालागी

**कम्माणं मूलुत्तर–पयडीओ गणइ मुणइ कम्मट्ठिइं ॥ जाणइ कम्मविवागं । बंधोदयदीरणं सत्तं ॥ ६६ ॥**

वळी ते कर्मोनी मूलप्रकृतिओ[1] अने उत्तरप्रकृतिओने गणे छे, तथा कर्मोनी स्थितिने जाणे छे, तेमज कर्मोना विपाकने तथा तेओना बंध, उदय, उदीरणा अने सत्ताने पण जाणे छे. ॥ ६६ ॥

**जीसो सो उज्झाओ । संतो दंतो जीइंदिओ धीरो ॥ जिणमयरओ सुबुद्धी । सा किं न हु होइ तस्सीला ॥६७॥**

---

१ कर्मोनीमूलप्रकृतिओ आठछे, तथा उत्तरप्रकृतिओ एकसोने अठावनछे. त्रीस कोडाकोडीसागरोपमनी कर्मनी उत्कृष्टी स्थिति छे. शुभ अने अशुभरूप कर्मोनो विपाक जाणवो,

हवे जेणीना ते जैन अध्यापक शांत, दांत, जितेन्द्रिय, धैर्यवान्, जिनमतमां रक्त तथा उत्तम बुद्धिवाला हता, माटे ते मयणासुंदरी पण तेवी शा माटे न होय ? ॥ ६७ ॥

सयलकलागमकुसला । निम्मलसम्मत्तसीलगुणकलिया ॥ लज्जासज्जा सा मयण-सुंदरी जुव्वणं पत्ता ॥ ६८ ॥

सर्व कलाओमां तथा आगममां कुशल, तेमज निर्मल सम्यक्त्व अने शीलआदिक गुणोवाली, तथा लज्जालु एवी ते मयणासुंदरी पण यौवनअवस्थाने प्राप्त थइ, ॥ ६८ ॥

अन्नदिणे अप्भिंतर-सहानिविट्ठेण नरवरिंदेण अज्झावयसहिआओ । अणावियाओ कुमारिओ ॥ ६९ ॥

हवे एक दिवसे खानगी सभामां बेठेला एवा ते प्रजापालराजाए ते बन्ने कुमारिकाओने तेओना अध्यापको सहीत बोलावी. ॥ ६९ ॥

विणओणयाउ ताओ । सरूवलावण्णखोहियसहाओ ॥ विणिवेसियाओ रन्ना । नेहेणं उभयपासेसु ॥ ७० ॥

विनयथी नम्र थयेली तथा पोतानां रूप अने लावण्यथी सभाने पण क्षोभ पमाडनारी एवी ते बन्ने कन्याओने राजाए स्नेहने लीधे पोतानी बन्ने बाजुए बेसाडी. ॥ ७० ॥

हरिसवसेणं राया । तासिं बुद्धिपरिक्खणनिमित्तं ॥ एगं देइ समस्सा-पयं दुण्हंपि समकालं ॥ ७१ ॥

पछी हर्षित थयेला एवा ते राजाए तेओ बन्नेनी बुद्धिनी परीक्षामाटे, एकीसमये तेओ बन्नेने समश्यानुं एक पद आप्युं, ॥ ७१ ॥

यथा—' पुन्निहिं लब्भइ एह '—तो तक्कालं अइचंचलाइं । अच्चंतगव्वगहिलाए ॥
सुरसुंदरीइ भणियं । हुं हुं पूरेमि निसुणेह ॥ ७२ ॥

जेमके-'आटली वस्तुओ पुण्यथी मळे छे,'-ते सांभली अत्यंत चपलस्वभाववाली, तथा घणा गर्वथी गांडी बनेली एवी ते सुरसुंदरी बोलीके, अरे! हुं ते समश्या संपूर्ण करुं छुं; माटे सांभलो? ॥ ७२ ॥

यथा-धणजुव्वणसुवियद्धपण । रोगरहियनियदेह ॥ मणवल्लह मेलावओ पुन्निहिं लब्भइ एह ॥ ७३ ॥

धन, यौवन चतुराइ, रोगरहित पोतानुं शरीर, तथा मनने खुश करनारा पुरुषनो संग, एटली बाबतो पुण्यथी मले छे. ॥ ७३ ॥

तं सुणिय निवो तुट्ठो। पसंसए साहु साहु उज्झाओ जेणे सा सिख्खविया। परिसावि भणेइ सच्चमिणं ॥ ७४ ॥

ते सांभली खुशी थयेलो राजा प्रशंसा करवा लाग्यो के, अहो! जे अध्यापके आ बालिकाने भणावी छे तेने धन्यवाद घटे छे. त्यारे सभासदो पण कहेवा लाग्या के खरेखर तेमज छे. ॥ ७४ ॥

तो रन्ना आइट्ठा । मयणावि हु पूरए समस्सं तं ॥ जिणवयणरया संता । दंता ससहावसारित्थं ॥ ७५ ॥

पछी राजाए हुकम करवाथी जिनवचनमां रक्त, शांत तथा दांत एवी ते मयणासुंदरीए पण पोताना स्वभावने अनुसरती ते समष्या पुरी- ॥

यथा—विणयविवेयपसण्णमणु । सीलसुनिम्मलदेह ॥ परमप्पहमेलावओ । पुन्निहिं लब्भइ एह ॥ ७६ ॥

जेमके-विनय अने विवेकथी प्रसन्न थयेलुं मन, शीलथी निर्मल थयेलुं शरीर, परमात्मानो मेलाप, अथवा परमपथ एटले जे मोक्षमार्ग, तेनो मेलाप, एटली वस्तुओ पुण्यथी मले छे,

तो तीए उवज्झाओ। मायावि य हरिसिया न उण सेसा ॥ जेण तत्तोवएसो। न कुणइ हरिसं कुदिट्ठीणं ॥ ७७ ॥

ते सांभळीने तेणीना अध्यापक तथा माता तो खुशी थयां, परंतु बाकीना सभासदो विगेरे खुशी थया नहीं; कारणके तत्वोनो उपदेश मिथ्यादृष्टिओने हर्ष करनारो थतो नथी, ॥ ७७ ॥

**इओय—कुरुजंगलंमि देसे। संखपुरीनाम पुरवरी अच्छि ॥ जा पच्छा विख्खाया। जाया अहिछत्तनामेणं ॥७८॥**

हवे एवामां कुरुजंगल नामना देशमां शंखपुरीनामे एक उत्तम नगरी छे, के जे पाछलथी अहिछत्रा नामथी प्रसिद्ध थयेली छे. ॥ ७८ ॥

**तत्थत्थि महीपालो। कालो इव वेरियाण दमियारी ॥ पइवरिसं सो गच्छइ। उज्जेणिनिवस्स सेवाए ॥ ७९ ॥**

ते नगरीमां वैरिओमते कालसमान एवो दमितारि नामे राजा छे; तथा ते राजा दर वर्षे उज्जयनी नगरीना राजानी सेवामाटे त्यां जाय छे.

**अन्नदिणे से तणुओ[1]। अरिदमणो नाम तारतारुण्णो ॥ संपत्तो पियठाणे। उज्जेणियरायसेवाए ॥ ८० ॥**

हवे एक दिवसे मनोहर यौवनअवस्थावालो एवो अरिदमन नामनो ते राजानो पुत्र पोताना पिताने बदले उज्जयनीना राजानी सेवामाटे आवेलो छे. ॥ ८० ॥

**तं च निवपणमणच्छं। समागयं तत्थ दिव्वरूवधरं ॥ सुरसुंदरी निरख्खइ। तिख्खकडख्खेहिं ताडंती ॥ ८१ ॥**

हवे राजाने नमन करवामाटे आवेला एवा ते मनोहररूपवाळा अरिदमनकुमारने जोइने सुरसुंदरी तीक्ष्ण कटाक्षोरूपी बाणोथी ताडना करतीथकी तेने जोवा लागी. ॥ ८१ ॥

---

१ 'तप्पुत्तो' इति द्वितीयपुस्तकपाठः ॥

तत्थेव थिरनिवेसिय–दिट्ठी दिट्ठा निवेण सा बाला ॥ भणिया य कह[1] सुवत्थे। तुज्झ वरो केरिसो होइ ॥ ८२ ॥

तेवीजरीते स्थिर राखेल छे दृष्टि जेणीए एवी ते बालिकाने राजाए जोइ, तेथी तेणे तेणीने कह्युं के हे वत्स! तुं कहे के, तने कयो वर पसंद छे? ॥ ८२ ॥

तो तीए हिट्ठाए । धिट्ठाए मुक्कलोयलज्जाए ॥ भणियं तायपसाया । जइ लब्भइ मग्गियं कहवि ॥ ८३ ॥

ते सांभळी हर्षित थयेली एवी ते सुरसुंदरी धिट्ठाइथी लोकलज्जाने तजीने बोली के, हे पिताजी! आपना पसायथी जो हुं मागुं ते मने मळे तेम होय तो ॥ ८३ ॥

ता सव्व[2] कलाकुसलो । तरुणो वररूवपुण्णलावन्नो ॥ एरिसो होउ वरो । अहवा ताओच्चिय पमाणं ॥ ८४ ॥

सर्व कलाओमां कुशल, युवान, उत्तम रूपवाळो तथा संपूर्ण लावण्यवाळो एवो आ अरिदमनकुमार जेवो मने वर मळो? अथवा जेवी पछी आपनी मरजी. ॥ ८४ ॥

जेणं ताय तुमं चिय । सेवयजणमणसमीहियत्थाणं ॥ पूरणपवणो दीसइ । पच्चक्खो कप्परुक्खुव्व ॥ ८५ ॥

कारणके हे पिताजी! आप सेवकलोकोना मनोवांछितने पूरवामां तत्पर एवा प्रत्यक्ष कल्पवृक्षसमान देखाओ छो ॥ ८५ ॥

---

१ 'भण' इति द्वितीयपुस्तकपाठः । २ 'मज्झ' इति पाठांतरं

तो तुट्ठो नरनाहो । दिट्ठिनिवेसेण नाय तीइ मणो ॥ पभणेइ होउ वच्छे । एसरिदमणो वरो तुज्झ ॥ ८६ ॥

ते सांभली खुशी थयेला राजाए तेणीनी दृष्टिनी स्थिरताथी तेणीनुं मन अरिदमनप्रते जाणीने कह्युं के, हे वत्स! आ अरिदमनकुमारज भले तारो वर थाओ! ॥ ८६ ॥

तो सयलसभालोओ । पभणइ नरनाह एस संजोगो ॥ अइसोहणोहिवल्ली–पूगतरूणंव निज्झंतं ॥ ८७ ॥

ते सांभली सभामां रहेला सघळा लोको बोल्या के, हे राजन खरेखर तेओ बन्नेनो मेलाप नागवल्ली अने सोपारीना वृक्षना मेलापनीपेठे अत्यंत शोभनीक छे. ॥ ८७ ॥

अह मयणसुंदरीवि हु । रन्ना नेहेण पुच्छिया वच्छे ॥ केरिसओ तुज्झ वरो । कीरउ मह कहसु अविलंबं ॥ ८८ ॥

हवे राजाए मयणासुंदरीने पण स्नेहपूर्वक पूछ्युं के हे वत्स! तारे माटे हुं केवो वर शोधुं? ते तुं मने तुरत कहे? ॥ ८८ ॥

सा पुण जिणवयणवियार–सारसंजणियनिम्मलविवेया ॥ लज्जागुणिक्कसज्जा । अहोमुही जान जंपेइ ॥ ८९ ॥

त्यारे जिनवचनना उत्तम विचारथी उत्पन्न थयेल छे निर्मल विवेक जेणीने तथा फक्त एक लज्जारूपी गुणमां तत्पर थयेली एवी ते मयणासुंदरी (ते सांभलीने) नीचुं मुख राखीने कंइ पण बोली नही. ॥ ८९ ॥

तावन्नरिंदेण पुणो। पुट्ठा सा भणइ इसिहसिऊणं ॥ ताय विवेयसमेओ । मं पुच्छसि तंसि किमज्जुत्तं ॥ ९० ॥

त्यारे राजाए फरीने पूछवाथी ते जरा हसीने बोली के, हे तात! आप विवेकवान् थइने मने तेवुं अयुक्त केम पूछो छो? ॥ ९० ॥

**जेण कुलबालियाओ। न कहंति हवेउ एस मज्झ वरो ॥ जे किर पिऊहिं दिनो। सो चेव पमाणिअऽवुत्ति ॥९१॥**

कारणके कुलिन कन्या एम न कहेके, मारो अमुक भर्त्तार थाओ? परंतु जे भर्त्तारने पिता आपे, तेनेज तेणीए प्रमाणभूत गणवो जोइये.॥९१॥

**अम्मापिऊणोवि । निमित्तमित्तमेवेह वरपयाणंमि ॥ पायं पुव्वनिबंधो । संबंधो । होइ जीवाणं ॥ ९२ ॥**

वली भर्त्तार आपवामां मातपिता पण फक्त निमित्तमात्रज छे, माटे प्रायें करीने पूर्वना निबंध मुजबज जीवोनो संबंध थाय छे. ॥ ९२ ॥

**जं जेण जया जारिस–मुवज्जियं होइ कम्मसुहमसुहं ॥ तं तारिसं तया से । संपज्जइ दोरियनिबद्धं ॥ ९३ ॥**

वली जे जीवे ज्यारे अने जेवुं शुभ अथवा अशुभ कर्म उपार्जन करेलुं छे, तेने ते कर्म जाणे दोरीथी खेंचाइ आवतुं होय नही तेम त्यारे अने तेवुं प्राप्त थाय छे. ॥ ९३ ॥

**जा कन्ना बहुपुन्ना। दिन्ना कुकुलेवि सा हवइ सुहिया ॥ जा होइ हीणपुन्ना। सुकुले दिन्नावि सा दुहिया ॥ ९४ ॥**

वली जे कन्या बहु पुण्यशाली छे, तेणीने नीच कुलमां आपी होय तो पण ते सुखी थाय छे; अने जे हीनपुण्यवाली छे; तेणीने उत्तम कुलमां आप्या छतां पण ते दुःखी थाय छे. ॥ ९४ ॥

**ता ताय नायतत्तस्स । तुज्झ नो जुज्जए इमो गव्वो ॥ जं मज्झकयपसाया–ऽपसायओ सुहदुहे लोए ॥ ९५ ॥**

माटे हे पिताजी ! तत्वना जाणकार एवा आपने तेवो गर्व करवो उचित नथी के, में करेली कृपा अने अकृपाथीज दुनियामां सुखदुःख थाय ॥

जो होइ पुन्नबलिओ । तस्स तुमं ताय लहु पसीएसि ॥ जो पुण पुण्णविहूणो । तस्स तुमं नो पसीएसि ॥ ९६ ॥

वली हे पिताजी ! जे पुण्यशाली छे तेनापर तमारी कृपा थाय छे, अने जे पुण्यरहित तेनापर तमारी कृपा थती नथी. ॥ ९६ ॥

भवियव्वया सहावो । दव्वाईया सहाइणो वावि ॥ पायं पुव्वोवज्जिय–कम्माणुगया फलं दिंति ॥ ९७ ॥

भाविभाव, स्वभाव तथा द्रव्यआदिक सहाय करनाराओ पण मायें करीने पूर्वें उपार्जन करेलां कर्मोने अनुसारे फल आपे छे, ॥ ९७ ॥

तो दुम्मिओ य राया । भणेइ रे तंसि मह पसाएण ॥ वच्छालंकाराइ । पहिरंती किसिमं भणसि ॥ ९८ ॥

ते सांभळी खेदित थयेलो राजा बोलवा लाग्यो के, अरे पुत्रि ! तुं मारा पसायथीज आ वस्त्र अलंकारादिक पहेरे छे, छतां तुं आम केम बोले छे ? ॥ ९८ ॥

हसिऊण भणइ मयणा । कयसुकयवसेण तुज्झ गेहंमि ॥ उप्पन्ना ताय अहं । तेणं माणेमि सुक्खाइं ॥ ९९ ॥

त्यारे मयणासुंदरी हसीने बोलीके, हे तात! (पूर्वे) करेलां पुण्यने लीधेज हुं तमारे घेर जन्मी छुं, अने ते पुण्योथीज हुं सुख भोगवुंछुं. ९९

पुव्वकयं सुकयं चिय । जीवाणं सुक्खकारणं होइ ॥ दुकयं च कयं दुक्खाण–कारणं होइ निब्भंतं ॥१००॥

जीवे पूर्वें करेलुं, सुकृत तेना सुखोनुं कारण थाय छे, अने तेणे करेलुं दुष्कृत तेना दुःखोनुं कारण थाय छे, ॥ १०० ॥

न सुरासुरेहिं नो नरवरेहिं नो बुद्धिबलसमिद्धेहिं ॥ कहवि खलिज्जइ इंतो । सुहासुहो कम्मपरिणामो ॥ १ ॥
माटे शुभ अने अशुभ एवो कर्मोनो परिणाम देवोथी असुरोथी, राजाओथी के बुद्धिबलवाळा अन्य प्राणीओथी पण रोकी शकातो नथी.॥१॥
तो रुट्ठो नरनाहो । अहो अहो अप्पपुन्निया एसा ॥ मज्झकयं किंपि गुणं । नो मन्नइ दुवियड्ढा य ॥ २ ॥
ते सांभळी कोपायमान थयेलो राजा कहेवा लाग्यो के, अहो! अहो! आ बालिका स्वल्प पुण्यवाळी छे; कारणके ते डहापणडाइ थइथकी मारो करेलो कंइं पण गुण मानती नथी. ॥ २ ॥
पभणेइ सहालोओ । सामिय किमियं मुणेइ मुद्धमई ॥ तं चेव कप्परुक्खो । तुट्ठो रुट्ठो य कयंतो य ॥ ३ ॥
त्यारे सभाना लोको पण कहेवा लाग्या हे स्वामी! आ मुग्धबुद्धिवाळी बालिका शुं जाणे! खरेखर तुष्टमान थयेला तमो कल्पवृक्ष-समान छो, तथा रोषायमान थयेला तमोज यमसमान छो, ॥ ३ ॥
मयणा भणेइ धिद्धी । धणलवमित्तत्थिणो इमे सव्वे ॥ जाणंतावि हु अलियं । मुहप्पियं चेव जंपंति ॥ ४ ॥
त्यारे मयणासुंदरी बोली, अरे! आ सर्वे लोकोने पण धिक्कार छे! के जेओ जूठुं जाणतां छतां पण फक्त थोडांक धननी इच्छाथी मोमीठुं बोले छे. ॥ ४ ॥
जइ ताय तुह पसाया । सेवयलोया हवंति सव्वेवि ॥ सुहिया ता समसेवा–निरया किं दुक्खिया एगे ॥ ५ ॥
वळी हे तात! जो आपनाज पसायथी सघळा सेवकलोको सुखी थाय छे, तो तेवा सरखीराते सेवा करनाराओमाना केटलाक

दुःखी केम देखाय छे ? ॥ ५ ॥

**तम्हा जो तुम्हाणं । रुच्चइ सो ताय मज्झ होउ वरो ॥ जइ अच्छि मज्झ पुन्नं । तो होही निग्गुणोवि गुणो ॥ ६ ॥**

माटे हे पिताजी! जे आपने रुचे ते मारो भले स्वामी थाय, जो मारां पुण्य हशे तो ते निर्गुणी पण गुणी थशे. ॥ ६ ॥

**जइ पुण पुन्नविहिणा । ताय अहं ताव सुंदरोवि वरो ॥ होही असुंदरुच्चिय । नूणं महकम्मदोसेणं ॥ ७ ॥**

वळी हे पिताजी! जो हुं पुण्यरहित होइश, तो खरेखर सुंदर वर पण मारा कर्मोना दोषोथी नठारो थशे. ॥ ७ ॥

**तो गाढयरं राया । रुट्ठो चिंतेइ दुव्वियट्ठाए ॥ एयाइ कओ लहुओ । अहं तओ वेरिणी एसा ॥ ८ ॥**

ते सांभली राजा अत्यंत क्रोधायमान थइने विचारवा लाग्यो के, अरे! आ दुर्विनीत पुत्रीए मारी लधुताकरी, माटे खरेखर तेमारी वैरिणी छे.

**रोसेण वियडभिउडी–भीसणवयणं पलोविऊण निवं ॥ दक्खो भणेइ मंती । सामिय रयवाडियासमओ ॥ ९ ॥**

एवी रीते क्रोधथी भयंकरभ्रुकुटीवाळा तथा भीषण मुखवाला एवा राजाने जोइने चतुर एवो मंत्री बोल्योके, हे स्वामी ! रयवाडीए जवानो समय थयो छे. ॥ ९ ॥

**रोसेण धमधमंतो । नरनाहो तुरयरयणमारूढो ॥ सामंतमंतिसहिओ । विणिग्गओ रायवाडोए ॥ १० ॥**

पछी क्रोधथी धमधमायमान थयेलो एवो ते राजा अश्वरत्नपर चडीने सामंत तथा मंत्रिओसहित रयवाडी जवामाटे निकल्यो, ॥ १० ॥

जाव पुराओ बाहिं । निग्गच्छइ नरवरो सपरिवारो ॥ ता पुरउ जणवंदं । पिच्छइ साडंबरमियंतं ॥ ११ ॥
हवे जेवो ते राजा परिवारसहित नगरनी बहार निकले छे. तेवामां आडंबरसहित आवतो एवो मनुष्योनो समूह तेणे सामेथी जोयो॥ ११॥

तो विम्हिएण रन्ना । पुट्ठो मंती स नायवुत्तंतो ॥ विन्नवइ देव निसुणह । कहेमि जणवंदपरमज्झं[1] ॥ १२ ॥
त्यारे आश्चर्य पामीने राजाए मंत्रीने पूछवाथी ते पण ते वृत्तांतथी वाकेफ होवाथी कहेवा लाग्यो के, हे स्वामी! ते जनसमूहनुं वृत्तांत हुं कहुं छुं ते आप सांभलो? ॥ १२ ॥

सामिय सरूवपुरिसा । सत्तसया नववया ससोंडीरा ॥ दुट्ठकुट्ठाभिभूया । सव्वे एगत्थ संमिलिया ॥ १३ ॥
हे स्वामी! रुपवाळा, नवयौवन, तथा पराक्रमी एवा आ सर्वे मळीने सातसें पुरुषो दुष्ट एवा कोढना रोगथी पीडित थयाथका एकठा मळेला छे.

एगो य ताण बालो । मिलिओ उंबरयवाहिगहियंगो ॥ सो तेहिं परिग्गहिओ । उंबराणुत्तिकयनामो ॥ १४ ॥
वली तेओने कोढना रोगथी पीडायेलां शरीरवालो एक बालक मलेलो छे. तेने तेओए ग्रहण करेलो छे, अने तेनुं उंबरराणो एवुं नाम पाडयुं छे ॥ १४ ॥

वरवेसरमारूढो । तयदोसी छत्तधारओ तस्स ॥ गयनासा चमरधरा । थिणि थिणिसद्दा य अग्गपहा ॥ १५ ॥

---

[1] ' जणविंदवुत्तंत ' इति पाठांतरं

ते एक उत्तम वेसरपर ( खच्चरपर ) बेठेलो छे, तथा एक सडेली चांमडीवालो पुरुष तेनापर छत्र धरी रह्यो छे, सडीने खवाइ गयेल नाशिकावाला पुरुषो तेने चामर वींझे छे तथा गुंणगुंण शब्द बोलता एवा तेना छडीदार छे. ॥ १५ ॥

**गयकन्ना घंटकरा । मंडलवइ अंगरख्खगा तस्स ॥ दद्दिलथइयाइत्तो । गलियंगुलि नामओ मंती ॥१६॥**

गलीगयेला कानवाला पुरुषो तेनीपासे घंट वगाडे छे, तथा मंडलरोगवाला ( एटले पतीयेल पुरुषो ) तेना अंगरक्षको छे. दादरना रोगवालो तेनो स्थगिधर (खानगी सेक्रेटरी) छे. तथा गलितांगुलि नामनो (सडेली आंगलीवालो) तेनो मंत्री छे. ॥ १६ ॥

**केवि पसुइयवाया । कुत्था दद्देहिं केवि विकराला ॥ केवि विउंचियपामा–सम्मन्निया सेवगा तस्स ॥ १७ ॥**

तेओमांना केटलाक वातरोगथी पीडायेला छे, केटलाक दादरना रोगथी कुत्सित थयेला अने तेथी विकराळ देखाय तथा केटलाक विर्चचिंकाजातिना पामा नामना रोगवाला एवा तेना सेवको छे. ॥ १७ ॥

**एवं सो कुट्ठियपे–डएण परिवेढिओ महीवीढे ॥ रायकुलेसु भमंतो । पंजियदाणं पगिण्हेइ ॥ १८ ॥**

एवी रीते कुष्टिओना टोलांथी वींटायेलो एवो ते उंबरराणो पृथ्वीपीठपर राजकुलोमां भमी भमीने मुखे माग्युं दान लीये छे॥१८ ॥

**सो एसो आगच्छइ । नरवर आडंबरेण संजुत्तो ॥ ता मग्गमिणं मुत्तु । गत्थह अन्नं दिसिं तुज्झे ॥ १९ ॥**

माटे हे राजन् ! ते आ उंबरराणो आडंबरसहित आवे छे, माटे आप आ मर्ग छोडीने बीजी दिशाए चालो ? ॥ १९ ॥

**तो वलिओ नरनाहो । अन्नाइ दिसाइ जाव ताव पुरो ॥ तं पेडयंपि तीए। दिसाइ वलियं तुरिय तुरियं ॥ २० ॥**

ते सांभली राजा जेवो बीजी दिशा तरफ वल्यो तेवुंज ते कुष्टिओनुं टोलुं पण तेज दिशा तरफ वलीने तुरत तुरत आववा लाग्युं ॥ २० ॥

**राया भणेइ मंतिं । पुरउ गंतूणिमे निवारेसु ॥ मुहमग्गियंपि दाउं । जेणेसिं दंसणं न सुहं ॥ २१ ॥**

ते जोइ राजाए मंत्रिने कह्युं के, तमो आगल जइने तेओने मोंहेंडेमाग्युं आपीने पण अटकावो? केमके तेओने नजरे जोवा ते पण ठीक नथी.

**जा तं करेइ मंती । गलियंगुलिनामओ दुयं ताव ॥ नरवरपुरओ ठाउं । एवं भणिउं समाढत्तो ॥ २२ ॥**

पछी जेवमां मंत्री तेम करवानी तैयारी करे छे, तेवामां ते कुष्टिओनो गलितांगुलि नाममो दूत राजापासे आवी कहेवा लाग्यो के, ॥२२॥

**सामिय अम्हाणा पहू । उंबरनामेण राणाओ एसो ॥ सव्वत्थवि मनिज्जइ । गरूएहिं दाणमाणेहिं ॥ २३ ॥**

हे स्वामी! अमारो आ उंबर नामे राजा छे, अने तेनो सर्व जगोए मोटा दानमानपूर्वक सत्कार थाय छे; ॥ २३ ॥

**तेणम्हाणं धणकणय–चीरपमुहेहिं कीरइ न किंपि ॥ एयस्स पसाएणं । अम्हे सव्वेवि अइसुहिणो ॥ २४ ॥**

तेथी अमोने धन, सुवर्ण तथा वस्त्रआदिकनुं कंइ पण प्रयोजन नथी, केमके ते अमारा उंबरराणाना पसायथी अमो सर्वे घणाज सुखी छइये.

**किंचेगो नाह समत्थि । अम्ह मणाचिंतिओ वियप्पुत्ति ॥ जइ लहइ राणओ । राणियंति ता सुंदरं होइ ॥ २५ ॥**

परंतु हे स्वामी! अमारा मनमां अमोने एक अभलिाषा बाकी रहीछे, ते एके अमारा राणाने एक राणीमले तो अमोने घणो अनंद थाय.

**ता नरनाह पसायं । काऊण देहि कन्नगं एगं ॥ अवरेण कणगकप्पड–दाणेणं तुम्ह पज्जत्तं ॥ २६ ॥**

माटे हे नरेंद्र! अमारापर कृपा करीने एक कन्या आपो! तमारां बीजां सुवर्ण तथा कापडआदिकना दाननी अमोने जरुर नथी. ॥२६॥

तो भणइ रायमंती। अहो अजुत्तं विमग्गियं तुमए ॥ को देइ नियं धूयं। कुट्ठकिलिट्ठस्स जाणंतो ॥ २७ ॥

ते सांभळी राजाना मंत्रिए तेने कह्युं के अरे तमोए आ बहु अयुक्त मागणी करी छे; केमके जाणीजोइने कोढीयाने कोण पोतानी दीकरी आपे?

गलियंगुलिणा भणियं। अम्हेहि सुया निवस्सिमा कित्ती ॥ जं किर मालवराया। करेइ नो पच्छणाभंगं ॥२८॥

त्यारे ते गलितांगुलि बोल्योके, अमोए तो आ राजानी एवी कीर्त्ति सांभली छे के, मालवानो राजा खरेखर प्रार्थनाभंग करतो नथी. २८

तो सा निम्मलकित्ती। हारिज्जउ अज्ज नरवरिंदस्स ॥ अहवा दिज्जउ कावि हु। धूया कुकुलेवि संभूया ॥ २९ ॥

तो हवे तमो भले ते नरेंद्रनी निर्मल कीर्त्ति आजे हारी जाओ? अथवा तो कोइ हलका कुलमां पण उत्पन्न थयेली कोइक कन्या आपो? ॥२९

पभणेइ नरवरिंदो। दाहिस्सइ तुम्ह कन्नगा एगा ॥ को किर हारइ कित्तिं। इत्तियमित्तेण कज्जेण ॥ ३० ॥

ते सांभळी राजाए कह्युं के, हे दूत! अमो तमोने एक कन्या आपीशुं केमके फक्त आटलांज काममाटे खरेखर पोतानी कीर्त्ति कोण हारे!

चिंतेइ मणे राया। कोवानलजलियनिम्मलविवेगो ॥ नियधूयं अरिभूतां। तं दाहिस्सामि एयस्स ॥ ३१ ॥

पछी क्रोधरूपी अग्निथी बळी गयेल छे निर्मल विवेक जेनो एवो ते राजा मनमां विचारे छे के, शत्रुभूत एवी ते मारी पुत्री मयणासुंदरीने हुं आ उंबरप्रते आपीश. ॥ ३१ ॥

सहसा वलिऊण तओ। नियआवासंमि आगओ राया ॥ बुल्लावइ तं मयणा-सुंदरिनामं नियं धूयं ॥ ३२ ॥

पछी एकदम त्यांथी पाछो वळीने ते राजा पोताना मेहेलमां आव्यो, तथा पोतानी पुत्री मयणासुंदरीने तेणे बोलावी (कह्युं के) ॥३२॥

**हुं अज्जवि जइ मन्नसि । मज्झ पसायस्स संभवं ॥ ता उत्तमं वरं ते परिणाविय देमि भूरिधणं ॥ ३३ ॥**

अरे पुत्री! हजु पण तुं जो मारा पसायथी सुखने उत्पन्न थयेलुं मानीश तो हुं तने उत्तम वर परणावीने घणुं धन आपीश. ॥३३॥

**जइ पुण निमकम्मं चिय । मन्नसि ता तुज्झ कम्मणाणीओ ॥ एसो कुट्ठियराणो । होउ वरो किं वियप्पेण ॥३४॥**

परंतु जो तुं पोताना कर्मनेज मानती हो तो तारां कर्मोए लावेलो आ कुष्टिराणोज तारो वर थाओ? तेमां हवे कंइ पण विचार करवानी जरुर नथी. ॥ ३४ ॥

**हसिऊण भणइ बाला । आणीओ मज्झ कम्मणा जोउ ॥ सो चेव मह पमाणं । राओ वा रंकजाओ वा ॥ ३५ ॥**

त्यारे ते बालिका हसीने कहेवा लागी के हे पिताजी! मारां कर्मोए जे पति आणेलो छे तेज मारे प्रमाण छे, पछी ते चाहे तो राजा होय अथवा रंकनो पुत्र होय, ॥ ३५ ॥

**कोवंधेणं रन्ना । सो उंबरराणओ समाहूओ ॥ भणिओ य तुममिमीए । कम्माणीओसि होसु वरो ॥ ३६ ॥**

ते सांभळी क्रोधांध थयेला राजाए ते उंबराणाने बोलाव्यो, अने कह्युं के, आ पुत्रीना कर्मो तने अहीं लाव्या छे, माटे तुं तेणीनो वर था?

**तेणुत्तं नो जुत्तं । नरवर वुत्तुंपि तुज्झ इय वयणं ॥ को कणयरयणमालं बंधइ । कायस्स कंठंमि ॥ ३७ ॥**

त्यारे ते उंबराणे कह्यु के, राजन्! तमारे एवुं वचन बोलवुं पण युक्त नथी, केमके कागडाने कंठे रत्नजडित सुवर्णनी माळा कोण बांधे?

एगपहं पुव्वकयं । कम्मं भुंजेमि एरिसमणज्जं ॥ अवरं च कहमिमीए । जम्मं बोलेमि जाणंतो ॥ ३८ ॥

एक तो हुं आवुं पूर्वे करेलुं दुष्ट कर्म भोगवुं छुं, अने वळी पाछो हवे जाणीजोइने आ कन्यानो जन्म केम बोळुं ॥ ३८ ॥

ता भो नरवर जइ देसि। कावि ता देसु मज्झ अणुरूवं ॥ दासिविलासिणिधूयं । नो वा ते होउ कल्लाणं ॥ ३९ ॥

माटे हे राजन् ! जो तमो मने कन्या आपता हो तो कोइक मारा सरखी दासोनी अथवा नायिकानी पुत्री मने आपो ! नहीतर खेर, तमारुं कल्याण थाओ ? ॥ ३९ ॥

तो भणइ नरवरिंदो । भो भो महनंदिणी इमा किंपि ॥ नो मज्झ कयं मन्नइ । नियकम्मं चेव मन्नेइ ॥ ४० ॥

ते सांभळी राजाए कह्युं के हे उंबर! आ मारी पुत्री मारुं करेलुं कंइं पण मानती नथी, फक्त पोताना कर्मनेज माने छे. ॥ ४० ॥

तेणं चिय कम्मेणं । आणीओ तंसि चेव जोइ वरो ॥ जइ सा नियकम्मफलं । पावइत्ता अम्ह को दोस ॥४१॥

माटे तेणीना ते कर्मे तनेज वर तरीके लावी आप्यो छे,अने एवीरीते ते पोताना कर्मोनुं फल भोगवशे, तेमां अमारो शुं दोष छे. ॥४१॥

तं सोऊणं बाला । उट्ठित्ता झत्ति उंबरस्स करं ॥ गिह्णइ निययकरेणं । विवाहलग्गंव साहंती ॥ ४२ ॥

ते सांभळीने मयणासुंदरीबालिकाए एकदम उठीने पोताना हाथथी जाणे ते विवाहलग्नने साधती होय नही तेम ते उंबरराणानो हाथ पकड्यो

सामंतमंतिअंते–उरीउ वरंति तहवि सा बाला ॥ सरयससिसरिसवयणा । भणेइ एसुच्चिय पमाणं ॥ ४३ ॥

त्यारे सामंतमंत्रि तथा अंतःपुरनी स्त्रीओ तेणीने घणुं निवारे छे, तो पण शरदऋतुना चंद्रसरखा मुखवाळी एवी ते बालीका कहे छे के, आज भर्त्तार मारे प्रमाणभूत छे. ॥ ४३ ॥

**एगत्तो माऊलओ। एगत्तो रूप्पसुंदरीमाया ॥ एगत्तो परिवारो। रुयइ अहो केरिसमजुत्तं ॥ ४४ ॥**

हवे ते समये अरे! आ केवुं अयुक्त थयुं! एम विचारि एकबाजु तेणीनो मामो एकबाजु रुपसुंदरीमाता, तथा एकबाजु परिवार रडवा लाग्यो

**तहवि न नियकोवाओ। वलेइ राया अईव कढिणमणो ॥ मयणावि मुणियतत्ता। नियसत्ताउ य न चलेइ ॥४५॥**

ते छतां पण अत्यंत कठिन हृदयवाळो राजा पोताना क्रोधथी पाछो हठ्यो नही, तेम तत्वने जाणनारी मयणासुंदरी पण पोताना सत्वथी चलित थइ नही. ॥ ४५ ॥

**तं वेसरिमारोविय। जा चलिओ उंबरो नियठाणं ॥ ता भणइ नयरलोओ। अहो अजुत्तं अजुत्तंति ॥ ४६ ॥**

पछी तेणीने वेसरपर चडावीने ज्यारे उंबरराणो पोताने स्थानके चाल्यो, त्यारे नगरना लोको कहेवा लाग्या के अहो! आ अत्यंत अयुक्त कार्य थयुं छे. ॥ ४६ ॥

**एगे भणंति धिद्धी। रायाणं जेणिमं कयमजुत्तं ॥ अन्ने भणंति धिद्धी। एयं अइदुव्विणियंति ॥ ४७ ॥**

केटलाको कहेवा लाग्याके अरे! आ राजाने धिक्कार छे, के जेणे आवुं अयुक्त कार्य कर्युं छे; बीजाओ कहेवा लाग्या के आ पुत्रीज अत्यंत दुर्विनीत थइ माटे तेणीने धिक्कार छे. ॥ ४७ ॥

केवि निंदंति जणाणिं । तीए निंदंति केवि उज्झायं ॥ केवि निंदंति दिव्वं । जिणधम्मं केवि निंदंति ॥ ४८ ॥
केटलाक तेणीनी माताने निंदे छे, तथा केटलाक तेणीना अध्यापकने निंदे छे; केटलाको दैवने निंदे छे, अने केटलाको जैनधर्मने निंदे छे.

तहवि हु वियसियवयणा। मयणा तेणुंबरेण सह जंती ॥ न कुणइ मणे विसायं। सम्मं धम्मं वियाणंती ॥४९॥
हवे आम छतां पण धर्मने सारीरीते जाणती एवी ते मयणासुंदरी प्रफुल्लित मुखवाळी थइ थकी उंबरराणानी साथे जतीथकी मनमां जरापण खेद करती नथी. ॥ ४९ ॥

उंबरपरिवारेणं । मिलिएणं हरिसनिज्झरंगेणं ॥ नियपहुणो भत्तेणं । विवाहकिच्चाइं विहियाइं ॥ ५० ॥
पछी अत्यंत हर्षित थयेला तथा भक्तिवंत एवा ते उंबरना परिवारे मळीने पोताना स्वामिना विवाहसंबंधि कार्यो कर्यां. ॥५०॥

इत्तो रन्ना सुरसुं–दरीइविवाहणच्छमुज्झाओ ॥ पुट्ठो सोहणलग्गं । सो पभणइ राय निसुणेसु ॥ ५१ ॥
हवे राजाए सुरसुंदरीना विवाहमाटे उपाध्यायने (बोलावी) उत्तम लग्न पूछ्युं, त्यारे तेणे कह्युंके हे राजन्! तमो सांभळो? ॥५१॥

अज्जं चिय दिणसुद्धी। अच्छि परं सोहणं गयं लग्गं ॥ तइया जइया मयणाइ । तीइ कुट्ठियकरो गहिओ ॥५२॥
आजे पण दिवस तो चोख्खो छे, परंतु शुभ लग्न तो ज्यारे मयणाए ते कुष्टिनो हाथ ग्रहण कर्यो त्यारे गयुं ॥ ५२ ॥

राया भणेइ हुं हुं । नाओ लग्गस्स तस्स परमच्छो ॥ अहुणावि य नियधूयं। एयं परिणावइस्सामि ॥ ५३ ॥
त्यारे राजाए कह्युं ठीक ठीक, ते लग्ननो प्रभाव तो में जाण्यो; हुं तो हमणा पण आ मारी पुत्रीने परणावीश. ॥ ५३ ॥

रायाएसेण तओ । खणमित्तेणावि विहियसामग्गिं ॥ मंतीहिं पहिट्ठेहिं । विवाहपव्वं समाढत्तं ॥ ५४ ॥
पछी राजाना हुकमथी हर्षित थयेला मंत्रिओए क्षणमात्रमांज विवाहमहोत्सवनी सामग्री करवा मांडी. ॥ ५४ ॥

तं च केरिसं–ऊसियतोरणपयडपडायं। वज्जिरतूरगहीरनिनायं ॥
नच्चिरचारुविलासिणिथट्टं । जयजयसद्दंकरंतसुभट्टं ॥ ५५ ॥

हवे ते सामग्री केवी करी? तोके–तोरणोसहित पताकाओ प्रगटरीते उभी रही छे, वाजित्रोना गंभीर नादो वागी रह्यां छे; मनोहर नायिकाओनो समूह नाची रह्यो छे; तथा सुभटो जय जय शब्द करी रह्या छे. ॥ ५५ ॥

पट्टंसुयघट्टउलिज्झमालं। कूरकपूरतंबोलविसालं ॥ धवलदियंतसुवासिणिवग्गं। वुड्ढपुरंधिकहियविहिमग्गं ॥५६

रेशमी कपडांथी मांडवो शणगारेलो छे, कुर, कपूर तथा तंबोल छुटथी अपाय छे, सुहागण स्त्रीओ धवल मंगल गाय छे, वृद्ध-स्त्रीओ विधिमार्ग बतावे छे. ॥ ५६ ॥

मग्गणजणदिज्जंतसुदाणं, सयणसुवासिकयसम्माणं ॥ मद्दलवाय चउप्फललोयं। जणजणवयमणिजणियपमोयं

याचक लोकोने उत्तम दान अपाय छे, संबंधिओनुं तथा सुहागणोनुं सन्मान कराय छे, मृदंगोना नादोथी घणा लोको एकठा थया छे, नगरना तथा देशना लोकोना मनमां आनंद थइ रह्यो छे ॥ ५७ ॥

कारियसुंदरिसिणगारं। सिंगारियअरिदमणकुमारं ॥ हथलेवइमंडलविहिचंगं। करमोयणकरिदाणसुरंगं ॥५८॥

सुरसुंदरीने शणगार सजाव्यो छे, तेमज अरिदमणकुमारने पण शणगार्यो छे, हथिवालानो पण मनोहर विधि कर्यो छे, तथा कर-मोचनवखते राजाए तेने घणुं दान कर्युं छे. ॥ ५८ ॥

एवं विहियविवाहो । अरिदमणो लद्धहयगयसणाहो ॥ सुरसुंदरिसमेओ । जा निग्गच्छइ पुरवरीओ ॥ ५९ ॥

एवी रीते विवाह थवा बाद पोताने मळेला हाथी घोडाओ तथा सुरसुंदरी सहित अरिदमनकुमार ज्यारे नगरमांथी विदाय थयो छे त्यारे

ता भणइ सयललोओ । अहोऽणुरूवो इमाण संजोगो ॥ धन्ना एसा सुरसुं-दरीय जीए वरो एसो ॥ ६० ॥

सर्व लोको कहे छे के अहो! आ बन्नेनो तुल्य संयोग थयो छे, आ सुरसंदरीने धन्य छे, के जेणीने आवो वर मळ्यो छे. ॥६०॥

केवि पसंसंति निवं । केवि वरं केवि सुंदरी कन्नं ॥ केवि तीए उज्झायं । केवि पसंसंति सिवधम्मं ॥ ६१ ॥

केटलाक राजाने प्रशंसे छे, केटलाक वरने तथा केटलाक ते सुंदर कन्याने, तेम केटलाक तेणीना उपाध्यायने अने केटलाक ते शिवधर्मने प्रशंसे छे. ॥ ६१ ॥

सुरसुंदरिसम्माणं । मयणाइविडंबणं जणो दट्ठुं ॥ सिवसासणप्पसंसं । जिणसासणनिंदगं कुणइ ॥ ६२ ॥

एवीरीते सुरसुंदरीनुं सन्मान तथा मयणानी विटंबना जोइने लोको शिवधर्मनी प्रशंसा तथा जिनशासननी निंदा करे छे. ॥ ६२ ॥

इओय—नियपेयडस्स मज्झे । रयणीए उंबरेण सा मयणा ॥ भणिया भद्दे निसुणसु । इमं अजुत्तं कयं रन्ना ॥६३॥

हवे पोताना समुदायमां रहेला उंबरराणाए रात्रिए ते मयणासुंदरीने कह्युं के, हे भद्रे! तुं सांभल? राजाए आ कार्य अयुक्त कर्युं छे

तहवि न किंपि विणट्ठं। अज्जवि तं गच्छ कम्मवि नररयणं ॥ जेणं होइ न विहलं। एयं तुह रूवनिम्माणं ॥ ६४॥
तो पण कंइं विणस्युं नथी. माटे हजु पण कोइक उत्तम पुरुषने वर? के जेथी तारां आ रूपनी बनावट निष्फल न थाय ॥ ६४ ॥
इह पेयडस्स मज्झे। तुज्झ विचिट्ठंतियाइनो कुसलं ॥ पायं कुसंगजणियं। मज्झवि जायं इमं कुट्ठं॥६५॥
आ कुष्टिओना समुदायमां रहेवाथी तारुं सारुं थशे नही; केमके मने पण प्रायें आ कुसंगथी कोढ थयो छे. ॥ ६५ ॥
तो तीए मयणाए। नयणंसुयनोरकलुसवयणाए ॥ पइपाएसु निवेसिय-सिराइ भणियं इमं वयणं ॥ ६६ ॥
ते सांभली आंखोमांथी पडेलां आंसुओथी कलुषित मुखवाली एवी ते मयणा पतिना चरणोमां मस्तक राखी एवुं वचन बोली के
सामिय सव्वं महआ-इसेसु किंचेरिसं पुणो वयणं ॥ नो भणियव्वं जं दूह-वेइ मह माणसं एयं ॥ ६७ ॥
हे स्वामी! मने आपे बीजो सघलो हुकम करवो, परंतु आवुं वचन बोलवुं नही, केमके ते वचनथी मारुं मन दुभाय छे. ॥ ६७ ॥
अन्नंच—पढमं महिलाजम्मं। केरिसयं तंपि होय जइ लोए ॥ सीलविहूणं नूणं। ता जाणह कंजियं कुहियं ॥६८॥
वली-मूलमां आ स्त्रीअवतार केवो अशुद्ध छे! अमे ते पण ज्यारे शीलरहित थाय त्यारे तो ते कोहीगयेली कांजी समान लेखाय छे.
सीलं चिय महिलाणं। विभूसणं सीलमेव सव्वस्सं ॥ सीलं जीवियसरिसं। सीलाउ न सुंदरं किंपि ॥ ६९ ॥
ता सामिय आमरणं। मह सरणं तंसि चेव नो अन्नो॥ इय निच्छियं वियाणह। अवरं जं होइ तं होउ ॥ ७० ॥

स्त्रीओनुं आभूषण तथा सर्व धनरूप फक्त शीलज छे, माटे ते शील जीवितसमान छे, शीलशिवाय बीजुं कंइं पण सुंदर नथी माटे हे स्वामी! छेक मृत्युपर्यंत मने आपज शरणरूप छो, बीजोकोइ पण नथी, बीजुं गमेतेम थाओ, परतुं आ वातनो निश्चयज जाणवो ॥७०॥

**एवं तीए अइनिच्च–लाइ दढसत्तपिख्खणनिमित्तं ॥ सहसा सहस्सकिरणो । उदयाचलचूलियं पत्तो ॥ ७१ ॥**

एवीरीते अति निश्चल एवी तेणीना दृढ सत्वनी परीक्षामाटे सूर्य एकदम उदयाचलना शिखरपर चड्यो. ॥ ७१ ॥

**मयणाए वयणेणं । सो उंबरराणओ पभायंमि ॥ तीए समं तुरंतो । पत्तो सिरिरिसहभवणंमि ॥ ७२ ॥**

त्यारे मयणाना कहेवाथी प्रभातमां ते उंबरराणो तेणीनी साथे तुरत श्रीऋषभदेवप्रभुना मंदिरमां आव्यो ॥ ७२ ॥

**आणंदपुलइयंगेहिं । तेहिं दोहिं वि नमंसिओ सामी ॥ मयणा जिणमयनिउणा । एवं थोउं समाढत्ता ॥ ७३ ॥**

आनंदथी रोमांचित शरीरवाला एवा ते बन्नेए प्रभुने नमस्कार कर्यो, पछी जिनधर्ममां निपुण एवी ते मयणा नीचे मुजब प्रभुनी स्तुति करवा लागी. ॥ ७३ ॥

**भत्तिभरनिप्भरसुरिंदविंद-वंदियपयपढमजिणंदचंद ॥ चंदुज्जलकेवलकित्तिपूर–पूरियभुवणंतर वेरिसूर ॥७४॥**

भक्तिना समूहथी भरेला एवा इंद्रोना समूहथी वंदयेला चरणोवाला एवा हे प्रथम जिनेंद्रचंद्र ! तथा चंद्रसरखी उज्ज्वल एवी फक्त कीर्त्तिना समूहथी भरेल छे त्रणे भुवनो जेणे एवा, तथा कषायरूपी वैरिओप्रते शूरा एवा ॥ ७४ ॥

**सूरुव हरियतमतिमिर देव। देवासुरखेयरविहियसेव ॥ सेवागयगयमरायपाय-पाय डियपणामह कयपसाय॥७५**

तथा सूर्यनीपेठे आज्ञानरूपी अंधकारने हरनारा एवा हे देव ! तथा देव, असुर अने खेचरोए करेलो छे सेवा जेमनी एवा तथा सेवामाटे आवेला मदरहित एवा राजाओए चरणोमां करेल छे प्रणाम जेमने एवा, तथा करेल छे पसाय जेमणे एवा;॥ ७५ ॥

सायरसमसमयामयनिवास । वासवगुरुगोयरगुणविकास ॥
कासुज्जलसंजमसीललील । लीलाइविहियमोहावहील ॥ ७६ ॥

समुद्रनीपेठे समतारूपी अमृतना स्थानसमान, तथा फक्त बृहस्पतिएज जाण्यो छे गुणोनो प्रकाश जेमनो एवा, १काससमान उज्ज्वल एवां संयम अने शीलनी क्रीडावाला, तथा फक्त लीलामात्रमांज करेल छे मोहनी अवगणना जेमणे एवा; ॥ ७६ ॥

होलापरजंतुसु अकयसाव । सावयजणजणियाणंदभाव ॥
भावलयअलंकिय रिसहनाह । नाहत्तणु करि हरिदुख्खदाह ॥ ७७ ॥

तथा अवगणना करनार प्राणीओपर पण जेमणे कोप नथी कर्यो एवा, तथा श्रावकलोकोने उत्पन्न करेल छे आनंदभाव जेमणे एवा; भामंडलथी शोभित थयेला एवा हे श्री ऋषभदेव प्रभु ! अमारापर स्वामिपणुं धारण करीने अमारा दुःखोनो दाह दूर करो ? ॥ ७७ ॥

इय रिसहजिणेसर भुवणदिणेसर । तिजयविजय सिरिपाल पहो ॥
मयणाहिय सामिय सिवगइगामिय । मणहमणोरह पूरिमहो ॥ ७८ ॥

---

१ कासमान एटले मार्ये नदी किनारे ऊगता सफेद रुपेरी रंगना चकचकाट करता एक जातना घाससमान.

एवी रीतना हे त्रणे भुवनोमां सूर्यसमान, तथा त्रणे जगत्ना विजयनी लक्ष्मीने पालनारा, तथा कामदेवना शत्रुसमान, अने मोक्षगतिमां गयेला एवा हे स्वामी श्रीऋषभजिनेश्वरप्रभु! मारा मनना मनोरथो पूरो[1]? ॥ ७८ ॥

**एवं समाहिलीणा। मयणा जा थुणइ ताव जिणकंठा॥करठियफलेण सहिया। उच्छलिया कुसुमवरमाला॥७९॥**

समतामां लीन थयेली मयणा एवीरीते जेवामां स्तुति करे छे, तेवामां प्रभुना हाथमां रहेलां बीजोरां सहित प्रभुना कंठमांथी पुष्पोनी उत्तम माळा उछली. ॥ ७९ ॥

**मयणावयणाओ उं–वरेण सहस्सत्ति तं फलं गहियं ॥ मयणाइ सयं माला। गहिया आणंदियमणाए ॥ ८० ॥**

त्यारे मयणासुंदरीना कहेवाथी उंबरे तुरत ते फल लीधुं, अने मयणाए पोते आनंद युक्त मनथी ते माला ग्रहण करी. ॥ ८० ॥

**भणियं च तीइ सामिय। फिट्टिस्सइ एस तुम्ह तणुरोगो॥ जेणेसो संजोगो। जाओ जिणवरकयपसाओ ॥ ८१ ॥**

पछी ते बोली के हे स्वामी! आपना शरीरनो रोग हवे दूर थशे केमके आ बनाव श्रीजिनेश्वरप्रभुए करेली कृपाने सूचवनारो छे.

**तत्तो मयणा पइणा। सहिया मुणिचंदगुरुसमीवंमि ॥ पत्ता पमुइयचित्ता। भत्तीए नमइ तस्स पए ॥ ८२ ॥**

पछी ते मयणा पति सहित मुनिचंद्रगुरुपासे आवी, तथा हर्षित मनवाळी थइने भक्तिपूर्वक तेमने चरणे नमी. ॥ ८२ ॥

**गुरुणो य तया करुणा–परित्तचित्ता कहंति भवियाणं ॥ गंभीरसजलजलहर–सरेण धम्मस्स फलमेवं ॥ ८३ ॥**

---

१ हे मयणाने हितकारी एवा प्रभु! श्रीपालकुमारना मनोरथो पूरो? एवो पण श्लेषार्थ जाणवो.

ते वखते दयायुक्त मनवाळा एवा ते गुरु जलयुक्त गंभीर मेघसरखा स्वरथी नीचेमुजब भविकोमते धर्मनुं फल कहे छे.॥ ८३ ॥

सुमाणुसत्तं सुकुलं सुरूवं। सोहग्गमारुग्गमतुच्छमाउं॥रिद्धिं च विद्धिं च पहुत्तकित्ति। पुन्नपसाएण लहंति सत्ता

पुण्यना पसायथी प्राणीओ उत्तम मनुष्यपणुं, श्रेष्ठ कुल, उत्तमरूप, सौभाग्य, आरोग्य, लांबु आयु, रुद्धि, वृद्धि तथा मोटी कीर्त्ति मेळवेछे.

इच्चाइदेसणंते। गुरुणो पुच्छंति परिच्चियं मयणं ॥ वच्छे कोऽयं धन्नो । वरलख्खणलख्खिय सपुन्नो॥ ८५ ॥

इत्यादिक देशना दीधाबाद परिचयवाळी मयणाने गुरु पूछे छे के, हे वत्स! आ उत्तम लक्षणोवाळो धन्य तथा पुण्यशाली कोण पुरुष छे?

मयणाइ रुयंतीए। कहिओ सव्वोवि निययवुत्तंतो॥ विन्नत्तं च न अन्नं। भयवं मह किंपि अत्थि दुहं ॥ ८६ ॥

त्यारे मयणाए आंसु लावीने पोतानुं सर्व वृत्तांत कह्युं, तथा विनव्युं के हे भगवन! मने बीजुं कंइ पण दुःख नथी; ॥ ८६ ॥

एयं चिय मह दुःखं । जं मित्थादिट्ठिणो इमे लोया ॥ निंदंति जिणहधम्मं । सिवधम्मं चेव संसंति ॥ ८७ ॥

फक्त एक मने दुःख छे, ते एके आ मिथ्यात्वी लोको जिनधर्मनी निंदा करे छे, अने शिवधर्मनी प्रशंसा करे छे, ॥ ८७ ॥

ता पहु कुणह पसायं । किंपि उवायं कहेह मह पइणो ॥ जेणेस दुट्ठवाही । जाइ खयं लोयवायं च॥८८॥

माटे हे प्रभु! आप मारापर कृपा करीने कंइंक उपाय कहो? के जेथी आ मारा पतिनो दुष्टव्याधि सहित लोकापवाद दूर थाय ॥८८॥

पभणेइ गुरु भद्दे । साहूणं न कप्पइ हु सावज्जं ॥ कहिउं किंपि तिगिच्छं। विज्जं मंतं च तंतं च ॥ ८९ ॥

त्यारे गुरुए कह्युं के हे भद्र! साधुने सावद्य एवां वैदक, विद्या, मंत्र के तंत्र कंइं पण कहेवुं कल्पे नही. ॥ ८९ ॥

तहवि अणवज्जमेगं । समत्थि आराहणं नवपयाणं ॥ इहलोइयपरलोइय–सुहाणमूलं जिणुद्दिट्ठं ॥ १० ॥

तो पण श्रीजिनेश्वरे कहेलो नवपदना आराधनरूप एक पापरहित उपाय छे, के जे आ लोक अने परलोकना सुखोनो मूल रूप छे.

अरिहं सिद्धायरिया । उवज्झाया साहुणो य सम्मत्तं ॥ नाणं चरणं च तवो । इय पयनवगं परमतत्तं ॥ ११ ॥

अरिहंत, सिद्ध, आचार्य, उपाध्याय, साधु, दर्शन, ज्ञान, चारित्र अने तप ए नवे पदो परम तत्त्वरूप छे. ॥ ११ ॥

एएहिं नवपएहिं । रहियं अन्नं न अत्थि परमत्थं ॥ एएसुच्चिय जिणसा–सणस्स सव्वस्स अवयारो ॥ १२ ॥

ए नवपद शिवायनो बीजो कोइ पण परमार्थ नथी; केमके ते नवेमां सर्व जिनशासननो अवतार छे. ॥ १२ ॥

जे किर सिद्धा सिज्झंति । जेय जेयावि सिज्झइस्संति ॥ ते सव्वेवि हु नवपय–झाणेणं चेव निज्झंतं ॥ १३ ॥

जेओ सिध्या छे, सिद्ध छे तथा सीधशे ते खरेखर सघला नवपदना ध्यानथी जाणवा. ॥ १३ ॥

एएसिं च पयाणं । पयमेगयरं च परमभत्तीए ॥ आराहिऊणणेगे । संपत्ता तिजगसामित्तं ॥ १४ ॥

ए नवपदोमांथी एक पदने पण परम भक्तिथी आराधिने अनेक जीवो त्रणे जगतनुं स्वामिपणुं पाम्या छे. ॥ १४ ॥

एएहिं नवपएहिं । सिद्धं सिरिसिद्धचक्कमेयं जं ॥ तस्सुद्धारो एसो । पुव्वायरिएहिं निद्दिट्ठो ॥ १५ ॥

ए नवे पदोथी सिद्ध थयेलुं जे आ श्रीसिद्धचक्र छे, तेनो उद्धार आ नीचे मुजब पूर्वाचार्योए कह्यो छे. ॥ १५ ॥

गयणमकलियायंतं । उद्धाहसरं सनायबिंदुकलं ॥ सपणवबीयाणाहय–मंतसरं सरहपीढंमि ॥ १६ ॥

त्यां गगन एटले 'ह' अक्षरने यंत्रना मध्यभागमां स्थापवो, तथा तेने 'अ' ए अक्षरनी कलिकायुक्त करवो, पछी ते हकारने उपर अने नीचे रकार देवो; पछी ते 'र्ह' ने नाद एटले अर्धचंद्रकार अने बिंदुकलासहित करवो. एटले 'अर्हं' एम थयुं. पछी तेने पणव एटले ॐकार तथा बीज एटले ह्रींकार युक्त करवुं. पछी तेने अंत्यमां स्वरयुक्त करवुं. ॥ ९६ ॥

**झायह अडदलवलए । सपणवमायाइएसु वाहंते ॥ सिद्धाइए दिसासु । विदिसासु दंसणाइए ॥ ९७ ॥**

एवी रीते पीठ लखीने तेनी पासे गोळमंडल आलेखवुं, ते पर आठ पांखडीओवाळां कमलना आकारनुं वलय आलेखवुं. हवे ते आठे पांखडीओमांनी चार दिशाओतरफनी चारे पांखडीओमां पणव एटले ॐकार, तथा माया एटले ह्रींकारथी मांडीने स्वाहासुधिना बहुवचनांत एवा सिद्धआदिकोने ध्याववा. जेमके 'ॐ ह्रीं सिद्धेभ्यः स्वाहा' ए वाक्य पूर्वदिशातरफनी पांखडोमां लखवुं. एम अनुक्रमे ते चारे वाक्यो जाणवां; तथा तेवीजरीते विदिशाओमां दर्शनआदिक चारे पदो लखवां. ॥ ९७ ॥

**बीयवलयंमि अडदिसि । दलेसु साणाहए सरहवग्गे ॥ अंतरदलेसु अट्ठसु । झायह परमिट्ठिपढमपए ॥ ९८ ॥**

हवे ते उपर कहेला पेहेला वलयनी बहार बीजुं मंडलाकारे शोल पांखडीओवालुं वलय आलेखवु. ते पांखडीओमांनी एकांतरित दिशाओतरफनी आठ पांखडीओमां अनाहत बीजसहित अनुक्रमे 'अ, क, च, ट, त, प, य, श,' ए आठ वर्गोना अक्षरो लखवा. एटले तेमां पेहेला वर्गना शोल अक्षरो. क आदिक दरेक पांच वर्गोना पांच पांच अक्षरो, तथा छेल्ला बे वर्गना चार चार अक्षरो जाणवा. तथा बाकीनी रहेली आठे पांखडीओमां 'ॐ नमो अरिहंताणं' एरूप आठे परमेष्ठिपदो आलेखवां. ॥ ९८ ॥

**तइयवलएवि अडदिसि । दिप्पंत अणाहिएहिं अंतरिए ॥ पायाहिणेण तिहिं । पंतियाहिं झाएह लद्धिपए ॥ ९९ ॥**

एवीजरीते त्रीजा वलयमां पण आठ अनाहतो आलेखवां. वली ते बे बेनी वच्चे बेबे लब्धिपदो मूकवां, एवीरीते पेहेली पंक्तिनी आठे पांखडीओमां शोल लब्धिपद, बीजीमां पण शोल, अने त्रीजीमां पण शोल, एवी रीते दीपायमान एवां ते अडतालीस लब्धिपदोने ध्यावनवां ॥ ९९ ॥

**ते पणवबीयअरिहं । नमो जिणाणंति एयमाइया ॥ अडयालीसं नेया । सम्मं सुगुरूवएसेणं ॥ २०० ॥**

हवे ते अडतालीसे लब्धिपदोने पणव एटले ॐकार तथा बीज एटले ह्रींकार तथा अर्हं एटलां त्रणे पदोसहित 'नमो जिणाणं' एटले ॐह्रीं अर्हं नमो जिणाणं' इत्यादिकरूप अडतालीसनी संख्या सम्यक् प्रकारे गुरुना उपदेशथी जाणवी. ॥ २०० ॥

**तं तिगुणेणं माया–बीएणं सुद्धसेयवन्नेणं ॥ परिवेढिऊण परहो–तस्स गुरुपाउए नमह ॥ १ ॥**

हवे ते पाठथी मांडीने लब्धिपदसुधि त्रणगणा शुद्ध अने सफेद वर्णवाला मायाबीज एटले ह्रींकारथी चोतरफथी वींटीने तेनी परिधिपर गुरुचरणन्यासोने नमवा. एटले के ते सर्व यंत्रनी उपर ह्रींकार आलेखीने सर्व यंत्रना परिक्षेपरूप त्रण रेखाओ आलेखीने चोथी अरधी रेखाने छेडे 'क्रौं' ए अक्षर लखवो, अने तेनी परिधिमां गुरुपादुकाना नमस्कार आलेखवा. ॥ १ ॥

**अरिहं सिद्धगणीणं । गुरुपरमादिट्ठणं तसु गुरूणं ॥ दूरणंताणगुरूणय । सपणवबीयाओ ताओ य ॥ २ ॥**

हवे ते आठ गुरुपादुका कहे छे.—अरिहंतोनी १ सिद्धोनी २ आचार्योनी ३ गुरुनी ४ परमगुरुनी ५ अदृष्टगुरुनी ६ तेमना पण गुरुनी ७ तथा अनंतानंत गुरुओनी ८ एवीरीते आठेनी पादुकाओ 'ॐह्रीं' सहित आलेखवी. एटले के 'ॐह्रीं अर्हत्पादुकेभ्यो नमः' एवीरीते अनुक्रमे ते आठे पादुकाओ आलेखवी ॥ २ ॥

रेहादुगकयकलसा–गारामियमंडलंव तं सरह ॥ चउदिसि विदिसि कमेणं । जयाइजंभाइकयसेवं ॥ ३ ॥
पछी डाबी अने जमणी बाजुथी अंतनी रेखाओने मेळवीने तेनो कलशनो आकार करीने तेने अमृतमंडलनीमाफक समरवुं. हवे ते कलशाकार केवो.? तो के पूर्वआदिक चारे दिशाओमां तथा अग्निआदिक चारे विदिशाओमां अनुक्रमे जया १ विपया २ जयंत ३ अने पराजिता ४ तथा जंभा १ थंभा २ मोहा ३ अने अंधा ४ ए आठेनुं आलेखन करवुं. ॥ ३ ॥

सिरिविमलसामिपमुहा। हिट्ठायगसयलदेवदेवीणं॥ सुहगुरुमुहाओ जाणिय । ताण पयाणं कुणह झाणं ॥ ४ ॥
पछी ते कलशाकारउपर विमलेश्वर आदिक अधिष्टायको, तथा चक्रेश्वरीआदिकदेवीओनुं साधन श्रीगुरुमुखथी जाणीने ते संबंधि मंत्रपदोनुं ध्यान धरवुं; अर्थात् ' ॐह्रीं विमलस्वामिने नमः ' इत्यादिक रीते ते सर्वनां नामो कलशाकारनी उपर आलेखवां. ॥४॥

तं विज्जादिविसासणसुर–सासणदेविसेवियदुपासं ॥ मूलगहं कंठणिहिं । वउपडिहारं च चउवीरं ॥ ५ ॥
वली रोहिणीआदिक शोल विद्यादेवीओ, तथा गोमुखयक्षआदिक चोवीस शासनदेवो, तथा चक्रेश्वरीआदिक चोवीस शासनदेवीओ तेओवडे करीने सेवाएल छे डाबुं अने जमणुं पडखुं जेनुं एवुं ते यंत्र करवुं; वली ते केवुं करवुं? तो के ते कलशाकारना मूलमां ' ॐआदित्याय नमः ' इत्यादिक नवे ग्रहोना नामो लखवां; तथा ते कलशनां कंठपर ' ॐ नैसर्पकाय नमः ' एवी रीतना नवे निधिओना नामो लखवां. तथा ते नवनिधिओना नामो नीचेमुजब छे ॥ नैसर्प १ पांडुक २ पिंगल ३ सर्वरत्नक ४ महापद्म ५ काल ६ महाकाल ७ माणवक ८ ॥ तथा तेनी चार दिशाओमां कुमुद १ अंजन २ वामन ३ अने पुष्पदंत ४ एम

चार प्रतिहारो आलेखवा, तथा चार विदिशाओमां मानभद्र १ कपिल २ तथा पिंगल ३ आदिक वीरोने स्थापवा. ॥ ५ ॥

**दिसिवालखित्तवालेहिं । सेवियं धरणिमंडलपइट्ठं ॥ पूयंताण नराणं । नूणं पूरेइ मणइट्ठं ॥ ६ ॥**

वली ते यंत्रमंडलने दश दिक्पालोथी तथा क्षेत्रपालथी सेवायेलुं करवुं. ते इंद्र, अग्नि, यम, नैरुत, वरुण, वायु,कुबेर, इशान, ब्रह्म तथा नाग ए दिक्पालो जाणवा. एटलेके 'ॐइंद्राय नमः' एवी रीते ते अनुक्रमे पूर्वआदिक दिशाओमां आठे दिक्पालोने आलेखवा; ऊर्ध्वभागमां 'ॐ ब्रह्मणे नमः' एम लखवुं तथा अधोभागमां 'ॐनागाय नमः' एम लखवुं; तथा दक्षिणभागना खुणापर 'ॐ क्षेत्रपालाय नमः' एम लखवुं; एवी रीतना ते श्रीसिद्धचक्रयंत्रने पृथ्वीपीठपर प्रतिष्टित करवुं. ते यंत्रनी पूजा करनार मनुष्योना मनोवांछितने ते पूरे छे. ॥ ६ ॥

**एयं च सिद्धचक्कं । कहियं विज्जाणुवायपरमत्थं ॥ नाएण जेण सहस्सा । सिज्झंति महंतसिद्धिओ ॥ ७ ॥**

आ श्रीसिद्धचक्रजीनुं यंत्र विद्यानुवादपूर्वना परमार्थरूप छे, जे जाणवाथी तुरत अणिमादिक महासिद्धिओ सिद्ध थाय छे. ॥ ७ ॥

**एयं च विमलधवलं । जो झायइ सुक्कझाणजोएणं ॥ तवसंजमेण जुत्तो । सो पावइ निज्जरं विउलं ॥ ८ ॥**

आ निर्मल अने उज्ज्वल एवा श्रीसिद्धचक्रयंत्रने जे तप अने संयमयुक्त थइने शुक्लध्यानपूर्वक ध्यावे छे,ते विस्तीर्ण एवी कर्मोनी निर्जराने पामे छे

**अख्खयसुख्खो मुख्खो । जस्स पसाएण लप्भए तस्स ॥ झाणेणं अन्नाओ । सिद्धीओ हुंति किं चुज्जं ॥ ९ ॥**

वली जेना पसायथी अक्षयसुखवाळुं मोक्ष मले छे; तेना ध्यानथी अन्य सिद्धिओ पण थाय तेमां शी नवाइ छे? ॥ ९ ॥

एयं च परमतत्तं । परमरहस्सं च परममंतं च । परमत्थं परमपयं । पन्नत्तं परमपुरिसेहिं ॥ १० ॥
आ श्रीसिद्धचक्रने जिनेश्वरोए परमतत्व, परमरहस्य, परममंत्र, परम अर्थ तथा परमपद रूप कह्युं छे. ॥ १० ॥
तत्तो तिजयपसिद्धं । अट्ठमहासिद्धिदायगं सुद्धं ॥ सिरिसिद्धचक्कमेयं । आराहह परमभत्तीए ॥ ११ ॥
माटे त्रणे जगत्मां प्रसिद्ध, आठ महासिद्धिओने आपनारा तथा शुद्ध एवा आ श्रीसिद्धचक्रजीने परम भक्तिथी तमो आराधो?॥११॥
खंतो दंतो संतो । एयस्साराहगो नरो होइ ॥ जो पुण विवरीयगुणो । एयस्स विराहगो सोउ ॥ १२ ॥
क्षमावान, दांत तथा शांत पुरुष तेनो आराधक थाय छे, अने तेथी विपरीत गुणोवालो तेनो विराधक थाय छे. ॥ १२ ॥
तम्हाएयस्सारा—हगेण एगंतसंतचित्तेणं ॥ निम्मलसीलगुणेणं । मुणिणा गिहिणावि होयव्वं ॥ १३ ॥
माटे आना आराधक एवा मुनिए तथा गृहस्थीए एकांत शांत चित्तवाला तथा निर्मल शीलरूपी गुणवाला थवुं. ॥ १३ ॥
जो होइ दुट्ठचित्तो । एयस्साराहगोवि होऊण ॥ तस्स न सिज्झइ एयं । किंतु अवायं कुणइ नूणं ॥ १४ ॥
आनो आराधक थइने पण जे दुष्ट चित्तवालो थाय छे, तेने ते सिद्ध थतुं नथी, परंतु खरेखर उलटुं नुकशानकारक थाय छे. १४
जो पुण एयस्सारा—हगस्स उवरिंमि सुद्धचित्तस्स ॥ चिंतइ किंपि विरूवं । तं नूणं होइ तस्सेव ॥ १५ ॥
वली शुद्ध चित्तवाला एवा आना आराधकउपर जे कंइ पण खोटुं चिंतवे छे ते तेनेज नुकशानकारक थाय छे. ॥ १५ ॥

एएण कारणेणं । पसन्नचित्तेण सुद्धसीलेण ॥ आराहणिज्जमेयं । सम्मं तवकम्मविहिपुव्वं ॥ १६ ॥

एटलामाटे प्रसन्न चित्तथी तथा शुद्ध शीले करीने तपकार्यनी विधिपूर्वक तेने सम्यक् प्रकारे आराधवुं. ॥ १६ ॥

आसोयसेयअट्ठमि-दिणाओ आरंभिऊणमेयस्स ॥ अट्ठविहपूयपुव्वं । आयामे कुणह अट्ठदिणे ॥ १७ ॥

आसोसुदि आठमथी (हालमां सातमथी) मांडीने अष्ट प्रकारी पूजा सहित आठदिवससुधि आंबिल करवापूर्वक तेने आराधवुं.॥१७॥

नवमंमि दिणे पंचा-मएण ह्रवणं इमस्स हाऊणं ॥ पूयं च वित्थरेणं । अयंबिलमेव कायवं ॥ १८ ॥

नवमे दिवसे पंचामृतथी सिद्धचक्रजीनुं स्नात्र करीने विस्तारथी पूजन करवुं, तथा आंबिल पण करवुं. ॥ १८ ॥

एवं चित्तेवि तहा । पुणो पुणोट्ठाहियाणनवगेणं ॥ एगासीए आयं-बिलाण एयं हवइ पुन्नं ॥ १९ ॥

एवी रीते चैत्र मासमां पण तेवीज रीते करवुं, एवी रीते फरी फरीने नवअट्ठाइओ एटले एक्यासी आंबेलोए ते तप पूरो थाय छे.

एयं च तवोकम्मं । सम्मं जो कुणइ सुद्धभावेणं ॥ सयलसुरासुरनरवर-रिद्धीओ न दुल्लहा तस्स ॥ २० ॥

एवी रीते आ तपकार्यने जे कोइ सम्यक् प्रकारें शुद्ध भावथी करे छे. तेने सर्व देव, दानव तथा राजानी ऋद्धिओ दुर्लभ थती नथी.

एयंमि कीरमाणे । नवपयझाणं मणंमि कायव्वं । पुन्ने य तवोकम्मे । उज्जमणंपि हु विहेयव्वं (मुणेयव्वं-इति पाठांतरं)

एम करतां थकां मनमां नवपदोनुं ध्यान धरवुं, तथा ते तप संपूर्ण थये छते तेनुं उजमणुं पण करवुं, ॥ २१ ॥

एयंमि कए न हु दुट्ठ—कुट्ठखयजरभगंदराइया ॥ पहवंति महारोगा । पुव्वुप्पन्नावि नासंति ॥ २२ ॥

आ तप करवाथी दुष्ट एवा कोढ, क्षय, ताव तथा भगंदर आदिक महारोगो पराभव करता नथी, तथा पूर्वे उत्पन्न थयेला रोगो पण नाश पामे छे. ॥ २२ ॥

दासत्तं पेसत्तं । विगलत्तं दोहगत्तमंधत्तं ॥ देहकुलजुगियत्तं । न होइ एयस्स करणेणं ॥ २३ ॥

वली ते तप करवाथी दासपणुं नोकरपणुं, विकलपणुं, दौर्भाग्य तथा अंधपणुं अने शरीर तथा कुलनुं निंदनीकपणुं थतुं नथी. ॥२३॥

नरीणवि दोहग्गं । विसकन्नत्तं कुरंडरंडत्तं ॥ वंझत्तं मयवच्छ—तणं य न हवेइ कइयावि ॥ २४ ॥

वली तेथी स्त्रीओने पण दौर्भाग्यपणुं विषकन्यापणुं, कुरंडापणु, रंडापणुं, वंध्यापणुं तथा मृतपुत्रपणुं ( छोकरां जीवे नही ते ) कदापि पण होतुं नथी. ॥ २४ ॥

किं बहुणा जीवाणं । एयस्स पसायओ सया कालं ॥ मणवंछियत्थसिद्धी । हवेइ नत्थित्थ संदेहो ॥ २५ ॥

वधारे शुं कहेवुं? आ सिद्धचक्रना पसायथी जीवोने हमेशां मनवांछित अर्थनी सिद्धि थाय छे, तेमां कंई पण संदेह नथी. ॥ २५ ॥

एवं तेसिं सिरिसि—द्धचक्कमाहप्पमुत्तमं कहिउं ॥ सावयसमुदायस्सवि । गुरुणो एवं उवइसंति ॥ २६ ॥

एवी रीते तेओप्रते श्रीसिद्धचक्रजीनुं उत्तम माहात्म्य कहीने, गुरुमहाराज श्रावकोना समुदायने पण आ प्रमाणे उपदेश आपे छे. ॥२६॥

एएहिं उत्तमेहिं । लखिज्जइ लख्खणेहिं एस नरो ॥ जिणसासणस्स नूणं । अचिरेण पभावगो होही ॥ २७ ॥

आ उत्तम लक्षणोथी आ पुरुष खरेखर थोडा कालमांज जिनशासननो प्रभावक थशे, एम जणाय छे; ॥ २७ ॥

तम्हा तुम्हं जुज्जइ । एसिं साहम्मियाण वत्थल्लं ॥ काउं जेण जिणिंदे-हिं वन्नियं उत्तमं एयं ॥ २८ ॥

माटे तमारे तेओनुं स्वामिवात्सल्य करवुं जोइये, केमके जिनेश्वरोए तेम करवुं उत्तम कह्युं छे, ॥ २८ ॥

तो तुट्ठेहिं तेहिं । सुसावएहिं वरंमि ठाणंमि ॥ ते ठाविऊण दिन्नं । धणकणवत्थाइयं सव्वं ॥ २९ ॥

ते सांभली हर्षित थयेला एवा ते सुश्रावकोए एक उत्तम मकानमां तेमने राखीने धनधान्य तथा वस्त्रादिक सघलुं आप्युं ॥ २९ ॥

न य तं करेइ माया । नेव पिया नेव बंधुवग्गोय ॥ जं वच्छलं साहम्मि-याण सुसावओ कुणइ ॥ ३० ॥

उत्तम श्रावक साधर्मिओनुं जे वात्सल्य करे छे, तेवुं वात्सल्य माता पिता के बंधुवर्ग पण करता नथी. ॥ ३० ॥

तत्थ ठिओ सो कुमरो । मयणावयणेण गुरूवएसेणं ॥ सिक्खेइ सिद्धचक्क-पसिद्धपूयाविहिं सम्मं ॥ ३१ ॥

हवे त्यां रहेला ते कुमार मयणाना वचनथी तथा गुरुना उपदेशथी सिद्धचक्रजीनी प्रसिद्ध एवी पूजाविधि सम्यक् प्रकारे शीखे छे ॥ ३१ ॥

अह अन्नदिणे आसोय—सेयअट्ठमितिहीइसुमुहुत्ते ॥ मयणासहिओ कुमरो । आरंभइ सिद्धचक्कतवं ॥ ३२ ॥

हवे एकसमये आसोसुदि आठमनी तिथिए उत्तम मुहूर्त्ते श्रीपालकुमारे मयणासहित सिद्धचक्रतपनो प्रारंभ कर्यो. ॥ ३२ ॥

पढमं तणुमणसुद्धी । काऊण जिणालए जिणच्चं च ॥ सिरिसिद्धचक्कपूयं । अट्ठपयारं कुणइ विहिणा ॥ ३३ ॥

प्रथम शरीर अने मननी शुद्धि करीने तथा जिनमंदिरमां जिनपूजा करीने विधिपूर्वक ते श्रीसिद्धचक्रनी अष्टप्रकारी पूजा करे छे.

एवं कयविहिपूओ । पच्चख्खाणं करेइ आयामं ॥ आणंदपुलइयंगो । जाओ सो पढमदिवसेवि ॥ ३४ ॥
एवीरीते विधिपूर्वक पूजा करीने ते आयंबिलनुं पच्चख्खाण करे छे, अने तेथी ते पेहेलेज दिवसे आनंदथी रोमांचित शरीरवाला थया
बियदिणे सविसेसं । संजाओ तस्स रोगउवसामो ॥ एवं दिवसे दिवसे । रोगख्खए वढ्ढए भावो ॥ ३५ ॥
बीजे दिवसे विशेष प्रकारे तेना रोगनी शांति थइ, अने एवीरीते दिवसे दिवसे रोगनो क्षय थवाथी तेनो भाव वृद्धि पाम्यो. ॥३५॥
अह नवमे दिवसंमि । पूयं काऊण वित्थरविहीए पंचामएण न्हवणं । करेइ सिरिसिद्धचक्कस्स ॥ ३५ ॥
हवे नवमे दिवसे विस्तारपूर्वक विधिथी पूजा करीने, ते श्रीसिद्धचक्रजीनुं पंचामृतथी स्नात्र करे छे. ॥ ३५ ॥
न्हवणुस्सवंमि विहिए । तेणं संतीजलेण सव्वंगं ॥ संसित्तो सो कुमरो । जाओ सहसत्ति दिव्वतणू ॥ ३६ ॥
एवीरीते स्नात्रोत्सव कर्याबाद ते शांतिजल श्रीपालकुमारे पोताना सर्व अंगपर सींच्युं. जेथी ते तुरत दिव्य शरीरवाला थया॥३६॥
सव्वेसिं संजायं । अच्छरियं तस्स दंसणे जाव ॥ ताव गुरू भणइ अहो । एयस्स किमेयमच्छरियं ॥ ३७ ॥
तेने जोइने सर्व लोकोने ज्यारे आश्चर्य थयुं, त्यारे गुरुए कह्युं के अहो! आमां ते शुं आश्चर्य छे! ॥ ३७ ॥
इमिणा जलेण सव्वे । दोसा गहभूयसाइणीपमुहा ॥ नासंति तख्खणेणं । भवियाणं सुद्धभावाणं ॥ ३८ ॥
आ स्नात्रजलथी तो शुद्ध भाववाला भव्योना ग्रह, भूत तथा शाकिनी आदिकना सर्व दोषो, तुरत नाश पामे छे. ॥ ३८ ॥
खयकुट्ठजरभगंदर–भूयावायाविसूइयाइया ॥ जे केवि दुट्ठरोगा । ते सव्वे जंति उवसामं ॥ ३९ ॥

तथा क्षय, कोढ, ज्वर तथा भगंदरथी उत्पन्न थयेला दोषो, तेमज वायु अने विसूचिकाआदिक जे कोइ दुष्ट रोगो छे ते सघला शांत थाय छे; ॥ ३९ ॥

जलजलणसप्पसावय–भयाइविसवेयणाउईईओ ॥ दुपयचउप्पयमारीओ ॥ नेव पहवंति लोयंमि ॥ ४० ॥

तेमज जल, अग्नि, सर्प तथा जंगली पशुओना भयआदिक, विषनी वेदना तथा अनावृष्टिआदिकईतिओ, मनुष्य तथा पशुसंबंधि भय अने मरकी दुनियामां पराभव करी शकतां नथी. ॥ ४० ॥

वंझाणं हुंति सुया । निंदूणवि नंदणाय नंदंति ॥ फिट्टंति दुट्ठ दोसा । दोहग्गं नासइ असेसं ॥ ४१ ॥

वंध्या स्त्रीओने पुत्रो थाय छे, मृतवत्सा स्त्रीओने पण पुत्रोनी वृद्धि थाय छे, दुष्ट दोषो नष्ट थाय छे, तथा समस्तप्रकारनुं दुर्भाग्य नाश पामे छे. ॥ ४१ ॥

इच्चाइ पहावं निसुणि–ऊण दठुण तंच पच्चक्खं ॥ लोया महप्पमोया । संतिजलं लिंति सविसेसं ॥ ४२ ॥

इत्यादिक तेना प्रभाव सांभळीने तथा प्रत्यक्ष जोइने लोको घणा आनंदित थइने विशेष प्रकारे ते शांतिजलने ग्रहण करे छे.॥४२॥

तं कुट्ठिपेडयंपि हु । तज्जलसंसित्तगत्तमचिरेण ॥ उवसंतप्पायरुयं । जायं धम्मंमि सुरुई च ॥ ४३ ॥

पछी ते कुष्टिओना टोळांने पण ते स्नात्रजलथी सिंचवामां आव्युं के तुरत ते पण सर्व रोगरहित थयुं अने जैनधर्ममां रुचिवंत थयुं

मयणा पइणो निरुवम–रूवं च निरुविउण साणंदा ॥ पभणेइ पई सामिय । एसो सव्वो गुरुपसाओ ॥ ४४ ॥

हवे मयणा पोताना स्वामिनुं निरुपम रूप जोइने आनंदित थइ थकी पतिने कहे छे के, हे स्वामी! आ सघलो गुरुनो पसाय छे ४४.

**मापपियसुयसहोयर–पमुहावि कुणंति तं न उवयारं ॥ जं निक्कारणकरुणा–परो गुरू कुणइ जीवाणं ॥ ४५ ॥**

कारणविना दयाळु एवा गुरु प्राणीओप्रते जे उपकार करे ते उपकार माता, पिता, पुत्र के भाइ आदिको पण करता नथी. ॥ ४५ ॥

**तं जिणधम्मगुरूणं । माहप्पं मुणिय निरुवमं कुमरो ॥ देवे गुरुंमि धम्मे । जाओ एगंतभत्तिपरो ॥ ४६ ॥**

एवीरीते जिनधर्म तथा गुरु महाराजनुं निरुपम महात्म्य जाणीने श्रीपालकुमार देवगुरु अने धर्ममां एकांत भक्तिवंत थया. ॥४६॥

**धम्मपसाएणं चिय। जह जह माणंति तच्छ सुक्खाइं ॥ ते दंपईउ तह तह। धम्मंमि समुज्जमा निच्चं ॥ ४७ ॥**

हवे ते स्त्रीभरतार जेम जेम धर्मना पसायथी सुखो भोगवे छे, तेम तेम तेओ हमेशां धर्ममां सम्यक् प्रकारे उद्यमवंत थाय छे ॥४७॥

**अह अन्नयाउ ते जिण–हराओ जा निहरंति ता पुरओ ॥ पिक्खंति अद्धवुड्ढं । एगं नारिं समुहमिंतिं ॥४८॥**

हवे एक दिवस श्रीपाल तथा मयणासुंदरी बन्ने जेवामां जिनमंदिरथी बहार निकले छे तेवामां अगाडी सन्मुख आवती एवी एक अर्धघरडी स्त्रीने जुए छे. ॥ ४८ ॥

**तं पणमिऊण कुमारो। पभणइ रोमंचकंचुइज्जंतो ॥ अहो अणप्भा वुट्टी । संजाया जणणिदंसणओ ॥४९॥**

तेणीने नमीने श्रीपालकुमार रोमांचथी प्रफुल्लित थयाथका कहे छे के, अहो! आज तो माताना दर्शनथी वादलांविना वृष्टि जेवुं थयुं.

**मयणावि हु पियजणणिं। नाउं जा नमइ ता भणइ कुमरो॥ अम्मो एस पहावो। सव्वो इए तुम्ह सुन्हाए॥५०॥**

त्यारे मयणासुंदरी पण तेणीने पोताना स्वामिनी माता जाणीनें जेवी नमे छे, तेवाज श्रीपालकुमार माताने कहे छे के हे माताजी! आ सघलो प्रभाव आ तमारी वहुनो छे. ॥ ५० ॥

**साणंदा सा आसी–सदाणपुव्वं सुयं च वहुअं च ॥ अभिनंदिऊण पभणइ । तइयाहं वच्छ तं मुत्तुं ॥ ५१ ॥**

ते सांभली आनंदित थयेली एवी तेणीए पुत्र तथा वहुने आशीष आपीने तथा तेणीनी प्रशंसा करीने कह्युं के हे पुत्र! ते समये हुं तने छोडीने

**कोसंबीए विज्जं । सोऊणं जाव तत्थ वच्चामि ॥ ता तत्थ जिणययणे । दिट्ठो एगो मुणिवरिंदो ॥ ५२ ॥**

कोशांबीमां वैद्य होवाना समाचार सांभलीने जेवी हुं त्यां जाउं छुं, तेवामां त्यां जिनमंदिरमां में एक मुनिराजने जोया. ॥ ५२ ॥

**खंतो दंतो संतो । उवउत्तो गुत्तिसंजुत्तो ॥ करुणारसप्पहाणो । अवितह नाणो गुणनिहाणो ॥ ५३ ॥**

ते मुनि क्षमावान्, दांत, शांत उपयोगवान्, गुप्तिवाला, करुणारसथी श्रेष्ठ, सत्यज्ञानी तथा गुणोना भंडाररूप हता. ॥ ५३ ॥

**धम्मं वागरमाणो । पच्छावे नमिय सो मए पुट्ठो ॥ भयवं किं मह पुत्तो । कयावि होही निरुयगत्तो ॥ ५४ ॥**

धर्मकथा कहेता एवा ते गुरुप्रते अवसर आव्ये छते में पूछ्युं के हे भगवन्! मारो पुत्र क्यारे पण रोगरहित थशे के केम? ॥५४॥

**तेण मुणिंदेणुत्तं । भद्दे सो तुज्झ नंदणो तत्थ ॥ तेणं चिय कुट्ठिय–पेडएण दट्ठूण संगहिओ ॥ ५५ ॥**

त्यारे ते मुनींद्रे कह्युं के हे भद्रे! ते तारा पुत्रने जोइने त्यां ते कुष्टिओना समूहे ग्रहण कर्यो छे. ॥ ५५ ॥

**विहिओ उंबरराणो–त्ति नियपहु लद्धलोयसम्माणो ॥ संपइ मालवनरवइ–धूयापाणप्पिओ जाओ ॥ ५६ ॥**

त्यां तेओए सेने उंबरराणो करीने पोताना नायक तरिके स्थाप्यो छे, तथा लोको तरफथी सन्मान पामीने हमणा ते मालवाना राजानी पुत्रीनो स्वामी थयो छे. ॥ ५६ ॥

**रायसुयावयणेणं । गुरूवइट्ठं स सिद्धवरचक्कं ॥ आरहिऊण सम्मं । संजाओ कणयसमकाओ ॥ ५७ ॥**

त्यां ते राजपुत्रीना वचनथी अने गुरुना उपदेशथी श्रीसिद्धचक्रजीनुं सम्यक् प्रकारे आराधन करीने सुवर्ण सरखां शरीरवालो थयोछे

**सो अ साहम्मिएहिं । पूरियविहवो सुधम्मकम्मपरो ॥ अच्छइ उज्जयणीए । घरणीइसमंनिओ ॥ ५८ ॥**

वली तेने साधर्मिओए सर्व वैभव पूरो पाड्यो छे, तथा त्यां धर्मकार्यमां तत्पर थयोथको ते स्त्रीसहित उज्जयनीमां सुखे वर्त्ते छे. ५८

**तं सोऊण हरिसिय–चित्ताहं वच्छ इच्छ संपत्ता ॥ दिट्ठोसि वहूसहिओ । जोह्वाइ ससिव कयहरिसो ॥ ५९ ॥**

ते सांभलीने हे वत्स हर्षित मनवाळी एवी हुं अहीं आवी छुं, एवामां हर्ष करनारा एवा चांदनीसहित रहेला चंद्रनी पेठे वहुसहित रहेलो तने जोयो. ॥ ५९ ॥

**ता वच्छ तुमं वहुआ। सहिओ जय जीव नंद चिरकालं ॥ एसुच्चिय जिणधम्मो । जावज्जीवं च मह सरणं ॥६०॥**

माटे हे वत्स! तुं स्त्रीसहित घणा काळसुधी जयवंतो था? जीव? तथा समृद्धि पाम? तेमज आ जिनधर्म हवे मने छेक जीवितपर्यंत शरणरूप थाओ. ॥ ६० ॥

**जिणरायपायपउमं । नमिऊणं वंदिऊण सुगुरुं च ॥ तिन्निवि करंति धम्मं । सम्मं जिणधम्मविहिनिउणा ॥६१॥**

पछी त्यां श्रीजिनेश्वरप्रभुना चरणकमलोने नमीने, तथा गुरुने वंदन करीने जैनधर्मनी विधिमां निपुण एवा ते त्रणे सम्यक्प्रकारे धर्मकार्य करे छे. ॥ ६१ ॥

**ते अन्नदिणे जिणवर–पूअं काऊण अंगअग्गमयं ॥ भावच्चयं करंता । देवं वंदंति उवउत्ता ॥ ६२ ॥**

हवे एक दिवसे तेओ श्रीजिनेश्वरप्रभुनी अंगपूजा तथा अग्रपूजा करीने भावस्तवकरताथका उपयोगयुक्त थइने देववंदन करे छे. ६२

**इओय–धूयादुहेण सा रू–प्पसुंदरी रूसिऊण सह रन्ना ॥ नियभायपुण्णपालस्स । मंदीरे अच्छइ ससोया॥६३॥**

एवामां—पुत्रीना दुःखथी दुभाएली एवी ते रूपसुंदरी राणी राजाथी रीसाइने पोताना भाइ पुन्यपालने घेर शोकसहित रही छे ६३

**वीसारिऊण सोयं । सणियं सणियं जिणुत्तवयणेहिं ॥ जग्गियचित्तविवेया। समागया तंमि चेइहरे ॥ ६४ ॥**

पछी धीमेधीमे जिनवचनोथी शोक विसारीने मनमां विवेक जागृत थवाथी ते जिनमंदिरमां आवी. ॥ ६४ ॥

**जा पिक्खइ सा पुरओ । तं कुमरं देववंदणापउणं ॥ निउणं निरुवमरूवं । पच्चक्खं सुरकुमारं च ॥ ६५॥**

तेवामां तेणीए अगाडी देववंदनमां तत्पर थयेला, निपुण तथा निरुपम रूपवाला अने प्रत्यक्ष देवकुमार सरखा ते श्रीपालकुमारने जोया.

**तप्पुट्ठीइ ठियाओ । जणणीजायाउ ताव तस्सेव ॥ दट्ठूण रूपसुंदरि–राणी चिंतेइ चित्तंमि ॥ ६६ ॥**

तेमनी पाछल तेमनी माता तथा स्त्रीने बेठेली जोइने रुपसुंदरी राणी मनमां विचारे छे के, ॥ ६६ ॥

**ही एसाका लहुआ। बहुआ दीसइ मज्झ पुत्तिसमा॥ जाव निउणं निरक्खइ। उवलक्खइ ताव तं मयणं ॥६७॥**

अरे! आ नानी तो मारी पुत्री सरखी तेनी वहु देखाय छे, पछी सारी रीते तेणीने ज्यारे ते जुए छे त्यारे तेणीने ते मयणासुंदरी तरीकेज ओलखी कहाडे छे. ॥ ६७ ॥

**नूणं मयणा एसा । लग्गा एयस्स कस्सवि नरस्स ॥ पुट्ठीइ कुट्ठीयं तं । मुत्तूणं चत्तसइमग्गा ॥ ६८ ॥**

(पछी विचारे छे के)खरेखर आ मयणासुंदरी सतीना मार्गने छोडीने ते कुष्टि वरने तजीने कोइक आ अन्य पुरुषनी पाछल लागी छे.

**मयणा जिणमयनिउणा । संभाविज्ज न एरिसं तीए ॥ भवनाडयंमि अहवा । ही ही किं किं न संभवइ ॥ ६९ ॥**

वली जिनमतमां निपुण एवी ते मयणासुंदरी आवुं (अकार्य करे)ए संभवतुं नथी; अथवा अरेरे! आभवनाटकमां शुं शुं संभवतुं नथी?

**विहियं कुले कलंकं । आणीयं दूसणं च जिणधम्मे ॥ जीए तीए सुयाए न मया एतारिसं दुक्खं ॥ ७० ॥**

आ पुत्रीए तो जीवीने कुलमां कलंक लगाडयुं तथा जैनधर्ममां पण दूषण लगाडयुं, आ करतां जो ते मृत्यु पामी होत तो पण मने आवुं दुःख थात नही. ॥ ७० ॥

**जारिसमेरिस असमं–जसेण चरिएण जीवियंतीए ॥ जायं मज्झ इमीए । धूयाए कलंकभूयाए ॥ ७१ ॥**

वली आ कलंकभूत पुत्रीना जीवतांथकां आवां अयोग्य आचरणथी मने जेवुं दुःख थयुं छे, तेवुं तेणीना मृत्युथी पण थात नही. ७१

**एवं चिंतंती रू–पसुंदरी दुक्खपूरपडिपुण्णा ॥ करुणासरं रोयंती । भणेइ एयारिसं वयणं ॥ ७२ ॥**

एम विचारती एवी ते रुपसुंदरी दुःखना समूहथी संपूर्ण थइथकी करुणास्वरथी रोतीथकी आवां वचन बोलवा लागी. ॥ ७२ ॥

धिद्धी अहो अकज्जं । निवडउ वज्जं च मज्झ कुच्छीए ॥ जत्थुप्पन्नावि विय–रुखणावि ही एरिसं कुणइ ॥ ७३ ॥

अरे! धिक्कार छे आ अकार्यने! केमके मारी कुक्षिथी उत्पन्न थयेली एवी आ पुत्री विचक्षण छतां पण ज्यारे आवुं अकार्य करे छे, त्यारे मारी ते कुक्षिपर पण वज्र पडो? ॥ ७३ ॥

तं सोऊणं मयणा । जा पिख्खइ रुप्पसुंदरिं जणणिं ॥ रुयमाणिं ता नाओ । तीए जणणीअभिप्पाओ ॥ ७४ ॥

ते सांभळीने जेवी ते मयणा पोतानी माताने रडती जुए छे, तेवोज तेणीए तेणीनो अभिप्राय जाण्यो. ॥ ७४ ॥

चियवंदणं समग्गं । काऊणं मयणसुंदरी जणणिं ॥ करवंदणेण वंदिय । बियसियवयणा भणइ एवं ॥ ७५ ॥

पछी संपूर्ण चैत्यवंदन करीने, मयणासुंदरी पोतानी माताने करवंदन करीने प्रफुल्लित मुखवाळी थइथकी आवीरीते कहे छे. ॥७५॥

अम्मो हरिसट्ठाणे । कीस विसाओ विहिज्जए एवं ॥ जं एसो नीरोगो । जाओ जामाउओ तुम्हं ॥ ७६ ॥

हे माताजी! अहीं हर्षनी जगोए तमो आवो खेद केम करो छो? कारण के आ तमारा जमाइ हवे निरोगी थया छे. ॥ ७६ ॥

अन्नं च जं वियप्पह । तं जइ पुव्वाइ पच्छिमदिसाए ॥ उग्गमइ कहवि भाणू । तहवि न एयं नियसुयाए॥ ७७ ॥

कंइ तेथी उलटो जो तमारा मनमां विकल्प थयो होय, तो ते कदाच पूर्वथी पश्चिम दिशामां सूर्य ऊगे तो पण तेवी बाबत आ तमारी पुत्रीनी जाणवी नही. ॥ ७७ ॥

कुमरजणणीवि जंपइ । सुंदरि मा कुणसु एरिसं चित्तं ॥ तुज्झ सुआइपभावा । मज्झ सुओ सुंदरो जाओ ॥७८॥

कुमारनी माता पण बोलीके हे सुंदरि! तमो तमारुं एवुं चित्त करो नही; तमारी पुत्रीना प्रभावथी मारो आ पुत्र पण निरोगी थयो.

**धन्नासि तुमं जीए। कुत्थीए इत्थिरयणमुप्पन्नं ॥ एरिसमसरिससील–प्पभाव चिंतामणिसरित्थं ॥ ७९ ॥**

वली तमोने धन्य छे के जेणीनी कुक्षिए आवुं अनुपम शीलप्रभाववाळुं तथा चिंतामणि सरखुं स्त्रीरत्न उत्पन्न थयुं छे. ॥ ७९ ॥

**हरिसवसेणं सा रू–प्पसुंदरी पुच्छिए किमेयंति ॥ मयणावि सुविहिनिउणा। पभणइ एयारिसं वयणं ॥ ८० ॥**

ते सांभली हर्षने लीधे ते रूपसुंदरीए पूछ्युं के, आ सर्व बनाव शीरीते थयो? त्यारे उत्तम धर्मविधिमां निपुण एवी मयणा पण आ प्रमाणे वचन बोले छे. ॥ ८० ॥

**चेइयहरंमि वत्ता–लावंमि कए निसीहियाभंगो ॥ होइ तओ मह गेहे। वच्चह साहेमिमं सव्वं ॥ ८१ ॥**

जिनमंदिरमां वर्त्तालाप करवाथी निस्सहीनो भंग थाय, माटे तमो मारे घेर आवो? त्यां हुं तमोने सर्व वृत्तांत कहीश. ॥ ८१ ॥

**तत्तो गंतूण गिहं। मयणाए साहिओ समग्गोवि ॥ सिरिसिद्धचक्कमाह–प्पसंजुओ निययवुत्तंतो ॥ ८२ ॥**

पछी घेर आवीने मयणाए श्रीसिद्धचक्रजीना माहात्म्यसहित पोतानो समस्त वृत्तांत कही संभळाव्यो. ॥ ८२ ॥

**तं सोऊणं तुट्ठा। रूप्पा पुच्छेइ कुमरजणणिंपि ॥ वंसुप्पत्तिं तुह नं–दणस्स सहि सोउमिच्छामि ॥ ८३ ॥**

ते सांभली खुशी थयेली रूपसुंदरी कुमारनी माताने पूछेछे के,हे सखि! तमो तमारा पुत्रना वंशनी उत्पत्ति कहो? हुं ते सांभलवाने इच्छुंछुं

**पभणेइ कुमरमाया। अंगादेसंमि अच्छि सुपसिद्धा ॥ वेरीहिं अकयकंपा। चंपानामेण वरनयरी ॥ ८४ ॥**

ते सांभळी कुमारनी माताए कह्युं के, अंगनामना देशमां प्रसिद्ध तथा वैरिओ जेने कंपावी शक्या नथी एवी चंपानामनी एक उत्तम नगरी छे,

**तत्थ ये अरिकरिसीहो। [1]सोहो नामेण नरवरो अच्छि ॥ तस्स पिया कमलपहा। कुकुंणनरनाहलहुभइणी॥८५॥**

त्यां शत्रुरूपी हाथीओप्रते सिंहसमान सिंह ( सिंहरथ ) नामे उत्तम राजा छे, तेने कमलप्रभा नामे राणी छे, के जे कुंकणना राजानी नानी बेहेन थाय छे. ॥ ८५ ॥

**तोए अपुत्तियाए । चिरेण वरसुविणसूईओ पुत्तो ॥ जाओ जणियाणंदो । वद्धावणियं च कारवियं ॥ ८६ ॥**

ते पुत्ररहित राणीए चिरकाळे उत्तम स्वप्नथी सूचित थयेला एक पुत्रने जन्म आप्यो, के जे आनंद आपनार होवाथी तेना वधामणां कराव्यां.

**पभणेइ तओ राया । अम्हमहाणाए रायलत्थीए ॥ पालणखमो इमो ता। हवेउ नामेण सिरिपालो ॥ ८७ ॥**

पछी राजाए कह्युं के अमारी अनाथ राज्य लक्ष्मीने पाळवाने आ समर्थ छे, माटे तेनुं श्रीपाल नाम पाडवुं. ॥ ८७ ॥

**सो सिरिपालो वालो । जाओ जा वरिसजुयलपरियाओ॥ ता नरनाहो सूलेण। झत्ति पंचत्तमणुपत्तो ॥ ८८ ॥**

हवे ते बालक श्रीपाल ज्यारे बे वर्षोनो थयो त्यारे राजा तुरत सूलरोगथी मृत्यु पाम्यो. ॥ ८८ ॥

**कमलप्पभा रुयंती । मइसायरमंतिणा निवारित्ता ॥ धावीउत्थंगट्ठिओ । सिरिपालो थप्पिओ रज्जे॥ ८९ ॥**

त्यारे रुदन करती एवी ते कमलप्रभाने मतिसागरमंत्रिए निवारीने धावमाताना खोलामां बेठेला ते श्रीपालने राजगादीए बेसाडयो.

---

१ ‘ सीहरहो नाम’ इति पाठांतरं ॥

जं बालस्सवि सिरिपा–लनामरन्नो पवित्तिया आणा ॥ सव्वत्थवि ता पच्छा । निवमयकिच्चंपि कारवियं ॥ ९० ॥
पछी बालक एवा पण ते श्रीपालराजानी आज्ञा सर्व जगोए प्रवर्त्तावी, तथा त्यारबाद राजानुं मृतकार्य करान्युं. ॥ ९० ॥
बालोत्ति महीपालो । रज्जं पालेइ मंतिसुत्तेणं ॥ मंतीहिं सव्वच्छवि । रज्जं रक्खिज्जए लोए ॥ ९१ ॥
हवे ते बालक एवो पण श्रीपालराजा मंत्रिनी व्यवस्थाथी राज्य पाले छे, केमके सर्व जगोए मंत्रिओज राज्यनुं रक्षण करे छे.॥९१॥
कइवयदिणपज्जंते । बालयपित्तिज्जओ अजियसेणो ॥ परिगहभेयं काउं । मंतइ निवमंतिवहणच्छं ॥ ९२ ॥
हवे केटलाक दिवसो गयाबाद ते श्रीपालनो पितराइ अजितसेन सर्व परिवारनो भेद करीने राजा तथा मंत्रिने हणवामाटे विचार करेछे.
तं जाणिऊण मंती । कहियं कमलप्पभाइ सव्वंपि ॥ विन्नवइ देवि जह तह । रक्खिवज्ज सुनंदणं निययं ॥ ९३ ॥
तेनी मंत्रिने खबर पडवाथी तेणे ते सर्व वृत्तांत कमलप्रभाने कह्यो,अने विनव्युं के हे देवि! गमे तेम करीने पण तमारा पुत्रनुं रक्षण करो?
जीवंतेण सुएणं । होही रज्जं पुणोवि निज्झंतं ॥ ता गच्छ इमं घित्तुं । कत्थवि अहयंपि नासिस्सं ॥ ९४ ॥
जो पुत्र जीवतो हशे तो फरीने पण खरेखर राज्य मलशे, माटे तेने लेइने तमो क्यांक चाल्या जाओ? हुं पण अहींथी नाशी जइश.
तत्तो कमला घित्तूण । नंदणं निग्गया निसिमुहंमि ॥ मा होउ मंतभेउ–त्ति सव्वहा चत्तपरिवारा ॥ ९५ ॥
पछी कमला ते पुत्रने लेइने संध्यासमये त्यांथी नीकली कोइने मालुम न पडे, ते माटे सर्वथा परिवाररहित एकलीज ते चाली. ९५
निवभज्जा सुकुमाला । वहियव्वो नंदणो निसा कसिणा ॥ चंकमणं चरणेहिं । ही ही विहिविलसियं विसमं ॥९६॥

एक तो राजानी स्त्री, वली सुकुमाल, पुत्रने उपाडवो, अंधारी रात तथा पगे चालवुं, माटे अरेरे! कर्मनी गति विषम छे. ॥ ९६ ॥

पियमरणं रज्जसिरी–नासो एगागिणत्तमरितासो ॥ रयणीवि विहायंती । हा संपइ कच्छ वच्चिस्सं ॥ ९७ ॥

भर्त्तारनुं मृत्यु, राज्यलक्ष्मीनो नाश, एकाकीपणुं, शत्रुओनो डर, तेम रात्रि पण संपूर्ण थवा आवी, माटे अरे! हवे हुं क्यां जइश? ९७

इच्चाइं चिंतयंती । जा वच्चइ अग्गओ पभायंमि ॥ ता फिट्टाए मिलियं । कुट्ठियनरपेडगं एगं ॥ ९८ ॥

इत्यादिक विचारती जेवामां प्रभाते ते आगल जाय छे, तेवामां तेणीने त्रास उपजावनारुं एक कुष्टिओनुं टोळुं मल्युं. ॥ ९८ ॥

तं दिठ्ठूणं कमला । निरुवमरूवा महग्घआभरणा ॥ अबला बालकसहिया । भयकंपिरतणुलया रुयइ ॥ ९९ ॥

तेने जोइने अनुपम रूपवाली तथा अमूल्य आभूषणोवाली अने भयथी कंपित थयेल छे शरीररूपी लता जेणीनी एवी ते अबला बालकसहित रडवा लागी. ॥ ९९ ॥

तं रुयमाणिं दठ्ठुं । पेडयपुरिसा भणंति करुणाए ॥ भद्दे कहेसु अम्हं । कासि तुमं कीस बीहेसि ॥ ३०० ॥

एवी रीते तेणीने रडती जोइने ते टोळांना पुरुषो दया लावीने तेणीने कहे छे के हे भद्रे! तुं अमोने कहेके तुं कोण छो? तथा शामाटे डरेछे?

तीए नियबंधूणव । कहिओ सव्वोवि निययवुत्तंतो ॥ तेहिं च सा भयणिव्व । सम्ममासासिया एवं ॥ १ ॥

त्यारे तेणीए पण तेओने पोताना बंधुतरिके लेखीने पोतानुं सर्व वृत्तांत कह्युं, त्यारे तेओए पण तेणीने पोतानी बेहेननीपेठे आ प्रमाणे धीरज आपी. ॥ १ ॥

मा कस्सवि कुणसु भयं । अम्हे सव्वे सहोयरा तुज्झ ॥ एयाए विसरीए । आरूढा चल सुवीसत्था ॥ २ ॥
हे बेहेन! तुं कोइनो पण हवे डर राख नही, अमो सर्वे तारा भाइओज छीए, माटे हवे आ वेसरपर चडीने शांत थइ चाल? ॥२॥
तत्तो जा सा वरवे–सरीइ जडीया पडेग विहिअंगी ॥ पेडयमज्झंमि ठिया । नियपुत्तजुया सुहं वयइ ॥ ३ ॥
पछी ते शरीरने वस्त्रथी ढांकीने एक उत्तम वेसरपर चडी, तथा ते टोलांमां रहीथकी पोताना पुत्रसहित सुखें चालवा लागी. ॥३॥
ता पत्ता वेरिभडा । उज्झडसत्थेहिं भीसणायारा ॥ पुच्छंति पेडयं भो । दिट्ठा किं राणिया एगा ॥ ४ ॥
एवामां शत्रुना सुभटो त्यां आवी पहोंच्या, तेओ शस्त्रो उगामीने भयंकर आकारवाला थयाथका ते टोलांने पूछे छे के, अरे! तमोए अहीं कोइ एकाकी राणीने जोइ छे? ॥ ४ ॥
पेडयपुरिसेहिं तओ । भणियं भो अत्थि अम्ह सत्थंमि ॥ रउताणियावि नूणं । जइकज्जं ता पगिल्हेह ॥५॥
त्यारे ते टोलांना पुरुषोए कह्युं के, अरे अहीं अमारीपासे तो खरेखर रक्तपित्त एटले कोढनो रोग छे, जो तेनी तमोने जरुर होय तो ( खुशीथी ) ते ग्रहण करो? ॥ ५ ॥
एगेण भडेण तओ । नायं भणियं च दिंतिमे पार्म ॥ सव्वं दिज्जइ संतं । तो कुट्ठभएण ते नट्ठा ॥ ६ ॥
ते सांभली एक सुभटे कह्युं के, आ लोको आपणने जे कोढ आपे छे ते युक्तज छे, केमके सर्व लोको पोतापासे जे होय ते आपे; पछी तेओ कोढना डरथी त्यांथी नाशी गया. ॥ ६ ॥

तेहिं गएहिं कमला । कमेण पत्ता सुहेण उज्जेणिं ॥ तत्थट्ठिया सपुत्ता । पेडयमनत्थ संपत्तं ॥ ७ ॥
तेओना गयाबाद कमला सुखेथी अनुक्रमे उज्जयनी पहोंची, तथा त्यां पुत्रसहित ते रही, अने ते टोळुं बीजे गाम गयुं. ॥ ७ ॥

भूसणधणेण तणओ । जा विहिओ तीइ जुव्वणाभिमुहो ॥ ता कम्मदोसवसओ । उंबररोगेण सो गहिओ ॥ ८ ॥
आभूषणो वेंचीने जेवामां तेणीए ते पुत्रने उछेरीने युवावस्थाए पहोंचाड्यो, तेवामां कर्मना दोषने लीधे ते कुष्टरोगथी पीडित थयो.

बहुएहिंपि कएहिं । उवयारेहिं गुणो न से जाओ ॥ कमलप्पहा अदन्ना । जणं जणं पुच्छए ताव ॥ ९ ॥
घणा उपायो कर्याछतां पण तेने गुण थयो नही; त्यारे कमलप्रभा गभराइने दरेक मनुष्यने ते माटेनो इलाज पूछवा लागी. ॥ ९ ॥

केणवि कहियं तीसे । कोसंबीए समत्थि वरविज्जो ॥ जो अट्ठारसजाई–कुट्ठस्स हरइ निज्झंतं ॥ १० ॥
त्यारे कोइए तेणीने कह्युं के, कोसांबी नगरीमां एक उत्तम वैद्य छे, के जे अढारे जातिना कोढोने खरेखर मटाडे छे. ॥ १० ॥

कमला पुत्तं पाडो–सियाण सम्मं भलाविऊण सयं ॥ विज्जस्स आणणत्थं । पत्ता कोसंबिनयरीए ॥ ११ ॥
पछी कमला पोताना पुत्रने पाडोसीओप्रते सम्यक्प्रकारे सोंपीने पोते वैद्यने लाववामाटे कोसांबीनगरीए गइ. ॥ ११ ॥

तं विज्ज तित्थगयं । पडिक्खमाणी चिरं ठिया तत्थ ॥ मुणिवयणाओ मुणिऊण । पुत्तसुद्धिं इहं पत्ता ॥ १२ ॥
परंतु त्यांथी ते वैद्यने तीर्थयात्राए गएलो जणीने तेनी राह जोइने ते घणो वखत त्यां रही, त्यां मुनिना वचनथी पुत्रनी अहींसंबंधि सघळी खबर मळवाथी हुं अहीं आवी. ॥ १२ ॥

साहं कमला सो एस । मज्झ पुत्तुत्तमो सिरिपालो ॥ जाओ तुज्झ सुयाए नाहो सव्वच्छ विख्खाओ ॥ १३ ॥
ते आ हुं कमला छुं, अने आ मारो उत्तम पुत्र श्रीपाल छे, के जे तमारी पुत्रीनो स्वामी थइने सर्व जगोए प्रख्यात थयो छे.॥१३॥

सीहरहरायजायं । नाउं जामाउयं तओ रूप्पा ॥ साणंदं अभिणंदइ । संसइ पुन्नं च धूयाए ॥ १४ ॥
पछी रूपसुंदरी पोताना जमाइने सिंहरथराजानो पुत्र जाणीने आनंदसहित तेनी प्रशंसा करे छे, तथा पुत्रीना पुण्यने पण वखाणेछे.

गंतूण गिहं रूप्पा । कहेइ तं भायपुन्नपालस्स ॥ सोवि सहरिसो कुमरं । सकुंटुंबं नेइ नियगेहं ॥ १५ ॥
हवे रूपसुंदरीए घेर जइने ते वृत्तांत पोताना भाइ पुण्यपाळने कह्यो, त्यारे ते पण हर्ष सहित कुमारने कुटुंब सहित पोताने घेर लाव्यो

अप्पेइ वरावासं । पूरइ धणधन्नकंचणाइयं ॥ तत्थत्थइ सिरिपालो । दोगंदुगदेवलीलाए ॥ १६ ॥
त्यारे तेणे तेमने उत्तम मकान आप्युं तथा धन, धान्य, सुवर्णआदिक पूरां पाड्यां, एवी रीते श्रीपालकुमार त्यां दोगुंदगदेव जेवी लीलाथी रहेवा लाग्या. ॥ १६ ॥

अन्नदिणे तस्सावा-सपाससेरीइ निग्गओ राया ॥ पिख्खइ गवख्खसंठियं । कुमरं मयणाइ संजुत्तं ॥ १७ ॥
हवे एक दिवस तेमना मेहेलनी शेरीएथी राजा निकल्यो, त्यारे तेणे मयणासहित गोखमां बेठेला कुमारने जोया. ॥ १७ ॥

तो सहसा नरनाहो । मयणं दठ्ठूण चिंतए एवं ॥ मयणाइ मयणवसगा-इ मज्झ कुलं मइलियं नूणं॥ १८ ॥
त्यारे राजा एकदम मयणाने जोइने मनमां विचारे छे के, खरेखर कामदेवने वश थयेली मयणाए मारां कुलने मलीन कर्युं.॥१८॥

इक्कं मए अजुत्तं । कोवंधेणं तया कयं बीयं ॥ कामंधाए इमीए । विहियं ही ही अजुत्तयरं ॥ १९ ॥

अरेरे! एक तो क्रोधांध एवा में अयुक्त कर्युं अने आ कामांध पुत्रीए तेथी पण वधारे अयुक्त आ बीजुं कार्य कर्युं. ॥ १९ ॥

एवं जायविसायस्स । तस्स रण्णो सुपुण्णपालेण ॥ विन्नत्तं तं सव्वं । धूयाचरियं सअच्छरियं ॥ २० ॥

एवी रीते खेद पामता एवा ते राजाने पुण्यपाले आवीने पुत्रीनुं आश्चर्यवाळुं सर्व वृत्तांत कह्युं. ॥ २० ॥

तं सोऊणं राया । विम्हयहियओ गओ तमावासं ॥ पणओ य कुमारेणं । मयणासहिएण विणएणं ॥ २१ ॥

ते सांभलीने मनमां आश्चर्य पामेलो राजा कुमारना आवासमां अव्यो, त्यारे मयणासहित कुमारे तेने प्रणाम कर्यो. ॥ २१ ॥

लज्जाणओ नरिंदो। पभणइ धिद्धी ममं गयविवेयं ॥ जं दप्पसप्पविसमु-च्छिएण कयमेरिसमकज्जं ॥ २२ ॥

त्यारे राजा शरमाइने कहेवा लाग्यो के, अरे! निर्विवेकी एवा मने धिक्कार छे. के जेणे अहंकाररूपी सर्पना विषथी मूर्छित थइने आवुं अकार्य कर्युं. ॥ २२ ॥

वच्छे धन्नासि तुमं । कयपुन्ना तंसि तंसि सविवेया ॥ तं चेव मुणियत्तता । जीए एआरिसं सत्तं ॥ २३ ॥

हे वत्स! तुंज धन्य, पुण्यशाली तथा विवेकी छो, तथा तारामांज विचारशीलपणुं छे, के जेणीनुं आवी रीतनुं सत्व छे. ॥ २३ ॥

उद्धरियं मज्झ कुलं। उद्धरिया जीइ नियय जणणोवि ॥ उद्धरिओ जिणधम्मो। सा धन्ना तंसि परमिक्का ॥ २४ ॥

वली जेणीए मारुं कुल उधर्युं. तथा पोतानी माताने पण उधरी, अने जिनधर्मने पण ओधर्यो, एवी तने एकनेज धन्य छे. ॥ २४ ॥

अन्नाणतमंधेणं । दुद्धरहंकारगयविवेएणं ॥ जा अवराहो तइया । कओ मए तं खमसु वत्थे ॥ २५ ॥
वली हे वत्स! अज्ञानरूपी घोर अहंकारवाला तथा घणा अहंकारथी विवेकरहित थयेला एवा में जे तारो अपराध कर्योछे,ते ममे क्षमा कर?
विणओणया य मयणा । भणेइ मा ताय कुणसु मणखेयं ॥ एयं महकम्मवसेण । चेव सव्वंपि संजायं ॥ २६ ॥
ते सांभली विनयथी नम्र थयेली मयणासुंदरी कहेछे के,हे पिताजी! आप मनमां खेद न करो? आ सघलुं मारां कर्मोने लीधेज थयुंछे.
नो देइ कोइ कस्सवि । सुखं दुख्खं च निच्छओ एसो ॥ निययं चेव समज्जिय–मुवभुंजइ जंतुणा कम्मं ॥ २७ ॥
कोइ कोइने सुख के दुःख देतुं नथी, एम निश्चयथी जाणवुं, प्राणी फक्त पोते उपार्जन करेलां कर्मनेज भोगवे छे. ॥ २७ ॥
मा वहउकोइ गव्वं । जं किर कज्जं मए कयं होइ ॥ सुरवरकयंपि कज्जं । कम्मवसा होइ विवरीयं ॥ २८ ॥
माटे आ मारुं करेलुं कार्य थायछे,एवो कोइये पण गर्व करवो न जोइये; केमके देवताए करेलुं कार्य पण कर्मने लीधे विपरीत थायछे.
ता ताय जिणुत्तं तत्त–मुत्तमं मुणसु जेणं नाएण । नज्जइ कम्मजियाणं । बलाबलं बंधमुख्खं च ॥ २९ ॥
माटे हे पिताजी! श्रीजिनेश्वर प्रभुए कहेला तत्वने तमो उत्तम जाणो? के जे जाणवाथी कर्मने अने जीवना बलाबल तथा बंधमोक्ष जणाय.
तत्तो धम्मं पडिव–ज्जिऊण राया भणेइ संतुट्ठो ॥ सोहरयरायतणुओ । जं जामाया मए लद्धो ॥ ३० ॥
पछी राजा जैनधर्म स्वीकारीने खुशी थयोथको बोले छे के, आ सिंहरथराजानो पुत्र मने जे जमाइ तरीके मल्यो ॥ ३० ॥
तं पत्थरमित्तकए । हत्थंमि पसारियंमि सहसत्ति ॥ चडिओ अचिंतिओ च्चिय । नूणं चिंतामणी एसो ॥ ३१ ॥

ते फक्त पत्थरमाटे एकदम हाथ पसारतां खरेखर आ अणचिंतव्युं चिंतामणिरत्न हाथे चडयुं छे. ॥ ३१ ॥

**जामाइयं च धूयं । आरोविय गयवरंवि नरनाहो ॥ महया महेण गिहमा–णिऊण सम्माणइ धणेहिं ॥ ३२ ॥**

पछी जमाइने तथा पुत्रीने उत्तम हाथीपर बेसाडीने राजा मोटा महोत्सवथी तेओने पोताने घेर लाव्यो, तथा धनथी तेओनुं सन्मान कर्युं

**जायं च सहुवायं । मयणाए सत्तसीलकलियाए ॥ जिणसासणप्पभावो । सयले नयरंमि वित्थरिओ॥ ३३ ॥**

आथी सत्य अने शीलयुक्त एवी मयणानो साधुवाद थयो, तथा सर्व नगरमां जिनशासननो प्रभाव विस्तर्यो.

**अन्नदिणे सिरिपालो । हयगयरहसुहडपरियरसमेओ ॥ चडिओ रयवाडीए । पच्चख्खो सुरकुमारुव ॥ ३४ ॥**

हवे एक दिवसे घोडा,हाथी,रथ तथा सुभटोना परिवारथी युक्त थयेलाश्रीपालकुमार जाणे प्रत्यक्ष देवकुमार होय नही तेम रयवाडीए चड्या.

**लोए य सप्पमोए । पिख्खंते चडवि चंदसालासु ॥ गामिल्लुएण केणवि । नागरिओ पुच्छिओ कोवि ॥ ३५ ॥**

त्यारे लोको हर्ष सहित अगासीओमां चडीने तेने जुए छे; तेवामां कोइक गांवडीआए कोइक नगरना रहेवासीने पूछ्युं के, ॥३५॥

**भोभो कहेसु कोए–स जाइ लीलाइ रायतणुउव्व ॥ नागरिओ भणइ अहो । नरवरजामाउओ एसो ॥ ३६ ॥**

हे भाइ! आ लीलापूर्वक राजपुत्र सरखो कोण जाय छे? ते कहे? त्यारे ते नागरिके कह्युं के ते तो राजानो जमाइ छे. ॥ ३६ ॥

**तं सोऊण कुमारो। सहसा सरताडिओव्व विच्छाओ ॥ जाओ वलिऊण समा–गओ य गेहंमि सविसाओ॥३७॥**

ते सांभलीने जाणे एकदम बाण वाग्युं होय नही तेम ते कुमार विलखो थयो, तथा खेदसहित त्यांथी पाछो वलीने ते घेर आव्यो.

तं तारिसं च जणणी । दट्ठूण समाउला भणइ एवं ॥ किं अज्ज वच्छ कोवि हु । तुह अंगं बाहए वाही ॥ ३८ ॥
तेने एवीरीतनो जोइने व्याकुल थयेली माता कहे छे के हे वत्स! आजे शुं तारा शरीरमां कंइ रोग थयो छे? ॥ ३८ ॥
किं वा आखंडलसरिस–तुज्झ केणावि खंडिया आणा ॥ अहवा अघडंतोवि हु । पराभवो केणवि कओ ते ॥ ३९
अथवा इंद्रसरखो एवो जे तुं, तेनी कोइये शुं आज्ञा खंडित करी छे? अथवा कोइये तारो अघटित पराभव कर्यो छे? ॥ ३९ ॥
किं वा कन्नारयणं । किंपि हु हियए खडुक्कए तुज्झ ॥ घरणीकओ अविणओ । सो मयणाए न संभवइ ॥ ४१ ॥
अथवा आ कन्यारत्न तारा हृदयमां कंइ खटके छे? परंतु स्त्री अविनय करे ए वात मयणाना संबंधमां संभवती नथी. ॥ ४१ ॥
केणावि कारणेणं । चिंतातुरमच्छि तुह मणं नूणं ॥ जेणं तुह मुहकमलं । विच्छायं दिसए वत्थ ॥ ४२ ॥
परंतु कंइक पण कारणथी तारुं मन खरेखर चिंतातुर छे, के जेथी हे वत्स! तारुं मुखकमल करमायेलुं देखाय छे. ॥ ४२ ॥
कुमरेण भणियमंमो । एएसिं मज्झओ न एक्कंपि ॥ कारणमत्थिरथमिमं । अन्नं पुण कारणं सुणसु ॥ ४३ ॥
त्यारे कुमारे कह्युं के हे माताजी! ए सघळां कारणोमांथी एके कारण नथी, तेनुं कारण जूदुंज छे, ते तमो सांभळो? ॥ ४३ ॥
नाहं नियगुणेहिं । न तायनामेण नो तुह गुणेहिं ॥ इह विख्खाओ जाओ । अहं य सुसुरस्स नामेणं ॥ ४४ ॥
हुं अहीं नथी मारा पोताना गुणोथी प्रख्यात के नथी पिताना नामथी, के नथी तमारा गुणोथी प्रख्यात, परंतु फक्त ससराना नामथीज प्रख्यात छुं. ॥ ४४ ॥

तं पुण अहमाहमत्ति । कारणं वज्जियं सुपुरिसेहिं ॥ तत्तुच्चिय मज्झ मणं । दूमिज्जइ सुसुरवासेणं ॥ ४५ ॥
परंतु तेम थवुं अधममां अधम छे, तेटलामाटे उत्तम पुरुषोए ते तजेलुं छे, अने तेथी ससराने घेर रहेवामां मारुं मन दुभाय छे.४५

तो भणियं जणणीए। बहुसिन्नं मेलिऊण चउरंगं ॥ गिन्हसु नियपियरज्जं । मह हिययं कुणसु निस्सल्लं ॥ ४६ ॥
ते सांभली माता बोलीके,त्यारे घणु एवुं चतुरंगी सैन्य मेलवीने तुं तारा पितानुं राज्य ग्रहण कर? अने मारां हृदयने पण तुं शल्यरहित कर

कुमरेणुत्तं सुसुरय–बलेण जं गिह्णणं सरज्जस्स ॥ तं च तहच्चिय दूमइ । मज्झ चित्तं धुवं अम्मो ॥ ४७ ॥
त्यारे कुमारे कह्युं के ससराना बलथी जे राज्य ग्रहण करवुं, ते पण हे माताजी मारा मनने खरेखर तेवीज रीते दुभावे छे. ॥४७॥

ता जइ सभुयज्जियसिरि–बलेण गिह्णामि पेइयं रज्जं ॥ ता होइ मज्झ चित्तंमि । निव्वुइ अन्नहा नेव ॥ ४८ ॥
माटे ज्यारे मारी भुजाना बलथी मेलवेली लक्ष्मीना बलथी हुं पितानुं राज्य लेइश त्यारे मारां मनमां निरांत थशे,ते शिवाय थशे नही.?

तत्तो गंतूणमहं । कत्थवि देसंतरंमि इक्किल्लो ॥ अज्जियलच्छिबलेणं । लहुं गहिस्सामि पियरज्जं ॥ ४९ ॥
माटे हुं कोइक देशांतरमां एकलो जइने उपार्जन करेली लक्ष्मीना बलथी हुं तुरत मारा पितानुं राज्य लेइश. ॥ ४९ ॥

तं पइ जंपइ जणणी। बालो सरलोसि तंसि सुकुमालो ॥ देसंतरेसु भमणं । विसमं दुक्खावहं चेव ॥ ५० ॥
त्यारे माता तेने कहेवा लागी के,हे वत्स तुं हजु बालक सरलस्वभावी अने सुकुमाल छो,अने देशांतरमां भमवुं ते कठिन अने दुःखदाइछे.

तो कुमरो जणणिंपइ । जंपइ मा माय एरिसं भणसु ॥ तावच्चिय विसमत्तं । जाव न धीरा पमज्जंति ॥ ५१ ॥

त्यरे कुमार पोतानी माताप्रते कहे छे के, हे माताजी! तमो एवुं न बोलो, ज्यांसुधी धीर पुरुषो ते अंगीकार करता नथी, त्यांसुधिज तेओने ते कठिन लागे छे. ॥५१ ॥

पभणइ पुणोवि माया। वच्छय अम्हे सहागमिस्सामो ॥ को अम्हं पडिबंधो। तुम्हं विणा इत्थ ठाणंमि ॥ ५२ ॥

ते सांभली फरीने माता कहे छे के हे वत्स त्यारे तो अमो पण तारी साथेज आवीशुं केमके ताराविना अमोने अहीं कोनो आधार रहे?

कुमरो कहेइ अम्मो । तुम्हेहिं सहागएहिं सव्वत्थ ॥ न भवामि मुक्कुलपाओ । ता तुम्हे रहह इत्थेव ॥ ५३ ॥

त्यारे कुमारे कह्युं के, हे माताजी! तमो जो साथे आवो तो हुं सर्वथा छुटा पगवालो थइ शकुं नही, माटे तमो अहींज रहो? ॥५३॥

मयणा भणेइ सामिय। तुम्हं अणुगामिणो भविस्सामि ॥ भारंपि हु किंपि अहं। न करिस्सं देहछायव्व ॥ ५४ ॥

त्यारे मयणा बोलीके हे स्वामी! हुं तो आपनी साथे आवीश, केमके हुं कंइ शरीरनी छायानी पेठे आपने भार करीश नही.॥५४॥

कुमरेणुत्तं उत्तम-धम्मपरा देवि मज्झ वयणेणं ॥ नियसस्सूसुस्सूसण-परा तुमं रहसु इच्छेव ॥ ५५ ॥

त्यारे कुमारे कह्युं के हे देवि! तमो मारां वचनथी उत्तम एवा धर्ममां तत्पर थइने अहींज तमारी सासुनी सेवामां तत्पर रहो?॥५५॥

मयणाह पइपवासं । सइओ इच्छंति कहवि नो तहवि॥ तुम्हं आएसुच्चिय । महप्पमाणं परं नाह ॥५६॥

त्यारे मयणा बोलीके हे स्वामी! सती स्त्री जोके पतिना प्रवासने कदापि पण इच्छे नही, तो पण हे नाथ आपनो हुकम मने प्रमाणभूत छे.

अरिहंताइपयाइं । खणंपि न मणाउ मिल्हियव्वाइं ॥ नियजणणिंव सरिज्जसु । कयावि इमं नियं दासिं ॥५७॥

वली आपे अरिहंतआदिक नवे पदोने क्षणमात्र पण मनमांथी मेलवां नही, तथा आपनी मातानी पेठे मने आ दासीने पण कोइक समये याद करवी. ॥ ५७ ॥

जणणीवि तस्स नाऊण। निच्छयं तिलयमंगलं काउं ॥ पभणइ तुह सेयत्थं। नवपयझाणं करिस्समहं ॥ ५८ ॥

पछी माता पण ते पुत्रनो निश्चय जाणीने तेमने तिलकमंगल करीने कहे छे के हे पुत्र! तमारां कल्याणमाटे हुं नवपदजीनुं ध्यान करीश.

मयणा भणेइ अहयंपि । नाह निच्चंपि निच्चलमणेणं ॥ कल्लाणकारणाइं । झाइस्सं ते नवपयाइं ॥ ५९ ॥

मयणा बोलीके, हे नाथ हुं पण हमेशां निश्चल मनथी कल्याणकारक एवां नव पदोनुं ध्यान धरीश. ॥ ५९ ॥

तेणं मयणावयणा—मएण सित्तो नमित्तु मायपए ॥ संभासिऊण दइयं । सिरिपालो गहियकरवालो ॥ ६० ॥

एवी रीते मयणाना वचनरूपी अमृतथी सिचायेला श्रीपालकुमार माताने चरणे नमीने तथा मयणाने बोलावीने हाथमां तलवार लइने

निम्मलवारुणमंडल—मंडियससिचारपाणसुपवेसे ॥ तच्चरणपढमकमणं । कमेण चल्लेइ गेहाओ ॥ ६१ ॥

निर्मल एवां वारुणमंडलथी मंडित थयेली चंद्रनाडीमां स्वरनो प्रवेश होते छते तेणे प्रथम पगलुं भर्युं, तथा एवी रीते अनुक्रमे ते घरथी चालवा लाग्या. ॥ ६१ ॥

सो गामागरपुरप–ट्टणेसु कोऊहलाइं पिख्खंतो ॥ निप्भयचित्तो पंचा–णणुव्व गिरिपरिसरं पत्तो ॥ ६२ ॥
पछी ते गाम,खाणो,नगरो तथा पत्तनोमां कुतूहलादिकने जोतो थको सिंहनीपेठे निर्भयमनवालो थयोथको एक पर्वतनी तलेटीमां आव्यो
तच्छय एगंमि वणे । नंदणवणसरिससरसपुप्फफले ॥ कोइलकलरवरम्मं । तरुपंतिं जा निहालेइ ॥ ६३ ॥
त्यां नंदनवनसरखां रसयुक्त पुष्प फलोवालां एक वनमां कोकिलना मनोहर शब्दोथी रमणीक थयेली एवी वृक्षोनी पंक्तिने जेवामां जुएछे,
ता चारुचंपयतले । आसीणं पवररूवनेवच्छं ॥ एगं सुंदरपुरिसं । पिख्खइ मंतं च झायत्तं ॥ ६४ ॥
तेवामां एक मनोहर चंपाना वृक्षनीचे बेठेला अने मनोहररूप तथा वेषवाला एक सुंदर पुरुषने मंत्रनुं ध्यान धरतो जोयो. ॥ ६४ ॥
सोजाव सत्तमीए । विणयपरो पुत्थिओ कुमारेण ॥ कोसि तुमं किं झायसि । एगागी किंच इत्थ वणे ॥ ६५ ॥
जाप संपूर्ण थयाबाद विनय करता एवा ते पुरुषने कुमारे पूछयुं के तमो कोण छो? तथा शुं ध्यावो छो? अने आ वनमां एकला केम रह्या छो? ॥ ६५ ॥
तेणुत्त गुरुदत्ता । विज्जा मह अच्छि सा मए जविया ॥ परमुत्तरसाहग–मंतरेण सा मे न सिज्झेइ ॥ ६६ ॥
त्यारे तेणे कह्युं के मारी पासे गुरुनी आपेली विद्या छे, के जेनो में जाप कर्यो, परन्तु उत्तरसाधकविना ते मने सिद्ध थती नथी.
जइ तं होसि महायस । मह उत्तरसाहगो कहवि अज्ज ॥ ताहं होमि कयत्थो । विज्जा सिद्धीइ निज्झंतं ॥ ६७ ॥
माटे हे महायशस्वी! जो तुं मारो कोइपण रीते आजे उत्तरसाधक थाय तो हुं कृतार्थ थउं, तथा मारी विद्या पण खरेखर सिद्ध थाय.

तत्तो कुमरकएणं । साहज्जेणं स साहगो पुरिसो ॥ लीलाइ सिद्धविज्जो । जाओ एगाइ रयणीए ॥ ६८ ॥
पछी कुमारे करेली सहायताथी ते साधकपुरुष लीलामात्रमां एकज रात्रीनी अंदर सिद्ध थयेली विद्यावालो थयो ॥ ६८ ॥
तत्तो साहगपुरिसे–ण तेणं कुमरस्स ओसहीजुअलं ॥ पडिउवयारस्स कए । दाउणं भणियमेयं च ॥ ६९ ॥
पछी ते साधकपुरुषे कुमारने प्रत्युपकारमाटे बे औषधिओ आपीने कह्युं के ॥ ६९ ॥
जलतारिणी य एगा । परसत्थनिवारिणी तहा बीया ॥ एयाओ ओसहिओ । तिधाउमढियाओ धारिज्जा ॥ ७० ॥
आ एक जलतरणी औषधि छे, तथा बीजी परना शस्त्रने निवारनारी छे, ते बन्नेने त्रिधातुनी अंदर मढीने बांधवी ॥ ७० ॥
कुमरेण समं सो विज्ज–साहगो जाइ गिरिनियंबंमि ॥ ता तत्थ धाउवाइय–पुरिसेहिं एरिसं भणिओ ॥ ७१ ॥
पछी ते विद्यासाधकपुरुष जेवामां कुमारनी साथे पर्वतनी खीणमां जाय छे, तेवामां त्यां रहेला धातुर्वादी पुरुषोए तेने कह्युं के ॥७१॥
देव तुह दंसिएणं । कप्पपमाणेन साहयंताणं ॥ केणावि कारणेणं । अम्हाण न होइ रससिद्धो ॥ ७२ ॥
हे देव तमोए देखाडेली रीत मुजब साधतांथकां पण कोण जाणे शा कारणथी अमारी रससिद्धि थती नथी? ॥ ७२ ॥
कुमरेण तओ भणियं । भो मह दिट्ठीइ साहह इमंति ॥ ता तेहिं तहा विहिए । जाया कल्लाणरससिद्धी ॥ ७३ ॥
त्यारे कुमारे कह्युं के हवे तमो ते मारी नजरे साधो? त्यारे तेओए तेम कर्युं, के तरत ते रससिद्धि थइ ॥ ७३ ॥
काऊण कंचणं सा–हगेहिं भणियं कुमारअम्हाणं ॥ जं जाया रससिद्धी । तुम्हाणं सो पसाओत्ति ॥ ७४ ॥

पछी ते साधकोए सुवर्ण बनावीने कुमारने कर्ह्युं के अमोने जे आ रससिद्धि थइ छे, ते आपनोज पसाय छे. ॥ ७४ ॥

ता गिह्ण कणगमेयं। नो गिह्णइ निप्पहो कुमारो य ॥ तहविहु अलयं तस्सवि। किंपि हु बद्धंति ते वच्छे ॥ ७५ ॥

माटे तमो आ सुवर्ण ग्रहण करो? परंतु ते निस्पृही कुमार ग्रहण करतो नथी, तो पण तेओए थोडुंक तेमना वस्त्रने छेडे बांधी दीधुं.

तत्तो कुमरो पत्तो। कमेण भरुअच्छनामयं नयरं ॥ कणगवएणं गिह्णइ। वत्थालंकारसत्थाइं ॥ ७६ ॥

पछी त्यांथी अनुक्रमे श्रीपालकुमार भरूचनगरमां आव्या, तथा त्यां सुवर्ण वेंचीने वस्त्र, आभूषण तथा हथिआरो लीधां ॥ ७६ ॥

काउण धाउमढियं। ओसहिजुयलं च बंधइ भुयंमि ॥ लीलाइ भमइ नयरे। सच्छंदं सुरकुमारुव ॥ ७७ ॥

पछी ते बन्ने औषधीओने धातुमां मढावीने पोताने हाथे बांधी, तथा देवकुमारनी पेठे ते स्वच्छंदरीते लीलापूर्बक नगरमां भमे छे.

इओय–कोसंबीनयरीए। धवलो नामेण वाणिओ अत्थि ॥ सो बहुधणुत्तिलोए। कुबेरनामेण विख्खाओ ॥७८॥

हवे एवामां कोसंबीनामनी नगरीमां एक धवल नामे वाणीओ रहे छे, ते घणो धनवान छे, तेथी ते कुबेरना नामथी मख्यात छे.

बहुकणयकोडिगाहिय–कयाणगोणेगवाणिउत्तेहिं ॥ सहिओ सो सत्थवइ। भरुयच्छे आगओ अत्थि ॥ ७९ ॥

क्रोडो सोनामहोरोथी खरीदेल छे करियाणां जेणे एवो ते सार्थवाह घणा व्यापारीओ सहित भरूचमां आव्यो छे ॥ ७९ ॥

जाओ य तत्थ लाहो। पवरो सो तहवि दव्वलोहेणं ॥ परकूलगमणपउणो। पउणइ बहुजाणवत्ताइं ॥ ८० ॥

त्यां तेने घणो लाभ मल्यो छे, छतां पण द्रव्यना लोभथी बीजा द्वीपमां जवामाटे तेणे वहाणो तैयार कराव्यां ॥ ८० ॥

मज्झिमजुंगो एगो। सोलसवरकूवएहिं कयसोहो ॥ चत्तारि य लहुजुंगा । चउचउ कूवेहिं परिकलिया ॥ ८१ ॥
ते वहाणोमां एक मोहोटुं जुंग मनोहर शोळ कुवाथंभोथी शोभावाळुं कर्युं छे, अने बीजां चार वहाणो चार चार कुवाथंभोना छे.

वडसफरपवहणाणं । एगसयं बेडियाण अट्ठसयं ॥ चउरासी दोणाणं । चउसट्ठीवेगडाणं च ॥ ८२ ॥
एकसो वडसफरी, एकसो आठ बेडा, चोर्यासी द्रोण, तथा चोसठ वेगड नामना वहाणो छे ॥ ८२ ॥

सिल्लाणं चउपन्ना । आवत्ताणं च तहय पंचासा ॥ पणतीसं च खुरप्पा । एवं सयपचबोहित्था ॥ ८३ ॥
चोपन सील नामना वहाणो, तथा पचास आवर्त्त नामना वहाणो, तथा पांत्रीस क्षुरप्र नामना वहाणो, एवीरीते सर्व मळी पांचसो वहाणो छे.

गहिऊण निवाएसं । भरिया विविहेहिं ते कयाणेहिं ॥ नाखुययमालिमेहिं । अहिट्ठिया वाणिउत्तेहिं ॥ ८४ ॥
पछी तेने राजानो हुकम लेइने ते सर्व वहाणोने विविध प्रकारनां करीआणाओथी भर्यां, तथा तेओपर नाखुदा, मालम अने व्यापारीओ पण चड्या ॥ ८४ ॥

मरजीवएहिं खुल्ला-सएहिं गप्भिल्लएहिं खेलेहिं ॥ सुकाणिएहिं सययं । कयजालवणीविहिविसेसा ॥ ८५ ॥
वळी डुबकी मारनारा, खलासीओ, गर्भिला, खेलाडीओ तथा सुखाणीओ ते वहाणनी हमेशां विधिविशेषपूर्वक जालवणी करे छे.

नाणाविह सत्थविहत्थ-हत्थसुहडाणदससहस्सेहिं ॥ धवलस्स सेवगेहिं । रक्खिज्जं ता पयत्तेणं ॥ ८६ ॥

वळी नाना प्रकारनां शस्त्रो जेना हाथोमां रही गया छे एवा तथा धवलनी नोकरी करनारा एवा दशहजार सुभटोए तेओनुं प्रयत्न-पूर्वक रक्षण कर्युं छे ॥ ८६ ॥

बहुचमरछत्तसिक्करिधयवडवरमउडविहियसिंगारा ॥ सिढदोरसारनंगर–पक्खरभेरीहिं कयसोहा ॥ ८७ ॥

घणां चामर, छत्र, पींछी, ध्वजपट तथा उत्तम मुकुटथी करेल छे शणगार जेओनो, तथा सढ, दोर, उत्तम नांगर तथा बखतर अने भेरिथी जेमां शोभा करेली छे, एवां ते वाहणो छे. ॥ ८७ ॥

जलसंवलइंधणसं–गहेण ते पूरिऊण सुमुहुत्ते ॥ धवलो य सपरिवारो । चडिओ चालावए जाव ॥ ८८ ॥

ते सर्व वहाणोने जल, इंधनोना संग्रहथी भरीने उत्तम मुहूर्ते परिवारसहित धवलशेठ तेपर चड्यो, तथा जेवामां ते वहाणो चलावेछे

ताव बलीसु विदिज्जं–तयासु वज्जंततारतूरेसु ॥ निज्जामएहिं पोया । चालिज्जंताबि न चलंति ॥ ८९ ॥

तेवामां देवदेवीओप्रते बलिदान दीधा छतां पण मनोहर वाजित्रो वागते छते, खलासीओ तेओने चलाववानो प्रयत्न करे छे, तो पण ते चालतां नथी. ॥ ८९ ॥

तत्तो सो संजाओ । धवलो चिंताइ तोइ कालमुहो ॥ उत्तरिय गओ नयरं । पुच्छइ सीकोत्तरिं चेगं ॥ ९० ॥

ते जोइ चिंताथी श्याममुखवालो धवलशेठ थयो,तथा वहाणपरथी उतरीने ते नगरमां गयो,अने एक सीकोतरीने तेनुं कारण पूछवा लाग्यो

सा भणइ देवया । थंभियाइं पयाइं जाणवत्ताइं ॥ बत्तीससुलक्खणनर–बलीइं दिन्नाइं चल्लंति ॥ ९१ ॥

त्यारे तेणीए कह्युं के तारां वहाणो देवताए थंभ्यां छे,माटे तेने ज्यारे तुं एक बत्रीसलक्षणा पुरुषनुं बलिदान आपीश त्यारे ते चालशे.॥

तत्तो धवलो सुमह–ग्घवत्थुभिट्टाइ तोसिऊण निवं ॥ विन्नवइ देव एगं । बलिकज्जे दिज्जउ नरं मे ॥ ९२ ॥

त्यारे धवलशेठ कोइक अमूल्य वस्तुनी भेटथी राजाने खुशी करीने विनवे छे के, हे देव बलिदानमाटे मने एक पुरुष आपो?॥९२॥

रन्ना भणियं जो होइ । कोवि वयदेसिओ अणाहो य ॥ तं गिह्न जहित्थाए । अन्नो पुण नो गहेयव्वो ॥ ९३ ॥

त्यारे राजाए कह्युं के, अहीं जे परदेशी तथा सगांसंबंधीविनानो होय, तेने खुशीथी लेवो, परंतु ते शिवाय कोइने लेवो नही.॥९३॥

तत्तो धवलस्स भडा । जाव गवेसंति तारिसं पुरिसं॥ता सिरिपालो कुमरो । विदेसिओ जाणिओ तेहिं॥९४॥

पछी धवलशेठना सुभटो जेवामां तेवा पुरुषनी शोध करे छे, तेवामां तेओने परदेशी एवा श्रीपालकुमारनी खबर मली. ॥ ९४ ॥

बत्तीसलक्खणधरो । कहिओ धवलस्स तेहिं पुरिसेहिं॥धवलेण पुणो राया—एसो गहियो य तग्गहणे॥९५॥

पछी तेने बत्रीसलक्षणो पुरुष जाणीने तेओए धवलशेठने ते वात जणावी, त्यारे धवलशेठे तेने पकडवामाटे फरीने राजानो हुकम लीधो.

सो सिरिपालो चउह–ट्टयंमि लीलाइ संनिविट्ठोवि ॥ धवलभडेहिं उज्झड–सत्थेहिं झत्ति आक्खित्तो॥ ९६ ॥

हवे ते श्रीपालकुमार चउटामां खुशीथी ज्यां बेठो छे,त्यां ते धवलना सुभटोए आवी हथीयारो उंचां करी तेनी एकदम तर्जना करवामांडी के,

रेरे तुरियं चल्लसु । रुट्ठो तुह अज्ज धवलसत्थवइ ॥ तं देवयाबलीए । दिज्जसि मा कहसि नो कहियं ॥ ९७ ॥

अरे! पुरुष! तुं हवे तुरत चाल? आजे तारापर धवलसार्थवाह रुठो छे, तारुं ते देवीमते बलिदान आपशे, माटे पाछलथी तुं एम न

कहे जे के मने कह्युं नही. ॥ ९७ ॥

कुमरेणुत्तं रेरे । देह बलिं तेण धवलपसुणावि ॥ पंचाणणेण कच्छवि । किं केणवि दिज्जए हु बली ॥ ९८ ॥

ते सांभली कुमारे कह्युं के, अरे! दुष्टो! ते तमारा शेठ धवलपशुनुं तमो बलिदान आपो? शुं कोय क्यांय पण सिंहनुं बलिदान आपेछे?

तत्तो पयडंति भडा । किंपि बलं जाव कुमरकयं ॥ सोऊणं सिंहनायं । गोमाउगणव्व ते नट्ठा ॥ ९९ ॥

पछी जेवामां ते सुभटो पोतानुं कंइक बल देखाडे छे, तेवामां कुमारे करेलो सिंहनाद सांभलीने तेओ शियालोनी माफक नाशी गया.

धवलस्स पेरिएणं । रन्नावि पेसियं नियं सिन्नं ॥ तंपि हु कुमरेण कयं । हयप्पभावं खणद्धेणं ॥ ४०० ॥

त्यारे धवलशेठे ते वात राजाने जाहेर कर्याथी तेणे पोतानुं सैन्य त्यां मोकल्युं, परंतु कुमारे तो ते सैन्यने पण एक अरधाक्षणमां हराव्युं,

धवलाएसेण भडा । नरवइसिन्नेण संजुया कुमरं । वेढंति तिपंती–हिं मायाबीयंव रेहाहिं ॥ १ ॥

त्यारे धवलशेठना हुकमथी राजाना सैन्यसाथे मलीने ते शेठना सुभटोए मायाबीजने ( ह्रीं ने ) जेम त्रणरेखाओथी वींटे छे तेम कुमारने घेरी लीधो. ॥ १ ॥

धवलो भणेइ रेरे । एयं इच्छेव सत्थछिन्नतणुं ॥ देह बलिं जेणेसा । संतुस्सइ देवया अज्ज ॥ २ ॥

धवलशेठे ते सुभटोने कह्युं के, अरे! हवे अहींज शस्त्रथी तेना शरीरना टुकडेटुकडा करीने बलिदान आपो? के जेथी ते देवी संतुष्ट थाय

ताण भडाणं सरसिछ–भल्लखग्गाइया न लग्गंति ॥ कुमरसरीरंमि अहो । महोसहीणं पभावुत्ति ॥ ३ ॥

हवे ते सुभटोनां बाण, गदा, भालां, तथा तलवारआदिक कंई पण कुमारना शरीरने लागतां नथी, माटे अहो! ते महान् औषधीनो केवो प्रभाव छे! ॥ ३ ॥

**कुमरेण पुणो तेसिं । केसिंपिहु केसकन्ननासाओ ॥ लुणिआओ नियसरेहिं । करुणाइ न जीवियं हरियं ॥ ४ ॥**

परंतु कुमारे तो पोताना बाणथी तेओमाना केटलाकना केश, कान अने नासिकाविगेरेने छेदी नाख्यां, परंतु दयाने लीधे कोइने जीवथी मार्या नही. ॥ ४ ॥

**तं पासिऊण धवलो । चिंतेइ एसो न माणुसो नूणं ॥ खयरो अ सुरवरो वा । कोइ इमोणप्पमाहप्पो ॥ ५ ॥**

ते जोइ धवलशेठ विचारे छे के, खरेखर आ मनुष्य नथी, कोइक महाप्रभाविक विद्याधर अथवा देव छे. ॥ ५ ॥

**काऊण अंजलिं म-त्थयंमि तो विन्नवेइ तं धवलो ॥ देव तुममेरिसीए । सत्तीए कोवि खयरोसि ॥ ६ ॥**

एम विचारि मस्तके हाथ जोडीने ते कुमारने विनवे छे के, हे देव! आवां पराक्रमथी खरेखर तमो कोइक विद्याधर जणाओ छो. ॥६

**ता मह कुणसु पसायं । थंभियबेडीण मोयणोवायं ॥ किंपि हु करेह जेणं । उवयारकरा हु सप्पुरिसा ॥७॥**

तो हवे तमो मारापर कृपा करो? अने मारां थंभायेलां वहाणोनो छुटकारो करवामाटे कंइक पण उपाय करो? केमके सत्पुरुषो उपकार करनाराज होय छे. ॥ ७ ॥

**कुमरेणुत्तं जइ तुह । मोआवि जाणवत्ताइं ॥ ता किं लप्भइ सोवि हु । भणेइ दोणारलरुखंति ॥ ८ ॥**

त्यारे कुमारे कह्युं के जो हुं आ तारां वहाणो छोडावुं तो तुं मने शुं आपशे? त्यारे धवले कह्युं के एक लाख सोनामोहोरो आपीश.८

**तत्तो चलइ कुमरो। वियसियवयणो य लोयपरिवरिओ ॥ चडिओ य धवलसहिओ। अग्गिल्ले जाणवत्तंमि ॥ ९ ॥**

त्यारे विकस्वर मुखवालो कुमार लोकोथी परवर्योथको त्यांथी चाल्यो, अने धवलशेठसहित आगलां वहाणमां चड्यो. ॥ ९ ॥

**निज्जामएसु नियनिय-पवहणवावारकरपउणेसु ॥ कयनवपयझाणेणं। मुक्का हक्का कुमारेणं ॥ १० ॥**

पछी सर्वे खलासीओ पोतपोताना कार्योमां तत्पर थये छते श्रीपालकुमारे नवपदजीनुं ध्यान धरीने सिंहनादकर्यो. ॥ १० ॥

**सोऊण कुमरहक्कं। सहासा सा खुद्ददेवया नट्ठा ॥ चलियाइ पवहणाइं। वद्धावणयं च संजायं ॥ ११ ॥**

एवीरीतना कुमारना सिंहनादने सांभलीने ते क्षुद्रदेवता त्यांथी तुरत नाशी गइ, तथा वहाणो चाल्यां, अने वधामणां थयां. ॥११॥

**वज्जंति भेरिभुङ्गल-पमुहाउज्जाइं गुहिरसद्दाइं ॥ नच्चंति नट्टियाओ। महुरं गिज्जंति गीयाइं ॥ १२ ॥**

गंभीर शब्दोवाला भेरी, भुंगल आदिक वाजित्रो वागे छे. नायकाओ नाचे छे, अने मधुर गीतो गवाय छे. ॥ १२ ॥

**तं अच्छरियं दट्ठुं। धवलो चिंतेइ एस जइ होइ ॥ अम्हसहाओ कहमवि। ता विग्घं होइ न कयावि ॥**

एवीरीतनुं ते आश्चर्य जोइने धवलशेठ विचारेछे के आ श्रीपालकुमार जो कोइपण रीते मारीसाथे चाले तो मने कदापिपण विघ्न थायनहि.

**इय चिंतिऊण धवलो। तं दीणाराण सयसहस्सं च ॥ दाऊण विणयपणओ। भणेइ भो भो महाभाग ॥**

एम विचारिने धवलशेठ तेने एकलाख सोनामहोरो आपीने विनयथी नम्र थयोथको कहे छे के हे महाभाग! ॥ १४ ॥

दीणारसहस्स इक्किक्क–मित्तयं वरिसजीवणं दाउं ॥ संगहिया संति मए । दससहसभडा ससोंडीरा ॥१५॥

में आ एकेक सुभटने दर वर्षनी एकएक हजार सोनामोहोरो देइने दश हजार शूरवीर सुभटो राख्या छे. ॥ १५ ॥

जइ तंपि हु ओलग्गं । गिन्हसि ता कहसु जीवणं तुज्झ ॥ कित्तियमित्त दिज्जइ । जेण तुमं गरुयमाहप्पो॥

माटे जो तारे पण नोकरी करवी होय तो कहे के, तने हुं केटली आजीविका आपुं? केमके तारुं माहात्म्य मोटुं छे. ॥ १६ ॥

हसिऊण भणइ कुमरो । जित्तियमित्तं इमेसिं सव्वेसिं ॥ दिन्नं जीवयणवित्तं । तित्तियमित्तं ममिक्कस्स ।१७।

त्यारे कुमार हसीने कहे छे के आ सर्व सुभटोने तमो आजीविकामाटे जेटलुं द्रव्य आपो छो, तेटलुं मने एकन आपो? ॥ १७ ॥

तो सहसा विम्हियओ । लिखवं गणिऊण ।चिंतएसिट्ठी ॥ दीणारकोडी एगा । सव्वेसिं जीवणं अत्थि ॥१८॥

ते सांभली एकदम आश्चर्य पामेलो शेठ तेनो हिसाब करीने चिंतवे छे के, आ सर्वनो आजीविका एक क्रोड सोनामोहोरोनी छे.१८

एगो मग्गइ कोडिं । अहह अजुत्तं विमग्गियं नूणं ॥ एएसिं किं अहियं । सिज्झिस्सइ कज्जममुणावि १९

अने आ तो एकलो एक क्रोड मागे छे, माटे अहोहो! आणे तो ते अयुक्त माग्युं छे, वली आ सुभटोथी ते मने वधारे शुं काम करी आपवानो छे? ॥ १९ ॥

इय चिंतिऊण धवले–णुत्तं जइ कुमर दससहस्साइं ॥ गिह्णसि ता देमि अहं । जं पुण कोडी तयं कूडं॥

एम विचारि धवलशेठे कह्युं के, हे कुमार! जो तुं दश हजार मोहोरो ले तो आपुं, परंतु जे क्रोड कही, ते जूठुं कह्युं छे. ॥ २० ॥

कुमरेणुत्तं मह ताय–तुल्ल तुह जीवणेणं नो कज्जं ॥ किंतु अहं देसंतर–गंतुमणो एमि तुह सत्थे ॥ २१ ॥

त्यारे कुमारे कह्युं के हे शेठ तमो मारे पिता समान छो तमारा पगारनी कंई जरुर नथी, परंतु मारे देशांतर जवानुं मन छे तेथी, हुं तमारी साथे आवीश; ॥ २१ ॥

जइ भाडएण चडणं । देसि ममं हरिसओ तओ सिट्ठी ॥ मग्गेइ भाडयं पइ–मासं दीणारसयमेगं ॥२२॥

माटे भाडुं लेइने मने वहाणपर चडवा दीओ? ते सांभली खुशी थयेला शेठे दरमासे एकसो सोनामोहोरोनुं भाडुं माग्युं. ॥ २२ ॥

तं दाऊणं चडिए । कुमरे मूलिल्लवाहणे तस्स ॥ भेरीओ ताडिआओ । पच्छाणे रयणदीवस्स ॥ २३ ॥

ते देइने कुमार तेनां मूल्य वहाणमां चड्यो, पछी रत्नद्वीपप्रते प्रयाणमाटे भेरीओ वागी, ॥ २३ ॥

हक्कारिज्जंति सिढो । तह वड्ढिज्जंति सिक्कियाओ य ॥ चालिज्जंते सुक्का–णयाइं आउल्लयाइं च ॥ २४ ॥

( खलासीओए ) सढोने विस्तार्यां, छीकीओने उंची चडावी, सुखाणो चलाव्यां, तथा हलेसांओने चलाववा लाग्या. ॥ २४ ॥

एगे मवन्ति धुवमं–डलं च एगे हरंति घामतं ॥ एगे मवन्ति वेलं । एगे मग्गं पलोयन्ति ॥ २५ ॥

केटलाक ध्रुवमंडलनुं माप लीये छे, केटलाक घामट ( नीचेना भागमां वहाणनी अंदर आवेलुं दरीयानुं पाणी ) कहाडे छे, केटलाक भरतीओट मापे छे, तथा केटलाक मार्गने जुए छे. ॥ २५ ॥

कत्थवि दठ्ठुं मगरं । एगे वायंति ढक्कबुक्काइं ॥ एगे य अग्गितिल्लं । खिवंति लहुढिंकुलीयाहिं ॥ २६ ॥

केटलाक क्यांक पण मगरने जोइने(तेओने नसाडवामाटे)ढोल वगाडे छे, अने केटलाक नानी ढांकणीओथी अग्निमां तेल नाखे छे.

चोराण वाहणाइं । दठ्ठुं नियथाइं पख्खरिज्जंति ॥ पंजरिएहिं भडेहिं । चोरा दूरे गमिज्जंति ॥ २७ ॥

चोरोना वहाणोने जोइने पंजरी सुभटो पोतानां वहाणोने बख्तर चडावे छे, के जेथी चोरो दूर नाशी जाय छे. ॥ २७ ॥

उग्गमगं अच्छमगं । रविणो दीसेइ जलहिमज्झंमि ॥ वडवानलपज्जलिया । दिसाओ दीसंति रयणीसु॥२८॥

वली सूर्यनुं उगवुं तथा आथमवुं पण समुद्रमांज देखाय छे, अने रात्रिए वडवानल अग्निथी बलती दिशाओ देखाय छे. ॥ २८ ॥

एवं विहाइं कोऊ–हलाइं पिख्खंतओ समुद्दस्स ॥ जा वच्चइ कुमरवरो । ता पंजरिओ भणइ एवं ॥२९॥

एवी रीतनां समुद्रनां कौतुको जोताथका श्रीपालकुमार जेवामां जाय छे, तेवामां पंजरी बोले छे के, ॥ २९ ॥

भो भो जइ जलइंधण–पमुहेहिं किंपि अत्थि तुम्हाणं ॥ कज्जं ता कहह फुडं । बब्बरकूलं समणुपत्तं॥३०॥

हे लोको! तमारे जो जल, इंधनआदिकनुं प्रयोजन होय तो खुल्लुं बोलजो, केमके बब्बरकांठो आव्यो छे. ॥ ३० ॥

संजत्तिएहिं भणियं । बब्बरकूलस्स मंदिराभिमुहं ॥ वच्चह जेण जलाइ । गिह्लामो मा विलंबेह ॥ ३१ ॥

त्यारे वहाणमां रहेला व्यापारीओए कह्युं के,बब्बरकांठाना बंदर सन्मुख चालो? तेमां विलंब करो नही,के जेथी अमो जलआदिक ग्रहण करीये.

पत्ताय तत्थ लोया । सपमोया उत्तरंति भूमीए ॥ दससहस्सभडसमेओ । धवलोवि ठिओ तडमहीए ॥ ३२ ॥

पछी ते वहाणो त्यां पहोच्यां,त्यारे हर्षित थयेला लोको भूमिपर उतर्या, तथा धवलशेठे पण दश हजार सुभटोसहित त्यां किनारानी भूमिपर पडाव नाख्यो. ॥ ३२ ॥

इत्थंतरम्मि तेसिं। हलबोलं सुणिय आगया तच्छ ॥ बब्बररायनिउत्ता । मंदिरलागच्छिगो पुरिसा ॥ ३३ ॥

एवामां तेओनो कोलाहल सांभलीने त्यां बब्बरराजाए राखेला पुरुषो बंदरनो लागो लेवामाटे अव्या. ॥ ३३ ॥

मग्गंताणवि तेसिं । लग्गं नो देइ जाव सो सिट्ठी ॥ ता तेहिं महकालो । वहाविओ बब्बराहिवइ ॥ ३४ ॥

तेओए माग्यां छतां पण शेठ ज्यारे तेओने ते लागो आपतो नथी, त्यारे पोताना स्वामी महाकालराजाने तेओए बोलाव्यो. ॥३४॥

महकालो भूरिबलो । तत्थ गंतूण मग्गए लग्गं ॥ सिट्ठी न देइ पद्धर-पएहिं सुहडे पचारेइ ॥ ३५ ॥

त्यारे घणा लश्करसहित महाकालराजा त्यां आवीने लागो मागे छे,परंतु शेठ आपतो नथी, अने उलटो पोताना सुभटोने उश्केरे छे

तो धवलफडा उज्झड-सत्था सहसत्ति बब्बरभडेहिं ॥ जुज्झंति जओ लोए । मरंति पच्चारिया सुहडा ॥ ३६ ॥

त्यारे धवलना सुभटो शस्त्रो उगामीने एकदम बब्बरराजाना सुभटोसाथे लडवा लाग्या,तथा लोकोनी उश्केरणीथी तेओ मरवा लाग्या

पढमं धवलभडेहिं । भग्गं महकालभडबलं सयलं ॥ तो महकालनिवेणं । उट्ठवियं सबलतुरएणं ॥ ३७ ॥

त्यां प्रथम धवलना सुभटोए महाकालना सुभटोना सघलां सैन्यने हराव्युं, ते जोइ महाकालराजा पोते सबल घोडासहित चड्यो.३७

नट्ठं धवलभडेहिं । बब्बरवइतेयमसहमाणेहिं ॥ पयचारी झुझंतो । धवलो पुण पाडिओ बद्धो ॥ ३८ ॥
त्यारे बब्बरराजानुं तेज सहन न थवाथी धवलना सुभटो नाशी गया,त्यारे पगेपाला झुझता एवा धवलने महाकालराजाए पाडीने बांध्यो
तं बंधिऊण रुख्खे । राया सुहडे निऊंइण निए ॥ सत्थस्स रख्खणत्थं । सयं च चलिओ पुराभिमुहं ॥ ३९ ॥
पछी तेने एक वृक्षसाथे बांधीने. तेनी अने तेना सर्व साथनी चोकीमाटे त्यां पोताना सुभटोने राखी राजा पोते नगर तरफ चाल्यो.
इत्थंतरंमि कुमरो । धवलं बुल्लावए कहसु इन्हि ॥ ते सुहडा कच्छ गया । जेसिं दिन्ना तए कोडी ॥ ४० ॥
एवामां ( वहाणमां बेठेला ) श्रीपालकुमार धवलशेठने बोलावे छे के, हे शेठजी! कहो तो खरा, के तमारा सुभटो आ वखते क्यां गया! के जेओने तमो एक क्रोड सोनामोहोरो आपो छो. ॥ ४० ॥
धवलो भणेइ भो भो । खयंमि किं कुणसि खारपख्खेवं ॥ किंवा दद्धाणुवरिं । फोडयदाणक्कियं कुणसि ॥ ४१ ॥
त्यारे धवलशेठ कहे छे के हे कुमार! हवे तमो क्षतपर खार शामाटे नाखो छो? अथवा दाधापर फोडलो आपवानी क्रिया केम करो छो?
तो कुमारो भणइ फुडं । अज्जवि जइ कोवि तुज्झ सव्वस्सं ॥ वालेइ तस्स किं दे-सि मज्झ साहेसु तं सव्वं ॥ ४२ ॥
त्यारे कुमार प्रकट रीते कहे छे के हे शेठजी! हजु पण तमारुं आ सर्व धन जो कोइ पाछुं वाले तो तेने शुं आपो? ते सघलुं मने कहो?
धवलो भणेइ न हु सं-भवेइ एवं तहावि तस्स अहं ॥ देमि सव्वस्स अद्धं । इत्थ पमाणं परमपुरिसो ॥ ४३ ॥

त्यारे धवलशेठ कहे छे के जो के तेम थवुं संभवतुं नथी, तो पण ते माणसने हुं मारी सर्व मील्कतनो अरधो भाग आपुं, ते माटे परमेश्वरनी साक्षी जाणवी. ॥ ४३ ॥

**तो कुमरो धणुहकरो। अंसेसुणुबद्धउभयतूणीरो ॥ बुल्लावइ महकालं। पिट्ठिं गंतूण इक्किल्लो ॥ ४४ ॥**

ते सांभली श्रीपालकुमार हाथमां धनुष्य लेइने, तथा खभापर बे तूणीरो बांधीने एकलो महाकालराजानी पाछल जइने तेने बोलावे छे के

**भो बब्बरदेसाहिव। एवं गंतुं न लज्झए इह्णिं ॥ ता वलिऊण बलं मे। पिक्खसु खणमित्तमिक्कस्स ॥ ४५ ॥**

हे महाकालराजा! तने आवी रीते हुं जवादेइश नही, माटे पाछो वलीने क्षणमात्र मारा एकलानुं पण तुं बल जो? ॥ ४५ ॥

**तो वलिओ महकालो। पभणइ बालोसि दंसणीओसि ॥ वररूवलक्खणधरो। मुहियाइ मरेसि किं इक्को ॥ ४६ ॥**

ते सांभली महाकालराजा पाछो वलीने कहे छे के हे कुमार! तुं बालक तथा देखावडो अने उत्तम रूप अने लक्षणने धरनारो छो, तो फोकट एकलो शामाटे मरे छे? ॥ ४६ ॥

**कुमरोवि भणइ नरवर। इयवयणाडंबरेण काउरिसा ॥ भज्जंति तुह सरेहिंवि। मह हियय कंपए नेवं ॥ ४७ ॥**

त्यारे कुमार पण कहे छे के, हे राजन्! एवी रीतना तमारा वचनाडंबरथी कायरपुरुषो भागे छे, परंतु मारुं हृदय तारां बाणोथी पण कंपे तेम नथी. ॥ ४७ ॥

**इय भणिऊणं कुमरो। अप्फालेऊण धणुहमहरयणं ॥ मिल्लंइ सरनियरं। पाडइ केउं नरिंदस्स ॥ ४८ ॥**

एम कही श्रीपालकुमारे धनुषरत्नने आस्फालीने तथा बाणोनो समूह फेंकीने ते राजाना रणध्वजने पाडी नाख्यो. ॥ ४८ ॥

तो बब्बरसुहडेहिं । विहिओ सरमंडवो गयणमग्गे ॥ तहवि न लग्गइ अंगे । इक्कोवि सरो कुमारस्स ॥ ४९ ॥

त्यारे बब्बरना सुभटोए आकाशमां जाणे बाणोनो मंडप करी मेल्यो, परंतु तेमांथी एक पण बाण कुमारने वाग्युं नही. ॥ ४९ ॥

कुमरसरेहिं ताडिय–देहा ते बब्बराहिवइसुहडा ॥ केवि हु पडंति केवि हु । भिडंति नासंति केवि पुणो ॥ ५० ॥

हवे कुमारना बाणोथी वींधायेलां शरीरवाला एवा बब्बररायना केटलाक सुभटो पडे छे, केटलाको एकबीजाने बथ भीडे छे, तथा केटलाक नाशी जाय छे. ॥ ५० ॥

महकालोवि नरिंदो । मिल्लइ सयहच्छियं सहच्छेणं ॥ सोवि न लग्गइ ओसहि–पभावओ कुमरअंगंमि ॥ ५१ ॥

त्यारे महाकालराजा पोते पोताना हाथथीज पोतानुं शस्त्र लेइने तेने मारवा लाग्यो, परंतु ते औषधीना प्रभावथी कुमारना अंगने लागतुं नथी.

तो वेगेणं कुमरो । गहिउं सयहच्छियं तयं चेव ॥ अप्फालिऊण पाडइ । भूमोए बब्बराहिवइं ॥ ५२ ॥

पछी कुमारे तेनुंज ते हथीयार लइने ते बब्बरराजाने पछाडोने पृथ्वीपर पाड्यो. ॥ ५२ ॥

तं बंधिऊण कुमरो । आणइ जा नियसच्छपासंमि ॥ तं दठ्ठुं ते नट्ठा । सत्थाहिवरख्खगा पुरिसा ॥ ५३ ॥

पछी तेने बांधीने श्रीपालकुमार जेवा पोताना सार्थमां आवे छे, तेवामां धवलनी चोकीमाटे राखेला बब्बरराजाना चोकीदारो तेने जोइने नाशी गया. ॥ ५३ ॥

धवलो बंधविमुक्को । खग्गं घितूण धावए सिग्घं ॥ महकालमारणत्थं । सिरिपालो तं निवारेइ ॥ ५४ ॥
पछी धवल शेठ बंधनरहित थयाबाद तलवार लेइने तुरत महाकालराजाने मारवामाटे दोड्यो, परंतु श्रीपालकुमारे तेने अटकाव्यो;५४
गेहागयं च सरणा–गयं च बद्धं च रोगपरिभूयं ॥ नस्संतं बुढ्ढं बा–लयं च न हणंति सप्पुरिसा ॥ ५५ ॥
केमके घेर आवेला, शरणे आवेला बंधनयुक्त थयेला, रोगथी पराभव पामेला, नाशता, बुढ्ढा तथा बालकने सत्पुरुषो मारता नथी.
जे दससहस्ससुहडा । बब्बरसुहडेहिं ताडिया नट्ठा ॥ तेसिं रुठ्ठो सिठ्ठी । जीवणवित्तिं च भंजेइ ॥ ५६ ॥
हवे बब्बररायना सुभटोथी ताडित थयेला शेठना जे दशहजार सुभटो नाशी गया हता, तेओपर क्रोधायमान थयेला शेठे तेओनी आजीविका भांगी नाखी. ॥ ५६ ॥
ते सव्वेवि हु कुमरस्स । तस्स मुहियाइ सेवगा जाया कुमरेण ते निउत्ता । नियभागागयपवहणेसु ॥ ५७ ॥
त्यारे तेओ सघला श्रीपालकुमारना विना पगारे सेवको थया, अने कुमारे पण तेओने पोताना भागमां आवेला वहाणोपर राख्या.
सयमेव महाकालं । बंधाओ मोइऊण सिरिपालो ॥ नियभागपवहणाणं । वत्थाइहिं तमच्चेइ ॥ ५८ ॥
पछी श्रीपाले पोते हाथेज महाकालराजाने बंधनमुक्त करीने, पोताना भागमां आवेलां वहाणोमांथी वस्त्रादिकोथी तेनो सत्कार कर्यो.
सव्वेवि हु ते सुहडा । पहिरावेऊण पवरवत्थेहिं ॥ संतोसिऊण मुक्का । कुमरेण विवेयवंतेण ॥ ५९ ॥

वली तेना सर्व सुभटोने विवेकी एवा ते कुमारे उत्तम वस्त्रोथी पहेरामणी पेहेरावीने खुशी करी मूक्या. ॥ ५९ ॥

**महकालोवि हु दठ्ठूण। तस्स कुमारस्स तारिसं चरियं॥ चित्ते चमक्किओ तं। अप्भत्थइ विणयवयणेहिं ॥ ६० ॥**

पछी महाकालराजा पण ते कुमारनुं तेवुं चरित्र जोइने मनमां आश्चर्य पामी विनयमां वचनोथी तेने विनवे छे के ॥ ६० ॥

**पुरिसुत्तम मह नयरं । नियचरणेहिं तुमं पवित्तेह ॥ अम्हेवि जेण तुम्हं । नियभत्तिं किंपि दंसेमो ॥ ६१ ॥**

हे उत्तम पुरुष! तमो तमारां चरणोथी मारां नगरने पवित्र करो? के जेथी तमारीपेठे अमो पण तमोने अमारी भक्ति देखाडीयें॥६१॥

**कुमरो दक्खिन्ननिही। जा मन्नइ ता पुणो धवलसिट्ठी॥ वारेइ घणं कुमारं । सव्वच्छ त्रिसंकिया पावा ॥ ६२ ॥**

दाक्षिणताना भंडाररूप एवो ते कुमार जेवामां ते वात कबुल करे छे, तेवामां वली धवलशेठ तेने घणुं निवारे छे, केमके पापीओ सर्व जगोए शंकावाला होय छे. ॥ ६२ ॥

**वारंतस्सवि धवल–स्स तस्स कुमरो समत्थपरिवारो ॥ पत्तो महकालपुरं । तोरणमंचाइकयसोहं ॥ ६३ ॥**

एवी रीते धवले निवार्या छतां पण श्रीपालकुमार समर्थ परिवारसहित तोरण तथा मांचाआदिकथी सोभावाला थयेलां एवां ते महाकालना नगरमां गया. ॥ ६३ ॥

**महकालो तं कुमरं । भत्तोइ नियासणंमि ठावित्ता ॥ पभणेइ इमं रज्जं । मह पाणावि हु तुहायत्ता ॥ ६४ ॥**

पछी महाकाकराजाए भक्तिथी ते कुमारने पोताना आसनपर बेसाडीने कह्युं के,हे कुमार! आ राज्य तथा मारां माणो पण तमारे आधीनछे.

अन्नं च मज्झ पुत्ती । पाणेहितोवि वल्लहा अच्छि ॥ नामेण मयणसेणा । तं च तुमं पसिय परिणेसु ॥ ६५ ॥
वळी मारी एक मदनसेना नामनी पुत्री, के जे मने प्राणथी पण अधिक वहाली छे, तेने तमो कृपा करीने परणो? ॥ ६५ ॥
कुमरेणं भणियमहं। विदेसिओ तह अनायकुलसीलो ॥ तस्स कहं नियकन्ना। दिज्जइ सम्मं वियारेसु ॥ ६६ ॥
त्यारे कुमारे कह्युं के हुं तो परदेशी छुं,माटे मारुं कुल शील जाण्या विना तमो तमारी कन्या केम आपो छो? ते माटे सारीरीते विचार करो?
पभणेइ महकालो । आयारेणावि तुह कुलं नायं ॥ नय कारणं विएसो । कुणसु इमं पच्छणं सहलं ॥ ६७ ॥
त्यारे महाकालराजाए क ु के हे कुमार! तमारां आचरणथीज तमारुं कुल में जाणी लीधुं, अने परदेशनुं कारण तो कंई नडे तेम नथी, माटे मारी आ प्रार्थना तमो सफल करो? ॥ ६७ ॥
आमंति कुमारेणं । भणिए महया महूसवेण निवो ॥ परिणावइ नियधूयं। देइ सिरिं भूरिवित्थारं ॥ ६८ ॥
पछी कुमारे हा पाड्यार्थी मोटा महोत्सवथी राजाए पोतानी पुत्री तेने परणावीने घणी विस्तारवाली लक्ष्मी आपी. ॥ ६८ ॥
नवनाडयाइं दाइ—ज्जयंमि दाऊण चारुवच्छेहिं ॥ परिहावइ परिवारं । कुमरेण सहागयं सयलं ॥ ६९ ॥
वली दायजामां नव नाटको आपीने मनोहर वस्त्रोथी तेने पहेरामणी आपी; पछी ते सघळो परिवार कुमारनी साथे चाल्यो.॥६९॥
एगं च महाजुंगं । वाहणरयणं च मंदिरे पत्तं ॥ काऊण कुमरसहिओ । रायावि समागओ तत्थ ॥ ७० ॥
वळी एक महोटां जंगी वहाणने बंदरमां पहोंचाडीने कुमारसहित राजा पण त्यां आव्यो. ॥ ७० ॥

सिट्ठीवि महाजुंगं । दठ्ठुं चउसठ्ठिकूवयसणाहं ॥ मणिकंचणपडिपुन्नं । चिंतइ निययंमि हियंयमि ॥ ७१ ॥
हवे ते धवलशेठ चोसठ कुवाथंभवाळां तथा मणि अने कंचनथी भरेलां एवां ते जंगी वहाणने जोइने पोताना मनमां विचारे छे के,

अहह किमेयं जायं । जं एसो मज्झ सेवगसमाणो ॥ सामित्तमिमं पत्तो । भाडयमित्तं न मे दाही ॥ ७२ ॥
अरे हायहाय! आते शुं थइ गयुं! जे आ मारा नोकरजेवो ते आजे शेठ थइ बेठो, हवे तो ते मारुं भाडुं पण देशे नही. ॥ ७२ ॥

इय चिंतिय सो जायइ । कुमरं गयमासभाडयं सोवि ॥ दावेइ दसगुणं तं । ही केरिसमंतरं तेसिं ॥ ७३ ॥
एम विचारि ते कुमारपासे गयो, त्यारे कुमारे तो तेने गया मासनुं दशगणुं भाडुं अपाव्युं, माटे अहो! तेओ बन्नेवच्चे केटलो अंतरछे?

आरोविऊण कुमरं । तत्थ महाप्पवहणे सपरिवारं ॥ मुकलाविऊण धूयं । महकालो जाइ नियनयरे ॥ ७४ ॥
हवे त्यां ते मोटा वहाणमां परिवारसहित कुमारने चडावीने, तथा पोतानी पुत्रीने पण वहोरावीने महाकालराजा पोताना नगरमां गयो.

पोएण जणा जलहिं । लंघिय पावंतिरयणदीवं तं ॥ जह संजमेण मुणिणो । संसारं तरिय सिवठाणं ॥ ७५ ॥
पछी मुनिओ संयमथी जेम संसार तरीने मोक्षे जाय छे, तेम लोको वहाणथी समुद्र ओलंगीने रत्नद्वीपे पहोंच्या. ॥ ७५ ॥

तत्थ य पोए तडमं-दिरेसु गुरुनंगरेहिं थंभित्ता ॥ उत्तारिऊण भंडं । पडमंडवमंडले ठवियं ॥ ७६ ॥
त्यां किनाराना बंदरमां महोटां नांगरोथी ते वहाणोने नांगरी दीधां, तथा माल उतारीने वस्त्रोना बनावेला तंबुओमां राख्यो.॥७६॥

कुमरोवि सपरिवारो । पडवंसावासमज्झवासीणो ॥ पिख्खेइ नाडयाइं । विमाणमज्झट्ठियसुरुव ॥ ७७ ॥
श्रीपालकुमार पण वांसथी उभा करेला तंबुमां रह्या थका, विमानमा बेठेला देवनीपेठे नाटक जुए छे. ॥ ७७ ॥
सिट्ठोवि तंमि दीवे । बहुलाभं मुणिय विन्नवइ कुमरं ॥ देव नियवाहणागं । कयाणगे किं न विक्केह ॥ ७८ ॥
हवे धवलशेठ पण ते द्वीपमां घणो लाभ जाणीने कुमारने विनवे छे के हे देव! तमारां करियाणा शामाटे वेचता नथी? ॥ ७८ ॥
तो भणइ कुमारो। ताय अम्ह तुम्हाण अंतरं नत्थि ॥ तं चिव कयाणगाणं । जं जाणसि तं कुणिज्जसु ॥ ७९ ॥
त्यारे कुमारे तेमने कह्युं के हे पिताजी! मारे अने तमारे कंई अंतर नथी,माटे मारां करियाणानी पण तमारी मरजीमुजब व्यवस्था करजो.
हिट्ठो सिट्ठी ।चिंतइ। हु हुं नियजाणियं करिस्सामि ॥ जेण कयविक्कओच्चियं। वणिगो चिंतामणिं बिंति ॥ ८० ॥
ते सांभली खुशी थयेला शेठ विचारे छे के, ठीक थयुं, हुं मारी मरजीमुजब हवे तेमां ( घोटालो ) करीश, कारणके क्रयविक्रयने व्यापारीओ चिंतामणिरत्नसमान कहे छे. ॥ ८० ॥
इतो य कोवि पुरिसो । सुरसरिसो चारुरूवनेवच्छो ॥ सुपसन्ननयणवणो । उत्तमहयरयणमारूढो ॥ ८१ ॥
हवे एवामां कोइक देवसमान तथा मनोहर रूप अने वेषवालो प्रसन्न नेत्र अने मुखवालो एवो कोइक पुरुष मनोहर अश्वरत्नपर चडीने त्यां आव्यो. ॥ ८१ ॥
बहुपरियणपरिवरिओ । पत्तो कुमरस्स गुड्डुरदुवार ॥ पिख्खेइ नाडयं जा । ता सो कुमरेण आहूओ ॥ ८२ ॥

ते घणा परिवारथी परवर्योथको श्रीपालकुमारना तंबुना दरवाजापासे आव्यो, तथा जेवामां ते त्यां नाटक जुएछे, तेवामां कुमारे तेनें बोलाव्यो.

**सो कयकुमरपणामो । आसणदाणेण लद्धसम्माणो ॥ विणयपरो विसत्थो । उवविट्ठो कुमरपासंमि॥ ८३ ॥**

त्यारे तेणे कुमारप्रते प्रणाम कर्यो, कुमारे पण तेने आसन आपीने सन्मान दीधुं, त्यारे ते पण विनयमां तत्पर थइने विश्वास राखी कुमार पासे बेठो. ॥ ८३ ॥

**सुरपित्थणयसरिच्छं । पित्थणयं पलोविऊण खणं ॥ चिंतइ एस इमीए । लीलाए कोवि रायसुओ ॥ ८४ ॥**

देवनाटक सरखुं ते नाटक क्षणवार जोइने ते पुरुष विचारे छे के, आ ठाठमाठथी ते कोइक राजपुत्र जणाय छे. ॥ ८४ ॥

**थक्कंमि नाडए सो । पुट्ठा कुमरेण कोसि भद्द तुमं ॥ कत्थ पुरे तुह वासो । दिट्ठं अच्छेरयं किंपि ॥ ८५ ॥**

पछी नाटक संपूर्ण थयाबाद कुमारे तेने पूछ्युं के हे भद्र! तमो कोण छो क्या नगरमां तमो रहो छो? तथा कंइ पण तमोए आश्चर्यजोयुं छे?

**सो जंपइ विणयपरो । कुमरंपइ देव इत्थ दीवंमि ॥ सेलोत्थि रयणसाणू । वलयागारेण गुरुसिहरो॥ ८६ ॥**

त्यारे ते पुरुष विनयमां तत्पर थइने कुमारप्रते कहे छे के, हे देव! आ द्वीपमां वलयसरखा आकारवालो अने मोटां शिखरोवालो रत्नसानुं नामे पर्वत छे. ॥ ८६ ॥

**तम्मज्झकयनिवेसा । अत्थि पुरी रयणसंचयानाम ॥ तं पालइ विज्जाहर–राया सिरिकणयकेउत्ति ॥ ८७ ॥**

ते पर्वतनी वच्चे वसेली एवी रत्नसंचया नामनी नगरी छे, ते नगरीनुं श्रीकनककेतु नामे विद्याधरराजा पालन करे छे, ॥ ८७ ॥

नस्सत्थि कणयमाला । नाम पिया तीइ कुत्थिसंभूया ॥
कणयपहकणयसेहर–कणयज्झयकणयरहपुत्ता (रुइपुत्ता–इतिपाठां०) ॥ ८८ ॥

तेने कनकमाला नामनी राणीछे, तथा तेणीनी कुक्षिए उत्पन्न थयेला कनकप्रभ, कनकशेखर, कनकध्वज तथा कनकरथ(रुचि)नामे पुत्रो छे.

तेसिं च उवरि एगा । पुत्ती नामेण मयणमंजूसा ॥ सयलकलापारीणा । अइरइरूवा मुणियतत्ता ॥ ८९ ॥

तेओपर एक मदनमंजूषा नामे पुत्री छे, के जे सकल कलाओमां पारंगामी, तथा रतिथी पण रूपाळी अने तत्वोनी जाणकार छे.

तत्थय पुरीइ एगो । जिणदेवो नाम सावगो तस्स ॥ पुत्तोहं जिणदासो । कहेमि । चुज्जं पुणो सुणसु ॥ ९० ॥

हवे ते नगरीमां एक जिनदेव नामे श्रावक छे, तेनो हुं जिनदास नामे पुत्र छुं. हवे हुं तमोने एक आश्चर्य कहुं छुं ते सांभळो ॥ ९० ॥

सिरिकणयकेउरन्नो । पियामहेणित्थ कारियं अत्थि ॥ गिरिसिहरसिरोरयणं । भुवणं सिरिरिसहनाहस्स ॥ ९१ ॥

ते श्रीकनककेतु राजाना दादाए करावेलुं तथा पर्वतना शिखरपर मुकुटसमान एवुं श्रीऋषभदेवप्रभुनुं एक मंदिर अहीं छे. ॥ ९१ ॥

तं च केरिसं–संतमणोरहतुंगं । उत्तमनरचरियनिम्मलविसालं ॥ दायारसुजसधवलं ॥ रविमंडलदलियतमपडलं

ते मंदिर केवुं छे? तो के—सज्जनोना मनोरथोनीपेठे उंचुं छे, उत्तम पुरुषना चरित्रनीपेठे निर्मल अने विशाल छे, दातरना उत्तम यशनीपेठे उज्ज्वल छे, तथा सूर्यमंडलनी पेठे अंधकारना पडलने हरनारुं छे. ॥ ९२ ॥

तम्मज्झे रिसहेसर–पडिमा कणयमणिनिम्मिया अत्थि ॥ तिहुयणजणमणजणिया–णंदा नवचंदलेहव ॥ ९३ ॥

ते मंदिरनी अंदर सुवर्ण अने मणिओनी बनावेली श्रीऋषभदेवप्रभुनी प्रतिमा छे, के जे नवा चंद्रनी लेखानी पेठे त्रण भुवनोना प्राणीओने आनंद आपनारी छे. ॥ ९३ ॥

**तं सो खेयरराया । निच्चं अच्चेइ भत्तिसंजुत्तो ॥ लोगोवि सप्पमोओ । नमेइ पूएइ झाएइ ॥ ९४ ॥**

ते प्रतिमानुं ते विद्याधरराजा हमेशां भक्तिसहित पूजन करे छे,तथा लोको पण हर्षसहित तेने नमे छे,पूजे छे तथा तेनुं ध्यान धरेछे.

**सा नरवरस्स धूया । विसेसओ तत्थ भत्तिसंजुत्ता ॥ अट्ठपयारं पूयं । करेइ निच्चं तिसंझासु ॥ ९५ ॥**

हवे राजानी ते पुत्री विशेष प्रकारे त्यां भक्तियुक्त थइने हमेशां त्रणे संध्याए अष्टप्रकारी पूजा करे छे. ॥ ९५ ॥

**अन्नदिणे विहिनिउणा । सा नरवरनंदिणी सपरिवारा ॥ कयविहिवित्थरपूया । भावजुआ वंदए देवे ॥ ९६ ॥**

एक दिवस विधिमां निपुण एवी ते राजानी पुत्री परिवारसहित विधिपूर्वक विस्तारथी पूजा करीने भावसहित त्यां देववंदन करे छे.

**ताव नरिंदोवि तहिं । पत्तो पूयाविहिं पलोयंतो ॥ हरिसेण पुलइयंगो । एवं चिंतेइ हिययंमि ॥ ९७ ॥**

एटलामां राजा पण त्यां आव्यो,अने(कुंवरीए करेली)पूजानी विधि जोतोथको हर्षथी रोमांचित शरीरवालो थइने मनमां विचारेछे के.

**अहो अपुव्वा पूआ । रइया एयाए मज्झ धूयाए ॥ अहो अपुव्वं च नियं । विन्नाणं दंसियमिमीए ॥ ९८ ॥**

अहो! आ मारी पुत्रीए अपूर्व पूजा रचेली छे, अने तेम करीने अहो! तेणीए पोतानुं अपूर्व विज्ञान देखाडयुं छे. ॥ ९८ ॥

**एसा धन्ना कयपुन्नया य जीए जिणिंदपूयाए ॥ एरिसओ सुहभावो । दीसइ सरलो य सुसहावो ॥ ९९ ॥**

किया अथवा स्थिरता, प्रभावना, कौशलपणुं, भक्ति तथा सुतीर्थनी सेवा, ए पांचेए करीने आ पुत्रीना मनमां रहेलुं सम्यक्त्व अलंकारोवाळुं थयुं छे. ॥ ९९ ॥

**किरिया (थिरिया—इति पाठां०) पभावणा को—सलत्त भत्तीसुतित्थसेवाहिं ॥**
**सालंकारमिमीए । विज्जइ चित्तंमि सम्मत्तं ॥ ५०० ॥**

खरेखर आ धन्य पुण्यशाली छे के, जेणीए जिनेश्वरनी पूजामां आवो उत्तम भाव तथा सरल स्वभाव देखाड्यो छे. ॥ ५०० ॥

**ता एयाए एया—रिसीइ धूयाए हवइ जइ कहवि ॥ अणुरूवो कोइ वरो । ता मज्झ मणो सुही होइ ॥ १ ॥**

माटे मारी आ आवी चतुर पुत्रीनो जो कदाच कोइ तेणीना जेवोज वर मळे तो मारुं मन खुशी थाय. ॥ १ ॥

**एवं नियधूयाए । वरचिंतासल्लसल्लिओ राया ॥ अच्छइ खणं निसिण्णो मुन्नमणो झाणलीणोव ॥ २ ॥**

एवीरीते पोतानी पुत्रीना वरनी चिंतारूपी शल्यथी स्तब्ध थयेलो राजा क्षणवार जाणे ध्यानमां लीन थयो होय नही तेम मौन थइने बेठो.

**सावि हु नरिंदधूया । पूअं काऊण विहियतिपणामा ॥ नीसरइ जाव पच्छिम—पएहिंजिणगब्भगेहाओ॥३॥**

हवे राजानी ते पुत्री पण पूजा करीने तथा त्रणवार नमस्कार करीने जेवामां पाछले पगे जिनगंभारामांथी बहार नीकळे छे; ॥३॥

**तक्कालं तह मिलियं । तद्दारकवाडसंपुडं कहवि ॥ जह बलिएणवि केणवि । पणुल्लियं उग्घडइ नेव ॥ ४ ॥**

एवामां तेज समये ते मूळगंभाराना द्वारना बन्ने कमाडो कोण जाणे शा कारणथी एवां तो बीडाइ गयां के कोइ बळवानथी पण घणी महेनत कर्या छतां उघडतां नथी. ॥ ४ ॥

**तत्तो सा निवधूया । अप्पं निंदेइ गुरुयसंतावा ॥ हाहा अहं हयासा । किं कयपावा असुहभावा ॥ ५ ॥**

ते जोइ अत्यंत संताप करती एवी ते राजकन्या पोताना आत्माने निंदवा लागी के, हा! हा! हताश एवी हुं शुं पाप करनारी अथवा अशुभ भाववाळी छुं? ॥ ५ ॥

**जेण मए पावाए । पमायलग्गाइ मंदभावाए । नियकरकराइपूयाइ—दंसणं खणमित्त न लद्धं ॥ ६ ॥**

के जेथी पापी, प्रमादमां पडेली तथा मंदभाववाळी एवी मने पोताने हाथे करेली पूजानुं क्षणमात्र पण दर्शन प्राप्त थयुं नही. ॥६॥

**हीही अहं अहन्ना । अन्नाणवसेण कम्मदोसेण ॥ आसायणंपि काहं । किंवि धुवं वंचिया तेण ॥ ७ ॥**

अरेरे हुं अधन्य छुं, अज्ञानना वशथी तथा कर्मना दोषथी में खरेखर कंइक पण आसातना करी छे, के जेथी मने आ फल मल्युंछे.

**एयं ममावराहं । खमसु तुमं नाह कुण सुपसायं ॥ मह पुन्नविहीणाए । हीणाए दंसणं देसु ॥ ८ ॥**

माटे हे नाथ! मारापर कृपा करीने मारो ते अपराध माफ करो? तथा पुन्यरहीत अने हीन एवी मने आप दर्शन आपो?॥ ८ ॥

**एवं तं रुयमाणिं । दट्ठूणं नदणिं भणइ राया ॥ वच्छे तुहावराहो । नच्छि इमो किंतु मह दोसो॥ ९ ॥**

एवी रीते रुदन करती एवी पोतानी पुत्रीने जोइने राजा कहे छे के, हे वत्स! आमां तारो अपराध नथी, मारोज दोष छे. ॥ ९ ॥

जं जिणहरमज्झगओ । तुहकयपूयं निरिक्खमाणोवि ॥ जाओहं सेन्नमणो । तुह वरचिंताइ खणमिक्कं॥१०॥
कारणके आ जिनमंदिरमां रहीने तारी करेली पूजाने जोतोथको तारा वरनी चिंताथी क्षणवार हुं शून्य मनवालो थयो. ॥ १० ॥
तीएय मणोणेगत्त-रूवआसायणाइ फलमेयं ॥ संजायं तेण अहं । नियावराहं वियक्केमि ॥ ११ ॥
एवी रीते मारां मननी अनेक आसातनानुं आ फल थयुं छे. माटे हुं मारो अपराध आमां मानुं छुं. ॥ ११ ॥
देवो य वीयराओ । नेवं रूसेइ कहवि किं तु इमं ॥ जिणभवणाहिट्ठाय-गकयमपसायं मुणसु वच्छे ॥ १२ ॥
देव तो वीतरागछे,माटे ते कदि पण कोपायमान थाय नही;परंतु हे वत्स! जिनमंदिरना कोइक अधिष्टायके आ अकृपा करीछे,एम जाणवुं
तत्तो नरेहिं आणा-विऊण वलिकुसुमचंदणाइयं ॥ कप्पूरागुरुमयनाहि-धूवरूवं च वरभोगं ॥ १३ ॥
पछी राजाए माणसो मारफते नैवैद्य, पुष्प चंदनआदिक तथा कपूर, अगर अने कस्तूरीना धूपरूपी भोग मगाव्यो. ॥ १३ ॥
राया धूयाइजुओ । धूवकडच्छेहिं कुणइ भोगविहिं ॥ निम्मलचित्तो निच्चल-गत्तो तत्थेव उवविट्ठो ॥ १४ ॥
पछी राजाए पुत्रीसहित धूपनी कडछीओथी भोगविधि कर्यो, तथा निर्मल चित्तथी निश्चल थइने ते त्यांज बेठो. ॥ १४ ॥
उववासतिगं जायं । धूयासहियस्स नरवरिंदस्स ॥ तो रंगमंडवोविहु । रंगंनो जणइ जणहियए ॥ १५ ॥
एवीरीते पुत्रीसहित ते राजाने त्यां त्रण उपावासो थया तेथी ते रंगमंडप पण लोकोना हृदयमां आनंद करतो नथी. ॥ १५

सामंतमंतिपरिगह–पउरजणेसु विविन्नचित्तेसु ॥ उवचिट्ठेसु निरंतर–जलंतदिप्पंतदीवेसु ॥ १६ ॥
सामंत, मंत्रि आदिक परिवार खेदयुक्त मनथी त्यां बेठो छे, तथा तेजस्वी दीपको पण अखंडरीते बळी रह्या छे. ॥ १६ ॥

केविहु दियंति कन्नाइ । दूसणं केवि नरवरिंदस्स ॥
एवं बहुप्पयारं । परुप्परालावबहुलजणे (मुहरजणे–इति पाठां०)॥१७॥

केटलाक कन्याने दोष आपे छे, तो केटलाक राजाने दोष आपे छे,एवी रीते घणा प्रकारनो लोको परस्पर आलाप संलाप करेछे.

तइयाए रयणीए । पत्थिमजामंमि निज्झणसहाए ॥ सहसत्तिगयणवाणी । संजाया एरिसी तत्थ ॥ १८ ॥
हवे ते त्रीजी रात्रिए पाछले पहोरे सभा शून्य होते छते, एकदम त्यां एवी आकाशवाणी थइ के ॥ १० ॥

दोसु न कोइ कुमारीय। नरवरदोसु न कोइ जिणकारणि ॥ जिणहरु जडिओ जं। तं निसणउ सहु कोइ॥१९॥
अहिं जिननी आसातना संबंधि कुमारीनो के राजानो कंइ दोष नथी, जे कारणथी आ जिनमंदिरनां द्वारो बंध थयां छे, तेनुं कारण सर्व कोइ सांभळो? ॥ १९ ॥

तं सोऊणं बाला । संजाया हरिसजणियरोमंचा ॥ रायाविहु साणंदो । संजाओ तेण वयणेणं ॥ २० ॥
ते सांभळी ते कन्या पण हर्षथी रोमांचित थइ, अने राजा पण ते वचनथी आनंदयुक्त थयो. ॥ २० ॥

लोयावि सप्पमोया । जाया सव्वे विचिंतयंति अहो ॥ किं कारणं कहिस्सइ । तत्तो वाणी पुणो जाया ॥ २१ ॥

लोको पण सघळा हर्षयुक्त थयाथका विचारे छे के, अहो! आ शुं कारण कहेशे? एटलामां फरीने पाछी आकाशवाणी थइ. ॥२१॥

जसु नरदिट्ठिइ होइ–स्सइ जिणहरु मुक्कदुवारु ॥ सो इज मयणमंजू–सियह होइस्सइ भत्तारु ॥ २२ ॥

जे पुरुषनी द्रष्टिथी आ जिनमंदिरनां कमाड उघडशे, ते आ मदनमंजूषानो भरतार थशे. ॥ २२ ॥

गाढयरं तो तुट्ठा । सव्वे चिंतंति कस्सिमा वाणी ॥ एवं च कया होही । तत्तो जाया पुणो वाणी ॥ २३ ॥

ते सांभळी अत्यंत खुशी थयेला लोको विचारवा लाग्याके, आ वाणी कोनी हशे? अने तेम क्यारे थशे? एवामां वळी वाणी थइ के

सिरिरिसहेसरओलगिणि । अहं चक्केसरि देवि ॥ भासप्भंतररितसुनरह । आविसु निरथइ लेवि ॥ २४ ॥

हुं श्रीऋषभदेवप्रभुनी किंकरी चक्केसरी देवी छुं, अने एकमासनी अंदर ते वरने लेइने हुं आवुं छुं. ॥ २४ ॥

इच्छंतरंमि जायं । विहाणयं वज्जियाइं तुराइं ॥ रायावि सपरिवारो । समुट्ठिओ नियगिहं पत्तो ॥ २५ ॥

एटलामां प्रभात थयो, अने वाजां वाग्यां त्यारे राजा पण परिवारसहित उठीने पोताने घेर गयो. ॥ २५ ॥

तत्तो कयगिहपडिमा–पूयाइ विहिइ पारणं विहियं ॥ सव्वत्थवि वित्थरिया । सा वत्ता लोयमज्झंमि ॥ २६ ॥

पछी घरमां रहेली जिनप्रतिमानी विधिपूर्वक पूजा करीने तेणे पारणुं कर्युं; अने ते वात सर्व जगाए लोकोमां फेलाइ. ॥ २६ ॥

आवंति तओ लोया। सपमोया जिणहरस्स दारंमि ॥ अणउग्घडिए तंमिवि। पुणोवि गच्छंति सविसाया ॥ २७ ॥
त्यारे सर्व लोको हर्षसहित ते जिनमंदिरना द्वारपासे आवेछे, परंतु ते द्वार उघडतां नथी, तेथी विषाद पामीने तेओ पाछा चाल्याजायछे
तं जिणहरस्स दारं। केणावि नो सक्कियं उघाडेउं ॥ किंतु कओ बहुएहिं। उग्घाडो नियय कम्माणं ॥ २८ ॥
एवी रीते ते जिनमंदिरनुं द्वार कोइपण उघाडी शक्युं नथी, परंतु तेओए ( त्यां आवीने ) पोताना कर्मोनो उघाड कर्यो छे. ॥२८॥
एवं च तस्स चेइ-हरस्स ढंकियदुवारदेसस्स ॥ संजाओ किंचूणो। मासो एयं तमत्थरियं ॥ २९ ॥
एवी रीते ते जिनमंदिरनां बारणां बंध थये एक मासमां थोडाक दिवस ओछा छे, एवी रीतनुं अहीं आश्चर्य थइ रह्युं छे. ॥ २९ ॥
जइ पुण पुरिसोत्तम तं-सि चेव तं जिणहरस्स वरदारं ॥ उग्घाडेसि धुवं तो। मिलिया चक्केसरीवाणी ॥ ३० ॥
माटे हे उत्तम पुरुष! तमो जो ते जिनमंदिरनुं उत्तम द्वार उघाडशो तो खरेखर ते चक्केश्वरीदेवीनी वाणी मलशे. ॥ ३० ॥
तो तं कुणसु महायस। जिणभवणुग्घाडियं तुरियमेव ॥ उग्घाडिए तंमि जओ। अम्हाणवि उग्घडइ पुन्नं ॥ ३१ ॥
माटे हे महायशवाला! तमो तुरत ते जिनमंदिर उघाडवानुं करो? ते उघडवेथी अमारां पण पुण्य उघडशे. ॥ ३१ ॥
तत्तो कुमरो तुरियं। तुरयारूढो पयंपए सिट्ठिं ॥ आगच्छसु ताय तुमंपि। जिणहरं जेण गच्छामो ॥ ३२ ॥
त्यारे कुमार तुरत घोडापर चडीने शेठने कहे छे के, हे पिताजी! तमो पण चालो, के जेथी आपणे जिनमंदिरे जइये. ॥ ३२ ॥

तो सिट्ठी कुमरंपइ । जंपइ तुम्भे अवेयणा जेणं ॥ भुंजह अणज्जियं चिय । निच्चं निरखीणकम्माणो ॥ ३३ ॥
ते सांभली शेठ कुमारने कहे छे के, तमोने कंइ व्याधि नथी, माटे हमेशां कंइ कामकाजविनाना एवा तमो खुशीथी विना मेहेनते सुख भोगव्या करो. ॥ ३३ ॥

तूणं तुम्हाणंपिव । अम्हेवि न तारिसा इहच्छामो ॥ गच्छ तुम्हं चिय अम्मे । नियकज्जाइं करिस्सामो ॥ ३४ ॥
वली खरेखर अमो तमारी पेठे अहीं तेवा नथी, माटे तमो जाओ, अमो तो अहीं अमारुं काम करशुं. ॥ ३४ ॥

तो धवलं मुत्तूणं । अन्नो सव्वोवि सत्थपरिवारो ॥ चलिओ कुमरेण समं । पत्तो जिणभवणपासंमि ॥ ३५ ॥
त्यारे एक धवलने छोडीने बीजो सघलो परिवार कुमारसाथे चाल्यो, अने जिनमंदिरनी नजीक आव्यो. ॥ ३५ ॥

कुमरो भणेइ भो भो । पिहुपिहु गच्छेह जिणवरदुवारं ॥ जेण फुडं जाणिज्जइ । सा दारुग्घाडओ पुरिसो ॥ ३६ ॥
त्यारे कुमारे कह्युं के तमो सघला जुदा जुदा जिनमंदिरना द्वार पासे जइ आवो, के जेथी प्रगटरीते द्वार उघाडनार पुरुष जणाइ आवे.

तो जंपइ परिवारो । मा सामिय एरिसं समाइससु ॥ किं सूरमंतरेणं । पडिवोहइ कोवि कमलवणं ॥ ३७ ॥
त्यारे ते परिवार बोल्यो के, हे स्वामी! तमो एम बोलो नही, केमके सूर्यविना कोइ कमलना वनने शुं प्रफुल्लित करी शके छे? ॥ ३७ ॥

ससिमंडलं विणा किं । कुमुयवणुल्लासणं कुणइ कोवि ॥ किंच वसंतेण विणा । वणराइं कोवि मंडेइ ॥ ३८ ॥

वली चंद्रना मंडलविना कुमुदोना वनने शुं कोइ विकस्वर करी शके छे? तेमज वसंतऋतुविना वनराजि शुं कोइ शणगारी शके छे!

किं सहकारेण विणा । ऊग्घाडइ कोवि कोइलाकंठं ॥ ता देव तं दुवारं । तुमं विणा केण उग्घडइ ॥ ३९ ॥

वली आंबाविना शुं कोइ कोयलनो कंठ उघडी शके छे? माटे हे देव! आपविना ते द्वार शुं कोइथी उघडे तेम छे? ॥ ३९ ॥

तो कुमरो तुरयाइ । मोइत्ता विहियउत्तरासंगो ॥ कयनिस्सीहिसद्दो । सीहदुवारंमि पविसेइ ॥ ४० ॥

त्यारे श्रीपालकुमार घोडाआदिकने छोडीने, तथा उत्तरासंग करीने, अने निस्सीही शब्द ओचरीने ते द्वारमते प्रवेश करे छे.॥४०॥

जा जाइ मंडवंतो । कुमरो उप्फुल्लनयणमुहकमलो ॥ ता कयकिंकाररवं । अररिजुयं झत्ति उग्घडियं ॥ ४१ ॥

जेवामां ते प्रफुल्लित नेत्र तथा मुखकमलवालो कुमार मंडपनी अंदर जायछे, तेवामां कडकडाट शब्द करती बन्ने भोगळो उघडी गइ.

सो तत्थ रिसहनाहं । वत्थालंकारघुसिणकयपूयं ॥ अमिलाणकुसुमदामं । वंदिय ढोएइ फलमडलं ॥ ४२ ॥

पछी त्यां तेणे वस्त्र,अलंकार तथा केसरथी पूजेला,अने नही करमायेली पुष्पमालावाला एवा श्रीऋषभदेवमभने वांदिने घणां फलो धर्यो.

इत्थंतरंमि राया । धूयासहिओ समागओ तत्थ ॥ अच्छरियकारिचरियं । पिच्छइ कुमरं निहुय निहुयं ॥ ४३ ॥

एवामां राजा त्यां पोतानी पुत्रीसहित आव्यो, तथा आश्चर्य करनार चरित्रवाला एवा ते श्रीपालकुमारने निरखी निरखीने ते जुए छे.

कुमरोवि हरिसवओ । पंचंगपणामलीढमहिवीढो ॥ सिहसंठियकरकमलो । रिसहजिणंदं थुणइ एवं ॥ ४४ ॥

कुमार पण हर्षित थयाथका पंचांगप्रणामथी पृथ्वीने स्पर्श करताथका मस्तकपर हस्तकमल राखीने आवी रीते श्रीऋषभदेवप्रभुनी स्तुति करे छे. ॥ ४४ ॥

**सिरिसिद्धचक्कनवपय–महल्लपढमिल्लपयमय जिणिंद ॥ असुरिंदसुरिंदच्चिय–पयपंकयनाह तुज्झ नमो ॥ ४५ ॥**

श्रीसिद्धचक्रजीना नवे पदोमां महान् तथा प्रथम पदरूप एवा हे जिनेश्वर! तथा असुरेंद्र अने सुरेंद्रथी पूजाएलां चरणकमलोवाला एवा हे नाथ आप प्रते नमस्कार थाओ? ॥ ४५ ॥

**सिरिरिसहेसरसामिय । कामियफलदाणकप्पतरुकप्प॥कंदप्पदप्पगंजण । भवभंजण देव तुज्झ नमो ॥ ४६ ॥**

हे श्रीऋषभदेवप्रभु! तथा हे इच्छित फलो देवामां कल्पवृक्ष समान! हे कामदेवना अहंकारने गंजनारा! तथा हे भवभंजन! आप प्रते नमस्कार थाओ ॥ ४६ ॥

**सिरिनाभिनामकुलगर–कुलकमलोल्लासपरमहंससम ॥ असमतमतमतमो-भरहरणिक्कपई तुज्झ नमो॥४७॥**

हे श्रीनाभिनामना कुलकरना कुलरूपी कमलने विकस्वर करवामां श्रेष्ठ सूर्यसमान! तथा हे अत्यंत अज्ञानरूपी अंधकारना समूहने हरवामां एक दीपकसमान प्रभु! आपने नमस्कार थाओ? ॥ ४७ ॥

**सिरिमरुदेवासामिणि–उयरदरीदरियकेसरिकिसोर ॥ घोरभुयदंडखंडिय–पयंडमोहस्स तुज्झ नमो ॥ ४८ ॥**

हे श्रीमरुदेवामाताना उदररूपी गुफामां निर्लोभि केसरिसिंहना बालकसमान! तथा भयंकर भुजदंडथी हणेल छे प्रचंडमोहने जेणे

एवा हे प्रभु! आपप्रते नमस्कार थाओ? ॥ ४८ ॥

**इख्खागवंसभूसण । गयदूसण दुरियमयगलमयंद ॥ चंदसमवयणवियसिय–नीलुप्पलनयण तुज्झ नमो ॥४९॥**

हे ईक्ष्वाकुवंशमां आभूषणसमान! तथा हे दूषणरहित! तथा हे पापरूपी हाथीओप्रते सिंहसमान! तथा हे चंद्रसमान मुखवाला! तथा हे विकस्वरकमलसरखी आंखोवाला! आपप्रते नमस्कार थाओ ॥ ४९ ॥

**कल्लाणकारणुत्तम–तत्तकणयकलससरिससंठाण ॥ कंठट्ठियकलकुंतल–नीलुप्पलकलिय तुज्झ नमो ॥ ५० ॥**

हे कल्याणकरनारा तथा हे उत्तम अने तपावेला सुवर्णना कलस सरखा आकारवाला कंठमां स्थापेला मनोहर कुंतलरूपी श्याम कमलथी शोभावाला थयेला एवा आपप्रते नमस्कार थाओ. ॥ ५० ॥

**आईसर जोईसर–लयगयमणलख्खलख्खियसरूव ॥ भवकूवपडियजंतु–त्तारणजिणनाह तुज्झ नमो ॥ ५१ ॥**

वली हे आदीश्वर! तथा हे योगीश्वरोनां ध्यानने प्राप्त थयेलां लाखोगमे मनोथी लक्षितथयेला तथा हे संसाररूपी कुवामां पडेला जंतुओने तारनारा एवा जिनेश्वर! आपने नमस्कार थाओ? ॥ ५१ ॥

**सिरिसिद्धसेलमंडण । दुहखंडण खयररायनयपाय ॥ सयलमहसिद्धिदायग । जिणनाय होउ तुज्झ नमो ॥ ५२ ॥**

हे शत्रुंजयनी शोभावाला! हे दुःखोना नाश करनारा! हे खेचरेश्वरोथी नमायेला चरणोवाला! तथा हे सर्व महासिद्धिओना देनारा एवा हे जिननायक! आपप्रते नमस्कार थाओ? ॥ ५२ ॥

तुज्झ नमो तुज्झ नमो। तुज्झ नमो देव तुज्झ चेव नमो॥ पणयसुररयणसेहर–रुइरंजियपाय तुज्झ नमो ॥५३॥

हे देव! आपप्रते नमस्कार थाओ? आपप्रते नमस्कार थाओ? आपप्रते नमस्कार थाओ? हे नमेला एवा देवोना रत्नोना मुकुटोनी कांतिथी रंगायेला छे चरणो जेना एवा हे प्रभु! आपप्रते नमस्कार थाओ? ॥ ५३ ॥

इति स्तव० रायावि सुआसहिओ। निसुणंतो कुमरविहियसंथवणं॥ आणंदपुलइयंगो। जायइ अमिएणसित्तोव्व

एवी रीते स्तवन जाणवुं. हवे राजा पण पुत्रीसहित कुमारे करेलां स्तवनने सांभलीने आनंदथी रोमांचित शरीरवालो थइने जाणे अमृतथी सींचायो होय नही, तेवो थयो. ॥ ५४ ॥

कुमरोवि जिणं नमिउं। सीसंमि निवेसिऊण जिणसेसं॥ वहिमंडवंमि करवं–दणेण वंदेइ नरनाहं ॥ ५५ ॥

पछी श्रीपालकुमार पण प्रभुने नमीने, तथा प्रभुनी निर्माल्य एवी पुष्पआदिकनी शेषाने मस्तके चडावीने बहारना मंडपमां आवीने करवंदनथी राजाने प्रणाम करे छे. ॥ ५५ ॥

नरनाहो अभिणंदिय। तं पभणइ वत्थ जह तए भवणं॥ उग्घाडियं तहा निय–चरियंपि हु अम्ह पयडेसु ॥५६॥

पछी राजा तेनी प्रशंसा करीने तेने कहे छे के, हे वत्स! जेम तमोए जिनमंदिरनां द्वार उघड्यां तेम तमारुं चरित्र पण अमारी पासे प्रगट करो? ॥ ५६ ॥

नियनामंपि हु जंपं–ति नोत्तमा ता कहेमि कह चरियं॥ इय चिंतइ जा कुमरो। ता पत्तो चारणमुणिंदो ॥ ५७ ॥

उत्तम पुरुष पोतानुं नाम मुखथी प्रकाशता नथी, तो हुं मारुं चरित्र केम कहुं? एवी रीते श्रीपालकुमार जेवामां चिंतवे छे. तेवामां त्यां एक चारणमुनि पधार्या. ॥ ५७ ॥

**सो वंदिऊण देवे । उवविट्ठो जाव ताव तं नमिउं ॥ उवविट्ठेसु निवाइसु । चारणसमणो कहइ धम्मं ॥ ५८ ॥**

ते मुनि प्रभुने वांदीने जेवामां बेठा, तेवामां राजाआदिक तेमने वांदीने बेसते छते चारणमुनि धर्मोपदेश देवा लाग्या के ॥ ५८ ॥

**भो भो महाणुभावा । सम्मं धम्मं करेह जिणकहियं ॥ जइ वंछह कल्लाणं । इह लोए तहय परलोए ॥ ५९ ॥**

हे महानुभावो! जो आ लोक अने परलोकमां कल्याण इच्छता हो तो श्रीजिनेश्वरप्रभुए कहेलो धर्म करो? ॥ ५९ ॥

**धम्मो जिणेहिं कहिओ । तत्ततिगाराहणामओ रम्मो ॥ तत्ततिगं पुण भणियं । देवो य गुरु य धम्मो य ॥ ६० ॥**

श्रीजिनेश्वरप्रभुए त्रण तत्वोने आराधवारूप मनोहर धर्म कह्यो छे, अने ते त्रणे तत्वो देव, गुरु अने धर्मरूप कह्यां छे. ॥ ६० ॥

**इक्किक्कस्स य भेया । कमसो दो तिन्नि हुंति चत्तारि ॥ तत्थरिहंता सिद्धा । दो भेया देवतत्तस्स ॥ ६१ ॥**

हवे ते एकेकना अनुक्रमें बे, त्रण अने चार भेदो छे; तेमां देवतत्वना अरिहंत अने सिद्ध एम बे भेदो छे. ॥ ६१ ॥

**आयरियउवज्झाया । सुसाहुणो चेव तिन्नि गुरुभेया ॥ दंसणनाणचरित्तं । तवो य धम्मस्स चउभेया ॥ ६२ ॥**

आचार्य, उपाध्याय अने सुसाधु एम गुरुतत्वना त्रण भेदो छे, तथा ज्ञान, दर्शन, चारित्र अने तप एम धर्मना चार भेदो छे. ॥६२॥

एएसु नवपएसु । अवयरियं सासणस्स सव्वस्सं ॥ ता एयाइं पयाइं । आराहह परमभत्तीए ॥ ६३ ॥

ए नवे तत्वोमां जिनशासनना सर्व सारनो समावेश थाय छे; माटे ए नवे पदोनुं परम भक्तिथी आराधन करवुं.॥ ६३ ॥

ताणि इमूणि—जियंतरंगारिजिणे सुनाणे । सपाडिहेराइसयप्पहाणे ॥

संदेहसंदोहरयं हरंते । झाएह निच्चंपि जिणेऽरिहंते ॥ ६४ ॥

ते नवे तत्वो नीचेमुजब छे—अंतरंग शत्रुओने जीतनारा, उत्तम ज्ञानवाळा, प्रातिहार्यसहित अतिशयोथी मनोहर थयेला, तथा संदेहना समूहरूपी रजने हरनारा, एवा श्रीअरिहंतप्रभुने हमेशां ध्यावो? ॥ ६४ ॥

दुट्ठट्ठकम्मावरणप्पमुक्के । अणंतनाणाइसिरीचउक्के ॥ समग्गलोगग्गपयप्पसिद्धे । झाएण निच्चंपिस मत्थसिद्धे।६५

दुष्ट एवां आठे कर्मोनां आवरणोथी मूकायेला. तथा अनंत ज्ञानआदिक चारेनी लक्ष्मीवाळा समग्र लोकना अग्रभागरूपी स्थानमां रहेला, एवा सर्वे सिद्धोने हमेशां ध्यावो? ॥ ६५ ॥

न तं सुहं देइ पिया न माया । जं दिंति जीवाणिह सूरिपाया ॥

तम्हा हु ते चेव सया महेह । जं मुक्खसुक्खाइं लहुं लहेह ॥ ६६ ॥

जे सुखी प्राणीओने आचार्यमहाराज आपे छे, ते सुख माता अथवा पिता पण देता नथी, माटे ते आचार्योने तमो हमेशां पूजो,

के जेथी मोक्ष सुख तुरत मले. ॥ ६६ ॥

**सुत्तत्थसंवेगमयस्सुएणं। संनीरखीरामयविस्सुएणं ॥ पीणंति जे ते उवझायराए। झाएह निच्चंपि कयप्पसाए॥**

उत्तम जल, क्षीर तथा अमृतसरखां सूत्र अर्थ तथा वैराग्यमय ज्ञानें करीने जे भव्योने खुशी करेछे,एवा कृपा करनारा उपाध्यायोने पण तमो हमेशां ध्यावो? ॥ ६७ ॥

**खंते य दंते य सुगुत्तिगुत्ते। मुत्ते पसंते गुण जोगजुत्ते ॥ गयप्पमाए हयमोहराये। झाएह निच्चं मुणिरायपाए ॥६८॥**

क्षमावान्, दांत, गुप्तिओथी गुप्त थयेला, निस्पृही, शांत तथा गुणवाला, प्रमाद विनाना, मोह तथा मायाने हणनारा, एवा श्रीमुनिराजोने तमो हमेशां ध्यावो? ॥ ६८ ॥

**जं दव्वछक्कायसुसद्दहाणं। तं दंसणं सव्वगुणप्पहाणं ॥ कुग्गाहवारी उवसंति जेण। जहा विसुद्धेण रसायणेण ॥६९॥**

छ द्रव्यआदिकनी उत्तम श्रद्धारूप तथा सर्व गुणोवडे करीने उत्तम, तथा जेम उत्तम रसायनथी व्याधि नाश पामे छे, तेम जेथी कदाग्रहरूपी व्याधि शांत थाय छे, एवा दर्शनने तमो ध्यावो? ॥ ६९ ॥

**नाणं पहाणं नयचक्कसिद्धं। तत्तावबोहिक्कमयं पसिद्धं॥धरेह चित्तावसहे फुरंतं।माणिक्कदीओव्व तमो हरंतं।७०॥**

नयचक्रथी सिद्ध थयेलां, तथा एक तत्वनाज बोधरूप, प्रसिद्ध देदीप्यमान अने माणिक्यना दीपकनी पेठे अज्ञानरूपी अंधकारने हरनारां एवां ते उत्तम ज्ञानने मनरूपी स्थानकमां तमो धारण करो? ॥ ७० ॥

चरित्रं ॥१०६॥

सुसंवरं मोहनिरोहसारं। पंचप्पयारं विगयाइयारं॥ भूलोत्तराणेगगुणप्पवित्तं। पालेह निच्चंपि हु सच्चरित्तं ॥७१॥
उत्तम संवररूप, मोहने अटकावनारुं अतिचाररहित, तथा अनेक प्रकारना मूल अने उत्तरगुणोथी पवित्र थयेलुं एवुं पांच प्रकारनुं जे उत्तम चारित्र तेने हमेशां पालो? ॥ ७१ ॥

वज्झं तहाभिंतरभेयमेयं। कयाइदुज्झेयकुकम्मभेयं॥ दुक्खक्खयत्थं कयपावनासं। तवं तवेहागमियं निरासं ७२॥
बाह्य तथा अभ्यंतर भेदवाला, तथा अत्यंत दुर्भेद एवां पण कर्मोने भेदनारां, तथा पापोनो नाश करनारां, अने आगममां वर्णवेलां एवा तपने कंइ पण इच्छाविना दुःखोना क्षयमाटे आचरो? ॥ ७२ ॥

एयाइं जे केवि नवप्पयाइ। आराहयंतिट्ठफलप्पयाइं॥लहंति ते सुक्खपरंपराणं॥सिरिं सीरीपालनरेसरुव्व ।७३।
एवीरीते मनोवांछित फलोने आपनारां एवां आ नवे पदोने जे कोइ आराधे छे, तेओ श्रीपालराजानी पेठे सुखोनी श्रेणिओवाळी लक्ष्मीने मेळवे छे. ॥ ७३ ॥

राया पुच्छइ भयवं। को सिरिपालुत्ति मुणिंदोवि ॥ करसन्नाए दंसइ । एसो तुह पासमासीणो ॥ ७४ ॥
ते सांभळी राजा पूछे छे के हे भगवन्! ते श्रीपालराजा कोण छे? त्यारे ते मुनींद्र पण हाथनी संज्ञाथी देखाडे छे के हे राजन्! ते आ तमारी पासे बेठा छे. ॥ ७४ ॥

तं नाऊणं राया। सप्पमोओ विन्नवेइ मुणिरायं ॥ भयवं कगेह पयडं । एयस्स सरूवमम्हाणं ॥ ७५ ॥

ते जाणीने राजा हर्षसहित मुनिराजने विनवे छे के हे भगवन्! अमारी पासे तेमनुं वृत्तांत मकट करो? ॥ ७५ ॥

तत्तो चारणसमणे-ण तेण आमूलचूलमेयस्स ॥ कहियं ताव चरित्तं । जिणभवणुग्घाडणं जाव॥ ७६ ॥

त्यारे ते चारणमुनिए छेक मूलथी मांडीने आ जिनमंदिरना कमाड खोल्यां त्यांसुधिनुं तेमनुं चरित्र कही संभलाव्युं. ॥ ७६ ॥

इत्तोवि परं एसो । परिणिंतोणेगरायकन्नाओ ॥ पियरज्जे उवविट्ठो । होही रायाहिराउत्ति ॥ ७७ ॥

तथा वली कह्युं के हजु पण आ कुमार अनेक राजकन्याओने परणीने पोताना पिताना राज्यपर बेशीने राजाओनो पण राजा थशे.

तत्थ सिरिसिद्धचक्कं । विहिणा आराहिऊण भत्तीए ॥ पाविस्सइ सग्गसुहं । कमेण अपवग्गसुक्खं च ॥ ७८ ॥

वली त्यां भक्तिपूर्वक विधिथी श्रीसिद्धचक्रने आराधीने ते स्वर्गनुं सुख पामशे; तथा अनुक्रमे मोक्षसुख पण पामशे. ॥ ७८ ॥

तत्तो एस महप्पा । महप्पभावो महायसो धन्नो ॥ कयपुन्नो महभागो । संजाओ नवपयपसाया ॥ ७९ ॥

माटे आ महात्मा नवपदजीना पसायथी महाप्रभाविक, महायशस्वी, धन्य, पुण्यशाली तथा महा भाग्यवान् थयेल छे, ॥ ७९ ॥

जो कोइ महापावो । एयस्सुवरिंपि किंपि पडिरूवं ॥ करिहीसुच्चिय लहिही । तक्कालं चेव तस्स फलं ॥ ८० ॥

जे कोइ महापापी आ श्रीपालपर कंइ पण बुरुं करशे, ते खरेखर तेज वखते तेनुं फल पामशे. ॥ ८० ॥

एयस्स सिद्धसिरी-सिद्धचक्कनवपयपसायपत्तस्स ॥ धूवमापयावि होही । गुरुसंपयकारणं चेव ॥ ८१ ॥

वळी श्रीसिद्धचक्रजीना नवे पदोना पसायथकी एवा आ श्रीपालराजाने थनारी आपदाओ पण खरेखर महोटीसंपत्तिना कारणरूप थशे.

**एवं चेव कहं ते । संपत्तो मुणिवरो गयणमग्गे ॥ लोओवि सप्पमोओ । जाओ नरनाहपामुक्खो ॥ ८२ ॥**

एम कहीने ते मुनिमहाराज तो आकाश मार्गे चाल्या गया; हवे ते सांभळी राजाआदिक लोको पण हर्षित थया. ॥ ८२ ॥

**तक्कालं च्चिय कुमरस्स । तस्स दाऊण मयणमंजूसं ॥ काऊण य सामग्गिं । सयलंपि विवाहपव्वस्स ॥ ८३ ॥**

हवे तेज वखते राजाए विवाहमहोत्सवनी सघळी सामग्री करावीने, तथा श्रीपालकुमार प्रते पोतानी पुत्री मदनमंजूषाने सोंपीने, ८३

**तस्स भवणस्स पुरओ । मिलिए सयलंमि नयरलोयंमि ॥ महया महेण रन्ना । पाणिग्गहणंपि कारवियं ॥ ८४ ॥**

ते राजमंदिरमां नगरना सर्व लोको एकठा थये छते राजाए महोटा महोत्सव पूर्वक तेमनो विवाह कर्यो. ॥ ८४ ॥

**दिन्नाइं बहुविहाइं । मणिकंचणरयणभूसणाईणि ॥ दिन्ना य हयगयावि य । दिन्नो य सुसारपरिवारो ॥ ८५ ॥**

ते समये राजाए तेमने घणा प्रकारनां मणि, सुवर्ण, रत्न तथा आभूषणोआदिक आप्यां, तेमज घोडा हाथीआदिक अने उत्तम परिवार पण आप्यो. ॥ ८५ ॥

**दिन्नो य वारावासो । तत्थ ठिओ दोहिं वरकलत्तेहिं ॥ सहिओ कुमारराओ । जाओ सव्वत्थ विक्खाओ ॥ ८६ ॥**

वळी एक श्रेष्ठ मकान आप्युं, त्यां पोतानी बन्ने स्त्रीओ साथे ते श्रीपालकुमार रहाथका सर्व जगोए विख्याति पाम्या. ॥ ८६ ॥

निच्चंपि तंमि चेइय-हरंमि कुमरो करेइ साणंदो ॥ पूयापभावणाहिं । सहलं नियरिद्धिवित्थारं ॥ ८७ ॥

हवे त्यां ते कुमार हमेशां ते जिनमंदिरमां आनंदसहित पूजा अने प्रभावनाथी पोतानी ऋद्धिना विस्तारने सफल करे छे. ॥ ८७ ॥

अह चित्तमासअट्ठा-हियाओ तत्थ विहिपुव्वं ॥ सिरिसिद्धचक्कपूया-विहीओ आराहिआ तेण ॥ ८८ ॥

हवे एम करतां चैत्रमासनी अट्ठाइ आवी, त्यारे कुमारे त्यां विधिपूर्वक श्रीसिद्धचक्रनी पूजाविधि तथा आराधन कर्युं. ॥ ८८ ॥

अन्नदिणे तस्स जिणा-लयस्स सुवलाणयंमि आसीणो ॥ राया कुमरसहिओ। कारावइ जाव जिणमहिमं ॥८९॥

हवे एक दिवस ते जिनमंदिरना रंगमंडपमां राजा कुमारसहित बेठा थका जेवामां जिनेश्वरप्रभुनी पूजा रचावे छे, ॥ ८९ ॥

ता दंडपासिएणं । विन्नत्तो देव सत्थवणिण्णं ॥ एगेण दाणभंगं । काउं आणावि तुह भग्गा ॥ ९० ॥

तेवामां कोटवाले आवीने राजाने विनंति करीके हे स्वामी! एक सार्थना वणिके दाणचोरी करीने आपनी आज्ञा पण भांगी छे.९०

सो अत्थि मए बद्धो । एसो को तस्स सासणाएसो ॥ राया भणेइ आणा-भंगे पाणा हरिज्जंति ॥ ९१ ॥

तेने में बांध्योछे,तेथी तेने माटे आपसाहेबनो शुं हुकमछे? त्यारे राजाए कह्युंके,जो तेणे आणा भांगी होय तो तेना प्राणो हरवां.

कुमरो भणेइ मामा । मारणआएसमिहट्ठिओ देसु ॥ सावज्जवयणकहणेवि । जिणहरे जेण गुरुदोसो ॥ ९२ ॥

ते सांभली कुमारे कह्युं के, हे राजेंद्र! अहीं जिनमंदिरमां रहीने मारवानो हुकम आपवो योग्य नही, केमके जिनमंदिरमां सावद्य

वचन बोलवाथी घणो दोष लागे छे, ॥ ९२ ॥

**तो राया छोडाविय। अणावइ जाव निययपासंमि ॥ तं दठ्ठूण कुमारो । उवलख्खइ धवलमत्थवइं ॥ ९३ ॥**

त्यारे राजा तेने छोडावीने जेवामां पोतानी पासे तेने बोलावेछे,तेवामां कुमारे तेने जोइने ओलखी कहाड्यो के,आतो धवलशेठछे.

**चिंतइ मणे कुमारो । अहह कहं एरिसंपि संजायं ॥ अहवा लोहवसेणं । जीवाणं किं न संभवइ ॥ ९४ ॥**

पछी कुमारे मनमां विचार्यु के अहह! आवुं केम थयुं हशे! अथवा लोभने वशे जीवोने शुं नथी संभवतुं? ॥ ९४ ॥

**तं नियजणयसमाणं । कहिउं मोआविओ नरिंदाओ। उवयारपरो कुमरो । विसज्जए नियठाणे य ॥ ९५ ॥**

पछी उपकार करवामां तत्पर एवा ते श्रीपालकुमारे तेने पोताना वडिलसरखुं मान अपावीने राजा पासे छोडाव्यो. अने तेने पोताने स्थानके मोकलाव्यो. ॥ ९५ ॥

**अह अन्नदिणे कुमरो । विन्नत्तो वाणिएण एगेणं ॥ सामिय पूरियपोया । अम्ह सव्वेवि संवहिया ॥ ९६ ॥**

हवे एक दिवसे ते श्रीपालकुमारने एक वणिके आवीने विनति करी के, हे स्वामी! वहाणो सघलां मालथी भराइ गयां छे, अने अमो पण सघला प्रयाण माटे तैयार थइ गया छीये. ॥९६॥

**तो जह च्चिय कुसलेणं। अम्हे तुम्हेहिं आणिया इहयं ॥ तह नियदेसंमि पुणो। सामिय तुरियं पराणेह ॥ ९७ ॥**

माटे हवे जेम तमो अमोने अहीं कुशले लाव्या छो तेम हे स्वामी! पाछा अमोने अमारा देशमां तुरत पहोंचाडो. ॥ ९७ ॥

तो कुमरो नरनाहं । आपुच्छइ निययदेसगमणत्थं ॥ कहवि सो विसज्जइ । काऊणं गुरुयसम्माणं ॥ ९८ ॥
त्यारे कुमारे पोताना देशमां जवामाटे राजानी आज्ञा मागी, त्यारे तेणे पण तेनुं महोटुं सन्मान करीने घणी महेनते आज्ञा आपी.
दाऊं सुयाइ सिख्खं । कुमरस्स भलाविऊण धूयं च ॥ पोयंमि समारोविय कुमरं वलिओ नरवरिंदो ॥ ९९ ॥
पछी पोतानी पुत्रीने शिखामण आपीने तथा कुमारने सोंपीने, अने कुमारने वहाणपर चडावीने राजा पाछो वल्यो. ॥ ९९ ॥
कुमरो बहुमाणेणं । धवलंपि हु सारसारपरिवारं ॥ नियपोयमि निवेसइ । सेसजणेसेसपोएसु ॥ ६०० ॥
हवे श्रीपालकुमार घणामानथी उत्तम उत्तम परिवारने तथा धवलशेठने पण पोताना वहाणमां बेसाडे छे, अने बाकीना माणसोने बीजा वहाणोमां बेसाडे छे.
पच्छाणमंगलंमि य । पहआओ दुंदुहीउ भेरिओ ॥ सज्जीकया य पोया । चल्लंति महल्लवेगेणं ॥ १ ॥
हवे प्रस्थानमंगलनी नोबत शरणाइ वाग्यां, वहाणोने तैयार कर्यां, जेथी तेओ मोटा वेगथी चालवा लाग्यां. ॥ १ ॥
पोआरूढो कुमरो । जलहिं मिवि अणुहवेइ लीलाओ जह पालयाहिरूढो । देविंदो गयणमग्गेवि ॥ २ ॥
हवे वहाणमां बेठेलो कुमार समुद्रमां पण, जेम पालक विमानमां बेठेलो इंद्र आकाश मार्गमां तेम लीला अनुभवे छे. ॥ २ ॥
दट्ठूण कुमरलीलं । रमणीजुयलं च रिद्धिवित्थारं ॥ धवलोवि चलियचित्तो । एवं चिंतेअमाढत्तो ॥ ३ ॥

एवीरीतनुं कुमारनुं सुख, बन्ने स्त्रीओ तथा ऋद्धिनो विस्तार जोइने चपलचित्तवालो धवलशेठ एम विचारवा लाग्यो के॥ ३ ॥

**अहह अहो जणमित्तो । संपत्तो केरिसिं सिरिं एसो ॥ अन्नं च रमणिजुयलं । एरिसयं जस्स सो धन्नो ॥ ४ ॥**

अहो! आ मनुष्य मात्र छतां पण केटली बधी लक्ष्मी पाम्यो! तथा जेने आवी बे रमणीओ मली, माटे तेने धन्य छे. ॥ ४ ॥

**ता जइ एयस्स सिरिं । रमणीजुयलं च होइ मह कहवि ॥ ताहं होमि कयत्थो । अकयत्थो अन्नहा जम्मो ॥ ५ ॥**

परंतु हवे जो कोइक पण उपायथी आनी आ लक्ष्मी अने बन्ने रमणीओ जो मारे हाथ आवे तो हुं कृतार्थ थउं,नहीतर मारो जन्म नकामोछे.

**एवं सो धणलुद्धो । रमणीझाणेण मयणसरविद्धो ॥ दुज्झवसायाणुगओ । न लहेइ रइं ससल्लोव ॥ ६ ॥**

एवी रीते धननो लोभी, तथा ते स्त्रीओनाज ध्यानथी कामदेवना बाणोथी वींधायेलो ते शेठ दुर्ध्यानने प्राप्त थवाथी जाणे शल्ययुक्त होय नही तेम क्यांय पण तेने चेन पडतुं नथी. ॥ ६ ॥

**इक्कल्लओवि लोहो । बलिओ सो पुण सदप्पकंदप्पो ॥ जलणुव्व पवणसहिओ।संतावइ कस्स नो हिययं ॥ ७ ॥**

एकलो लोभ पण बलवान छे, अने ते पण पाछो अहंकार अने कामथी ज्यारे युक्त थयो, त्यारे ते पवनयुक्त थयेला अग्निनीपेठे कोने हृदयमां संताप करतो नथी? ॥ ७ ॥

**तत्तो सो गयनिद्दो । सयणीयगओ य मज्झरयणीए ॥ दुक्खेण टलवलंतो । दिट्ठो तम्मित्तपुरिसेहिं ॥ ८ ॥**

हवे आ संतापथी तेनी निद्रा गइ, अने तेथी बिछानापर गया छतां पण मध्यरात्रिए ते दुःखथी टलवली रह्यो छे, एवी हालतमां

तेना मित्रोए तेने जोयो. ॥ ८ ॥

**पुट्ठो य तेहिं को अज्ज । तुज्झ अंगंमि वाहए वाही ॥ जेण न लहेसि निद्दं । तं कहसु फुडं नियं दुख्खं ॥ ९ ॥**

त्यारे तेओए तेने पूछ्युं के, आजे तमारा अंगमां शुं रोग उत्पन्न थयो छे? के जेथी तमोने निद्रा आवती नथी, माटे तमारुं दुःख प्रगट रीते कहो? ॥ ९ ॥

**कह कहवि सोवि दीहं । नीससिऊणं कहेइ मह अंगं ॥ वाही न बाहए किं । तु बाहए मं दुरंताही ॥ १० ॥**

त्यारे केटलाक आग्रहथी तेपण लांबो निःश्वास नाखीने कहेछे के मारा शरीरमां कंइ रोग नथी परंतु मारा मननी पीडा मने संताप करेछे.

**पुट्ठो पुणोवि तेहिं । का सा तुह माणसी महापीडा ॥ तो सो कहेइ सव्वं । तं नियगं चिंतियं दुट्ठं ॥ ११ ॥**

त्यारे फरीथी तेओए पूछ्युं के, तमारां मननी पीडा शुं छे? त्यारे तेणे पोते करेलो सर्व दुष्ट विचार तेओने कही संभलाव्यो. ॥११॥

**तं निसुणिऊण तेवि । भणंति चउरोवि मित्तवाणियगा ॥ हहहा किमियं तुमए । भणियं कन्नाण सूलसमं ॥१२॥**

ते सांभलीने तेओ चारे वणिक्‌मित्रो कहेवा लाग्या के, हा! हा! आ तमो शुं बोल्या! के जे कर्णोने शूलसमान लागे छे. ॥ १२ ॥

**अन्नस्सवि धनहरणं । न जुज्जए उत्तमाण पुरिसाणं ॥ जंपि हु पहुणो उवया–रिणो य तं दारुणविवागं ॥ १३ ॥**

उत्तम पुरुषोने तो अन्यनुं पण धन हरवुं योग्य नथी,त्यारे उपकारी एवा स्वामिना धनने जे हरवुं, ते तो भयंकर विपाकवाळुंछे. ॥१३॥

इयरित्थीणवि संगो। उत्तमपुरिसाणनिंदिओ लोए॥ जा सामिणीइइच्छा । सा तख्खयसिरिमणिसरिच्छा ।१४।
अन्यनी स्त्रीनो पण संग उत्तम पुरुषोए दुनियामां निंद्यो छे, त्यारे जे पोताना स्वामिनी स्त्रीनी इच्छा करवी, ते तो शेषनागना शिरपर रहेला मणिनी इच्छा करवा जेवुं छे. ॥ १४ ॥

अन्नस्सवि कस्सवि पा–णदोहकरणं न जुज्जए लोए ॥ जं सामिपाणहरणं । तं नरयनिबंधणं नूणं ॥ १५ ॥
कोइ अन्यना पण प्राणोनो द्रोह करवो ते दुनियामां व्याजबी नथी, त्यारे पोताना स्वामिना प्राणने जे हरवा, ते तो खरेखर नरकना कारणरूप छे. ॥ १५ ॥

ता तुम एएरिसयं । पावं कह चिंतियं निए चित्ते ॥ जइ चिंतियं च ता कह । कहियं तुमए सजीहाए ॥१६ ॥
माटे तें आवुं पाप पोतना मनमां शामाटे चिंतव्युं छे? अने कदाच चिंतव्युं तो तें तारी आ जीह्वाथी शामाटे कह्युं? ॥ १६ ॥

आसि तुमं अम्हाणं । सामी मित्तं च इत्तियं कालं ॥ एरिसयं चिंततो । संपइ पुण वरिओ तंसि ॥ १७ ॥
आटला वखतसुधि तो तुं अमारो स्वामी तथा मित्र हतो; परंतु हवे तुं आवुं चिंतवे छे, माटे अमारो शत्रु छो. ॥ १७ ॥

पोआण चालणंतं। तह महकालाओ मोअणं तं च ॥ विज्जाहराओ मोआ–वणं च किं तुज्झ वीसरियं ॥ १८ ॥
तारां वहाणो चलावी आप्यां, तने महाकालथी छोडाव्यो तथा विद्याधरराजा पासेथी पण छोडाव्यो, ए सघळुं शुं तुं वीसरी गयो?

एवंविहोवयाराण–कारिणो जे कुणंति दोहमिणं ॥ दुज्जणजणेसु तेसिं। नूणं धुरि कीरए रेहा ॥ १९ ॥

एवीरीतना उपकार करनारप्रते पण जे द्रोह करे छे, ते खरेखर दुर्जनोनो शिरोमणि कहेवाय छे. ॥ १९ ॥

**मलिणा कुडिलगईओ। परछिद्दरया य भीसणा डसणा ॥ पयपाणेणवि लालं-तयस्स मारंति दोजीहा ॥ २० ॥**

मलीन, कुटिलगतिवाळा, परछिद्रमां रक्त,भयंकर, तथा डंख मारनारा एवा सर्पसरखा दुर्जनो दूध पाइ लाड लडावनारने पण मारेछे.

**पयडियकुसीलयंगा। कयकडुयमुहा य अवगणियणेहा ॥मलिणा कढिणसहावा। तावं न कुणंति कस्स खला ।२१।**

प्रगट करेल छे शरीरमां कुशीलपणुं जेणे एवा तथा कडवुं करेल छे मुख जेणे एवा तथा स्नेहनी ( पक्षे—घृतनी ) अवगणना करनारा, मलीन अने कठिन स्वभाववाला, एवा खलपुरुषो ज्वरनी पेठे कोने ताप करता नथी? ॥ २१ ॥

**विरसं भसंति सविसं। डसंति जे छन्नमंति सुघंता ॥ ते कस्स लद्धछिद्दा । दुज्जणभसणा सुह दिंति ॥ २२ ॥**

वली दुर्जनरूपी कुतराओ कटु शब्द बकेछे, झेरसहित डंखेछे तथा छाना छाना गंध लेता आवेछे, एवी रीते छिद्र जोनारा एवा तेओ कोने सुख आपे छे?

**ता तं न होसि धवलो ।कालोसि इमाइ किन्हलेसाए ॥ ता तुज्झ दंसणेणवि। मालिन्नं होइ अम्हाणं ॥ २३ ॥**

माटे आवा विचारथी तुं जगत्मां धवल ( तेजस्वी ) नही था, परंतु कृष्णलेश्याथी श्याम ( मुखवालो ) थइश, अने तेथी तारां दर्शनथी पण अमोने मलीनपणुं थाय छे ॥ २३ ॥

इय भणिय गया नियनिय–ठाणेसु जाव तिन्नि वरपुरिसा ॥तुरिओ कुडिलसहावो। पुणोवि तप्पासमासीणो॥२४
एम कहीने त्रण मित्रो तो पोतपोताने स्थानके गया, परंतु कुटिलस्वभाववालो चोथो मित्र तो पाछो पण तेनी पासे आवीने बेठो;
सो जंपइ धवलंपइ । न कहिज्जइ एसिमेरिसं मंतं ॥ जं एए अरिभूया । तुह अहियं चेव चिंतंति॥ २५ ॥
तथा ते धवलने कहेवा लाग्यो के हे मित्र! आवो विचार ते मित्रोने तमारे कहेवो न जोइये, केमके तेओतो तमारा शत्रुरूप थइने तमारुं अहित चिंतवे छे. ॥ २५ ॥

इक्कोहं तुह मणवं–छिहत्थसंसाहणिक्कतल्लिच्छो ॥ अच्छामि ता तुमं मा । नियचित्ते किंपि चिंतेसु ॥ २६ ॥
फक्त एक हुं तमारां मनोवांछित कार्यने साधवामां तत्पर छुं,अने हुं तैयार बेठो छुं,माटे तमारा मनमां तमारे कंइ चिंता करवी नही.
किंतु विसेसेण तुमं । सिरिपालेन समं कुणसु मित्तं ॥ जं सो वीसत्थमणो । अम्हाणं सुहहओ होइ ॥ २७ ॥
परंतु हवे तमो श्रीपाल साथे विशेष प्रकारे मित्राइ करो? के जेथी तेनुं मन विश्वासवाळुं थाय, एटले तेने आपणें सेहेलाइथी मारी शकशुं.
तो धवलो तुट्ठमणो। भणइ तुमं चेव मज्झ वरमित्तो ॥ किं तु मह वंछियाणं । सिद्धी होही कहं कहसु ॥ २८ ॥
ते सांभली धवलनुं मन खुशी थयुं, अने तेथी तेणे कह्युं के तुंज मारो खरो मित्र छुं, परंतु कहे के मारां मनोवांछितनी सिद्धि केवी रीते थशे?
सो आह झुज्झणच्छं। दोराधारेण मंडिए मंचे ॥ कहकहवि तं चडाविय । केणवि कोऊहलमिसेण ॥ २९ ॥

त्यारे तेणे कह्युं के झुझवामटे दोरडांओना आधारथी (वहाणनी बाजुमां) मांचा बंधाववा, अने कोइ पण रीते कोइक कौतुकना मिषथी तेने तेपर चडाववा. ॥ २९ ॥

**छन्नं जिय छिन्ने । दोरयंमि सो निच्छयं समुद्दंमि ॥ पडिही तो तुह होही । वंछियसिद्धी निरविवायं ॥ ३० ॥**

अने पछी गुप्त रीते तेना दोरडां छेदवाथी ते खरेखर समुद्रमां पडशे, अने एवी रीते तारां मनोवांछितनी सिद्धि विघ्नरहित थशे. ॥३०॥

**तो सुंतुट्ठो धवलो । कुमरसहाए करेइ केलीओ ॥ बहुहासपेसलाओ । तहा जहा हसइ कुमरोत्ति ॥ ३१ ॥**

ते सांभळी खुशी थयेलो धवलशेठ हवे कुमारनीसाथे घणां हास्यवाली एवी तो क्रीडा करे छे के, जेथी कुमारने पण हास्य आवे छे,

**अन्नदिणे सो उच्चे । मंचे धवलो सयं समारूढो ॥ सिरिपालंपइ जंपइ । पिच्छह पिच्छह किमेयंति ॥ ३२ ॥**

एक दिवस ते धवलशेठ पोते ते उंचा माचापर चडीने श्रीपाल प्रते कहे छे के, अहो? आ जुओ? जुओ? शुंछे? ॥ ३२ ॥

**दीसइ समुद्दमज्झे । अदिट्ठपुव्वं मएति जंपंतो ॥ उत्तरइ सयं तत्तो । कहेइ कुमरस्स सविसेसं ॥ ३३ ॥**

समुद्रनी अंदर में पूर्वे नही जोयेलुं एवुं कइंक देखायछे, एम कहेतो थको पोते तेपरथी उतरी जाय छे, अने वली कुमारप्रते विशेष प्रकारे कहे छे के, ॥ ३३ ॥

**कुमर अपुव्वं कोऊ-हलंति तुज्झ विपलोयणसरित्थं ॥ जं जीवियआउ बहुयं । दिट्ठं पवरं भणइ लोओ ॥ ३४ ॥**

हे कुमार ? आ अपूर्व कौतुक आपने जोवालायक छे, केमके लोको पण कहे छे के, जीव्या करतां जोयुं भलुं ॥ ३४ ॥

**तो सहसा कुमरोवि हु। चडिओ जा तत्थ उच्चए मंचे ॥ ता मंचदोरच्छेओ। विहिओ य कुमंतिणा तेण ॥ ३५ ॥**

ते सांभली श्रीपालकुमार पण एकदम जेवा ते उंचा मांचापर चड्या, तेवामांज ते दुष्ट मित्रे तेना दोरडां कापी नाख्यां. ॥ ३५ ॥

**तो सहसा मंचाए। कुमरोवि पडंतओ नवपयाइं ॥ झाएइ तक्खणं चिय। पडिओ मगरस्स पुट्ठीए ॥ ३६ ॥**

त्यारे एकदम मांचामांथी पडता एवा कुमारे पण एकदम नवपदोनुं ध्यान धर्युं, अने एक मगरमच्छनी पीठपर चडी बेठा. ॥ ३६ ॥

**नवपयमाहप्पेणं। ओसहियबलेण मगरपुट्ठिट्ठिओ ॥ खणमित्तेणं कुमरो। सुहेण कुकणतडे पत्तो ॥ ३७ ॥**

नवपदना माहात्म्यथी तथा औषधिना बलथी मगरनी पीठपर बेठेला श्रीपालकुमार एक क्षणमात्रमां कुंकणकिनारापर पहोंच्या. ॥ ६७ ॥

**तत्थ वणंमि कत्थवि। चंपयतरुवरतलंमि सो सुत्तो ॥ जा जग्गइ ता पिच्छइ। सेवापरसुहऽपरिवेढं ॥ ३८ ॥**

त्यां कोइक वनमां चंपाना वृक्षनीचे ते सुतो, अने जेवामां जागे छे, तेवामां ते पोताने सेवामां तत्पर एवा सुभटोथी वींटाएलो जुए छे,

**विणओणएहिं तेहिं। भडेहिं पंजलिउडेहिं विन्नत्तं ॥ देव इह कुंकणक्खे। देसे ठाणाभिहाणपुरे ॥ ३९ ॥**

पछी हाथ जोडीने रहेला तथा विनयथी नमेला एवा ते सुभटोए तेमने विनति करी के हे देव! आ कुंकण नामना देशमां ठाणा नामनी नगरीमां ॥ ३९ ॥

**वसुपालनामनिवो। तेण य अम्हे इमं समाइट्ठा ॥ जलहितडे जं अचल-च्छायातरुतलसमासीणं ॥ ४० ॥**

वसुपाल नामे राजा छे, तेणे अमोने एवो हुकम कर्यो छे के, समुद्रना किनारापर निश्चल छायावाला वृक्षनीचे रहेला ॥ ४० ॥

तित्थेह पुरिसरयणं । अज्जदिणे चेव पच्छिमे जामे ॥ तं तुरियं चिय तुरया–रूढं काऊण आणेह ॥ ४१ ॥

एवा पुरुषरत्नने आजे पाछले पहोरे तमारे जोवो अने तेने तुरत घोडापर बेसाडीने अहीं लाववो. ॥ ४१ ॥

ता अम्हेहिं तुम्हं चिय । दिट्ठोसि जहुत्ततरुतलासीणो ॥ सामिय पुन्नवसेणं । ता तुरियं तुरयमारुहह ॥ ४१ ॥

तो हवे हे स्वामी? अमोए अहीं तमोने पुण्यना वशथी तेवी रीते वृक्षनीचे बेठेला जोया छे, माटे तुरत आ घोडपार चडो? ॥ ४१ ॥

कुमरोवि हयारूढो । तेहिं सुहडेहिं चेव परियरिओ ॥ खणमत्तेण विपत्तो । ठाणयपुरपरिसरवणंमि ॥ ४२ ॥

त्यारे कुमार पण घोडापर चडीने ते सुभटोथी परिवार्याथका एक क्षणमात्रमां ठाणा नगरीनी नजीकना वनमां पहोंच्या, ॥ ४२ ॥

तस्साभिमुहं राया–वि मंतिसामंतसंजुओ एइ ॥ महया महेण कुमरं । पुरे पवेसेइ कयसोहे ॥ ४३ ॥

त्यारे राजा पण मंत्री तथा सामंतोसहित तेमनी सामे आव्यो, तथा शोभनीक करेलां शहेरमां मोहोटा उत्सवपूर्वक तेमनो प्रवेश कराव्यो.

काऊण य पडिवत्तिं । तस्स कुमरस्स असणवसणेहिं ॥ पभणेह स बहुमाणं । राया एयारिसं वयणं ॥ ४४ ॥

पछी त्यां भोजनो तथा वस्त्रआदिकथी कुमारनी बरदास्त करीने, राजा घणा सन्मानपूर्वक कुमारने एवी रीतनां वचन कहे छे. ॥ ४४ ॥

पुव्विं सहाइ पत्तो । एगो नेमित्तिओ मए पुट्ठो ॥ को मयणमंजरीए । मह पुत्तीए वरो होही ॥ ४५ ॥

पूर्वे मारी सभामां एक निमित्तिओ आव्यो हतो, तेने में पूछ्युं के मारी मदनमंजरीपुत्रीनो भर्त्तार कोण थशे? ॥ ४५ ॥

**तेणुत्तं जो वइसाह–सुद्धदसमीइ जलहितीरवणे ॥ अवलंतच्छायतरुतल–ठिओ हवइ सो इमीइ वरो ॥ ४६ ॥**

त्यारे तेणे कह्युं के वैशाख शुद दशमने दिवसे समुद्रकिनारापरना वनमां निश्चल छायावाला वृक्षनी नीचे जे बेठेलो हशे ते आ तमारी पुत्रीनो भर्त्तार थशे. ॥ ४६ ॥

**अज्जच्चिय तंसि तहे–व पाविओ वच्छ पुण्णजोएण ॥ ता मयणमंजरिमिमं । मह धूयं झत्ति परिणेसु ॥ ४७ ॥**

अने एवी रीते आजे हे वत्स तुंज पुण्यना जोगथी मल्यो, माटे मारी आ मदनमंजरी पुत्रीने तुं तुरत परण? ॥ ४७ ॥

**एवं भणिऊण नरे–सरेण अइवित्थरेण वीवाहं ॥ काराविऊण दिन्नं । हयगयमणिकंचणाईयं ॥ ४८ ॥**

एम कही राजाए अति विस्तारथी तेनो विवाह करावीने तेने घोडा, हाथी, मणि तथा कंचनआदिक आप्यां ॥ ४८ ॥

**तत्तो सिरिपालो सो । नरनाहसमप्पियंमि आवासे भुंजइ सुहाइं जं पुन्न–मेवं मूलं हि सुक्खाणं ॥ ४९ ॥**

पछी ते श्रीपालकुमार राजाए आपेला आवासमां सुखो भोगवे छे केमके सुखोनुं मूल पुन्यज छे. ॥ ४९ ॥

**रन्नो दिंतस्सवि । देसवासगामाइ आहिवत्तंपि ॥ कुमरो न लेइ इक्कं । थइयाइत्तं तु मग्गेइ ॥ ५० ॥**

पछी राजाए देस, वास तथा गामआदिकोनुं अधिपतिपणुं तेमने देवा माडयुं, परंतु कुमार ते लेता नथी, परंतु ते फक्त एक स्थगिधरपणुं मागे छे. ॥ ५० ॥

राया तं हीणंपि हु । कम्मं दाऊण तस्स तुट्ठिकए ॥ अच्चंतमाणणिज्जाण । तेण दावेइ तंबोलं ॥ ५१ ॥

त्यारे राजाए तेमने खुशी करवा माटे तेवुं हलकुं कार्य पण तेमने आप्युं. एटले अत्यंत माननीक मनुष्यप्रते राजा तेमने हाथे तांबुल अपावे छे. ॥ ५१ ॥

इओय—जइया समुद्दमज्झे । पडिओ कुमरो तया धवलसिट्ठी ॥ तेण कुमित्तेण समं । संतुट्ठो हिययमज्झंमि।५२।

हवे एवामां—ज्यारे कुमार समुद्रनी अंदर पड्या, त्यारे ते धवलशेठ ते कुमित्रसहित हृदयनी अंदर खुशी थयो. ॥ ५२ ॥

लोआण पच्चयत्थं । धवलो पभणेइ अहह किं जायं ॥ जं अम्हाण पहू सो । कुमरो पडिओ समुद्दंमि ॥ ५३ ॥

पछी लोकोने खातरी करावता माटे धवलशेठ कहेवा लाग्यो के, अहह! आ शुं थइ गयु!! जे अमारा स्वामी श्रीपालकुमार ते समुद्रमां पडी गया. ॥ ५३ ॥

हियय पिट्टइ सिरं । च कुट्टए पुक्करेइ मुक्कसरं ॥ धवलो मायाबहुलो । हा कत्थ गओसि सामि तुमं ॥ ५४ ॥

एम कही ते महाकपटी धवलशेठ छाती पीटे छे, तथा माथुं कुटेछे, अने खूब मोटेथी पूत्कार करेछे के हा स्वामी! तमो क्यां गया?

तं सोऊणं मयणा—ओ ताओ हाहारवं कुणंतीओ ॥ पडियाओ मुच्छियाओ । सहसा वज्जाहयाओव्व ॥ ५५ ॥

ते सांभली ते बन्ने स्त्रीओ हाहाकार करती थकी मूर्च्छित थइने जाणे एक वज्रथी हणाइ होय नही, तेम पडीगइ ॥ ५५ ॥

जलनिहिसीयलपवणे–ण लद्धसचेयणाउ ताउ पुणो ॥ दुक्खभरपूरियाउ । विमुक्कपुक्काउ रोयंति ॥ ५६ ॥
पछी समुद्रना शीतल पवनथी तेओने चैतन्य आववाथी तेओ बन्ने पाछी दुःखना समूहथी भरीथकी पोक मुकीने रोवा लागी के,५६
ही पाणनाह हा गुण–सणाह हा तिजयसारउवयार ॥ हा चंदवयण हा कमल–नयण हा रूवजियमयण ॥५७॥
हा! प्राणनाथ! हे गुणवान्! हा त्रणे जगत्मां उत्तम उपकारी! हा चंद्रतुल्य मुखवाला! हा! कमलतुल्य नेत्रवाला! हा! रूपथी जीतेल छे कामदेव जेणे एवा ॥ ५७ ॥
हाहा अम्हाण अणा–हयाण दीणाण सरणरहियाण ॥ सामिय तए विमुक्का–ण सरणमम्हाण को होही ॥ ५८ ॥
हा! हा! हे स्वामी! आपे मुकेली एवी अनाथ, दीन तथा शरणरहित एवी जे अमो, तेनुं हवे कोण शरणरूप थशे? ॥ ५८ ॥
तो धवलो सुयणो इव । जंपइ सुयणू करेह मा खेअं ॥ एसोहं निच्चंपि हु । तुम्हं दुक्खं हरिस्सामि ॥ ५९ ॥
त्यारे धवलशेठ स्वजननी पेठे तेओने कहेछे के,हे उत्तम शरीरवालीओ! तमो खेद करो नही! आ हुं पोते तमारुं दुःख हमेशां हरीश.
तं सोऊणं ताओ । सविसेसं दुक्खियाओ चिंतंति ॥ नूणमणेणं पावेण । चेव कयमेरिसमकज्जं ॥ ६० ॥
ते सांभली तेओ विशेष रीते दुःखी थइ थकी विचारे छे के, खरेखर आ पापीए आ कार्य कर्युं लागे छे. ॥ ६० ॥
इच्छंतरे उच्छलियं जलेहिं । वियंभियं उब्भडमारुएहिं ॥ समुन्नयं घोरघणावलीहिं । कडक्खियं रुद्दतडिल्लियाहिं

हवे एवामां समुद्रनुं जल उछलवा लाग्युं, उज्झड वायु वावा लाग्यो, तथा भयंकर मेघनी श्रेणिओ चडवालागी, अने भयानक वीजळीओ झबुकवा लागी. ॥ ६१ ॥

**घोरंधयारेहिवि वढ्ढियं च। रउद्दसदेहिं समुट्ठियं च॥ अट्टट्टहासेहिं पयट्टियं च। सयं च उप्पायसएहिं जायं॥६२॥**

घोर अंधकार वृद्धि पामवा लाग्यो, अने भयंकर शब्दो थवा लाग्या, अट्टट्टहास थवा लाग्यो एवी रीते पोतानी मेळे सेंकडो गमे उत्पात थवा लाग्या. ॥ ६२ ॥

**तत्तो—हल्लोहलिएसु तेसु। पोएसु पोएसु पोयलोएहिं॥ खलभलियं झलझलियं। कलकलिअमुच्छियं च खणं॥**

आथी ते दरेक वहाणो हालकडोलक थाते छते वहाणना लोको खलभलवा लाग्या, झलझलवा लाग्या, अने क्षणवारसुधी तेओनो कलकलाट थइ रह्यो. ॥ ६३ ॥

**डमडमडमंतडमरुय—सद्दो अच्चंतरुद्दरूवधरो॥ पढमं च खित्तवालो। पयडीहूओ सकरवालो॥ ६४॥**

पछी त्यां डमरुनो डमडमशब्द करता तथा अत्यंत भयंकर रूपने धरनारा, अने हाथमां तलवारवाला एवा क्षेत्रपाल प्रथम प्रगट थया.

**तो माणिपुन्नभद्दो। कविलो तह पिंगलो अइमे चउरो॥ गुरुमुग्गरविग्गकरा। पयडीहूया सयं वीरा॥ ६५॥**

पछी त्यां मणिभद्र, पूर्णभद्र, कपिल अने पिंगल, एम चारे वीरो हाथमां मोटां मुद्गरो लेइने पोतानी मेलेज प्रगट थया. ॥ ६५ ॥

**कुमुयंजणवामण—पुप्फदंतनामेहिं दंडहत्थेहिं॥ पयडीहूअं च तओ। चउहिंवि पडिहारदेवेहिं॥ ६६॥**

पछी कुमुद, अंजन, वामन अने पुष्पदंत नामना चार प्रतिहार देवो प्रगट थया. ॥ ६६ ॥

**चक्केसरी य देवी । जलंतचक्कदुयं भमाडंती ॥ बहुदेवदेवीसहिया । पयडीहूआ भणइ एवं ॥ ६७ ॥**

पछी जाज्वल्यमान एवां बन्ने चक्रोने भमाडती, अने घणा देवदेवीओना परिवारवाली एवी चक्केसरी माता प्रगट थइने नीचेमुजब कहेवा लाग्यां के, ॥ ६७ ॥

**रेरे गिन्हह एयं । पढमं दुबुद्धिदायगं पुरिसं ॥ जं सव्वाणत्थाणं । मूलं एसोच्चिय न अन्नो ॥ ६८ ॥**

अरे! प्रथम आ दुर्बुद्धि देनारा पुरुषने पकडो? केमके सर्व अनर्थोनो ते मूळरूप छे, बीजो कोइ नथी. ॥ ६८ ॥

**तो झत्ति खित्तवालेणं । सो नरो बंधिऊण पाएहिं ॥ अवलंबिओ य कूवय–थंभंमि अहोमुहं काउं ॥ ६९ ॥**

त्यारे तुरत क्षेत्रपाले ते पुरुषने पगेथी बांधीने अधोमुखे कुवाथंभपर लटकाव्यो. ॥ ६९ ॥

**दाऊण मुहे असुइं । खग्गेणं छिन्निऊण अंगाइं ॥ सो दिसिपालाण बलिव्व । दिन्नओ संतिकरणत्थं ॥ ७० ॥**

पछी तेना मुखमां अशुचि पदार्थ नाखीने तलवारथी तेनां अंगोने छेदीने शांति करवा माटे जाणे दिक्पालोने बलिदान आपता होय तेम आपी दीधां. ॥ ७० ॥

**तत्तो सो भयभीओ । धवलो मयणाण ताण पिट्ठिठिओ ॥ पभणेइ ममं रक्खह । रक्खह सरणागयं निययं ॥७१॥**

ते जोइ भयभीत थयेलो धवलशेठ ते बन्ने स्त्रीओनी पाछल छुपाइने कहेवा लाग्यो के, हे माताओ! आ शरणे आवेला पोताना सेवकनुं तमो रक्षण करो? ॥ ७१ ॥

**ता चक्केसरिदेवी । पभणइ रे दुट्ठ धिट्ठ पापिट्ठ ॥ एयाण सरणगमणेण । चेव मुक्कोसि जीवंतो ॥ ७२ ॥**

त्यारे चक्रेश्वरीदेवीए तेने कह्युं के अरे! दुष्ट! धृष्ट! पापिष्ट! आ सतीओनुं तें शरणुं लेवाथी तने जीवतो मुक्यो छे. ॥ ७२ ॥

**विणओणयाउ ताओ। मयणाओ दोवि विम्हियमणाओ ॥ भणिआओ देवीए स–पसायं एरिसं वयणं ॥ ७३ ॥**

पछी विनयथी नमेली, तथा विस्मययुक्त मनवाळी एवी ते बन्ने स्त्रीओने पण ते देवीए कृपा करीने आ प्रमाणे वचन कह्युं के ॥ ७३ ॥

**वच्छा वल्लह तुम्ह–तणउ गरुईरिद्धिसमेउ ॥ मासब्भिंतरि नित्थइण । मिलिसइ धरउ मा खेओ ॥ ७४ ॥**

हे वत्स! तमारो स्वामी महोटी ऋद्धिसहित तमोने खरेखर एक मासनी अंदर मलशे, माटे तमारे खेद करवो नही. ॥ ७४ ॥

**एम भणेविणु चक्कहरि। परिमलगुणेहिं विसाल ॥ मयणहकंठिहिं पक्खोवइ । सुरतरुकुसुमहमाल ॥ ७५ ॥**

एम कहीने चकेसरीदेवी ते बन्ने स्त्रीओना कंठमां उत्तम सुगंधिगुणोवाली कल्पवृक्षनी माला नाखे छे; ॥ ७५ ॥

**तुम्हह दुट्ठ न देखिसिइ । मालहतणइ पमाणि ॥ एम भणेविणु चक्कहरि । देवि गइ नियठाणि ॥ ७६ ॥**

अने कहे छे के आ मालना प्रभावथी कोइ पण दुष्ट माणस तमोने जोइ शकशे नही; एम कही चकेसरीदेवी पोताने स्थानकें गयां ॥७६॥

पभणंति तओ तिन्निवि । ते पुरिसा सरलबुद्धिणो धवलं ॥ दिट्ठं कुबुद्धिदायक–फलं तए एरिसविवागं ॥ ७७ ॥

पछी ते उत्तम बुद्धिवाला त्रणे मित्रो धवलशेठने कहे छे के, हे शेठ! ते कुबुद्धि देनारनुं आवा विपाकवाळुं तें फल जोयुं? ॥ ७७ ॥

एयाणं च सईणं । सरणपभावेण जइवि जीवंतो ॥ छुट्टोसि तहवि पावं । पुणो करंतो लहसिऽणत्थं ॥ ७८ ॥

आ सतीओना शरणना प्रभावथी तुं जीवतो छुट्यो छुं, माटे फरीने जो हवे एवुं पाप करीश तो तने अनर्थ थशे. ॥ ७८ ॥

जो पररमणीरमणिक्क–लालसो होई रागगहगहिओ ॥ जइ सो वुच्चइ पुरिसो । ता के खरकुक्कुरा अन्ने ॥७९॥

जे पुरुष रागमां लीन थयोथको परस्त्री साथे विलास करवानीज एक लालसावालो होय छे; अने तेने जो पुरुष कहेवामां आवे, तो पछी गधेडा अने कुतरा कोने कहेवा? ॥ ७९ ॥

धिद्धी ताण नराणं । जे पररमणीण रूवमत्तेण ॥ सुहिया हणंति सव्वं । कुलजससग्गापवग्गसुहं ॥ ८० ॥

जे पुरुषो परस्त्रीना रूपथी मदोन्मत्त थइ क्षोभ पाम्या थका सर्व एवां पोतानां कुल, जश, स्वर्ग तथा मोक्षनां सुखने हणेछे, तेओने धिकारछे.

जलहिमि वहंताणं । पोयाणं जाव कइवइ दिणाइं ॥ जायाइं तओ पुणरवि । धवलो चिंतेइ हिययंमि ॥ ८१ ॥

हवे ते वहाणोने समुद्रमां चालतां थकां जेवामां केटलाक दिवसो व्यतीत थया, त्यारे वली पाछो धवलशेठ मनमां विचारे छे के,

अत्थि अहो मह पुन्नो–दयंति जं सो उवद्दवो टलिओ ॥ फलिया एया य सिरी । सव्वावि सुहेण मज्झेव ॥ ८२ ॥

अहो! हजु पण मारो पुण्योदय छे, के जेथी ते उपद्रव दूर थयो, अने हवे आ सघली विस्तारवाली लक्ष्मी सुखे सुखे मारीज थशे.

**जइ रमणीओ एयाओ । कहवि मन्नंति मह कलत्तत्तं ॥ ता हंहोमि कयत्थो । इंदाओ वा समज्झहिओ ॥ ८३ ॥**

माटे हवे जो आ बन्ने स्त्रीओ कोइ पण रीते मारी स्त्री थवानुं कबुल करे, तो हुं कृतार्थ थउं, अथवा इंद्रथी पण अधिक थइ जाउं.

**इय चिंतिऊण तेणं । जा दूइमुहेण पत्थिया ताओ ॥ ता ताहिं कुवियाहिं । दूई निप्भत्थिया बाढं ॥ ८४ ॥**

एम विचारि ते दूतीना मुखथी तेओने पूछाव्युं, त्यारे ते बन्ने स्त्रीओ एकोपायमान थइने ते दूतीनी घणीज निर्भ्रंछना करी.॥८४॥

**तहवि हु सो काम–पिसायाहिट्ठिओ नट्ठनिम्मलविवेओ ॥ तेणज्झवसाएणं । खणंपि पावेइ नो सुक्खं ॥ ८५ ॥**

तो पण कामरूपी पिशाचथी अधिष्ठित थएलो तथा गयेल छे निर्मल विवेक जेनो एवो ते, तेवी रीतना अध्यवसायथी क्षणमात्र पण सुख पामतो नथी. ॥ ८५ ॥

**अन्नदिणे सो नारी–वेसं काऊण कामगहगहिलो ॥ मयणाणं आवासं । सयं पविट्ठो स पाविट्ठो ॥ ८६ ॥**

एक दिवसे कामथी गांडो बनेलो एवो ते स्त्रीनो वेष लेइने पोते ते स्त्रीओना आवासमां पेठो. ॥ ८६ ॥

**जाव पलोएइ तहिं । ताव न पिच्छेइ वता ओमयणाओ ॥ पुरओ ठियाओ माला–इसएण अदिस्सरूवाओ॥८७॥**

जेवामां त्यां दृष्टि करे छे, तेवामां पासे रहेली एवी पण ते बन्ने स्त्रीओने मालाना प्रभावथी अदृश्यरूपवाली होवाथी ते जोइ शकतो नथी

सो रागंधो अंधुव्व । जाव भमडेइ तत्थ पडवंतो ॥ तो दासीहिं सुणिउव्व । कढ्ढिओ कुट्टिउण बहिं ॥ ८८ ॥
पछी रागांध एवो ते जेवामां आंधलानीपेठे त्यां भमेछे, तेवामां लथडता एवा तेने दासीओए कुतरानीपेठे मार मारीने बहार कहाड्यो.

इत्तो ते बोहित्था । मग्गेणन्नेण निज्जमाणावि ॥ सयमेव कुंकणतडे । पत्ता मासंमि किंचूणे ॥ ८९ ॥
हवे एवामां ते वहाणोने अन्य मार्गे हंकारतां छतां पण तेओ पोतानी मेलेज, एक मासमां कंइंक ओछे दिवसे कुंकणकांठे पहोंच्यां

पढमं उत्तरिऊणं । धवलो जा जाइ पाहुडविहत्थो ॥ रायकुलं ता पासइ । नरवरपासंमि सिरिपालं ॥ ९० ॥
पछी त्यां धवलशेठ प्रथम उतरीने हाथमां भेटणुं लेइने जेवो राजदरबारमां जायछे, तेवोज त्यां तेणे राजानीपासे बेठेला श्रीपालकुमारनेजोया.

रायावि सत्थवाहस्स । दावेइ गरुयबहुमाणं ॥ तंबोलं तेणं चिय । सिरिपालेणं विसेसेण ॥ ९१ ॥
पछी राजा पण ते सार्थपतिने घणुं मोहाटुं मानसन्मान अपावे छे, अने पछी विशेष प्रकारे श्रीपालकुमारने हाथे तेने तंबोल पण अपावे छे.

सिरिपालकुमारेणं । नाओ सिट्ठी सदिट्ठमित्तोवि ॥ सिट्ठी पुण सिरिपालं । दठ्ठूणं चिंतए एवं ॥ ९२ ॥
श्रीपालकुमारे तो ते शेठने जोतांवेंतज उलखी कहाड्यो, परंतु शेठ श्रीपालने जोइने आवी रीते विचारवा लाग्यो. ॥ ९२ ।

हि द्धी किं सो एसो । सिरिपालो धवलसिट्ठिणो कालो ॥ किंवा तेण सरित्थो । अन्नो पुरिसो इमो कोवि ॥ ९३ ॥
अरे! आ शुं तेज श्रीपाल छे? के जे धवलशेठप्रते काल समान छे; अथवा शुं तेना जेवो आ कोइ बीजो पुरुष छे? ॥ ९३ ॥

**ठाऊण खणं नरवर–सहाइ जा उट्ठिओ धवलसिट्ठी ॥ पडिहारा ओपुच्छइ । थहियाउत्तो इमो कोउ ॥ ९४ ॥**

थोडीवारसुधि ते धवलशेठ राजानी सभामां बेशीने, पछी ज्यारे उठ्यो, त्यारे तेणे द्वारपालने पुछ्युं के आ स्थगिधर कोण छे; ॥ ९४ ॥

**तेणं कहिओ सव्वो वि । तस्स कुमरस्स चरियवुत्तंतो ॥ तं सोऊणं सिट्ठी । जाओ वज्जाहओव्व दुहा ॥९५ ॥**

त्यारे तेणे ते श्रीपालकुमारनुं सर्व चरित्र तथा वृत्तांत कह्युं ते सांभलीने धवलशेठ तो जाणे वज्रथी हणाइने बे टुकडा जेवो थयो होय नही तेम थयो. ॥ ९५ ॥

**चिंतेइ हियमज्झे । ही हो विलसिएण विसमेण ॥ जं जं करेमि कज्जं । तं तं मे होइ विवरीयं ॥ ९६ ॥**

पछी ते मनमां विचारवा लाग्यो के, हाय! हाय! मारां विपरीत नशीबथी जे जे कार्य हुं करुं छुं, ते ते मने उलटुं पडे छे. ॥ ९६ ॥

**एसो सो सिरिपालो । जाओ जामाउओ नरिंदस्स ॥ गुरुओ ममावराहो । किं होही तं न याणामि॥९७॥**

ते आ श्रीपाल तो राजानो जमाइ थइ बेठो छे अने मारो अपराध तो महोटो छे, माटे हवे मारुं शुं थशे तेनी मने कंइ खबर पडती नथी.।९७।

**तहवि नियकज्जविसए । धीरेण समुज्जमो न मोत्तव्वो ॥ जं सम्ममुज्जमंता–ण पाणीणं संकए विही॥९८॥**

तो पण धीरपुरुषे पोताना कार्यमां उद्यम छोडवो नही, केमके उद्यमी प्राणीप्रते विधि पण शंकाशील रहे छे ॥ ९८ ॥

**एवं सो चिंतंतो । जा पत्तो सो नियंमि उत्तारे ॥ ता तत्थ गोयनिऊणं । डुंबकुटुंबं च संपत्तं ॥ ९९ ॥**

एम विचारतोथको जेवो ते पोताने उतारे आव्यो तेवामां गायनकलामां कुशल एवुं एक डुंबोनुं कुटुंब त्यां आव्युं.॥ ९९ ॥

**सो ताण गायणाणं । जाव न ।चिंताउलो दियइ दाणं॥ ताडुंबेणं पुट्ठो। कुविओ किं देव अम्हुवरि ॥७००॥**

हवे ते गानारा डुंबोने चिंताथी व्याकुल थयेलो शेठ ज्यारे कंई दान आपतो नथी त्यारे तो डुंबोए तेने पूछयुं के हे स्वामी आप अमारापर गुस्से केम थया छो ? ॥ ७०० ॥

**एगंते डुंबपइ जंपइ । देमि तुज्झ भूरिधणं ॥ जइ इक्कं मह कज्जं । करेसि केणवि उवाएण ॥ १ ॥**

त्यारे शेठे बडा डुंबने एकांतमां कह्युं के, जो तुं मारुं एक कार्य कोइ पण उपायथी करी आपे तो हुं तमोने घणुं धन आपुं. ॥ १ ॥

**डुंबोवि भणइ पढमं । कहेह मे केरिसं तयं कज्जं ॥ जेण मए जाणिज्जइ । एयं सज्झं असज्झं वा॥ २ ॥**

त्यारे डुंब बोल्यो के प्रथम मने कहो के, तमारुं केवुं काम छे ? के जेथी हुं जाणुं के, ते माराथी थशे के नही ? ॥ २ ॥

**धवलो भणेइ जो । नरवस्स जामाउओ इमो अत्थि ॥ जइ तं मारेसि तुमं । ता तुह मुहमग्गियं देसि॥३॥**

त्यारे धवले कह्युं के जे आ राजानो जमाइ छे, तेने जो तुं मारे, तो हुं तने मोमाग्युं दान आपुं. ॥ ३ ॥

**डुंबो भणेइ तं म्मा-रणम्मि इक्कत्थि एरिसोवाओ ॥ जं अन्नायकुलं तं । पयडिस्सं एस डुंबोत्ति ॥ ४ ॥**

त्यारे डुंबे कह्युं के तेने मारवामाटे एक एवो उपाय छे के, ते अजाण्या कुलनो होवाथी हुं तेने आ डुंब छे, एम जाहेर करीश. ॥४॥

**तत्तो राया जामा-उअंपि तं जमगिहंमि पेसेही ॥ एवं च कए नूणं । होही तुह कज्जसिद्धीवि ॥ ५ ॥**

त्यारे राजा पोतेज ते जमाइने पण यमने घेर पहोंचाडशे, अने तेम करवाथी खरेखर तमारुं काम पण सिद्ध थशे. ॥ ५ ॥

मंतेण तेण तुट्ठो। धवलो अप्पेइ कोडिमुल्लंपि ॥ नियकयमुद्दारयणं। वेगेणं तस्स पाणस्स ॥ ६ ॥

ते विचारथी धवले खुश थइने एक क्रोडनी किमतनी पोताना हाथनी रत्ननी मुद्रिका तुरत ते डुंबने आपी. ॥ ६ ॥

तुट्ठो सोवि हु डुंबो। सकुटुंबो जाइ निवगवक्खस्स ॥ हिट्ठिममहीइ चिट्ठइ। गायंतो गीयमइमहुरं ॥७॥

आथी ते डुंब पण खुशी थइने ज्यां झरुखामां राजा बेठेल छे. त्यां नीचे पृथ्वीपर अत्यंत मधुरस्वरथी गातोथको बेठो छे. ॥ ७ ॥

ताणं कोमलकंठु-पभवेण गीएण हरियमणकरणो ॥ राया भणेइ भो भो। जं मग्गह देमि तं तुट्ठो॥८॥

तेना कोमल कंठथी उत्पन्न थयेला गायने करीने हरायेल छे मन तथा कर्ण जेना एवो ते राजा तेने कहे छे के हे डुंब! हुं तारां गायनथी खुशी थयो छुं, माटे जे तुं मागे ते आपुं. ॥ ८ ॥

पाणो भणेइ सामिय। सव्वत्थाहं लहेमि बहुदाणं ॥ किं तु न लहेमि माणं। ता तं मह देसु जइ तुट्ठो ॥ ९ ॥

त्यारे ते डुंबे कह्युं के, हे स्वामी? मने सर्व जगोएथी घणुं दान मले छे, परंतु मान मलतुं नथीः माटे जो तमो तुष्टमान थया हो तो मने मान आपो?

राया भणेइ माणं। जस्साहं देमि तस्स तंबोलं ॥ दावेमिमिणा जामा-उएण पाणप्पिएणावि ॥ १० ॥

त्यारे राजाए कह्युं के, जेने हुं मान आपुं छुं, तेने मारा आ प्राणथी पण वहाला एवा जमाइने हाथे तंबोल अपावुं छुं. ॥ १० ॥

डुंबो सुकुटुंबोवि हु। पभणेइ सामिय महप्पसाओत्ति ॥ तो रायाइसेणं। कुमरो जा देइ तंबोलं ॥ ११ ॥

त्यारे कुटुंबसहित डुंबे कह्युं के, हे स्वामी! आपनी मोहोटी महेरबानी थइ; पछी राजाना हुकमथी श्रीपालकुमार जेवामां तेने तंबोल आपेछे,।११।

**ताव सहसत्ति एगा । वुड्ढी डुंबी कुमारकंठंमि ॥ लग्गेइ धाविऊणं । पुत्तय पुत्तय कओ तंसि ॥ १२ ॥**

तेवामां एकबुढी डुंबडी एकदम दोडती आवीने कुमारने कंठे वलगीने कहेवा लागी के, हे पुत्र! हे पुत्र! तु क्यां गयो हतो ? ॥१२॥

**कंठविलग्गा पभणइ । हा वच्छय कित्तियाओ कालाओ ॥ मिलिओसि तुम्हं अम्हं । कच्छय भमिओसि देसंमि॥**

वली ते कंठे वलगीने कहेवा लागी के, हे वत्स! तुं अमोने आजे घणे काले मल्यो; माटे तुं क्यां क्यां परदेशमां भम्यो? ॥ १३ ॥

**सुणिओसि रयणदीवे । पत्तो कुसलेण पवहणारूढो ॥ तत्तो इह संपत्तो । कहं कहं पुत्तय कहेसु ॥ १४ ॥**

अमोए सांभल्युं हतुं के,तुं रत्नद्वीपमां हतो,अने त्यांथी वहाणमां बेशीने तुं कुशलक्षेमे अहीं आव्यो,ते केवी केवी रीते आव्यो?ते कहे?

**एगा भणेइ भत्ति–ज्जओसि अन्ना भणेइ भायासि ॥ अवरा कहेइ मह दे–वरोसि पुन्नेण मिलिओसि ॥ १५ ॥**

बीजी एक डुंबडी कहे छे के तुं मारो भत्रिजो छो, बीजी कहे छे तुं मारो भाइ छो, वली अन्य कहे छे तुं मारो देवर छो, अने पुण्यने लीधे आजे तुं मल्यो छो. ॥ १५ ॥

**डुंबो भणेइ सामिय । मह लहु भाया इमो गओ आसि ॥ संपइ तुम्ह समीवे । ठिओवि नोलक्खिओ सम्मं ॥१६॥**

पछी ते डुंब कहेवा लाग्यो के, हे स्वामी! आ मारो नानो भाइ नाशी गयो हतो, ते हमणा आपनी पासे बेठो हतो छतां पण में तेने बरोबर ओलख्यो नही. ॥ १६ ॥

एएण कारणेणं । माणमिसेण अणाविओ पासे ॥ उवलक्खिओ य सम्मं । बहुलक्खणलक्खिओ एसो ॥ १७ ॥
वली तेज कारणथी मानना मिषथी में तेने पासे बोलाव्यो, अने सारी रीते ओलखी लीधो,केमके ते घणा लक्षणोथी लक्षित थयेलोछे.
राया चिंतेइ मणे । ही ही विट्टालियं कुलं मज्झ ॥ एएणं पावेणं । तो एसो झत्ति हंतव्वो ॥ १८ ॥
ते सांभली राजा मनमां विचारे छे के, हाय! हाय! आ पापीए तो मारुं कुल वटलाव्युं, माटे तेने तुरत मारी नाखवो. ॥ १८ ॥
नेमित्तिओ य बंधा–विऊण आणाविउं नरवरेणं ॥ भणिओ रे दुट्ठ इमो । मायंगो कीस नो कहिओ ॥ १९ ॥
पछी राजाए निमित्तआने बंधावी मंगाव्यो, अने तेने कह्युं के अरे दुष्ट! आ मातंग छे एम तें शामाटे न कह्युं? ॥ १९ ॥
नेमित्तिओवि भणइ । नरवर एसो न होइ मातंगो ॥ किं तु महामातंगाहि–वइ होही न संदेहो ॥ २० ॥
त्यारे ते निमित्तिओ पण बोल्यो के हे राजन्! ए मातंग नथी, परंतु ते महोटा मातंगोनो अधिपति थशे, तेमां संदेह नथी. ॥२०॥
गाढयरं रुट्ठेणं । रन्ना नेमित्तिओ कुमारो य ॥ हणणत्थं आइट्ठो । निययाणं जाव सुहडाणं ॥ २१ ॥
ते सांभळी अत्यंत गुस्से थयेला राजाए ते निमित्तिआने तथा कुमारने मारवानो जेवामां पोताना सुभटोने हुकम कर्यो, ॥ २१ ॥
ता मयणमंजरीवि हु । सुणिऊण समागया तहिं झत्ति ॥ पभणेइ ताय किमियं । अवियारियकज्जकरणंति ॥ २२ ॥
तेवामां ते वृत्तांत सांभळी मदनमंजरी पण तुरत आवी,अने कहेवा लागी के हे पिताजी! आप आवुं वगरविचार्युं कार्य शामाटे करोछो?

आयारेणवि नज्जई । कुलंति लोएवि गिज्जए ताय ॥ लोगुत्तर आयारो । किं एसो होइ मायंगो ॥ २३ ॥
हे पिताजी! लोकोमां पण एम कहेवायछे के,आचारथी कुल जणायछे;माटे अत्यंत उत्तम आचारवाळो एवो आ मातंग संभवतो नथी.

ता पुच्छइ नरनाहो । कुमरं भो नियकुलं पयासेसु ॥ ईसि हसिऊण कुमरो । भणइ अहो तुज्झ छेयत्तं ॥ २४ ॥
त्यारे राजा कुमारने पूछेछे के,हे कुमार! तमो तमारुं कुल प्रकाशो? त्यारे कुमार जरा हसीने कहेछे के,अहो! केवी तमारी चतुराइछे!

अहवा नरवर तुमए । एयं अक्खाणयं कयं सच्चं ॥ पाऊण पाणियं किर । पच्छा पुच्छिज्जए गेहं ॥ २५ ॥
अथवा हे राजन्! तमोए आ कहेवत साची करी के, ' प्रथम पाणी पीने पछी घर पूछवुं. ' ॥ २५ ॥

सिन्नं करेह सज्जं । जं मम हत्था कुलं पयासंति ॥ जीहाए जं कुलव-न्नणंति लज्जाकरं एयं ॥ २६ ॥
हवे तमो तमारुं सैन्य सज्ज करो? एटले मारा हाथ मारुं कुल प्रकाशशे, केमके पोतानी जीभथी जे पोताना कुलनुं वर्णन करवुं, ते लज्जा करनारुं छे. ॥ २६ ॥

अहवा पवहणमज्झे । ठियाउ जा संति दुन्नि नारीओ ॥ आणाविऊण ताओ । पुच्छेह कुलंपि जइ कज्जं ॥ २७ ॥
अथवा ( आ आवेलां ) वहाणोमां ( मारी ) बे स्त्रीओ छे, माटे जो तमारे कार्य होय तो तेओने बोलावीने मारुं कुल पूछो? ॥२७॥

तो विम्हिओय राया । आणाविय धवलसत्थवाहंपि ॥ पुच्छइ कहेसु किं सं-ति पवहणे दुन्नि नारीओ ॥ २८ ॥

ते सांभली आश्चर्य पामेला राजाए ते धवलसार्थवाहने बोलावीने पूछ्युं के, शुं तमारां वहाणोमां बे स्त्रीओ छे? ॥ २८ ॥

**धवलोवि हु कालमुहो । जा जाओ ता नरवरिंदेणं ॥ नारीण आणणत्थं । पहाणपुरिसा समाइट्ठा ॥ २९ ॥**

ते सांभळी धवल जेवामां श्यामसुखवाळो थाय छे, तेवामां राजाए ते स्त्रीओने बोलाववा माटे पोताना प्रधानपुरुषोने हुकम कर्यो.

**तेहिं गंतूण तओ । भणियाओ नरवरिंदधूयाओ ॥ पइणो कुलकहणत्थं । वत्था आगत्थ दुयंति ॥ ३० ॥**

तेओए त्यां जइ ते बन्नेने कह्युं के, हे वत्सो! राजानी पुत्रीना भर्तारनुं कुलआदिक कहेवा माटे तमो तुरत(राज सभामां)आवो?॥३०॥

**तं सोऊणं ताओ । मयणाओ हरिसियाओ चिंतंति ॥ तेण मणवल्लहेणं । नूणं आणाविया अम्हे ॥ ३१ ॥**

ते सांभळी ते बन्ने स्त्रीओ हर्षित थइथकी विचारे छे के खरेखर ते आपणा स्वामीए आपणने बोलावी छे. ॥ ३१ ॥

**सिबियाए चडियाओ । संपत्ता नरवरिंदभवणंमि ॥ दठ्ठूण पाणनाहं । जाया हरिसेण पडित्था ॥ ३२ ॥**

पछी तेओ पालखीमां बेसीने राजभुवनमां आवी, त्यां पोताना स्वामीने जोइने तेओ बन्ने अत्यंत हर्ष पामी. ॥ ३२ ॥

**रन्नावि पुच्छियाओ । वच्छा भंजेह अम्हं संदेहं ॥ को एसो वुत्तंतो । कहेह आमूलचूलंति ॥ ३३ ॥**

पछी राजाए तेओने पूछ्युं के, हे वत्सो ! मारो आ संदेह भांगो? आ वृत्तांत केवी रीतनुं छे? ते तमो आद्यथी अंतसुधि कहो?॥३३॥

**तो विज्जाहरधूया । कहेइ सव्वंपि कुमरचरियं जा ॥ ताव निवो साणंदो । भणइ इमो मयणिपुत्तो मे ॥ ३४ ॥**

त्यारे जेवामां विद्याधरनी पुत्री श्रीपालकुमारनुं सर्व चरित्र कहे छे, तेवामां राजा खुशी थइ बोल्यो के, अहो! आ तो मारी बहेननो पुत्र छे. ॥ ३४ ॥

**गाढयरं संतुट्ठो । राया कुमरस्स देइ बहुमाणं ॥ डुंबं सकुडुंबंपि हु । ताडावेइ गाढरोसेण ॥ ३५ ॥**

पछी राजा अत्यंत खुशी थयोथको श्रीपालकुमारने घणुंज सन्मान आपेछे;तथा घणोज क्रोधातुर थइने कुटुंबसहित ते डुंबने ताडना करावेछे.

**डुंबो कहेइ सच्चं । सामिय काराविियं इमं सव्वं ॥ एएण सत्थवाहेण । देव दाऊण मज्झ धणं ॥ ३६ ॥**

त्यारे डुंब साचुं बोली गयो के हे स्वामी! आ सघळुं आ सार्थपति धवले मने धन देइने कराव्युं छे. ॥ ३६ ॥

**तो राया धवलंपि हु । बंधावेऊण निविडबंधेहिं ॥ अप्पेइ मारणत्थं । चंडाणं दंडपासीणं ॥ ३७ ॥**

पछी राजा धवलशेठने पण गाढबंधनोथी बंधावीने तेने मारी नाखवा माटे भयंकर एवा कोटवालने सोंपे छे. ॥ ३७ ॥

**कुमरो निरुवमकरुणा–रसवसओ नरवराओ कहकहवि ॥ मोआवइ तं धवलं । डुंबपि कुडुंबसंजुत्तं ॥ ३८ ॥**

त्यारे अनुपम करुणाना वशथी श्रीपालकुमार केटलीक मेहेनते ते धवलने तथा कुटुंब सहित डुंबने राजा पासेथी छोडावे छे. ॥३८॥

**मायंगाहिवइत्तं । पुट्ठो नेमित्तिओ कहइ एवं ॥ मायंगा नाम गया । तेसिं एसो अहिवइत्ति ॥ ३९ ॥**

पछी निमित्तिआने बोलावी पूछ्युं के, तें आ श्रीपालकुमारने मातंगोनो अधिपति केवी रीते कह्यो? त्यारे तेणे कह्युं के हे राजन्! मातंगो एटले हाथीओ, अने तेओनो आ अधिपति छे. ॥ ३९ ॥

संपूइऊण राया । सम्मं नेमित्तियं विसज्जेइ ॥ भइणोसुयंति धूआ—वरंति कुमरं च खामेइ ॥ ४० ॥
ते सांभली राजाए ते निमित्तिआने सम्यक् प्रकारे सन्मान आपी विसर्जन कर्यो,तथा पोतानी बहेनना पुत्र एवा श्रीपालकुमार जमाइनी पण तेणे क्षमा मागी. ॥ ४० ॥

राया भणेइ पिच्छह । अहह अहो उत्तमाण नीयाणं ॥ केरिसमंतरमेयं । अमियविसाणंव संजायं ॥ ४१ ॥
पछी राजाए कह्युं के, अहो! अमृत अने झेरनी माफक उत्तम अने नीचवच्चे केटलो तफावत पड्यो! ॥ ४१ ॥

धवलो करेइ एरिस—मणच्छमुवगारिणोवि कुमरस्स ॥ कुमरो एयस्स अ—णत्थकारिणो कुणइ उवयारे ॥ ४२ ॥
धवलशेठ आवा उपकारी कुमारप्रते पण अनर्थ करे छे, अने कुमार तो ते अनर्थ करनारपर पण उपकार करे छे. ॥ ४२ ॥

जह जह कुमरस्स जसं । धवल लोयंमि विच्छरइ एयं ॥ तह तह सो धवलोवि हु । खणे खणे होइ कालमुहो ॥४३॥
वली जेम जेम श्रीपालकुमारनो श्वेत यश जगतमां विस्तार पामे छे, तेम तेम आ धवलशेठ क्षणे क्षणे कालां मुखवालो थाय छे. ४३

तहवि कुमारेणं सो । आणिओ नियगिहं स बहुमाणं ॥ भुंजाविओ य विस्सा—मिओ य निजचंदसालाए ॥ ४४ ॥
तो पण कुमारे ते धवलशेठने घणा आदरमानथी पोताने घेर बोलाव्यो, तथा भोजन करावीने पोतानी चंद्रशालामां तेने विश्राम आप्यो.

तत्थट्ठिओ सो चिंतइ । अहह इमो केरिसो विही वंको ॥ जमहं करेमि कज्जं । तं तं मे निप्फलं होइ ॥ ४५ ॥

हवे त्यां रह्योथको ते धवलशेठ विचारे छे के,अहो आ मारुं नशीब केवुं वांकुं छे? जे जे कार्य हुं करुं छुं,ते ते मने निष्फल थाय छे.

**एवं ठिएवि अज्जवि । मारिज्जइ जइ इमो मए कहवि ॥ ता एयाओ सिरीओ । सव्वाओ हुंति मह चेव ॥ ४६ ॥**

एम छतां पण जो हजु पण हुं तेने कोइक पण रीते मारी नाखुं तो आ सघली लक्ष्मी मारे स्वाधीन थाय. ॥ ४६ ॥

**अन्नं च इच्छ सत्तम–भूमीए सुत्तओ इमो इक्को ॥ ता णिऊण एयस्स । रमणीवि बलावि माणेमि ॥ ४७ ॥**

वली आजे आ श्रीपालकुमार सातमी भूमिपर एकलो सुतो छे, माटे आजे तेने मारीने तेनी स्त्रीने पण बलात्कारे भोगवुं. ॥ ४७ ॥

**इय चिंतिऊण हिट्ठो । धिट्ठो दुट्ठो निकिट्ठपाविट्ठो ॥ असिधेणुं गहिऊणं । पहाविओ कुमरवहणच्छं ॥ ४८ ॥**

एम विचारि खुशी थयोथको लुच्चो, दुष्ट अने अत्यंत पापिष्ट एवो ते धवलशेठ हाथमां तलवार लेइने कुमारने मारवा माटे दोड्यो.

**उम्मग्गमुक्कपाओ । पडिओ सो सत्तमोओ भूमोओ ॥ छुरियाइ उयरविद्धो । मुक्को पाणेहिं पावोत्ति ॥ ४९ ॥**

परंतु अवले मार्गे पग मुकवाथी ते त्यांथी सातमी भूमिपरथी पड्यो अने ते तलवारथीज तेनुं उदर वींधाइ जवाथी, आ पापिष्ट छे, एम विचारि तेना प्राणोए पण तेने तजी दीधो. ॥ ४९ ॥

**सो सत्तमभूमीओ । पडिओ पत्तो य सत्तमिं भूमिं ॥ नरयस्स तारिसाणं । समच्छि ठाणं किमन्नथ ॥ ५० ॥**

एवी रीते ते सातमी भोंयेथी पडीने नरकनी सातमी भूमिमां गयो; केमके तेवा दुष्टोने शुं ( ते शिवाय ) बीजुं स्थान होय छे? ५०

तं दठ्ठूण पभाए । लोओ चिंतेइ तस्स चिट्ठाए ॥ कुमरहणणत्थमेसो । नज्जइ आहाविओ नूणं ॥ ५१ ॥
प्रभाते तेने जोइने तेनी चेष्टाथी लोको विचारे छे के, खरेखर ते कुमारने मारवा माटे दोडेलो जणाय छे. ॥ ५१ ॥

अहह अहो अहमत्तं । एयस्स कुबेरसिट्ठिणो नूणं ॥ जो उवयारिक्कपरे । कुमरेवि करेइ वहबुद्धिं ॥ ५२ ॥
अहो! अरेरे! आ धवलशेठनुं खरेखर अधमपणुं छे; के जेणे फक्त एक उपकारमांज तत्पर एवा पण श्रीपालकुमारप्रते वध करवानी बुद्धि करी छे. ॥ ५२ ॥

एएणं पावेणं । जो दोहो चिंतिओ कुमारस्स ॥ सो एसुच्चिय पडिओ । अहह महप्पाणमाहप्पं ॥ ५३ ॥
ते पापीए कुमारप्रते जे द्रोह चिंतव्यो, ते तेनापरज पड्यो; माटे अहो महात्माओनुं केवुं महात्म्य छे.!! ॥ ५३ ॥

कुमरोवि हु तच्चरियं । चिंतंतो सोइऊण खणमिक्कं ॥ काऊण पेयकिच्चं । दावेइ जलंजलिं तस्स ॥ ५४ ॥
श्रीपालकुमारे पण तेनां आचरणने विचारिने क्षणवार शोक करीने, तथा तेनुं मृत्युकार्य करीने तेने जलांजलि आपी. ॥ ५४ ॥

वरबुद्धिदाइणो जे । मित्ता धवलस्स आसि तिन्नेव ॥ ते सव्वाइ सिरोए । कुमरेणहिगारिणो ठविया ॥ ५५ ॥
हवे ते धवलशेठना उत्तम बुद्धि देनारा जे त्रण मित्रो हता, तेओने कुमारे शेठनी सर्व लक्ष्मीना अधिकारी ठराव्या. ॥ ५५ ॥

मयणातिगेण सहिओ। कुमारो तत्थट्ठिओ समाहिए ॥ केवलसुहाइं भुंजइ। मुणिव्व गुत्तित्तयसमेओ ॥ ५६ ॥

हवे त्यां ते त्रणे स्त्रीओसहित समताथी रहेला श्रीपालकुमार, मुनि जेम त्रणे गुप्तिओसहित तेम अत्यंत सुखो भोगवे छे. ॥ ५६ ॥

**अन्नदिणे सो कुमरो । रयवाडीए गओ सपरिवारो ॥ पिच्छइ एगं सत्थं । उत्तरियं नयरउज्जाणे ॥ ५७ ॥**

हवे एक दिवस ते श्रीपालकुमार परिवारसहित रयवाडीए गया, त्यां ते नगरना उद्यानमां उतरेला एक सार्थने तेमणे जोयो. ॥५७॥

**जो तत्थ सच्छवाहो । सोवि हु कुमरं समागयं दठ्ठुं ॥ घित्तूण भिट्टणाइं । पणमइ पाए कुमारस्स ॥ ५८ ॥**

तेमां जे सार्थवाह हतो, ते त्यां कुमारने आवेला जोइने भेटणुं लेइ, तेमने पगे पड्यो. ॥ ५८ ॥

**कुमरेण पुच्छिओ सो। सत्थाहित्र आगओ तुमं कत्तो ॥ पुरओवि कत्थ गच्छसि । कच्छवि दिट्ठं किमच्छरियं॥५९॥**

त्यारे कुमारे तेमने पूछ्युं के,हे सार्थवाह! तमो क्यांथी आव्या? तथा आगल तमो क्यां जाओ छो? अने क्यांय कंइ आश्चर्य जायुंछे?

**तो भणइ सत्थवाहो । कंतोनयरीउ आगओ अहयं ॥ गच्छामि कंबुदीवं । निसुणसु अत्थेरयं एयं ॥ ६० ॥**

त्यारे सार्थवाहे कह्युं के हुं कांतिनगरथी आवुं छुं, अने कंबुद्वीपे जाउं छुं, हवे ( में जोयेलुं ) एक आश्चर्य आ प्रमाणे छे. ॥६०॥

**इत्तो य जोयणसए । कुंडलनयरं समत्थि विख्खायं ॥ तत्थत्थिगुरुपयावो । राया सिरिमयरकेउत्ति ॥ ६१ ॥**

अहींथी एकसो जोजनपर कुंडलपुर नामे एक प्रख्यात नगर छे, त्यां मकरकेतु नामे महाप्रतापी राजा छे. ॥ ६१ ॥

**तस्स कप्पूरतिलया । देवी कप्पूरविमलसीलगुणा ॥ तक्कुच्छिभवा सुंदर–पुरंदरख्खा दुवे पुत्ता ॥ ६२ ॥**

तेने कपूरसरखा निर्मल शीलरूपी गुणवाली कर्पूरतिलका नामे राणीछे; तेणीने कुक्षिथी उत्पन्न थयेला सुंदर अने पुरंदर नामे बे पुत्रोछे.

जाण उवरिं च एगा । पुत्ती गुणसुंदरित्ति नामेणं ॥ जा रूवेणं रंभा । बंभी य कलाकलावेणं ॥ ६३ ॥

तेओपर गुणसुंदरी नामे एक पुत्री छे, के जे रूपें करीने रंभासमान छे, तथा कलाओना समूहथी सरस्वतीसरखी छे. ॥ ६३ ॥

तीए कया पइन्ना । जो मं वीणाकलाइ निज्झिणइ ॥ सो चेव मज्झ भत्ता । अन्नेहिं न किंपि मे कज्जं ॥ ६४ ॥

तेणीए एवी प्रतिज्ञा करेली छे के, जे कोइ मने वीणा वगाडवानी कलामां जीतशे, तेज मारो भर्तार थशे, ( ते शिवाय ) अन्योनुं मारे प्रयोजन नथी. । ६४ ॥

तं सोऊणं पत्ता । तत्थ नरिंदाण नंदणाऽणेगे ॥ वीणाए अब्भासं । कुणमाणा संति पइदिवसं ॥ ६५ ॥

ते सांभलीने त्यां अनेक राजपुत्रो आवेला छे, अने तेओ हमेशां वीणानो अभ्यास करी रह्या छे. ॥ ६५ ॥

मासे मासे तेसिं । होइ परिक्खा परं न केणावि ॥ सा वीणाए जिप्पइ । पच्चक्खसरसईतुल्ला ॥ ६६ ॥

तेओनी दरमासे परीक्षा थाय छे. परंतु साक्षात् सरस्वती सरखी एवी तेणीने कोइ पण वीणानादथी जीती शकतुं नथी. ॥ ६६ ॥

एगपरिक्खादिवसे । दिट्ठा सा तत्थ देव अम्हेहिं ॥ रमणीण सिरोरयणं । सा पुरिसाणं तुमं देव ॥६७॥

वली हे स्वामी! एक वखते परीक्षाने दिवसे अमोए त्यां तेणीने जोइ, तो ते स्त्रीओमां मुकुटसमानछे, अने पुरुषोमां आप मुकुटसमान छो.

अघडंतोवि हु जइ । कहवि होइ दुन्हंपि तुम्ह संजोगो ॥ ता देव पयावइणो । एस पयासो हवइ सहलो॥ ६८ ॥

जो के संभव नथी, तो पण कोइ रीते जो तमो बन्नेनो संयोग थाय, तो हे स्वामी! ( तमो बन्नेनी बनावटसंबंधि ) ब्रह्मानो आ प्रयास सफल थाय. ॥ ६८ ॥

**तं सोऊणं कुमरो । सत्थाहिवइं पसच्छवच्छेहिं ॥ पहिराविऊण संझा-समए पत्तो नियावासं ॥ ६९ ॥**

ते सांभलीने श्रीपालकुमार ते सार्थपतिने उत्तम वस्त्रोनी पहेरामणी आपीने संध्यासमये पोताने आवासे आव्या. ॥ ६९ ॥

**चिंतेइ तओ कुमरो । कह पिक्खिस्सं कुऊहलं एयं ॥ अहवा नवपयज्झाणं । इच्छ पमाणं किमन्नेणं॥७०॥**

पछी ते श्रीपालकुमार चिंतवे छे के ते कुतूहलने हुं शीरीते जोइ शकुं? अथवा आ बाबतमां पण नवपदजीनुं ध्यान प्रमाणभूत छे, बीजांनी शी जरुर छे? ॥ ७० ॥

**इय चिंतिऊण सम्मं । नवपयझाणं मणंमि ठावित्ता ॥ तह झाइउं पवत्तो । कुमरो जह तक्खणा चेव॥७१॥**

एम विचारिने ते कुमार सम्यक् प्रकारे मनमां नवपदोने धारीने, एवी रीते ध्यान धरवा लाग्या के, जेथी तुरत ॥ ७१ ॥

**सोहम्मकप्पवासी । देवो विमलेसरो समणुपत्तो ॥ करकलिउत्तमहारो । कुमरं पइ जंपए एवं ॥ ७२ ॥**

सौधर्मदेवलोकमां रहेनार विमलेश्वर देव हाथमां उत्तम हार लेइने त्यां प्राप्त थया,अने श्रीपालकुमारने आवी रीते कहेवा लाग्या के

**इच्छाकृतिर्व्योमगतिः कलासु प्रौढिर्जयः सर्वविषापहारः ॥ कंठस्थिते यत्र भवंत्यवश्यं कुमार हारं तममुं गृहाण**

हे कुमार! जे हारने कंठमां राखवाथी खरेखर इच्छा मुजब रूप, आकाशमां गमन, कलाओमां प्रौढता तथा जय अने सर्वे विषोनो

नाश थाय छे, ते आहारने तमो ग्रहण करो? ॥ ७३ ॥

एवं वदन्नेव स सिद्धचक्रा-धिष्टायकः श्रीविमलेशदेवः॥कुमारकंठे विनिवेश्य हारं।जगाम धामाद्भुतमात्मधाम

एम कहीने ते श्रीसिद्धचक्रना अधिष्टायक विमलेश्वर देव श्रीपालकुमारना कंठमां ते हार स्थापीने,तेजथी अद्भुत एवा पोताना स्थानप्रते गया.

तं लद्धुण कुमारो। निच्चिंतो सुत्तओ अह पभाए॥ उट्ठंतोवि हु कुंडल-पुरगमणं नियमणे कुणइ॥७५॥

ते मलवाथी कुमार तो नचिंत रीते सूइ गया, तथा प्रभाते उठतांज कुंडलपुरमां जवानी मनमां इच्छा करे छे. ॥ ७५ ॥

हारपभावेणं कय-वामणरूवो गओ पुरे तच्छ॥ पासइ वीणाहत्थे। रायकुमारे ससिंगारे॥ ७६ ॥

हारना प्रभावथी वामनरूप करीने ते ते नगरमां प्राप्त थया, त्यां तेमणे हाथमां वीणावाला अने शृंगारवाला राजकुमारोने जोया.

कुमरो वामणरूवो। रायकुमारेहिं सह गओ तच्छ॥ जत्थत्थि उवज्झाओ। वीणासत्थाइं पाढंतो॥ ७७ ॥

पछी वामनरूपवाला श्रीपालकुमार ते राजकुमारोनी साथे ज्यां उपाध्याय वीणाशास्त्र भणावे छे त्यां गया. ॥ ७७ ॥

जह जह उवज्झायं पइ। वामणओ कहइ ममंपि पाढेइ॥ तह तह रायकुमारा। हसंति सव्वे हडहडत्ति॥ ७८ ॥

हवे ते उपाध्यायप्रते जेम जेम ते वामन कहे छे के मने पण भणावो, तेम तेम ते सघला राजकुमारो खडखड हसे छे. ॥ ७८ ॥

दठ्ठुं अपाढयंतो। उज्झायं झत्ति तस्स वामणओ॥ अप्पेइ हत्थखग्गं। हेलाए अइमहग्घंपि॥ ७९ ॥

पछी ते उपाध्यायने पोताने नही भणावतो जोइने ते वामने तेने पोताना हाथमां रहेलुं अमूल्य खड्ग लीलामात्रमांज आपी दीधुं॥७९॥

**तो उज्झाओ तं आ-यरेण पुरओ निवेसइत्ताणं ॥ अप्पेइ सिख्खणच्छं । नियवीणं तस्स हच्छंमि ॥८०॥**

त्यारे ते उपाध्याये तेने आदरपूर्वक पोतानी पासे बेसाडीने तेने शिखवा माटे पोतानी वीणा तेना हाथमां आपी. ॥ ८० ॥

**वामणओ तं वीणं । विवरीयत्तेण पाणिणा लिंतो ॥ तंतिं वा तांडंतो । फोडंतो तुंबयं वावि ॥ ८१ ॥**

त्यारे ते वामने विपरीतरीते ते वीणाने हाथमां लेतांथकां तेनी तंत्रीने तोडवाथी तथा तुंबीने फोडवाथी ॥ ८१ ॥

**सव्वेसिं कुमराणं । हासरसं चेव वढ्ढयंतोवि ॥ केवलदाणबलेणं । अग्घइ उज्झायपासंमि ॥ ८२ ॥**

सघला राजकुमारोना हास्यरसने वधारतोथको केवल दानना बलथी ते उपाध्याय पासे माननीक थइ पड्यो. ॥ ८२ ॥

**सोवि परिख्खासमए । रख्खिज्जंतोवि तेहिं सवेहिं ॥ कुंडलदाणवसेणं । कुमरिसहाए गओ झत्ति ॥ ८३ ॥**

पछी परीक्षा वखते तेओ सघला तेने ( मंडपनी अंदर जवामांटे ) रोकते छते पण कुंडलना दानना प्रभावथी ते कुमारीनी सभामां तुरत अंदर पहोंच्यो. ॥ ८३ ॥

**तं कयइच्छारूवं । कुमरी पासेइ निरुवमसरूवं ॥ अन्ने वामणरूवं । पासंति निवाइणो सव्वे ॥ ८४ ॥**

पछी करेल छे इच्छामुजब रूप जेणे एवा ते कुमारने राजकुमारी अनुपम स्वरूपवाला जुए छे, अने राजाआदिक बीजा सर्व लोको तेमने वामनरूपे जुए छे. ॥ ८४ ॥

।चिंतइ मणे कुमारी। मज्झ पइन्ना इमेण जइ पुन्ना ॥ ताहं पुन्नपइन्ना। अप्पं मन्नेमि कयपुन्नं ॥ ८५ ॥
त्यारे ते कुमारी विचारे छे के, जो आ कुमारथी मारी प्रतिज्ञा पूर्ण थशे, त्यारे हुं पूर्णप्रतिज्ञावाली थइश, तथा मारा आत्माने पण पुन्यशाली मानीश. ॥ ८५ ॥

जइ पुण मज्झ पइन्ना। इमिणावि न पूरिया अहन्नाए ॥ ताहं विहियपइन्ना। सवेरिणी चेव संजाया ॥ ८६ ॥
अने कदाच अधन्य एवी जे हुं,तेनी प्रतिज्ञा आ कुमारथी जो पूर्ण न थइ तो हुं प्रतिज्ञा करीने मारी पोतानीज वैरिणी थवा सरखुं थशे.

उवज्झायाएसेणं। तेहिं कुमारेहिं दंसियं जाव ॥ वीणाए कुसलत्तं। ताव कुमारीवि दंसेइ ॥ ८७ ॥
पछी उपाध्यायना हुकमथी ज्यारे ते सर्व कुमारोए पोतपोतानुं वीणासंबंधि कुशलपणुं बताव्युं,त्यारे कुमरी पण पोतानुं कुशलपणुं बतावे छे.

तीए कुमरीकलाए। संकुडियं सयलरायकुमराणं ॥ वीणाए कुसलत्तं। चंदकलाइव्व कमलवणं ॥ ८८ ॥
त्यारे चंद्रनी कलाथी जेम कमलोनुं वन, तेम ते कुमरीनी कलाथी सर्व राजकुमारोनुं वीणासंबंधि कुशलपणुं संकोचता पाम्युं.॥८८॥

तं च कुमरीइ कलं। सयलोवि जणो पसंसए जाव ॥ ताव कुमरो वामण–रूवधरो बज्जरइ एवं ॥ ८९ ॥
पछी ते कुमरीनी कलाने जेवामां सर्व लोको प्रशंसे छे, तेवामां वामनरूपधारी श्रीपालकुमार आवी रीते कहे छे. ॥ ८९ ॥

अहो सुज्जाणो कुंडल–पुरलोओ केरिसो इमो सव्वो ॥ तो संकिया कुमारो। उवहसियं मन्नए अप्पं ॥ ९० ॥

अहो! आ कुंडलपुरमां रहेनारा सघला लोको केवा जाणकारछे!! ते सांभली शंकायुक्त थयेली कुमरी पोताने हास्यपात्र थयेली मानवा लागी.

**अप्पेइ नियं वीणं । तस्स कुमारस्स रायधूयावि ॥ कुमरोवि सारिऊणं । तं च असुद्धं कहइ एवं ॥९१ ॥**

पछी ते राजकुमारीए पोतानी वीणा ते वामनकुमारने आपी, त्यारे कुमारे ते वीणाने सारीने नीचे मुजब अशुद्ध जणावी के, ॥९१॥

**तंती सगब्भरूवा । गलगहियं तुंबयं च एयाए ॥ दंडोवि अग्गिदद्धो । तेण असुद्धा मए कहीया ॥ ९२ ॥**

आनी तंत्री गर्भवाली तथा तेनुं तुंबडुं गले दाबेलुंछे,अने तेनो दांडो पण अग्निथी दग्ध थयोछे;अने तेथी हुं आ वीणाने अशुद्ध कहुंछुं

**ते दंसिऊण सम्मं । आसारेऊण वायए जाव ॥ ताव पसुत्तोव्व जणो । सव्वोवि अचेयणो जाओ ॥ ९३ ॥**

पछी ते दोषोने तेणे सारी रीते देखाडीने, तथा तेने सारीने जेवा ते वगाडे छे, त्यारे ते सघला लोको केम जाणे निद्रायुक्त थया होय नही, तेम अचेतन थइ गया. ॥ ९३ ॥

**कस्सवि मुद्दारयणं । कस्सवि कडयं च कुंडलं मउडं ॥ कस्सवि उत्तरियं । गहिऊण कओ य उक्करडो ॥ ९४ ॥**

त्यारे कोइनी वींटी,तो कोइनुं कडुं तथा कोइनुं कुंडल तो कोइनो मुकुट,तथा कोइनो दुपट्टो ग्रहण करीने कुमारे तेओनो ढग करी मेल्यो.

**अह जग्गियंमि लोए । अच्छरियं पासिऊण सा कुमरी ॥ धन्ना पुन्नपइन्ना । वरइ कुमारं तिजयसारं॥ ९५ ॥**

हवे लोको जागते छते ते आश्चर्य जोइने धन्य एवी ते राजकुमारी पोतानी प्रतिज्ञा संपूर्ण थवाथी त्रणे जगत्मां सारभूत एवा ते कुमारने वरी

**रायाइओ य जणो । जा चिंतेइ वामणो हहा वरिओ ॥ ताव कुमरोवि दंसइ । सहावरूवं नियंझत्ति ॥ ९६ ॥**

त्यारे राजाआदिक सर्व लोको जेवामां एम चिंतवे छे के, हाय! हाय! आणे तो वामनवरने वर्यो, तेवामां कुमारे तुरत पोतानुं स्वाभाविक रूप प्रगट कर्युं. ॥ ९६ ॥

**आणंदिओ य राया । परिणावेऊण तेण नियधूयं ॥ दावेइ हयगयाइ–धणकंचणपूरियं भुवणं ॥ ९७ ॥**

तेजोइने राजाए खुशी थइने तेने पोतानी पुत्री परणावी;तथा तेने हाथी घोडाआदिक अने धन तथा सुवर्णथी भरेलो आवास आप्यो.

**तत्थ ठिओ सिरिपालो । पुन्नविसालो महाभुयालो य ॥ गुणसुंदरीसमेओ । निच्चंपि करेइ लीलाओ ॥ ९८ ॥**

हवे विशाल पुण्योवाला तथा महापराक्रमी एवा ते श्रीपालकुमार त्यां रह्याथका हमेशां गुणसुंदरी साथे क्रीडा करे छे. ॥ ९८ ॥

**अन्नदिणे नयराओ । रयवाडीए गएण कुमरेण ॥ दिट्ठो एगो पहीओ । विसेसवत्तं च सो पुट्ठो ॥ ९९ ॥**

एक दिवस नगरमांथी रयवाडीए गयेला ते श्रीपालकुमारे एक वटेमार्गुने जोयो, तथा तेने तेणे नवीन समाचार पूछ्या. ॥ ९९॥

**सो भणइ देव कुंडिण–पुराओ पट्ठावणोइ पट्ठविओ ॥ नयरंमि पहिट्ठाणे। इब्भेण धणावहेणाहं ॥८०० ॥**

त्यारे तेणे कह्युं के हे स्वामी! धनावहशेठे कुंडीनपुर नगरथी मने प्रस्थान माटे पेंठणपुर नगरप्रते मोकल्यो छे. ॥ ८०० ॥

**आगच्छंतेण मए । कंचणपुरनामयंमि नयरंमि ॥ जं अत्थरियं दिट्ठं । पुरिसुत्तम तं निसामेह ॥ १ ॥**

हवे रस्ते आवतां थकां में कंचनपुर नामना नगरमां जे आश्चर्य जोयुं छे तेने हे उत्तम पुरुष! तमो सांभलो? ॥ १ ॥

तत्थत्थि कंचणपुरे । राया सिरिवज्जसेणनामुत्ति ॥ तस्सत्थि पट्टदेवो । कंचणमालत्ति विख्खाया ॥ २ ॥
ते कंचनपुर नगरमां श्री वज्रसेन नामे राजा छे, तेने कंचनमाला नामनी प्रख्यात पट्टराणी छे. ॥ २ ॥

तीए कुख्खियसमुप्भव-पुत्ता चत्तारि संति सोंडिरा ॥ जसधवल जसोहर-वयरसिंहगंधव्वनामाणो ॥ ३ ॥
तेणीनी कुक्षीए उत्पन्न थयेला चार पराक्रमी पुत्रो छे, यशोधवल, यशोधर, वज्रसिंह तथा गंधर्व एम तेमनां नामो छे. ॥ ३ ॥

ताण उवरिं च एगा । पुत्ती तियलुक्कसुंदरी अत्थि ॥ तियलोएवि न अन्ना । जोए पडिछंदए कन्ना ॥ ४ ॥
तेओनी उपर एक त्रिलोकसुंदरी नामे पुत्री छे, के जेणीना समान बीजी कन्या त्रणे लोकोमां नथी ॥ ४ ॥

तीए अणुरूववरं । अलहंतेणं च तेण नरवइणा ॥ पारद्धो अत्थि तहिं । सयंवरामंडवो देव ॥ ५ ॥
हवे हे स्वामी! तेणीना समान वर न मलवाथी ते राजाए त्यां स्वयंवरमंडप आदर्यो छे. ॥ ५ ॥

तच्छच्छि सुवित्थिन्नो । उतंगो मूलमंडवो रम्मो ॥ मणिकंचणथंभट्ठिय-पुत्तलियाखोहियजणोह ॥ ६ ॥
त्यां अत्यंत विस्तारवालो तथा उंचो अने मनोहर एवो मूलमंडप रचेलो छे, जेमां मणि अने सुवर्णना स्तंभोमां रहेली पुतलीओ लोकोना समूहने क्षोभ पमाडे छे. ॥ ६ ॥

तत्तो चउपासेसु । रइया कोऊहलेहिं परिकलिया ॥ मंचाइमंचसेणी । सग्गविमाणावलिसरिच्छा ॥ ७ ॥

वली त्यां चारे बाजुओए कुतूहलोथी युक्त थयेली एवी उपराउपरी मांचाओनी श्रेणि स्वर्गना विमानोनी पंक्तिओ जेवी रचवामां आवीछे.

**जे संति निमंतिय–नरवराणपडिवत्तिगउरवनिमित्तं ॥ तच्छ कणतिणसमूहा। ते गरुया गिरिवरेहिंतो ॥ ८ ॥**

वळी त्यां निमंत्रित करेला राजाओनी बरदास्त अने गौरव माटे धान्य तथा घासना जे समूहो एकठा कर्या छे, ते मोहोटामोहोटा पर्वतोथी पण मोटा छे. ॥ ८ ॥

**आसाढपढमपख्खे। बीआए अत्थि तत्थ सुमुहुत्तो ॥ कल्ले सा पुण बीआ मग्गो पुण जोयणे तीसं ॥ ९ ॥**

आषाढसुदि बीजने दिवसे तेनुं उत्तम मुहूर्त्त छे, अने ते बीज तो काल छे, तेम त्यां जवानो मार्ग पण त्रीस जोजननो छे. । ९ ॥

**तं सोऊण कुमरेणं। तस्स पहियस्स दावियं झत्ति ॥ नियतुरयकंठकंदल–भूसणसोवन्नसंकलयं ॥ १० ॥**

ते सांभळी श्रीपालकुमारे ते पंथिने तुरत पोताना घोडाना कंठमां रहेलुं सुवर्णनी सांकळनुं आभूषण आप्युं. ॥ १० ॥

**कुमरो य नियावासं। पत्तो चिंतेइ पच्छिमनिसाए ॥ काऊण खुज्झरूपं। तंपि हु गंतूण पिच्छामि ॥ ११ ॥**

पछी कुमार पोताने घेर आवीने पाछली रात्रिए एम चिंतवेछे के, कुजनुं रूप करीने, त्यां जइ ते स्वयंवरमंडप जोउं तो ठीक.॥११॥

**हारस्स पभावेणं। संपत्तो तत्थ खुज्झरूवेणं ॥ पिच्छेइ रायचक्कं। उवविट्ठं उच्चमंचेसु ॥ १२ ॥**

पछी हारना प्रभावथी ते कुंजना रूपसहित त्यां पहोंच्यो, त्यां तेणे उंची खुरशीओपर राजाओना समूहने बेठेलो जोयो. ॥ १२ ॥

**कुमरोवि खुज्झरूवो। सयंवरामंडवंमि पविसंतो ॥ पडिहारेण निसिद्धो। देइ तओ तस्स करकडयं ॥ १३ ॥**

पछी ते कुंजरूपवाळा श्रीपालकुमारने स्वयंवरमंडपमां पेसतां प्रतिहारे अटकाव्यो, त्यारे तेणे तेने पोताना हाथनुं कडुं आप्युं.॥१३॥

**पत्तो य मूलमंडव–थंभट्ठियपुत्तलीण पासंमि ॥ चिट्ठइ सुहं निसन्नो । कुमरो कयकित्तिमकुरूवो ॥ १४ ॥**

पछी करेल छे कृत्रिम कुरूप जेणे एवा ते श्रीपालकुमार मूलमंडपना स्तंभपर रहेली पुतलीनी पासे जइने सुखेथी बेठा. ॥ १४ ॥

**तं उच्चपिट्ठिदेसं । संकुडियउरं चिविडनासउडं ॥ रासहदंतं तह उट्ठ–हुट्ठयं कविलकेससिरं ॥ १५ ॥**

उंची पीठवाला, संकोचायेलां शरीरवाला, चपटी नाशिकावाला, रासभसरखा दांतवाला, उंटसरखा होठवाला, अने पींगला केशयुक्त मस्तकवाला ॥ १५ ॥

**पिंगलनयणं च पलो–इऊण लोया भणंति भो खुज्ज ॥ कज्जेण केण पत्तो । तुमंति तत्तो भणेइ सोवि ॥ १६ ॥**

तथा पीली आंखोवाला ते कुमारने जोइने लोको कहेछे के,हे कुब्ज! तमो अहीं शामाटे आव्या छो? त्यारे ते पण कहेछे के॥१६॥

**जेण कज्जेण तुप्भे । सव्वे अत्थेह आगया इत्थ ॥ तेणं चिय कज्जेणं । अहयपि समागओ एसो ॥ १७ ॥**

जे काम माटे तमो सघला अहीं आव्या छो, ते काम माटे आ हुं पण अहीं आव्यो छुं. ॥ १७ ॥

**हडहडहसंति सव्वे । अहो इमो एरिसो सुरूवोवि ॥ जइ न वरिस्सइ नरवर–धूआ तो सा कहं होही ॥ १८ ॥**

ते शांभली सर्वे खडखड हसे छे अने कहे छे के, अहो आवा रूपाला वरने जो राजकन्या नही वरे तो पछी तेणीनुं शुं थशे!!॥१८॥

**इत्थंतरंमि नरवर–धूया वरविमाणमारूढा ॥ खीरोदगवरवत्था । मुत्ताहलनिम्मलाहरणा ॥ १९ ॥**

हवे एटलामां ते राजकुमारी उत्तम पालखीपर चडीने क्षीरोदकसरखां वस्त्रोवाली, तथा निर्मल मोतीओना आभूषणोवाली, ॥ १९ ॥

**करकलियविमलमाला । समागया मूलमंडवे जाव ॥ ता सहसच्चिय कुमरं । सहावरूवं पलोएइ ॥ २० ॥**

तथा हाथमां निर्मल मालावाली एवी ते जेवामां मूलमंडपमां आवे छे, तेवामां एकदम ते स्वाभाविक रूपवाला कुमारने जुए छे. ॥२०॥

**तं दठ्ठूण पमुइय–चित्ता चिंतेइ सा निवइधूया ॥ रे मण आणंदेणं । वट्टसु एयस्स लंभेण ॥ २१ ॥**

तेने जोइने आनंदित मनवाली ते राजपुत्री विचारे छे के, हे मन हवे तुं आ भर्तारनी प्राप्तिथी आनंद पाम ? ॥ २१ ॥

**धन्ना कयपुन्नाहं । महंतभागो दओवि मह अच्छि ॥ मह मणजलनिहिचंदो । जं एस समागओ कोवि ॥ २२ ॥**

हुं धन्य तथा पुण्यशाली छुं, तेम मारो महोटो भाग्योदय छे,केमके मारां मनरूपी समुद्रने वृद्धि पमाडवामाटे चंद्रसमान आ कोइक पुरुष आवेलो छे. ॥ २२ ॥

**कुमरोवि तीइ दिट्ठिं । दठ्ठूणं साणुरागसकडक्खं ॥ दंसेइ खुज्झयंपि हु । अप्पाणं अंतरंतरियं ॥ २३ ॥**

कुमार पण अनुराग तथा कटाक्षोवाली तेणीनी दृष्टिने जोइने, वच्चेवच्चे तेणीने पोतानुं कुब्जरूप देखाडे छे. ॥ २३ ॥

**इत्तोवि हु पडिहारी । जं जं वन्नेइ नरवरं तं तं ॥ विक्खोडइ कुमारी । रूववओदेसदोसेहिं ॥ २४ ॥**

हवे प्रतिहारी जे जे राजाना वर्णन करे छे, ते ते राजाने कुमारी रूप, वय तथ देशसंबंधि दोषोथी वखोडी कहाडे छे. ॥ २४ ॥

जो जइया वन्निज्जइ। सो तइया होइ सरयससिवयणो॥ जो जइया हीलिज्जइ। सो तइया होइ साममुहो ॥२५॥
जे वखते जेनुं वर्णन करवामां आवे छे; ते वखते ते शरदऋतुना चंद्रसरखा मुखवाळो थाय छे, अने ज्यारे जेनी हीलना करवामां आवे छे, त्यारे ते श्याममुखवाळो थइ जाय छे. ॥ २५ ॥

जा पडिहारी थक्को। सयलं निवमंडलंपि वन्नित्ता ॥ ताव कुमारी सपियं। खुज्जं पासेइ सविलख्खा ॥ २६ ॥
हवे ते प्रतिहारी ज्यारे सर्व नृपमंडलने वर्णवीने थाकी गइ त्यारे कुमारी विलक्ष थइथकी पोताने प्रिय एवा कुब्जने जुए छे. ॥२६॥

इत्थंतरंमि थंभ–ट्ठियाइ वरपुत्तलीय वयणंमि ॥ होऊण हारहिट्ठा–यग देवो एरिसं भणइ ॥ २७ ॥
एवामां थांभापर रहेली उत्तम एवी पुतळीना मुखमां हारनो अधिष्ठायक देव दाखल थइने आवीरीते कहे छे. ॥ २७ ॥

यदि धन्यासि विज्ञासि। जानासि च गुणांतरं ॥ तदेनं कुब्जकाकारं। वृणु वत्से नरोत्तमं ॥ २८ ॥
हे वत्स! जो तुं धन्य अने चतुर हो, तेमज गुणअवगुणने जाणनारी हो तो आ कुब्जना आकारवाला उत्तम पुरुषने वर? ॥ २८ ॥

तं सोऊण कुमारी। वरेइ तं झत्ति कुंजरूवंपि ॥ कुमरो पुण सविसेसं। दंसेइ कुरूवमप्पाणं ॥ २९ ॥
ते सांभलीने कुमारीका तुरत ते कुब्जरूपवाला श्रीपालकुमारने वरे छे, परंतु कुमार तो वली विशेष प्रकारे पोतानुं कुरूप देखाडे छे.

इत्थंतरंमि सव्वे। रायाणो अख्खिवंति तं खुज्जं ॥ रेरे मुंचसु एयं। वरमालं अप्पणो कालं ॥ ३० ॥

एवामां सर्व राजाओ ते कुब्जनो आक्षेप करे छे के, अरे! आ तने पोताने कालसमान एवी वरमालाने छोडी दे? ॥ ३० ॥

**जइ किरि मुद्धा एसा। न मुणेइ गुणागुणंपि पुरिसाणं॥ तहवि हु एरिस कन्ना–रयणं खुज्जस्स न सहामो ॥ ३१ ॥**

जोके आ भोली राजकुमारी पुरुषोना गुण अवगुणने नथीजाणती,तो पण आ कुब्जने आवुं कन्यारत्न मले,ए अमो सहन करवाना नथी.

**ता झत्ति चयसु मालं। नो वा अम्हं करालकरवालो ॥ एसो तुहगलनालं। लुणिही नूणं सवरमालं ॥ ३२ ॥**

माटे तुं तुरत ते वरमालाने छोडी आप? नहीतर खरेखर अमारी आ तलवार वरमालासहित तारां कंठनी नालने छेदी नाखशे.॥३२॥

**हसिऊण भणइ खुज्जो। जइ किरि तुज्झे इमोइ नो वरिया॥ दोहग्गदड्ढदेहा। कीस न रूसेह ता विहिणो ॥ ३३ ॥**

ते सांभली कुब्ज हसीने बोल्यो के, तमो ज्यारे दुर्भाग्यथी दग्ध शरीरवाळा छो, तो तमो तमारां नसीबपर शामाटे गुस्से थता नथी?

**इण्हिं पुण तुम्हाणं। परिच्छिअहिलासविहियपावाणं ॥ सोहणखमं इमं मे। असिधारातित्थमेवत्थि ॥ ३४ ॥**

हवे परस्त्रीना अभिलाषरूपी करेल छे पाप जेओए एवा तमोने, शुद्ध करवामाटे आ मारुं तलवारनी धारारूपी तीर्थ समर्थ छे.॥३४॥

**इय भणिऊणं तेसिं। खुज्जेण दंसिया तहा हत्था ॥ जह ते भीइविहत्था। सवेवि दिसोदिसं नट्ठा ॥ ३५ ॥**

एम कहीने ते कुब्जे तेओने पोताना एवा तो हाथ देखाड्या के जेथी तेओ भयथी व्याकुल थइ दिशादिशामां नाशी गया. ॥ ३५ ॥

**खुज्जेण तेण तह कहवि। दंसिओ विक्कमो रणे तत्थ ॥ जह रंजियचित्तेहिं। सुरेहिं मुक्का कुसुमवुट्ठी ॥ ३६ ॥**

एवीरीते ते कुब्जे त्यां रणसंग्राममां एवुं तो कोइक पोतानुं पराक्रम देखाडयुं के जेथी खुशी थयेलां छे मन जेओनां एवा देवोए तेनापर पुष्पवृष्टि करी. ॥ ३६ ॥

**तं दठ्ठूणं सिरिव–ज्जसेणरायावि रंजिओ भणइ ॥ जय पयडियं बलं तह । रूवं पयडेसु वच्छ नियं ॥ ३७ ॥**

ते जोइने श्रीवज्रसेन राजा पण खुशी थइने कहेछे के,हे वत्स! जेम तमोए तमारुं बळ प्रगट कर्युं,तेम तमारुं स्वरूप पण प्रगट करो?

**तक्कालं च कुमारं । सहावरूवं पलोइऊण निवो ॥ परिणाविय नियधूयं । साणंदो देइ आवासं ॥ ३८ ॥**

पछी ते वखते स्वाभाविक रूपवाला कुमारने जोइने राजाए तेने पोतानी पुत्री परणावीने आनंद सहित रहेवामाटे आवास आप्यो.

**तत्थट्ठिओ सिरिपालो। कुमरो तियलुक्कसुंदरीसहिओ ॥ पावइ परमाणंदं । जीवो जह भावणासहिओ ॥ ३९ ॥**

हवे त्यां ते त्रिलोकसुंदरीनी साथे रहेला श्रीपालकुमार भावनासहित जेम जीव तेम परम आनंदने अनुभवे छे. ॥ ३९ ॥

**अन्नदिणे कोइ नरो । रायसहाए समागओ भणइ ॥ देवदलपट्टणंमि य । अत्थि नरिंदो धरापालो ॥ ४० ॥**

हवे एक दिवस कोइक पुरुष राजसभामां आवीने कहे छे के, हे स्वामी! दलपत्तन नामना नगरमां धरापाल नामे राजा छे. ॥४०॥

**तस्सुत्तमरायाणं । पुत्तीओ राणियाउ चुलसीइ ॥ ताणमज्झंमि पढमा । गुणमाला अत्थि सविवेया ॥ ४१ ॥**

ते राजाने उत्तम राजाओनी पुत्रीओ एवी चोर्यासी राणीओ छे, तेओमां पेहेली गुणमाला नामनी राणी महाविवेकी छे. ॥ ४१ ॥

तीएय पंचपुत्ता । हिरणगब्भो य नेहलो जोहो ॥ विजयारीअ सुकणो । ताणुवरिं पुत्तिया चेगा ॥ ४२ ॥

तेणीने हिरण्यगर्भ, स्नेहल, योध, विजितारि अने सुकर्ण नामना पांच पुत्रो छे; तथा ते पुत्रोपर एक पुत्री छे. ॥ ४२ ॥

सा नामेणं सिंगार-सुंदरी सिंगारिणी तिलुक्कस्स ॥ रूवकलागुणपुन्ना । तारुण्णालंकियसरीरा ॥ ४३ ॥

तेणीनुं नाम शृंगारसुंदरी छे, के जे त्रणे लोकोमां शणगारभूत छे, तेमज रूप, अने कलाना गुणोथी भरेली अने युवावस्थाथी शोभितां शरीरवाली छे. ॥ ४३ ॥

तीए जिणधम्मरयाइ । पंडिया तह वियख्खणा पउणा ॥ निउणादख्खत्ति सही-ण पंचगं अच्छि जिणभत्तं ॥४४॥

जिनधर्ममां रक्त एवी ते कुमारीकानी पंडिता, विचक्षणा, प्रगुणा, निपुणा, अनदक्षा नामनी पांच सखीओ छे, के जेओ जिनेश्वर प्रभुनी भक्तिवाली छे, ॥ ४४ ॥

ताणं पुरो कुमारी । भणेइ अम्हाण जिणमयरयाणं ॥ जइ कोइ हवइ जिण-मयविउ वरो तो वरं होइ ॥ ४५ ॥

तेओनी पासे कुमारीए एम कहुंछे के,आपणे जैनधर्ममां आसक्त छीये,माटे जैनधर्मनो जाणकार एवो आपणने स्वामी जो मळे तो सारुं.

जेणं वरो वरिज्जइ । मणनिव्वुइकारणेणं कन्नाहिं ॥ सा पुण धम्मविरोहे । पइपत्तीणं कओ होइ ॥ ४६ ॥

केमके कन्याओ मननी शांतिमाटे वरने वरे छे. परंतु तेओवच्चे जो धर्मनो विरोध होय तो, ते शांति ते स्त्रीभर्त्तारने क्यांथी थाय?

तम्हा अम्हेहिं परि-ख्खिऊण सम्मं जिणिंदधम्मंमि ॥ जो होइ निच्चलमणो । सो चेव वरो वरेयव्वो ॥ ४७ ॥

माटे आपणे सम्यक्प्रकारे परीक्षा करीने जे जैनधर्ममां निश्चल मनवाळो होय, तेज वरने आपणे वरवो. ॥ ४७ ॥

भणियं च पंडियाए । सामिणि जुत्तं तए इमं वुत्तं ॥ किंतु निरुत्तो भावो । परस्स नज्जइ कवित्तेण ॥४८॥

ते सांभळी पंडिताए कह्युं के, हे स्वामिनि! तमोए ते वात युक्त कही छे, परंतु परनो अप्रकाशित भाव कविताथी जणाय छे. ॥४८॥

ता काऊण समस्सा–पयाइं सुदिट्ठिपूरणिज्जाइं ॥ अप्पेहिं जेहिं नज्जइ । सुहासुहो धम्मपरिणामो ॥ ४९ ॥

माटे समस्यानां पदो करीने तेने पूरवामाटे आपवां, जेथी तेनो शुभ अथवा अशुभ एवो धर्मनो परिणाम जणाइ आवे. ॥ ४९ ॥

तो तीए कुमरीए । अत्थि पइन्ना इमा कया जोऊ ॥ चित्तगयसमस्साओ । पूरिस्सइ सो वरेयव्वो ॥ ५० ॥

एवीरीते राजकुमारीए प्रतिज्ञा करी छे के, जे कोइ मनमां रहेली समश्या पूरशे, ते वरने आपणे वरवो. ॥ ५० ॥

सोऊण तं पसिद्धिं । समागयाणेगपंडिया पुरिसा ॥ पूरंति समस्साओ । परं न तीए मणगयाओ ॥ ५१ ॥

तेवीरीतनी प्रख्याति सांभलीने त्यां अनेक पंडितपुरुषो आव्याछे,अने तेओ समश्या पूरेछे,परंतु तेणीना मनना अभिप्रायमुजब पुराती नथी.

एवं सा निवधूया । पंडियाईहिं पंचहिं सहीहिं ॥ सहीया चित्तपरिक्खं । कुणमाणी वट्टइ जणाणं ॥ ५२ ॥

एवीरीते ते राजपुत्री पंडिताआदिक पांचे सखीओ सहित माणसोनां मनोनी परीक्षा करतीथकी रहेली छे. ॥ ५२ ॥

तं सोऊणं सव्वो । सहाजणो भणइ केरिसं चुज्जं ॥ पूरिज्जंति समस्सा । किं केणवि परमणगयाओ ॥ ५३ ॥

हवे ते सांभलीने सभाना सर्व लोको कहेछे के,आ केवुं आश्चर्यछे! केमके परना मनमां रहेला अभिप्रायमुजब कोण समश्या पूरीशके?

**तं सोऊण कुमारो । धणियं संजायमणचमुक्कारो ॥ पत्तो नियआवासं । पुणो पभायंमि चिंतेइ ॥ ५४ ॥**

ते सांभली श्रीपालकुमारना मनमां घणुंज आश्चर्य थयुं,पछी ते पोताना आवासप्रते आव्या, अने प्रभाते आ प्रमाणे चिंतववा लाग्या के

**हारस्स पभावेणं । मह गमणं होउ पट्टणे तत्थ ॥ जत्थत्थि रायकन्ना । विहियपयन्ना समस्साहिं ॥ ५५ ॥**

ज्यां ते समश्यानी प्रतिज्ञा करनारी राजकुमारी छे, ते नगरनी अंदर आ हारना प्रभावथी जो मारुं गमन थाय तो सारुं. ॥ ५५ ॥

**पत्तो य तक्खणं च्चिय । सहावरूवेणं मंडवे तच्छ ॥ जत्थत्थि रायपुत्ती । संजुत्ता पचहिं सहीहिं ॥ ५६ ॥**

पछी ते तुरतज पोताना स्वाभाविकरूप सहित ते मंडपमां प्राप्त थया, के ज्यां पोतानी पांचे सखीओसहित राजकुमारी रहेली छे.५६

**दट्ठूण तं कुमारं मारोवमरूवमसमलायन्नं ॥ नरवरधूयावि खणं । विम्हियचित्ता विचिंतेइ ॥ ५७ ॥**

त्यां कामदेवसरखां रूपवाला तथा अतुल्य लावण्यवाला एवा ते कुमारने जोइने ते राजकुमारी पण क्षणवारसुधी आश्चर्ययुक्त मनवाली थइथकी विचारे छे के, ॥ ५७ ॥

**जइ कहवि हु एस मणो–गयाओ पूरेइ मह समस्साओ ॥ ताहं तिन्नपइन्ना । हवेमि धन्ना सुकयपुन्ना ॥ ५८ ॥**

जो कदाच आ पुरुष मारां मनमां रहेली समस्याओ पूरे, तो हुं संपूर्णप्रतिज्ञावाली, धन्य तथा पुण्यशाली थाउं. ॥ ५८ ॥

**पुच्छइ तओ कुमारो । कहह समस्सापयाइं निययाइं ॥ तो कुमरिसन्निया । पंडियावि पढमं पयं पढइ ॥ ५९ ॥**

पछी कुमार तेणीने पूछेछे के,तमारां समश्यानां पदो कहो? त्यारे कुमारीए इसारो करवाथी पंडिता ते समश्याओनुं पेहेलुं पद कहेछे.

'मणवंछियफलु होइ'–एसा सहीमुहेणं। जं कहइ समस्सापयं मएणावि॥ पूरेयव्वं केणवि। पुत्तलयमुहेण हेलाए

'मनोवांछित फल थाय छे'—ते सांभली श्रीपालकुमार विचारे छे के, आ कुमारी ज्यारे सखीना मुखथी समश्यानुं पद कहे छे, त्यारे मारे पण रमुजमाटे कोइक पुतलांना मुखथी ते संपूर्ण करावबी ॥ ६० ॥

इय चिंतिऊण पास–ट्ठियस्स थंभस्स पुत्तलयसीसे ॥ कुमरेण करो दिन्नो। ता पुत्तलओ भणइ एवं ॥ ६१ ॥

एम विचारीने पासे रहेला थंभना पुतलाना मस्तकपर कुमारे पोतानो हाथ मूक्यो, त्यारे ते पुतलुं आ प्रमाणे बोलवा लाग्युं.॥६१॥

अरिहंआइनवपय। निय मणु धरइज्जु कोइ ॥ निच्छइ तसु नरसेहरह। मणवंछियफलु होइ ॥ ६२ ॥

जे कोइ माणस अरिहंतआदिक नवे पदोने पोताना मनमां धरे छे, एवा पुरुषोमां मुकुटसमान नरने मनोवांछित फल थाय छे.॥६२॥

तओ वियक्खणा पहेइ–'अवर म झंखहु आलु' तओ कुमरकरपवित्तो पुत्तलओ पूरेइ–अरिहंत देवु सुसाहु गुरु। धम्मउ दयाविसालु ॥ मंतुत्तुमनवकारु पर। अवर म झंखहु आलु ॥ ६३ ॥

पछी विचक्षणा बोले छे के—'अवर आलपंपाल न झंखो' त्यारे कुमारना हस्तथी पवित्र थयेलुं पुतलुं बोले छे के–अरिहंत देव, उत्तम साधु गुरु, अने दयाथी विशाल एवो धर्म, तथा मंत्रोमां नवकारपद श्रेष्ठ छे, ते शिवाय बीजुं आलपंपाल न झंखो. ॥ ६३ ॥

तओ पउणा पढइ–'करि सफलु अप्पाणु' पुत्तलओ पूरेइ–आराहिय धुरि देवगुरु। देहि सुपत्तिहिं दाण ॥

तवसंजमउवयार करि । करि सफलु अप्पाण ॥ ६४ ॥

पछी प्रगुणा बोले छे के—'आत्माने सफल करवो त्यारे पुतळुं पूरे छे के–पेहेलां देवगुरुनुं आराधन करीने सुपात्रे दान देवुं, तथा तप संयम अने उपकार करीने आत्माने सफल करवो. ॥ ६४ ॥

तओ निउणा पढइ–'जित्तउ लिहिउ निलाडि'–पुत्तलओ भणेइ–अरि मन अप्पउ खंचि धरि ।
चिंताजालि म पाडी ॥ फल तित्तउ परिपामीयइ । जित्तउ लिहिउ निलाडि ॥ ६५ ॥

पछी निपुणा बोल छे के–' जेटलुं ललाटमां लख्युं होय तेटलुं. ' त्यारे पुतळुं कहे छे के—अरे मन! तुं आत्माने वशमां राखीने चिंतारूपी जालमां पड नही, केमके फल तेटलुंज मले छे के जेटलुं ललाटमां लखेलुं होय छे. ॥ ६५ ॥

तओ दख्खा पढइ–'तसु तिहुअणजणदास'–पुत्तलओ पढइ–अच्छि भवंतरसंचिउ ।
पुन्नु समग्गलु जासु ॥ तसु बल तसु मय तसु सिरि । तसु तिहुअणजण दास ॥ ६६ ॥

पछी दक्षा बोले छे के—' तेना त्रणे जगत्ना लोको दास थइ रहे छे '–त्यारे पुतळुं बोले छे के–जेणे भवांतरमां समस्त प्रकारनुं पुन्य उपार्जन करेलुं छे, तेने बल, बुद्धि तथा लक्ष्मी मले छे, अने त्रणे जगत्ना लोको तेना दास थइने रहे छे. ॥ ६६ ॥

दठ्ठूण तं समस्सा–पूरणमइविम्हिया कुमारीत्ति ॥ आणंदपुलइयंगो । वरइ कुमारं तिजयसारं ॥ ६७ ॥

एवि रीते समश्याओनुं पूरवुं जोइने अत्यंत आश्चर्य पामेली एवी ते कुमारी पण आनंदथी रोमांचित शरीरवाली थइथकी त्रणे जगत्मां सारभूत एवा ते श्रीपालकुमारने वरे छे. ॥ ६७ ॥

**रायपमुहोवि लोओ । भणइ अहो चुज्जमेगमेयंति ॥ जं पूरिज्जंति मणो–गयाउ एवं समस्साओ ॥ ६८ ॥**

राजाआदिक लोको पण कहेवा लाग्या के, अहो! आ तो आपणने एक आश्चर्य लागे छे के, कोइना मनना अभिप्राय मुजब आ कुमारे समश्याओ पुरी. ॥ ६८ ॥

**जं च इमं सकरेणं । पुत्तलयमुहंपि पूरणं ताणं ॥ तं लोउत्तरचरियं । कुमरस्स करेइ अच्छरियं ॥ ६९ ॥**

वली तेणे पोताना हाथ पुतलांपर मूकीने ते पुतलांना मुखथी जे समश्या पूरावी, एवी रीतनुं आ कुमारनुं ते लोकोत्तर चरित्र आश्चर्य उपजावे छे. ॥ ६९ ॥

**राया नियधूयाए । तीए पंचहिं सहीहिं सहियाए ॥ कारेइ विच्छरेणं । पाणिग्गहणं कुमारेण ॥ ७० ॥**

पछी राजाए ते पांचे सखिओसहित पोतानी कुमरीनुं पाणिग्रहण विस्तारपूर्वक श्रीपालकुमारसाथे कराव्युं. ॥ ७० ॥

**इच्छंतरंमि एगो । भट्टो दठ्ठूण कुमारमाहप्पं ॥ पभणेइ उच्चसद्दं । भो भो निसुणेह मह वयणं ॥ ७१ ॥**

एवामां एक भट्ट कुमारनुं महात्म्य जोइने मोटा शब्दथी बोले छे के, हे कुमार! तमो एक मारुं वचन पण सांभलो? ॥ ७१ ॥

**कुल्लागपुरे नयरे । अच्छि नरिंदो पुरंदरोनाम ॥ तस्सत्थि पट्टदेवी । विजयानामेण सुपसिद्धा ॥ ७२ ॥**

कोल्लागपुर नामना नगरमां पुरंदर नामे राजा छे; तेने विजया नामनी प्रसिद्ध पट्टराणी छे, ॥ ७२ ॥

**हरिविक्कमनरविक्कम–हरिसिरिसेणाइसत्तपुत्ताणं ॥ उवरिंमि अत्थि एगा । पुत्ती जयसुंदरी नाम ॥ ७३ ॥**

तेणीने हरिविक्रम, नरविक्रम, हरिषेण तथा श्रीशेणआदिक सात पुत्रोनी उपर जयसुंदरी नामनी पुत्री छे. ॥ ७३ ॥

**तीए कलाकलावं । रूवं सोहग्गलडहलायन्नं ॥ दठ्ठुण भणइ राया । कोणु इमीए वरो जुग्गो ॥ ७४ ॥**

ते पुत्रीना कलाओना समूहने, तथा सौभाग्यथी मनोहर एवां लावण्यने जोइने, राजा कहेवा लाग्यो के, आ कुंवरीने योग्य एवो कयो वर थशे? ॥ ७४ ॥

**तो तीए उज्झाओ भणइ महाराय तुज्झ पुत्तीए ॥ सयलकलासत्थाइं । अवगाहंतीइ एयाए ॥ ७५ ॥**

त्यारे ते कुंवरीने भणावनार उपाध्याये कह्युं के, हे महाराज! तमारी पुत्रीए सर्व कलाशास्त्रोनो अभ्यास करतीवेलाए ॥ ७५ ॥

**सत्थपत्थावपत्तं । राहावेहस्स साहणसरूवं ॥ विणएण अहं पुट्ठो । कहियं च मए तया एवं ॥ ७६ ॥**

शास्त्रना प्रस्तावथी आवेलुं राधावेधनुं स्वरूप मने विनयपूर्वक पूछ्युं हतुं, त्यारे में पण तेणीने आ प्रमाणे कह्युं हतुं. ॥ ७६ ॥

**मंडिज्जंते थंभ–ट्ठियट्ठ चक्काइं जंतजोगेणं ॥ सिट्ठिविसिट्ठिकमेणं । एगंतरियं भमंताणं ॥ ७७ ॥**

एकस्तंभउपरे उपराउपर आठ चक्रो स्थापवां, के जे चक्रो यंत्रना योगथी डाबां जमणां भम्या करे छे; ॥ ७७ ॥

**चक्कारयविवरोवरि–राहानामेण कट्ठपुत्तलिया ॥ ठविया हवेइ तीए । वामत्थी किज्जए लक्खं ॥ ७८ ॥**

ते चक्रोनां विवरोनी उपर राधा नामनी काष्टनी पुतली स्थापेली होयछे, ते पुतलीनी डाबी आंखने लक्षरूपे(वींधवाना निशानरूपे)करवी.

**हिट्ठट्ठियतिल्लकडाहयंमि । पडिबिंबलद्धलख्खेणं ॥ उद्धसरेण नरेणं । तीए वेहो विहेयव्वो ॥ ७९ ॥**

हवे नीचे रहेलो तेलनी कडाइमां पडतां प्रतिबिंब तरफ जोइने पुरुषे उंचुं बाण राखीने ते राधावेध करवो. ॥ ७९ ॥

**सो पुण केणवि विर–ल्लेण चेव विन्नाय धणुहवेएण ॥ उत्तमनरेण किज्जइ । जं गिज्जइ एरिसं लोए ॥ ८० ॥**

ते राधावेध कोइ धनुर्वेदनो जाणनार विरलो अने उत्तम पुरुषज करी शके छे, केमके लोकोमां पण एम कहेवाय छे के, ॥ ८० ॥

**विणयंता चेव गुणा । संतंतरसा कियाओ भावंता ॥ कव्वं च नाडयंतं । राहावेहंतमीसत्थं ॥ ८१ ॥**

विनय छे छेवट जेमां एवा गुणो होय छे, शांत छे अंते जेने एवा रसो छे, तथा भाव छे अंते जेने एवी क्रियाओ छे, नाटक छे अंते जेने एवी कविता छे, तथा राधावेध छे अंते जेने एवुं शास्त्र छे. ॥ ८१ ॥

**तं सोऊणमिमीए नरवर तुह नंदणाइ सहसत्ति ॥ बहुलोयाण समख्खं । इमा पइन्ना कथा अत्थि ॥ ८२ ॥**

ते सांभलीने हे राजन्! आपनी आ पुत्रीए सघला लोकोनी समक्ष एवी प्रतिज्ञा करी छे के ॥ ८२ ॥

**जो किर मह दिट्ठीए । राहावेहं करिस्सए कोवि ॥ तं चेव निच्छएणं । अहं वरिस्सामि नररयणं ॥ ८३ ॥**

जे कोइ पुरुष मारी नजरे राधावेध करशे, तेज रत्नसरखा पुरुषने हुं खरेखर वरीश. ॥ ८३ ॥

**एयाइ पइन्नाए । नज्जइ पुरिसुत्तमस्स कस्सावि ॥ नूणं इमा भविस्सइ । पत्ती धन्ना सुकयपुन्ना ॥ ८४ ॥**

एवी रीतनी प्रतिज्ञाथी एम जणाय छे के, कोइक पण उत्तम पुरुषनी आ धन्य अने पुन्यशाली कुमारिका पत्नी थशे. ॥ ८४ ॥

**ता तुप्भेवि नरेसर। एवं चिंतंतएण वेगेणं ॥ कारेह विच्छरेणं। राहावेहस्स सामग्गिं ॥ ८५ ॥**

माटे हे नरेश्वर! आवी रीतनी चिंताने तजीने हवे तुरत विस्तारपूर्वक राधावेधनी सामग्री करी? ॥ ८५ ॥

**तं च तहा मंडाविय। रण्णावि निमंत्तिया नरिंदा य ॥ परमिक्केणवि केणवि। राहावेहो न सो विहिओ ॥ ८६ ॥**

पछी राजाए तेवी रीते राधावेध मंडावीने ( देशोदेशना ) राजाओने निमंत्रण करो बोलाव्या, परंतु तेओमाना एके पण ते राधावेध साध्यो नही. ॥ ८६ ॥

**सोवि हु जइ होइ। अणेण चेव कुमरेण गुरुपभावेणं ॥ नो अन्नेणं केणवि होही सो निच्छओ एसो ॥ ८७ ॥**

परंतु आ महाप्रभाविक श्रीपालकुमार ते राधावेध साधी शकशे, बीजा कोइथी पण ते कार्य थनार नथी, ए निश्चय जाणवो. ॥८७॥

**एवं कहिऊण निय-ट्टियस्स भट्टस्स कुंडलं दाउं ॥ कुमरोवि सपरिवारो। निवदत्तावासमणुपत्तो ॥ ८८ ॥**

एम कही मौन रहेनार एवा ते भट्टने श्रीपालकुमार कुंडल देइने परिवारसहित राजाए आपेला आवासमां गया. ॥ ८८ ॥

**तत्थ ठिओ तं रयणिं। रमणीगणरमणरंगरसवसओ ॥ पच्चूसे पुण पत्तो। कुल्लागपुरे तहच्चेव ॥ ८९ ॥**

त्यां रात्रीए स्त्रीओना समुहसाथे भोगविलासना रंगरसमां सुखे रहीने प्रभाते ते पूर्वनीपेठेज कोल्लागपुर नगरमां गया. ॥ ८९ ॥

उवविट्ठे य नरिंदे । मिलिए लोए य रायवग्गे य--(कुमरिदिट्ठीए-इति पाठांतरं) ॥
कुमरेण कओ राहा-वेहो हारप्पभावेणं ॥ ९० ॥

पछी त्यां राजा बेठे छते तथा लोको अने राजवर्ग पण बेठे छते कुमारे हारना प्रभावथी राधावेध साध्यो. ॥ ९० ॥

वरीओ तीए जयसुंदरी । कुमरो पमोयपुन्नाए ॥ नरनाहोवि हु महण । महया कारेइ वीवाहं ॥ ९१ ॥

पछी त्यां हर्षथी भरेलीजयसुंदरी कुमारी श्रीपालकुमारने वरी, अने राजाए पण महोटा उत्सवपूर्वक तेनो विवाह कर्यो. ॥ ९१ ॥

नरवरदिन्नावासे । सुखनिवासे रहेइ जा कुमरो ॥ ता माउलनिवपुरिसा। तस्सायणणत्थमणुपत्ता ॥ ९२ ॥

पछी सुखना स्थानरूप एवा राजाए दीधेला आवासमां जेवमां श्रीपालकुमार रहे छे, तेवामां मामाराजाए मोकलेलां माणसो तेमने बोलाववामाटे त्यां आव्यां. ॥ ९२ ॥

कुमरो नियरमणीणं । आणयणत्थं च पेसए पुरिसे ॥ ताओवि सुंदरीओ । सबंधुसहियाओ पत्ताओ ॥ ९३ ॥

त्यारे श्रीपालकुमारे पोतानी ते स्त्रीओने बोलाववामाटे माणसोने मोकल्यां, त्यारे ते सर्व स्त्रीओ पण पोताना बधुंओसहित त्यां आवी.

मिलियं च तत्थ सिन्नं । हयगयरहसुहडसंकुलं गुरुयं ॥ तेण समेओ कुमरो । पत्तो ठाणाभिहाणपुरं ॥ ९४ ॥

हवे एवी रीते त्यां घोडा, हाथी रथ तथा सुभटोनुं महोटुं सैन्य एकठुं थयुं, ते सैन्यसहित श्रीपालकुमार ठाणा नामना नगरमां पधार्या.

आणंदिओ य माउल–राया तस्सुत्तमं सिरिं दट्ठुं ॥ सुंदरिचउक्कसहियं। दट्ठूण पइं च मयणाओ ॥ ९५ ॥
त्यां ते मामो राजा तेनी उत्तमलक्ष्मीने जोइने, तथा ते मदनसुंदरीना पति एवा श्रीपालकुमारने चार स्त्रीओसहित जोइने खुशी थयो.

तत्तो माउलयनिवो। अणेगनरनाहसंजुओ कुमरं ॥ सिरिसिरिपालं थप्पइ। रज्जे अभिसेयविहिपुव्वं ॥ ९६ ॥
पछी ते मामाराजाए अनेक राजाओनी साथे मलीने श्रीपालकुमारने अभिषेकनी विधिपूर्वक राज्यपर स्थाप्या, ॥ ९६ ॥

सीहासणे निविट्ठो। वरहारकिरीडकुंडलाहरणो ॥ चमरछत्तपमुहेहिं । रायचिन्हेहिं कयसोहो ॥ ९७ ॥
ते वखते सिंहासनपर बेठेला तथा उत्तम हार, मुकुट अने कुंडलना अभूषणवाला, तेमज चामर, छत्रआदिक राजचिन्होथी करेली शोभावाला

सिरिसिरिपालो राया। नरवरसामंतमंतिपमुहेहिं ॥ पणमिज्जइ बहुहयगय–मणिमुत्तियपाहुडयकरेहिं ॥ ९८ ॥
एवा ते श्रीश्रीपालराजा घणा हाथी, घोडा, मणि तथा मोतीओनी भेटो लेताथका राजा, सामंत तथा मंत्रिआदिकथी नमाय छे.

पवहणसिरीसमेओ। असंखचउरंगसिन्नपरिकरिओ ॥ चल्लइ सिरिपालनिवो। नियजणणीपायनमणच्छं ॥९९॥
हवे वहाणोनी लक्ष्मीयें करीने युक्त थयेला तथा असंख्य एवी चतुरंगी सेनाथी परवरेला एवा ते श्रीपालराजा पोतानी माताना चरणोने नमवामाटे प्रयाण करे छे. ॥ ९९ ॥

सोवि हु आगच्छंतो। ठाणे ठाणे य नरवरिंदेहिं ॥ बहुविहभिट्टणिएहिं । भिट्टिज्जइ लच्छमाणेहिं ॥ १०० ॥

त्यां मार्गमां चालतांथकां जगोजगोए सन्मान पामता एवा राजाओ तेमने घणा प्रकारनां भेटणांओ आपे छे. ॥ १०० ॥

**सोपारयंमि नयरे । संपत्तो तच्छ परिसरमहीए ॥ आवासिओ ससिन्नो । सो सिरिपालो महीवालो ॥ १ ॥**

एवी रीते चालतांथकां सोपारानगरप्रते ते प्राप्त थया; अने ते नगरनां पादरमां ते श्रीपालराजाए सैन्यसहित पडाव नाख्यो. ॥ १ ॥

**पुच्छइ पहाणपुरिसे । जं सोपारयनिवो न दीसेइ ॥ भत्तिं वा सत्तिं वा । तं नाऊणं कहह तुरियं ॥ २ ॥**

त्यां तेणे पोतानां प्रधानोने पूछ्युंके, आ सोपारकनगरनो राजा भक्ति के शक्ति कंइपण केम देखाडतो नथी? तेनी तपास करीने मने तुरत खबर आपो? ॥ २ ॥

**नाऊण तेहिं कहियं । नरनाहो इच्छ अच्छि महसेणो ॥ तारा य तस्स देवी । तक्कुत्थिसमुप्भवा एगा ॥ ३ ॥**

त्यारे तेओए तपास करी कह्युं के, हे स्वामी! अहीं महसेन नामे राजा छे, अने तेनी राणीनुं नाम तारा छे, तथा तेणीनी कुक्षिए उत्पन्न थयेली एवी एक ॥ ३ ॥

**तिजयसिरितिलभूया । धूया सिरितिलयसुंदरीनामा ॥ अज्जेव कहवि दुट्ठेण । दीहपिट्ठेण सा दट्ठा ॥ ४ ॥**

त्रणे जगत्नी लक्ष्मीने तिलक समान श्रीतिलकसुंदरी नामनी पुत्री छे, के जेणीने आजेज कोइकदुष्ट सर्पे करडेली छे. ॥ ४ ॥

**विहिया बहुप्पयारा । उवयारा मंतओसहिमणीहिं ॥ तहवि न तीए सामिय । कोवि हु जाओ गुणविसेसो ॥ ५ ॥**

तेणीना मंत्र, औषधि तथा मणिआदिकोथी घणा उपचारो कर्या छे, तो पण तेथी हे स्वामी! तेणीने कोइ पण प्रकारनो विशेष गुण थतो नथी. ॥ ५ ॥

**तेण महादुख्खेणं । पीडियहियओ नरेसरो सोउ ॥ नो आगओत्थि इत्थं । अपसाओ नेव कायव्वो ॥ ६ ॥**

एवी रीतनां ते महादुःखथी राजा पीडित हृदयवालो होवाथी ते अहीं आवी शक्यो नथी, माटे तेनापर आपे अकृपा करवी नही. ॥ ६ ॥

**राया भणेइ सा कत्थ । अत्थि दंसेह मज्झ झत्ति तयं ॥ जेणं किज्जइ कोवि हु । उवयारो तीइ कन्नाए ॥ ७ ॥**

ते सांभली श्रीपालराजाए कह्युं के, ते कुमारिका क्यां छे? मने जलदी बतावो? के जेथी ते कन्यानो कोइक पण उपाय करीये. ॥ ७ ॥

**एवं पभणंतो नर–नाहो तुरयरयणमारूढो ॥ जा जाइ पुराभिमुहं । ता दिट्ठो बहुजणसमूहो ॥ ८ ॥**

एम कहेताथका ते श्रीपालराजा अश्वरत्नपर चड्या, अने जेवामां ते नगरतरफ जाय छे, तेवामां तेमणे सन्मुख घणा माणसोनो समूह जोयो,

**नायं च नरवरेणं । नूणं सा आणिया मसाणंमि ॥ तहवि हु पिच्छामि तयं । सा हु जियंती कहवि हुज्जा ॥ ९ ॥**

ते जोइ श्रीपालराजाए जाण्युं के, खरेखर तेणीने स्मशानमां लाववामां आवी छे, तो पण हुं तेणीने जोउं, केमके कदाच ते हजु पण जीवती थइ शके, ॥ ९ ॥

**एवं च चिंतयंतो । पत्तो सहसत्ति तच्छ नरनाहो ॥ पभणेइ इक्कवारं । मह दंसह झत्ति तं दट्ठं ॥ १० ॥**

एम विचारताथका श्रीपालराजा तुरत त्यां गया, अने ते लोकोने कहेवा लाग्या के, ते सर्पे डंखेली बालिकाने एकवार मने तुरत देखाडो?

**भणियं च तेहिं नरवर । किं दंसिजए मयाइ बालाए ॥ अम्हाणं सव्वस्सं । अवहरियं अज्ज हयविहिणा ॥ ११ ॥**

त्यारे तेओए कह्युं के हे राजन्! ते मरेली बालीकाने शुं देखाडवी? आज तो तेदुष्ट दैवे अमारुं सर्वस्व हरी लीधुं छे. ॥ ११ ॥

**राया भणेइ भो भो । अहिदट्ठा मुत्थिया मयसरित्था ॥ दीसंति तहवि तेसिं । जहा तहा दिज्जइ न दाहो ॥ १२ ॥**

ते सांभळी श्रीपालराजाए कह्युं के हे लोको! सर्पे डंखेली अने तेथी मूर्छित थयेली कोइक मृततुल्य देखाय छे, तो पण तेणीने तपास्याविना अग्निदाह देवो न जोइये. ॥ १२ ॥

**तो तेहिं दंसिया सा । चियासमीवंमि महिलये मुक्का ॥ कंठट्ठियहारेणं । रन्ना कयवारिणा सित्ता ॥ १३ ॥**

त्यारे तेओए तेणीने चितापासे जमीनपर मूकीने देखाडी, त्यारे श्रीपालराजाए पोताना कंठमां रहेला हारना जलथी पोताने हाथे तेणीने सींची. ॥ १३ ॥

**तक्कालं सा वाला । सुत्तविबुद्धव्व उट्ठिया झत्ति ॥ विम्हियमणा य जंपइ । ताय किमेसो जणसमूहो ॥ १४ ॥**

तेज वखते ते बालिका जाणे उंघमांथी उठी होय नही तेम तुरत बेठी थइ, तथा मनमां आश्चर्य पामीने कहेवा लागी के, हे पिताजी! आ सघला लोको अहीं शामाटे एकठा थया छे? ॥ १४ ॥

**महसेणो साणंदो । पभणइ वच्छे तुमं कओ आसि ॥ जइ एस महाराओ । नागत्थिज्जा कयपसाओ ॥ १५ ॥**

त्यारे आनंदित थयेलो महसेनराजा कहे छे के, हे वत्स! जो आ श्रीपालमहाराज कृपा करीने आ समये अहीं न आव्या होत तो तारी कोण जाणे शुं दशा थात!! ॥ १५ ॥

**एएणं चिय दिन्ना । तुह पाणा अज्ज परमपुरिसेण ॥ जेण चियाओ उत्ता–रिऊण उट्ठाडियासि तुमं ॥ १६ ॥**

आ उत्तम पुरुषे आजे तने प्राणो आप्यां छे, के जेणे आ चितापरथी उतारीने तने उठाडेली छे. ॥ १६ ॥

**तो तीए साणंदं । दिट्ठो सो समणःसायरमियंको ॥ सिरिपालो भूवालो । सणिद्धेहिं नयणेहिं ॥ १७ ॥**

ते सांभली तेणीए पोताना मनरूपी समुद्रप्रते चंद्रसरखा एवा ते श्रीपालराजाने आनंदसहित स्नेहवाली तथा मुग्ध दृष्टिथी जोया. ॥१७॥

**महसेणो भणइ निवं । अम्हं तुम्हेहिं जीवियं दिन्नं ॥ ता जीवियाओ अहियं । एयं गिन्हेह तुप्भेवि ॥ १८ ॥**

पछी महसेनराजा श्रीपालराजाने कहे छे के, हे स्वामी! तमोए अमोने जीवितदान आप्युं छे, माटे आ अमोने जीवितथी पण अधिक एवी अमारी कुमारीने तमो पण ग्रहण करो? ॥ १८ ॥

**इय भणिऊणं रन्ना । नियकन्ना तस्स रायरायस्स ॥ दिन्ना सा तेणावि हु । परिणीया झत्ति तत्थेव ॥ १९ ॥**

एम कही राजाए ते राजाधिराजने पोतानी पुत्री आपी, त्यारे तेणे पण तुरत तेणीनीसाथे त्यांज पाणिग्रहण कर्युं. ॥ १९ ॥

**तीए य तिलयसुंदरि–सहियाओ ताओ अट्ठमहिलाओ ॥ सिरिपालस्स पियाओ । मणोहराओ परं तहवि ॥ २० ॥**

हवे एवी रीते श्रीपालराजाने ते तिलकसुंदरीआदिक आठ मनोहर स्त्रीओ हती, तो पण ॥ २० ॥

**जह अट्ठदिसाहिं। अलंकिओवि मेरू सरेइ उदयसिरिं ॥ जह वंछइ जिणभत्तिं। अडग्गमहिसीजुओवि हरी ॥२१॥**

जेम आठ दिशोओथी शोभतो एवो पण मेरुपर्वत उदयनी लक्ष्मीने याद करे छे, तथा आठ अग्रमहिषीओवालो एवो पण इंद्र जेम जिनभक्तिने इच्छे छे ॥ २१ ॥

**अवि अट्ठसिद्धिसहिओ। जहा सुदीट्ठी समीहए विरइं ॥ साहू जहट्ठपवयण–मायजुओ सरइ जिणधम्मं ॥ २२ ॥**

तेम आठ सिद्धिओवालो एवो पण सम्यग्दृष्टि जेम विरतिने इच्छे, तथा आठ प्रवचनमाताओएं करीने युक्त एवा साधु जेम जिनधर्मने इच्छे छे,

**जह जोई अट्ठमहा–सिद्धिसमिद्धोवि ईहए मुत्तिं ॥ तह झायइ पढमपियं। अट्ठपियाहिंपि सहिओवि ॥ २३ ॥**

वली जेम आठ महासिद्धिवालो एवो पण योगी मुक्तिने इच्छे छे, तेम आ श्रीपालराजा आठ स्त्रीओसहित होवा छतां पण पहेली स्त्रीने मनमां चिंतवे छे, ॥ २३ ॥

**तो तीए उक्कंठिय–चित्तो जणणीइ नमणपवणो य ॥ सो सिरिपालो राया। पयाणढक्काउ दावेइ ॥ २४ ॥**

हवे तेणीप्रते उत्कंठित मनवाळा, तथा माताने नमवामाटे पण उत्सुक थयेला एवा ते श्रीपालराजा प्रयाणमाटेनां वाजित्र वगडावे छे. ॥२४॥

**मग्गे हयगयरहभड–कन्नामणिरयणसत्थवत्थेहिं ॥ भिट्टिज्जइ सो राया। पए पए नरवरिंदेहिं ॥ २५ ॥**

पछी मार्गमां पगले पगले अनेक राजाओ तेमने घोडा, हाथी, रथ, सुभट, कन्या, मणि, रत्न, शस्त्र तथा वस्त्रोनां भेटणां आपे छे. ॥२५॥

एवं ठाणे ठाणे । सो बहुसेणाविवड्ढियवलोहो ॥ महिवीढे नइवड्ढिय—नीरो उवहिव्व विच्छरइ ॥ २६ ॥
एवी रीते जगो जगोए घणां सैन्यथी वृद्धि पामे छे बलनो समूह जेनो एवा ते श्रीपालराजा, नदीओथी वृद्धि पामेल छे जल जेनुं एवा समुद्रनीपेठे विस्तार पामे छे. ॥ २६ ॥

महरट्ठयसोरट्ठय—सलाडमेवाडपमुहभूवाले ॥ साहंतो सिरिपालो । मालवदेसं समणुपत्तो ॥ २७ ॥
महाराष्ट्र, सोरठ तथा लाटसहित मेवाडआदिकना राजाओने साधताथका श्रीपालराजा मालवादेशमां आव्या. ॥ २७ ॥

तं परचक्कागमणं । सोऊण चरमुहाओ अइगरुयं ॥ सहसत्ति मालविंदो । भयभीओ होइ गढसज्जो ॥ २८ ॥
हवे त्यां चरोना मुखथी अत्यंत महोटुं एवुं जे परचक्र, तेनुं आगमन सांभलीने मालवाना राजाए तुरत भयभीत थइने पोताना गढने सज्ज कर्यो.

कप्पडचुप्पडकणतिल—जलइंधणसंगहा य किज्जंति ॥ सज्जिज्जंति जंता । तह संसिज्जंति वरसुहडा ॥ २९ ॥
कापड, चोपड ( घी, तेलआदिक ) धान्य, तल, जल तथा बलतणोनो संग्रह करे छे, यंत्रो तैयार करे छे. तेम शूरवीर सुभटोने पण सज्ज करे छे. ॥ २९ ॥

एवं सा उज्जेणी—नयरी बहुजणगणेहिं संकिन्ना ॥ परिवेढिया समंता । तेणं सिरिपालसिन्नेणं ॥ ३० ॥
एवीरीते ते उज्जयनी नगरी घणा लोकोना समूहोथी संकीर्ण थइ, अने तेने श्रीपालना सैन्ये चारे बाजुथी घेरी लीधी. ॥ ३० ॥

आवासिए य सिन्ने । रयणीए पढमजामसमयंमि ॥ हारप्पभावेण सयं । राया जणणीगिहं पत्तो ॥ ३१ ॥

पछी सैन्य पडाव नाखते छते रात्रिने पेहेले पहोरे श्रीपालराजा पोते हारना प्रभावथी पोतानी माताने घेर पहोंच्या. ॥ ३१ ॥

आवासदुवारिट्ठिओ । सिरिपालनरेसरो सुणइ ताव ॥ कमलप्पभा पयंपइ । वहुअंपइ एरिसं वयणं ॥ ३२ ॥

त्यां घरना बारणामां श्रीपालराजा जेवमां सांभले छे, तेवामां कमलप्रभा वहुप्रते आवीरीतनां वचनो कहे छे. ॥ ३२ ॥

वत्थे परचक्केणं । नयरी परिवेढिया समंतेणं ॥ हल्लोहल्लिओ लोओ। किं किं होहो न याणामि ॥ ३३ ॥

हे वत्स! शत्रुना सैन्ये चारे बाजुथी नगरीने घेरी लीधी छे, अने लोको सघळा हालकडोलक थइ रह्या छे, माटे कंइ खबर पडती नथी के शुं थशे? ॥ ३३ ॥

वत्थस्स तस्स देसं–तरंमि पत्तस्स वत्थरं जायं ॥ वत्थे कावि न लप्भइ । अज्जवि सुद्धी तुह पियस्स ॥ ३४ ॥

वळी ते मारा पुत्रने देशांतरमां गये एक वर्ष थयुं, परंतु हे वत्स! हजुसुधी पण ते तारा पतिना कंइ समाचार मल्या नही ॥ ३४ ॥

पभणइ तओ मयणा। मा मा मा माय किंपि कुणसु भयं ॥ नवपज्झाणंमि मण–ट्ठियंमि जं हुंति न भयाइ ॥ ३५॥

त्यारे मयणासुंदरी बोले छे के, हे माताजी! तमो जरा पण भय करो नही, केमके नवपदजीनुं ध्यान मनमां करते छते भय थतो नथी. ॥३५॥

जं अज्जं चिय संझा–समए मह जिणवरिंदपडिमाए ॥ पूअंतीए जाओ । कोवि अउव्वो सुहो भावो ॥ ३६ ॥

वली आजे संध्यासमये ज्यारे हुं श्रीजिनेश्वरप्रभुनी प्रतिमानुं पूजन करती हती, त्यारे मने कोइक अपूर्व शुभ भाव उत्पन्न थयो हतो;

**तेणं च्चियज्जवि मह । मणंमि नो माय माइ आणंदो ॥ निक्कारणं सरीरे । खणे खणे होइ रोमंचो ॥ ३७ ॥**

अने तेथी हजुसुधि पण मारा मनमां ते आनंद हे माताजी! मातो नथी, तेमज क्षणे क्षणे कारणविना पण मारां शरीरमां रोमांच थाय छे.

**अन्नं च मज्झ वामं । नयणं वामो य पओहरो चेव ॥ जह फंदइ चह मन्ने । अज्जेवि मिलइ तुह पुत्तो ॥ ३८ ॥**

वली बीजुं मारी डाबी आंख तथा डाबुं स्तन एवुं तो फरके छे के जाणे अजेज तमारा पुत्र आवी मले. ॥ ३८ ॥

**तं सोऊणं कमल-प्पभावि आणंदिया भणइ जाव ॥ वच्छे सुलक्खणा तुह । जीहा एयं हवउ एवं ॥ ३९ ॥**

ते सांभलीने कमलप्रभा पण आनंदित थइथकी जेवामां एम कहे छे के, हे वत्स? तारी जीह्वाज उत्तम लक्षणोवाळी छे माटे एमज थाओ?

**ताव सिरिपालराया । पियाइ धम्मंमि निच्चलमणाए ॥ नाऊण सच्चं वयणं । बारं बारंति जंपेइ ॥ ४० ॥**

तेवामां श्रीपालराजा धर्ममां निश्चल मनवाली एवी पोतानी प्रियानुं सत्य वचन जाणीने 'द्वार उघाडो द्वार उघाडो' एम कहे छे ।४०।

**कमलप्पभा पयंपइ । नूणमिमं मज्झ पुत्तवयणंति ॥ मयणावि भणइ जिणमय-वयणाइं किमन्नहा हुंति ॥४१॥**

ते सांभली कमलप्रभा बोले छे के, खरेखर आ मारा पुत्रनुं वचन छे, त्यारे मयणा पण कहे छे के, जिनशासननां वचनो शुं खोटां पडे?

**उग्घाडियं दुवारं । सिरिपालो नमइ जणणिपयजुयलं ॥ दइयं च विणपयउणं । संभासइ परमपिम्मेणं ॥ ४२ ॥**

पछी ज्यारे द्वार खोल्युं, त्यारे श्रीपालराजा माताना चरणयुगलने नमे छे, तथा विनयमां तत्पर एवी पोतानी ते प्रियाने पण परमप्रीतिथी बोलावे छे. ॥ ४२ ॥

आरोविऊण खंधे । जणणिं दइयं च लेवि हत्थेण ॥ हारप्पभावओच्चिय । पत्तो नियगुड्डरावासं ॥ ४३ ॥

पछी माताने खभापर लेइने तथा स्त्रीने हाथमां लेइने श्रीपालराजा हारना प्रभावथी पोताना तंबुना आवासमां प्राप्त थया. ॥ ४३ ॥

तत्थय जणणिं पणमित्तु । नरवरो भद्दासणे सुहनिसिन्नं ॥ पभणेइ माय तुह पय–पसायजणियं फलं एयं ॥४४॥

पछी त्यां श्रीपालराजा माताने नमीने तथा तेमने सिंहासपनर बेसाडीने कहे छे के, हे माताजी! आपना चरणोना पसायथी उत्पन्न थयेलुं आ सघलुं फल छे. ॥ ४४ ॥

पणमंति तओ ताओ । अठ्ठ सुन्हाओ सुसासुआइ पए ॥ अवि मयणसुंदरीए । जिठ्ठाए नियय भयणीए ॥ ४५ ॥

पछी ते आठे वहुओ सासुने चरणे नमे छे, तेमज पोतानी महोटी बेहेन जे मयणासुंदरी, तेमने पण तेओ नमे छे. ॥ ४५ ॥

अभिणंदियाओ ताउ । ताहिं आणंदपूरियणाहिं ॥ सव्वोवि हु वुत्तंतो । मयणमंजूसाइ कहिओ य ॥ ४६ ॥

पछी आनंदथी भरेलां मनवाली एवी तेओ बन्नेए ते सर्वेनी प्रशंसा करी, तथा पछी मदनमंजूषाए वृत्तांत कही संभळाव्युं. ॥ ४६ ॥

तासिं च नवन्हंपि हु । वत्थालंकारसारपरिवारं ॥ देइ निवो साणंदो । इक्किक्कं नाडयं चेव ॥ ४७ ॥

पछी राजा ते स्त्रीओने आनंदथी वस्त्रो, आभूषणो,. उत्तमपरिवार तथा एकेकुं नाटक आपेछे. ॥ ४७ ॥

पुट्ठा जिट्ठा मयणा । तुह जणयंपि हु कहं अणावेमि ॥ तीए वुत्तं सो एउ । कंठपिठट्ठियकुहाडो ॥ ४८ ॥

पछी राजाए पोतानी मोटी स्त्री मयणासुंदरीने पूछ्युं के, हवे तारा पिताने अहीं केवी रीते बोलावुं? त्यारे तेणीए कह्युं के ते खभापर कुहाडो लेइने आवे तो ठीक. ॥ ४८ ॥

तं च तहा दूअमुहेण । तस्स रन्नो कहाविंयं जाव ॥ ताव कुविओ य मालव–राया मंतीहिं भणिओ य ॥ ४९ ॥

पछी ज्यारे श्रीपालराजाए दूतना मुखथी ते प्रजापालराजाने तेम करवा कहेवराव्युं, त्यारे मालवराजा क्रोधायमान थयो, त्यारे मंत्रिओए तेने समजाव्यो के, ॥ ४९ ॥

सामिय असमाणेणं । समं विरोहो न किज्जए कहवि ॥ ता तुरियं चिय किज्जउ । वयणं दूयस्स भणियमिणं ॥ ५० ॥

हे स्वामी! पोताथी अधिकनीसाथे कोइ पण रीते विरोध करवो नही; माटे आ दूते कहेलुं वचन तुरत अंगीकार करवुं. ॥ ५० ॥

काऊणं च कुहाडं । कंठे राया पभायसमयंमि ॥ मंतिसामंतसहिओ । जा पत्तो गड्डुरदुवारे ॥ ५१ ॥

पछी ते प्रजापालराजा प्रभातसमये खभापर कुवाडो लेइने पोताना मंत्रिओ तथा सामंतसहित जेवामां श्रीपालराजाना तंबुना द्वारपासे आवे छे.

ताव सिरिपालरन्ना । मोआवेऊण तं गलकुहाडं ॥ पहिराविऊण वत्था–लंकारे सारपरिवारो ॥ ५२ ॥

तेवामां श्रीपालराजाए तेना खभापरथी कुहाडो उतरावीने अने तेमने वस्त्र तथा आभूषणो पहेरावीने उत्तम परिवारसहित ॥ ५२ ॥

आणाविओ य मज्झे । दिन्ने य वरासणंमि उवविट्ठो ॥ सो पयपालो राया । मयणाए एरिसं भणिओ ॥ ५३ ॥
अंदर बोलाव्या तथा उत्तम आसन आपी तेपर तेमने बेसाड्या, त्यारे मयणासुंदरी पोताना पिता प्रजापालराजाने कहेवा लागी के.

ताय तए जो तइया। मह कम्मसमप्पिओ वरो कहिओ ॥ तेणज्ज तुह गलाओ। कुहाडओ फेडिओ एस ॥ ५४ ॥
हे पिताजी ! आपे ते वखते मने जे कर्मे आपेलो भर्त्तार कह्यो हतो. तेणे आजे तमारा खभापरथी कुहाडो उतराव्यो छे. ॥ ५४ ॥

तो विम्हिओ य मालव-राया जामाउयंपि पणमेइ ॥ पभणइ य सामि तुमं। महप्पभावोवि नो नाओ ॥ ५५ ॥
पछी आश्चर्य पामेलो मालवराजा पोताना जमाइने नमे छे, अने कहे छे के, हे स्वामी ! तमो महाप्रभाविक छो, एम में जाण्युं नही.

सिरिपालोवि नरिंदो। पभणइ न हु एस मह पभाउत्ति ॥ किंतु सुगुरूवइट्ठाण। एस पसाओ नवपयाणं ॥ ५६ ॥
त्यारे श्रीपालराजा पण कहे छे के कंइ मारो प्रभाव नथी, परंतु सुगुरुए उपदेशेला नवपदोनो आ पसाय छे, ॥ ५६ ॥

सोऊण तमत्थरियं । तत्थेव समागओ समग्गोवि ॥ सोहग्गसुंदरी रूप्प-सुंदरीपमुहपरिवारो ॥ ५७ ॥
पछी आ आश्चर्य सांभलीने सौभाग्यसुंदरी तथा रूपसुंदरीआदिक सघलो परिवार पण त्यां आव्यो. ॥ ५७ ॥

मिलिए य सयणवग्गे । आणंदभरे य वड्ढमाणे य ॥ सिरिपालेणं रन्ना । नाडयकरणं समाइट्ठं ॥ ५८ ॥
एवी रीते स्वजनवर्ग मलते छते, तथा सर्व लोको आनंद पामते छते श्रीपालराजाए नाटक करवामाटे हुकम कर्यो. ॥ ५८ ॥

तो झत्ति पढमनाडय-पेडयमाणंदियं समुट्ठेइ ॥ परमिक्का मूलनडी । बहुंपि भणिया न उट्ठेइ ॥ ५९ ॥
त्यारे तुरत आनंद पामीने पेहेलुं नाटकनुं पेडुं उठे छे, परंतु एक मुख्य नटी घणुं कह्या छतां पण उठती नथी. ॥ ५९ ॥
कहकहवि पेरिऊणं । जाव समुट्ठाविया निरुत्थाहा ॥ तो तीए सविसायं । दूहयमेगं इमं पढियं ॥ ६० ॥
पछी घणा प्रयत्नथी ज्यारे तेणीने उठाडवामां आवी त्यारे उत्साहरहित थयेली एवी ते त्यां खेदसहित आवी रीतनो एक दुहो बोली.
कह मालव कह संखउरु । कह बब्बर कह नट्टु ॥ सुरसुंदरि नचावीयइ । दइविहिं दलवि मरट्टु ॥ ६१ ॥
क्यां मालवो, क्यां शंखपुर, क्यां बब्बरकांठो अने क्यां नट, आ सुरसुंदरीने नचाववामां आवी छे, माटे दैवे अहंकारने दली नाख्यो छे.
तं वयणं सोऊणं । जणणीजणयाइ सयलपरिवारो ॥ चिंतेइ विम्हियमणो । एसा सुरसुंदरी कत्तो ॥ ६२ ॥
ते वचन सांभलीने तेणीना मातपिताआदिक सघलो परिवार मनमां अश्चर्य पामीने विचारे छे के, आ सुरसुंदरी अहीं क्यांथी संभवे?
उवलक्खिया य जणणी-कंठंमि विलग्गिऊण रोयंती ॥ जणएणं सा भणिया । को वुत्ततो इमो वत्थे ॥६३॥
पछी सघलाओए ओलखवाथी ते पोतानी माताने कंठे वलगीने रोवा लागी, त्यारे तेणीना पिताए तेणीने पूछ्युं के, हे वत्स ! आ वृत्तांत केवी रीते बन्यो ? ॥ ६३ ॥
भणियं च तओ तीए । ताय तया तारिसइ रिद्धीए ॥ सहिया निएण पइणा । संखपुरीपरिसरं पत्ता ॥६४॥

त्यारे तेणीए कह्युं के हे तात ! ते वखते तेवी रीद्धिसहित हुं मारा पतिसाथे संखपुरीना पादरमां पहोंची. ॥ ६४ ॥

सुमुहुत्तकए बाहिं । ठिओ य जामाउओ स तुम्हाणं ॥ सुहडाणं परिवारो । बहुओ य गओ सगेहेसु ॥६५॥

पछी त्यां सारां मुहुर्त्तनी राह जोइने तमारा जमाइ शेहेरबहार रह्या, तथा सुभटोमानो घणो परिवार पोतपोताने घेर गयो. ॥ ६५ ॥

रयणीए पुरबाहिं । ठिआणमम्हाण निप्भयमणाणं ॥ हणिमारित्ति करंति । पडिया एगा महाधाडी ॥६६॥

एवी रीते रात्रिए नगरनी बहार अमो निर्भय मनथी रह्या, एवामां हणमार करती एक महोटी धाड त्यां पडी. ॥ ६६ ॥

तो सहसा सो नट्ठो । तुम्हं जामाउओ ममं मोत्तुं ॥ धाडीभडेहिं ताए । सिरिहिं सहिया अहं गहिया ॥६७॥

ते वखते तमारा जमाइ तुरत मने छोडीने नाशी गया, त्यारे ते धाडना सुभटोए लक्ष्मीसहित मने पकडी लीधी. ॥ ६७ ॥

नोया य थेहिं नेपाल–मंडले विक्किया य मुलेणं ॥ गहिया य सत्थवइणा । एगेणं रिद्धिमंतेणं ॥ ६८ ॥

पछी तेओ मने नेपालदेशमां लेइ गया, अने तेओए मने मूल्यवडे वेंची, त्यारे एक धनवान सार्थवाहे मने वेचाती लीधी. ॥६८॥

तेणावि ससत्थेणं । नेऊणं बब्बरंमि कूलंमि ॥ महकालरायनयरे । हट्टे धरिऊण विक्कणिया ॥ ६९ ॥

पछी तेणे पण मने पोताना सार्थसहित बब्बरकुलमां लावीने महाकालराजाना नगरमां दुकानपर राखीने वेंची. ॥ ६९ ॥

एगाए गणियाए । गहिऊणं नट्टगोयनिउणाए ॥ तह सिक्खविया य अहं । जह जाया नट्टिया निउणा ॥७०॥

त्यां नृत्य अने गायनमां निपुण एवी एक गणिकाए मने वेंचाती लीधी, अने तेणीए मने एवी तो शिखावी के जेथी हुं एक निपुण नटी थइ.

**महकालनामएणं । बब्बरकूलस्स सामिणा तत्तो ॥ नडपेडएण सहिया । गहियाहं नाडयपिएणं ॥ ७१ ॥**

पछी नाटकपर प्रितिवाला एवा ते बब्बरकूलना महाकाल नामना राजाए नाटकना पेडांसाथे मने ग्रहण करी. ॥ ७१ ॥

**नाणाविहनट्टेहिं । तेणं नच्चाविऊण धूयाए ॥ मयणसेणाइ पईणो । दिन्ना नववाडयसमेया ॥ ७२ ॥**

पछी तेणे घणा प्रकारथी मने नचावीने, पोतानी पुत्री मदनसेनाना पतिने नव नाटको साथे मने आपी. ॥ ६२ ॥

**तस्स य पुरओ नच्चं–तियाइ जायाइं इत्तियदिणाइं ॥ परमहुणा सकुडुंबं । दट्ठूणं दुक्खमुल्लसियं ॥ ७३ ॥**

हवे तेनी आगल नाचतांथकां मारा आटला दिवसो तो व्यतीत थया, परंतु हमणा आ पोतानुं कुटुंब जोइने मारुं दुःख उभरी आव्युं.

**तइया नियगरुयत्तं । मयणाइ विडंबणं च दट्ठूणं ॥ जो य मए मुद्धाए । अखव्वगव्वो कओ आसि॥ ७४ ॥**

ते वखते मारी मोटाइ तथा मयणानी विडंबना जोइने में मूर्खीए जे अत्यंत गर्व कर्यो हतो ॥ ७४ ॥

**तं भंजिऊण मयणा–पइणो नरनाहनमियचलणस्स ॥ जेणाहं दासत्तं । कराविया तं जयइ कम्मं ॥ ७५ ॥**

ते मारो गर्व भांगीने जे कर्मे मने मयणासुंदरीना स्वामी, के जेमना चरणो राजाओथी पण नमाय छे, तेमनुं दास पणुं कराव्युं माटे ते कर्म जयवंतुं वर्ते छे. ॥ ७५ ॥

**इक्कच्चिय मह भइणी। मयणा धन्नाण धुरि लहइ लीहं ॥ जीए निम्मलसीलं। फलियं एयारिसफलेहिं ॥ ७६ ॥**

आ मारी बेहेन एक मयणाज धन्य स्त्रीओने अग्रेसरीपणानी रेखाने धारण करे छे, के जेणीनुं निर्मल एवुं आ शील आवां फलोथी फलीभूत थयुं छे, ॥ ७६ ॥

**कयपावाणं जणाणं। मज्झे पढमा अहं न संदेहो ॥ कुलसीलवज्जियाए। चरियं एयारिसं जीए ॥ ७७ ॥**

अने हुं तो करेल छे पापो जेओए एवा मनुष्योमां पेली छुं तेमां कंइ संदेह नथी, केमके कुल अने शीलविनानी एवी जेणीनुं आवुं चरित्र छे,

**मयणाए जिणधम्मो। फलिओ कप्पद्दुमुव्व सुफलेहिं ॥ मह पुण मित्थाधम्मो। जाओ विसपायवसरित्थो॥७८॥**

वळी आ मयणाने तो जिनधर्म कल्पवृक्षनीपेठे उत्तम फलेलो छे, अने मने तो ते मिथ्याधर्म झेरी वृक्षसमान थइ पड्यो छे. ॥ ७८ ॥

**मयणा निजकुलउज्जा–लणिक्कमाणिक्कदीवियातुल्ला ॥ अहयं तु चीडओमाडियव्व। घणजणियमालिन्ना ॥७९॥**

वळी आ मयणा तो पोतानां कुलने उज्ज्वल करवामां एक माणिक्यनी दीपिकासमान छे, अने हुं तो चीडना (राळना) उंबाडासरखी अत्यंत मलीनता करनारी छुं ॥ ७९ ॥

**मयणं दठ्ठूण जणा। जएह संमत्तसत्तसीलेसु ॥ मं दठ्ठूणं मित्थत्त–दप्पकंदप्पभावेसु ॥ ८० ॥**

वळी मयणाने जोइने लोको सम्यक्त्व सत्य तथा शीलमां प्रयत्न करे तेवुं छे, अने मने जोइने मिथ्यात्व, अहंकार अने कामभावमां प्रयत्न करे तेम छे. ॥ ८० ॥

इच्चाइ भणंतीए । तीए सुरसुंदरीइ लोयाणं ॥ उप्पाइओ पमोओ । जो सो नहु नाडएहिं पुरा ॥ ८१ ॥
इत्यादिक बोलती एवी ते सुरसुंदरीए लोकोने जे आनंद उपजाव्यो, तेवो आनंद पूर्वे नाटकथी पण थयो नहोतो ॥ ८१ ॥
सिरिपालेणं रन्ना । वेगेणाणाविओ य अरिदमणो ॥ सुरसुंदरीय दिन्ना । बहुरिद्धिसमन्निया तस्स ॥ ८२ ॥
पछी श्रीपालराजाए तुरत अरिदमणने तेडावीने तेने घणी ऋद्धिसहित सुरसुंदरीने सोंपी ॥ ८२ ॥
सुरसुंदरिसहिएणं । अरिदमणेणावि सुद्धसम्मत्तं ॥ सिरिपालरायमयणा—पसायओ चेव संपत्तं ॥ ८३ ॥
पछी त्यां सुरसुंदरीसहित अरिदमणे पण श्रीपालराजाना तथा मयणासुंदरीना पसायथी शुद्ध सम्यक्त्व प्राप्त कर्युं. ॥ ८३ ॥
जे ते कुट्ठियपुरिसा । सत्तसया आसि तेवि मयणाए ॥ वयणेण विहियधम्मा । संजाया संति नीरोगा ॥ ८४ ॥
वळी जे ते सातसो कोढीआ हता तेओ पण निरोगी थयेला होवाथी मयणाना वचनथी धर्मकार्य करनारा थया. ॥ ८४ ॥
तेवि हु सिरिसिरिपालं । भूवालं पणमयंति भत्तीए ॥ रायावि कयपसाओ । ते सव्वे राणए कुणइ ॥ ८५ ॥
वळी तेओ भक्तिथी श्रीपालराजाने नमे छे, त्यारे श्रीपालराजा पण तेओपर कृपा करीने तेमने सर्वेने राणिमपदवी आपे छे ॥ ८५ ॥
मइसायरोवि मंती । आगंतूणं नमेइ निवपाए ॥ सोवि पुव्वंव रन्ना । कओ अमच्चो सुकयकिच्चो ॥ ८६ ॥
हवे ते वखते उत्तम कार्य करनार एवो ते मतिसागर मंत्री पण आवीने श्रीपालराजाना चरणोने नमे छे, त्यारे ते पण तेने पूर्वनीपेठे

पोतानो अमात्य स्थापे छे. ॥ ८६ ॥

**सुसराण सालयाणं । माउलपमुहाण नरवराणं च ॥ अन्नेसिंवि भडाणं । बहुमाणं देइ सो राया ॥ ८७ ॥**

पछी ससरा, शाळा तथा मामाआदिक राजाओने तथा बीजा सुभटोने पण ते श्रीपालराजा घणुं मान आपे छे. ॥ ८७ ॥

**ते सव्वेवि हु बहुभत्ति–संजुया भालमिलियकरकमला ॥ सेवंति सयाकालं । तं चिय सिरिपालभूवालं ॥ ८८ ॥**

वळी तेओ सघळा पण घणी भक्तिसहित ललाटपर हस्तकमल जोडीने ते श्रीपालराजाने हमेशां सेवे छे. ॥ ८८ ॥

**अह अन्नदिणे मइसा–यरेण सामंतमंतिकलिएण ॥ विन्नत्तो नरनाहो । भूमंडलमिलियभालेणं ॥ ८९ ॥**

हवे एक दिवसे मतिसागरमंत्रीए सामंत तथा मंत्रिओसाथे मलीने जमीनपर ललाट नमाडीने श्रीपालरजाने विनंति करी के, ॥८९॥

**देव तुमं बालोवि हु । पियपट्टे ठाविओवि दुट्ठेण ॥ उट्ठाविओसि जेणं । सो तुह सत्तू न संदेहो ॥ ९० ॥**

हे स्वामी! आपने बाल्यावस्थामां आपना पितानी गादीपर स्थाप्या हता, परंतु जे दुष्टे तमोने ते गादीपरथी उठाडी मेल्या छे, ते आपनो शत्रु छे, तेमां जरा पण संदेह नथी. ॥ ९० ॥

**संतेवि हु सामत्थे । जो पिउरज्जंपि सत्तुणा गहियं ॥ मोआवइ सिग्घं नो । सो लोए होइ हसणिज्जो ॥ ९१ ॥**

माटे पोतानुं सामर्थ्य छतां पण जे शत्रुए लीधेलुं एवुं पितानुं राज्य तुरत लेता नथी तेनी जगतमां हांसी थाय छे. ॥ ९१ ॥

एसो सामिय सयलो । तुम्हाणं रिद्धिसिन्नविच्छारो ॥ पावेइ किं फलं जइ । न हु लिज्जइ नियं रज्जं ॥ ९२ ॥
वली हे स्वामी! जो आप पोतानुं राज्य नही लेतो आ सघली आपनी ऋद्धि अने सैन्यनो विस्तार शुं फलवालो थशे? ॥ ९२ ॥
ता काऊण पसायं । सामिय गिन्हेह तन्नियं रज्जं ॥ जंपि य पट्टनिविट्ठे । पइं दिट्ठे । मे हवइ सुक्खं ॥ ९३ ॥
माटे हे स्वामी! आप कृपा करीने पोतानुं राज्य ग्रहण करो? केमके आपने आपना पितानी गादीपर बेठेला जोइने मने सुख थशे.
त्तो पभणइ नरनाहो । अमच्च सत्तं तए इमं भणियं ॥ किं तु उवायचउक्क–क्कमेण किज्जंति कज्जाइं ॥ ९४ ॥
ते सांभली श्रीपालराजा कहे छे के, हे अमात्य! तमोए ते सघळुं सत्य कह्युं छे, परंतु अनुक्रमे चार उपायोथी कार्य कराय छे. ॥ ९४ ॥
जइ सामेणं सिज्झइ । कज्जं ता किं विहिज्जए दंडो ॥ जइ समइ सक्कराए । पित्तं ता किं पटोलाए ॥ ९५ ॥
जो सामथी कार्य सिद्ध थाय, तो दंड शामाटे करवो? केमके जो साकरथीज पित्तनी व्याधि जती होय तो पित्तपापडानी शी जरुर छे?
तत्तो मंती पभणइ । अहो पहो ते वओहिया बुद्धी ॥ गंभीरया समुद्दा–हीआ महीओहिआ खंती ॥ ९६ ॥
त्यारे मंत्री बोले छे के, अहो स्वामी! आपनी बुद्धि आपनी वयथी पण अधिक छे, तथा गंभीरपणावडे करीने समुद्रथी अधिक छे, अने आपनी क्षमा पृथ्वी करतां पण महोटी छे. ॥ ९६ ॥
तो पेसिज्जउ एसो । चउरमुहोनाम दियवरो दूओ ॥ जो दूअगुणसमेओ । अत्थि जए इत्थ विक्खाओ ॥ ९७ ॥

माटे हवे आपने आ चतुर्मुख नामना उत्तम ब्राह्मण दूतने मोकलवो, केमके ते अहीं दूतना गुणोयें करी सहित एवो मख्यात छे. ।९७।

**सो ओयतेयमइबल-कलिओ संमाणिऊण भूवइणा ॥ संपेसिओ तुरंतो । पत्तो चंपाइनयरीए ॥ ९८ ॥**

पछी पराक्रम, तेज अने बुद्धिबलवाला एवा ते दूतने श्रीपालराजाए सन्मान आपीने त्यां मोकल्यो, अने ते पण तुरत चंपानगरीमां प्राप्त थयो.

**तत्थाजियसेणनरे-सरस्स पुरओ पसन्नवयणेहिं ॥ सो दूओ चउरमुहो । एवं भणिउं समाढत्तो ॥ ९९ ॥**

पछी ते चतुर्मुख दूत त्यां अजितसेन राजानीपासे मधुर वचनोथी आवी रीते बोलावा लाग्यो के ॥ ९९ ॥

**नरवर तए तया जो । सिरिपालो भायनंदणो बालो ॥ भूवालपयपइट्ठो । दिट्ठो भूभारअसमत्थो ॥१०००॥**

हे राजन्! ते वखते तमारा भाइना पुत्र एवा ते बालक श्रीपालराजाने तेमना पितानी गादीए जे बेसाडवामां आव्या हता, तेने ते वखते तमोए पृथ्वीनो भार धारण करवामाटे असमर्थ जाण्या हता. ॥ १००० ॥

**ता तं भारं आरो-विऊण निययंमि चेव खंधंमि ॥ सयकलसिख्खणत्थं । जो य तए पेसिओ आसि ॥ १ ॥**

अने तेथी ते भार तमोए तमारी खांधपर राखीने ते श्रीपालने तमोए जे सर्व कलाओ शिखवामाटे मोकल्या हता, ॥ १ ॥

**सो सयलकलाकुसलो । अतुलबलो सयलरायनयचलणो ॥ चउरंगबलजुओ । तुम्ह लहुयत्तकए इमो एइ ॥ २॥**

ते हवे सर्व कलाओमां कुशल तथा अतुल्य बळवाळा थया छे; तेम सर्व राजाओ तेमना चरणोमां आवीने नमे छे; माटे ते हवेचतुरंगी

सेना सहित तमोने भाररहित करवामाटे आवे छे. ॥ २ ॥

ता जुज्जइ तुज्झवि । तंमिरज्जभारावयारणं काउं ॥ जं जुन्नथंभभारो । लोएवि ठविज्जइ नवेसु ॥ ३ ॥

माटे हवे तमारे तेने राज्यनो भार सोंपीदेवो घटे छे, केमके दुनीयामां पण जीर्ण स्तंभपरथी भार उतारीने नवा स्तंभपर धारण करवामां आवे छे. ॥ ३ ॥

अन्नं च तस्स रन्नो । पयपंकयसेवणत्थमन्नेवि ॥ बहवेवि हु नरनाहा । समागया संति भत्तीए ॥ ४ ॥

वली ते श्रीपालराजाना चरणकमलोने सेववामाटे बीजा पण घणा राजाओ भक्तिपूर्वक आवेला छे. ॥ ४ ॥

जं तुप्भे निययावि हु । नो पत्ता तस्स मिलणःकज्जेवि ॥ सोवि हु तकिज्जइ दु–ज्जणेहिं नूणं कुलविरोहो ॥ ५ ॥

परंतु तमो तो नजीकना पितराइ छतां पण तेमने मलवामाटे पण आव्या नथी, माटे एवी रीतनो कुलविरोध तो खरेखर जे दुर्जन होय तेज करे छे, ॥ ५ ॥

जो पुण कुले विरोहो । सोरिउगेहेसु कप्परुख्खसमो ॥ तेण न जुज्जइ तुम्हं । परुप्परं मच्छरो कोवि ॥६॥

परंतु कुलमां जे विरोध करवो, ते शत्रुना घरमां कल्पवृक्षसमान छे, तेमाटे तमारे परस्पर कंइ पण मत्सर करवो ते योग्य नथी. ॥ ६ ॥

सोवि हु किज्जउ जइ । किर नज्जइ अहमह्मि इच्छसुसमत्थो ॥ कत्थ तुमं खजोओ । कच्छ य सो चंडमत्तंडो ॥ ७ ॥

वली ते मत्सर पण त्यारेज करवो, के ज्यारे एम जणाय के हुं तेम करवामां समर्थ छुं; परंतु क्यां तमो खद्योतसमान! अने क्यां ते प्रचंड सूर्यसमान! ॥ ७ ॥

**कच्छ तुमं सरसरसव–ससयसमाणोसि देव होणबलो ॥ कत्थ य सो रयणायर–मेरुमयंदेहिं सारित्थो ॥ ८ ॥**

वली हे राजन्! क्यां तमो खाबोचीया, सरसव अने ससलासमान! अने क्यां ते महासागर, मेरु अने सिंहसमान! ॥ ८ ॥

**जइ तं रुट्ठोसि न जीवि--यस्स ता झत्ति भत्तिसंजुत्तो ॥ सिरिसिरिपालनरेसर--पाए अणुसरसु सुपसाए ॥ ९ ॥**

वली तमो जो तमारां जीवितपर रुठा न हो तो तुरत भक्तिसहित श्रीपालराजाना उत्तम पसायवालां चरणोनी सेवा करो ॥ ९ ॥

**जइ कहवि गव्वपव्वय । मारूढो नो करेसि तस्साणं ॥ ता होहि जुज्झसज्जो । कज्जपयं इत्तियं चेव ॥ १० ॥**

अने कदाच गर्वरूपी पर्वतपर चडीने जो तमो तेनी आज्ञा मानवाने न इच्छता हो तो युद्धमाटे तैयार थाओ? केमके अहीं तो एटलुंज काम छे.

**तं सोऊणं सो अजिय । सेणरायावि एरिसं भणइ ॥ दूओ य दिओ य तुमं । नज्जसि एएण वयणेणं ॥ ११ ॥**

ते सांभलीने अजितसेन राजा पण एम कहे छे के, हे दूत! आवीरीतनां वचनोथी तुं ब्राह्मणदूत जणाय छे. ॥ ११ ॥

**पढमं महुरं मज्झंमि । अंबिलं कडुयतित्तयं अंते ॥ वुत्तुं भुत्तुं च तुमं । जाणंतो होसि चउरमुहो ॥ १२ ॥**

प्रथम मधुरुं, मध्यमां खाटुं अने कडवुं, तथा अंते तीखुं एम भोजन करवानीपेठे बोलवानुं जाणतो एवो तुं खरेखरो चतुर्मुख छे. ॥१२॥

नियया न केवि अम्हे। तस्स न सो कोवि अम्ह नियओत्ति ॥ सो अम्हाणं सत्तू। अम्हेत्ति य सत्तुणो तस्स ॥१३॥
हवे अमो ते श्रीपालना सगा नथी, अने ते कोइ अमारो सगो नथी, ते अमारो शत्रु छे, अने अमो पण तेना शत्रुओ छीए. ॥१३॥
जं जीवंतो मुक्को। सो तइया बालउत्तिकरुणाए ॥ तेणम्हे होणबला। सो बलीओ वन्निओ तुमए ॥ १४ ॥
वळी ते समये में तेने बालक जाणीने ज्यारे दयाथी जीवतो मूक्यो, त्यारे हवे अमो बळविनाना अने तेने तें बलवान वर्णव्यो? ॥१४॥
नियजीवियस्स नाहं। रुट्ठो रुट्ठो हु तस्स जमराया ॥ जेणाहं निच्चंतो। सुत्तो सिहुव्व जग्गविओ ॥ १५ ॥
वळी हुं मारां जीवितने रूठो नथी, परंतु तेनापते यमराजा रूठो छे के जेणे नचिंते सूतेल एवा सिंहसरखा मने जगाड्यो छे, ॥१५॥
जं तं दूओसि दिओसि। तेण मुक्कोसि गत्थ जीवंतो ॥ तुह सामियहणणत्थं। एसोहं आगओ सिग्घं ॥ १६ ॥
वली तुं ज्यारे दूत अने तेमां पण वली ब्राह्मण छो, तेथी हुं जीवतो मूकुं छुं, तथा तारा स्वामिने मारवामाटे आ हमणाज हुं तुरत आवुं छुं.
दूओवि दुयं गंतुं। सव्वं नियसामिणो निवेएइ ॥ तत्तो सो सिरिपालो। भूवालो चल्लिओ सबलो ॥ १७ ॥
पछी ते दूते पण तुरत त्यांथी जइने ते सर्व वृत्तांत पोताना स्वामीने जणाव्यो, त्यारे ते श्रीपालराजापण लश्करसहित त्यांथी चाल्या
चंपाए सीमाए। गंतूणावासियं समग्गंपि ॥ सिरिपालरायसिन्नं। तडिणीतडउच्चभूमीए ॥ १८ ॥
पछी चंपानगरीना सीमाडापर जइने श्रीपालराजाना समस्त सैन्ये नदीकिनारे उंची भूमीपर पडाव नाख्यो. ॥ १८ ॥

सो अजियसेण रायावि। संमुहो आविऊण तत्थेव ॥ आवासिओ य अभिमुह–महीइ सिन्नेण संजुत्तो ॥ १९ ॥
त्यारे ते अजितसेन राजाए पण सैन्यसहित सन्मुख आवीने त्यांज पडाव नाख्यो ॥ १९ ॥

सोहिज्जइ रणभूमी। किज्जइ पूया य सयलसत्थाणं ॥ सुहडाणं च पसंसा। किज्जइ भट्टेहिं उच्चसरं ॥ २० ॥
हवे त्यां रणसंग्रामनी भूमिने साफ करवामां आवे छे. तथा सर्व शस्त्रोनी पूजा कराय छे. अने भाटलोको सुभटोनी उंचा स्वरथी प्रशंसा करी रह्या छे. ॥ २० ॥

किज्जंति भूहरीओ। सुहडाणं चारुचंदणरसेण ॥ पूरिज्जंति य सिहरा। चंपयकुसुमेहिं पवरेहिं ॥ २१ ॥
वली सुभटोने मनोहरचंदनरसथी पीळ कहाडवामां आवे छे. अने मनोहर चंपाना पुष्पोथी सुभटोना मुकुटोने भरवामां आवे छे. ॥२१॥

वामपयतोडरेहिं। दाहिणकरचारुवीरवलएहिं ॥ वारणयचामरेहिं। नज्जंति फुडं महासुहडा ॥ २२ ॥
डाबा पगमां रहेला टोडरथी, जमणा हाथमां रहेला मनोहर बीरवलयोथी, तथा छत्र अने चामरोथी प्रगट रीते ते महासुभटो जणाइ आवे छे.

गयगज्जियं कुणंता। सुहडगणा तत्थ सीहनायं च ॥ मुच्चंता नच्चंता। कुणंति वरवीरवरणीओ ॥ २३ ॥
हवे त्यां ते सुभटोना समूहो हाथीओनीपेठे गर्जारव करे छे, तथा नाचताथका सिंहनाद करे छे, तथा परस्पर शस्त्रप्रहारमाटे याचना करे छे.

जणयपुरओत्ति तणयं। कावि हु जणणी भणेइ वत्थ तए ॥ तह कहवि झुज्झियव्वं। जह तुह ताओ न संकेइ ॥२४॥

हवे कोइक माता पोताना पुत्रने तेना पितानी सन्मुख कहे छे के, हे वत्स तारे कोइक एवा प्रकारथी लडवुं, के जेथी तारा पिताने पण शंका न उपजे. ॥ २४ ॥

**अन्ना भणेइ वच्छा-हं वीरसुया पिया य वीरस्स ॥ तह तुमए झुज्झवं । होमि जहा वीरजणणीवि ॥ २५ ॥**

वली बीजी माता पुत्रने कहे छे के, हे वत्स! हुं वीरनी पुत्री तथा वीरनी पत्नी छुं, माटे तारे एवी रीते लडवुं के जेथी हुं वीरमाता पण कहेवाउं ॥ २५ ॥

**धन्ना सच्चिय नारी-जीए जणओ पई य पुत्तो य ॥ वीरावयायपयवो-समन्निया हुंति तिन्नेवि ॥ २६ ॥**

ते स्त्रीने धन्य छे के, जेणीना पिता, पति तथा पुत्र ए त्रणे वीरपणानी निर्मल पदवीवाला छे. ॥ २६ ॥

**कावि पइंपइ जंपइ । मह मोहो नाह नेह कायव्वो ॥ जीवंतस्स मयस्सवि । जं तुह पुट्ठिं न मुच्चिस्सं ॥ २७ ॥**

कोइक स्त्री पोताना पतिने कहे छे के. हे स्वामी! तमारे अहीं मारो मोह न करवो, केमके हुं आपनी पीठ जीवतां अथवा मुए पण छोडनार नथी, ॥ २७ ॥

**कावि हु हसेइ रमणं । मह नयणहओवि होसि भयभीओ ॥ नाह तुमं विज्जुज्जल-भल्लयघाए कहं सहसि ॥२८॥**

कोइक स्त्री पोताना पतिने हांसीथी कहे छे के, हे स्वामी! तमो मारी आंखोथी (कटाक्षोथी) हणायाथका भयभीत थाओ छो, तो पछी त्यां विजलीसरखा उज्ज्वल एवा भालांना प्रहारोने केम सहन करी शकशो? ॥ २८ ॥

इत्थंतरंमि उज्झड-सुहडकयाडंबरं च असहंतो ॥ सूरो फुरंततेओ । संजाओ पुव्वदिसिभाए ॥ २९ ॥
हवे एवामां उद्भट सुभटोए करेला आडंबरने नही सहन करतो एवो सूर्य पूर्वदिशाना भागमां स्फुरायमान तेजवालो थयो. ॥ २९ ॥
मिलिऊण तक्खणं चिय । अग्गिमसेणाए उज्झडा सुहडा ॥ मग्गणमसिक्खियंपि हु । कुणंति पढमासिघायाणं
एवामां एकदम सैन्यना अगाडीना भागना शूरवीर सुभटो नही शीखेला एवा पण तलवारना प्रथम घानी मागणी करे छे. ॥ ३० ॥
खग्गाखग्गि सरासरि । कुंताकुंति पयंडदंडं च ॥ झुज्झंता ते सुहडा । संजाया एगमेगं च ॥ ३१ ॥
हवे त्यां सुभटो परस्पर तलवारे तलवारे, बाणोथी, भालांथी तथा प्रचंड दंडोथी लडताथका एकमेक थइ गया. ॥ ३१ ॥
कस्सवि भडस्स सीसं । खग्गच्छिन्नं च वालविकरालं ॥ रविणोवि राहुसंकं । करेइ गयणंमि उच्छलीयं ॥ ३२ ॥
हवे त्यां खड्गथी छेदायेलुं तथा वाळथी विकराळ बनेलुं एवुं कोइक सुभटनुं मस्तक आकाशमां उछळ्युं थकुं सूर्यने पण राहुनी शंका उत्पन्न करे छे, ॥ ३२ ॥
कोवि भडो सिल्लेणं । गयणे उल्लालिओ महल्लेणं ॥ दीसइ सुरंगणाहिं । सग्गमियंतो सदेहोव्व ॥ ३३ ॥
कोइक सुभटने मोटी बरछीथी आकाशमां उछाळवामां आव्यो, ते जाणे शरीरसहित देवांगनाओसाथे मळवाने स्वर्गमां जतो होय नही, तेम देखावा लाग्यो. ॥ ३३ ॥

कोवि हु भडो भिडंतो। छिन्नसिरो खग्गखेडयकरो य॥ गयसरणसीसभारो। पणच्चए जायहरिसोव ॥ ३४ ॥
वळी कोइक सुभट तो छेदायेलां मस्तकवाळो तथा हाथमां ढालतरवारवाळो, ते जाणे के करजरूप मस्तकनो भार गयाथी हर्षित थइ नाचतो होय नही जाणे तेम देखावा लाग्यो. ॥ ३४ ॥

तत्थय पप्पडभंगं। भज्जंति रहा य कोहलभेयं ॥ भज्जंति गया तुरया। चिप्भडच्छेयंव छिज्जंति ॥ ३५ ॥
हवे एवीरीते त्यां पापडना भंगनी पेठे रथो भांगे छे, कोळांना भंगनीपेठे हाथीओना चूरेचूरा थाय छे, तथा चीभडांनीपेठे घोडाओना पण चूरेचूरा थाय छे. ॥ ३५ ॥

तओ—सत्थच्छुरिया बहुमुंड–मंडिया थउडिया भडधडेहिं॥ अंतेहिं निरंतरिया। भरिया भयहयगयसएहिं
एवीरीते त्यां ते रणभूमी शस्त्रोथी पथरायेली, घणां मस्तकोथी मंडित थयेली, आंतरडांओथी भरेली तथा मरेला एवा सेंकडोगमे हाथीओ अने घोडाओथी व्याप्त थइ; ॥ ३६ ॥

रुहिरोहजणियकद्दम–मज्झविमद्दिज्जमाणमडयाणं ॥ कडयडसद्दरउद्दा। खणेण सा रणमहो जाया ॥ ३७ ॥
तेमज वळी रुधिरना समूहथी थयेला कादवमां कचराता एवां मडदांओना कडकड शब्दोथी भयंकर एवी ते रणभूमी क्षणवारमां थइ.
सिरिपालबलभडेहिं। भग्गं दट्ठूण नियबलं सयलं॥ उट्ठवइ अजियसेणो। नियनामाउव लज्जंतो ॥ ३८ ॥

पछी एवामां श्रीपालनी सेनाना सुभटोथी पोतानुं सर्व सैन्य नष्ट थयेलुं जाणीने जाणे पोताना नामथी लज्जायुक्त थयो होय नही तेम अजितसेनराजा पोते उठ्यो. ॥ ३८ ॥

**जा सो परबलसुहडा । कुविय कयंतोव्व संहरइ ताव ॥ सत्तसयराणएहिं । समंतओ वेढिओ झत्ति ॥ ३९ ॥**

तथा जेवामां कुपित थयेलो एवो ते शत्रुना सैन्यना सुभटोनो यमनीपेठे संहार करे छे, तेवामां ते सातसो राणाओए तुरत तेने चारे बाजुथी घेरी लीधो. ॥ ३९ ॥

**पच्चारिओ य तेहिं । नरवर अज्जवि चएसु अभिमाणं ॥ सिरिपालरायपाए । पणमसु मा मरसु मुहियाए ॥४०॥**

तथा तेओए तेने कह्युं के हे राजन्! हजु पण तमो अभिमान छोडो, अने श्रीपालराजाने पगे पडो, फोकट मरणने अंगीकार न करो?

**तहवि हु जा न थक्कइ । झुज्झंतो ताव तेहिं सुहडेहिं ॥ सो पाडिऊण बद्धो । जीवंतो चेव लीलाए ॥ ४१ ॥**

एम कह्या छतां पण ते ज्यारे लडतां थाकतो नथी, त्यारे ते सुभटोए तेने लीलामात्रमां पाडीने जीवतो बांध्यो. ॥ ४१ ॥

**सिरिपालरायपासे । आणिओ जाव सो तहा बद्धो ॥ ताव ते पण च रणा । सोवि हु मोआवीओ झत्ति ॥ ४२ ॥**

अने पछी तेने तेवीज रीते बांधेलो तेओ श्रीपालराजापासे ज्यारे लाव्या, त्यारे श्रीपालराजाए तुरत तेने बंधनरहित कराव्यो ॥४२॥

**भणिओ य ताय मा किंपि । नियमणे संकिलेसलेसंपि ॥ चिंतेसु किंतु पुव्वंव । नियभुवं भुंजसु सुहेण ॥ ४३ ॥**

अने तेने कह्युं के, हे पिताजी! तमो तमारा मनमां जरा क्लेशनो लेश पण चिंतवो नही, परंतु पूर्वनीपेठेज तमो तमारी भूमी सुखेथी भोगवो?

**तो अजियसेणराया । चित्ते चिंत्तेइ ही मए किमियं ॥ अविमंसियं कयं जं। दूअस्स न मन्नियं वयणं ॥ ४४ ॥**

ते सांभली अजितसेनराजा मनमां विचारे छे के, अरे! में आ अविचार्युं शुं कार्य कर्युं? के में जे दूतनुं वचन मान्युं नही. ॥४४॥

**कथ्छाहं बुड्ढोवि हु । परदोहपरायणो महापावो ॥ कत्थ इमो बालोवि हु । परोवयारिक्कधम्मपरो ॥ ४५ ॥**

बुढ्ढो छतां पण परना द्रोहमां तत्पर तथा महा पापी एवो हुं क्यां ? अने बालक छतां पण फक्त एक परोपकाररूपीज धर्ममां तत्पर एवा आ श्रीपाल क्यां ? ॥ ४५ ॥

**गुत्तदोहेण कित्ती । नासइ नईय रायदोहेण ॥ बालदोहेण सुगई । हहा मए तं तिगंपि कयं ॥ ४६ ॥**

गोत्रीनो द्रोह करवाथी कीर्त्ति नाश पामे छे, राजद्रोह करवाथी नीति नाश पामे छे, तथा बालद्रोह करवाथी सुगति नष्ट थाय छे. परंतु हा! हा! में तो ते त्रणे दुष्कार्यो कर्या छे. ॥ ४६ ॥

**कत्थच्छि मज्झ ठाणं । नरयं मुत्तूण पावचरियस्स ॥ ता पावघायणत्थं । पव्वज्जं संपवज्जामि ॥ ४७ ॥**

माटे पापाचरणवाला एवा मने नरकशिवाय बीजुं कयुं स्थान मलशे? माटे हवे तो ते पापोनो नाश करवा माटे हुं दीक्षा लेउं. ॥४७॥

**एवं च तस्स चिंत-तयस्स सुहभावभावियमणस्स ॥ पावरासीहिं भिन्नं । दिन्नं विवरं च कम्मेहिं ॥ ४८ ॥**

एवी रीते चिंतवता तथा शुभ भावथी भावित मनवाला एवा तेमना पापना समूहो नाश पाम्या, अने कर्मोए तेमने मार्ग आप्यो.॥४८॥

**तो सरियपुव्वजम्मेणं । तेण सिरिअजियसेणभूवइणा ॥ पडिवन्नं चारित्तं । सुदेवया दत्तवेसेणं ॥ ४९ ॥**

तेथी ते अजितसेन राजाने जातिस्मरणज्ञान थयुं, अने तेथी तेमणे शासनदेवीए वेष आपवाथी चारित्र अंगीकार कर्युं. ॥ ४९ ॥

**तं च पवन्नचरित्तं । दठ्ठुं सिरिपालनरवरो झत्ति ॥ पणमेइ सपरिवारो । भत्तीइ थुणेइ एवं च ॥ ५० ॥**

एवी रीते तेमने चारित्रवाला जोइने श्रीपालराजा तुरत परिवारसहित तेमने नमे छे; अने भक्तिथी आ प्रमाणे तेमनी स्तुति करे छे.

**जेण स कोहो जोहो । हणिओ हेलाए खंतिखग्गेणं ॥ समयासियधाराए । तस्स महामुणिवइ नमो ते ॥ ५१ ॥**

जेमणे क्रोधरूपी योद्धाने क्रीडामात्रमां समतारूपी तीक्ष्ण धारवाला एवा क्षमारूपी खड्गथी हणेलो छे. एवा हे महामुनीश्वर आपने नमस्कार थाओ ? ॥ ५१ ॥

**माणगिरिगुरुयमय–सिहरअट्ठयं मद्दविक्कवज्जेणं ॥ जेण हणिऊण भग्गं । तस्स० ॥ ५२ ॥**

महोटा आठ मदोरूपी आठ शिखरोवाला एवा मानरूपी महागिरिने जेमणे फक्त एक मार्दवरूपी वज्रथी भांगीने तोडी पाड्यो छे, एवा हे मुनीश्वर आपप्रते नमस्कार थाओ ? ॥ ५२ ॥

**मायामयविसवल्ली । जेणज्जवसारसरलकीलेणं ॥ उख्खणिया मूलाओ । तस्स० ॥ ५३ ॥**

जेमणे मायारूपी झेरी वेलडीने आर्जवतारूपी अणिदारने सरल खीलाथी मूळमांथी उखेडी नाखी छे, एवा हे मुनीश्वर आपप्रते नमस्कार थाओ ?

जेणिच्छामुत्थावेल–संकुलो लोहसागरो गुरुओ ॥ तरिओ मुत्तितरीए । तस्स० ॥ ५४ ॥

वली जेमणे इच्छा अने मूर्छारूपी भरतीथी भरेलो एवो लोभरूपी महासागर त्यागरूपी होडीथी तरेलो छे, एवा हे मुनीश्वर आपप्रते नमस्कार थाओ ? ॥ ५४ ॥

जेण कंदप्पसप्पो । विवेयसंवेयजणियजंतेणं ॥ गयदप्पोच्चिय विहिओ । तस्स० ॥ ५५ ॥

वली जेमणे कामदेवरूपी सर्पने विवेक मने संवेगथी उत्पन्न थयेला यंत्रवडे करीने अहंकाररहित कर्यो छे, एवा हे मुनीश्वर आपप्रते नमस्कार थाओ ? ॥ ५५ ॥

जेण नियमणपडाओ । कोसुंभपयंगमंगसमरागो ॥ तिविहोवि हु निध्धूओ । तस्स० ॥ ५६ ॥

वली जेमणे पोताना मनरूपी कपडांपरथीकसुंबो, पतंग तथा करमचीना रंगसरखा (काम, स्नेह अने दृष्टिरागरूप) त्रणे प्रकारना रागने दूर करेला छे, एवा हे मुनीश्वर आपप्रते नमस्कार थाओ ? ॥ ५६ ॥

दोसो दुट्ठगयंदो । वसीकओ जेण लीलमत्तेण ॥ उवसमसिणिनिउणेणं । तस्स० ॥ ५७ ॥

वली उपशमरूपी अंकुशना प्रयोगने जाणनारा एवा जेमणे द्वेषरूपी दुष्ट हाथीने क्रीडामात्रमांज वश करेलो छे, एवा हे मुनीश्वर आपप्रते नमस्कार थाओ ? ॥ ५७ ॥

मोहो महल्लमल्लो वि । पाडिओ ताडिऊण जेणेसो ॥ वेरग्गमुग्गरेणं । तस्स० ॥ ५८ ॥

महामल्लसमान एवा पण आ मोहने जेमणे वैराग्यरूपी मुद्‌गरथी ताडन करीने पाडेलो छे, एवा हे मुनीश्वर आपप्रते नमस्कार थाओ ?॥

एए अंतररिउणो ! दुज्जेया सयलसुरवरिंदेहिं ॥ जेण जिया लीलाए । तस्स० ॥ ५९ ॥

एवीरीतना ते अंतरंग शत्रुओ, के जेओने सर्वे देवेंद्रो पण जीती शकता नथी, तेओने पण जेमणे लीलामात्रमां जीत्या छे, एवा हे मुनीश्वर आपप्रते नमस्कार थाओ ? ॥ ५९ ॥

इति मुनिस्तवः ॥ पुव्विंपि तुमं पुज्जो । आसि ममं जेण तायभायासि ॥ संपइ पुणो मुणीसर । जाओ पुज्जो तिलुक्कस्स ॥ ६० ॥

एवीरीते मुनिनी स्तुति कही. ॥ वळी हे मुनीश्वर ! पूर्वे पण आप मारे पूज्य हता, केमके आप मारा पिताजीना भाइ हता, अने हवे तो त्रणे लोकोने पूजनीक एवा तमो मुनीश्वर थया छो. ॥ ६० ॥

एवं थोऊण नमं-सिऊण तं अजियसेणमुणिनाहं ॥ सिरिपालनिवो ठावेइ ! तप्पुत्तं तस्स ठाणंमि ॥ ६१ ॥

एवीरीते श्रीपालराजा ते अजितसेन मुनीश्वरने स्तवीने तथा नमीने, तेमना पुत्रने तेमने स्थानकें स्थापे छे. ॥ ६१ ॥

कयसोहाए चंपा-पुरीइ सुमुहूसवं च सुमुहुत्ते ॥ पविसइ सिरिसिरिपालो । अमरपुरीए सुरिंदोव्व ॥ ६२ ॥

पछी अमरावतीमां जेम इंद्र, तेम श्रीपालराजा शोभनीक करेली एवी ते चंपानगरीमां उत्तम मुहूर्ते महोत्सवपूर्वक प्रवेश करे छे. ॥६२॥

तत्थय सयलेहिं नरे–सरेहिं मिलिऊण हरिसियमणेहिं ॥ पियपट्टंमि निवेसिय। पुणोभिसेओ कओ तस्स ॥६३॥
पछी त्यां हर्षित मनवाळा एवा सर्व राजाओए एकठा थइने श्रीपालराजाने तेमना पितानी गादीपर बेसाडीने फरीने तेमनो राज्याभिषेक कर्यो

मूलपट्टाभिसेओ। कओ तेहिं मयणसुंदरीएवि ॥ सेसाणं अट्ठन्हं। कओ लहुपट्टअभिसेओ ॥ ६४ ॥
वळी मूळ पट्टराणीतरीके मयणासुंदरी राणीनो पण अभिषेक कर्यो, अने बाकीनी आठे राणीओनो लघु पट्टराणीओ तरीके त्यां अभिषेक कर्यो

मइसागरो य इक्को। तिन्नेव य धवलसिट्ठिणो मित्ता। एए चउरोवि तया। रन्ना नियमंतिणो ठविया ॥ ६५ ॥
एक मतिसागर मंत्री तथा त्रण धवलशेठना मित्रो, ए चारेने श्रीपालराजाए पोताना मंत्रिओ स्थाप्या. ॥ ६५ ॥

कोसंबी नयरीओ। अणाविओ धवलनंदणो विमलो ॥ सो कणयपट्टपुव्वं। सिट्ठी संठाविओ रन्ना ॥ ६६ ॥
वळी कोसांबी नगरीथी धवलशेठना पुत्र विमलने बोलावीने तेने सुवर्णपट्ट बंधावीने श्रीपालराजाए नगरशेठतरिके स्थाप्यो. ॥ ६६ ॥

अट्ठाहिय चेईहरेसु। कारविऊण विहिपुव्वं ॥ सिरिसिद्धचक्कपूयं च। कारए परमभत्तीए ॥ ६७ ॥
वळी जिनमंदिरोमां अट्ठाइमहोत्सवपूर्बक विधिवडे करीने तेमणे परम भक्तिथी श्रीसिद्धचक्रजीनी पूजा करावी. ॥ ६७ ॥

ठाणे ठाणे चेईहराइं। कारेइ तुंगसिहराइं ॥ घोसावेइ अमारिं। दाणं दीणाण दावेइ ॥ ६८ ॥
वळी तेमणे जगो जगोए उंचां शिखरोवालां जिनमंदिरो बंधाव्यां, अमारीपटह वगडाव्यां, तथा दीनयाचकोप्रते दान देवराव्यां. ॥

नायमग्गेण रज्जं । पालंतो पियमाहिं संजुत्तो ॥ सिरिपालनरवरिंदो । इंदुव्व करेइ लीलाओ ॥ ६९ ॥
एवी रीते न्यायपूर्वक राज्य पालताथका स्त्रीओसहित श्रीपालराजा इंद्रनीपेठे क्रीडा करे छे. ॥ ६९ ॥
अह अजियसेणनामा । रायरिसी सोवि सुद्धचारित्तो ॥ उप्पन्नावहिनाणो । समागओ तत्थ नयरीए ॥ ७० ॥
हवे ते उत्तमचारित्रधारी एवा अजितसेन राजऋषि पण पोताने अवधिज्ञान उत्पन्न थया बाद तेज नगरीमां पधार्या. ॥ ७० ॥
तस्सागमणं सोऊण । नरवरो पुलइओ पमोएण ॥ मायपियाहिं समेओ । संपत्तो वंदणनिमित्तं ॥ ७१ ॥
तेमनुं आगमन सांभलीने हर्षथी रोमांचित थयेला एवा श्रीपालराजा पोतानी माता तथा स्त्रीओसहित तेमने वांदवा माटे गया. ॥
पियाहिणित्तु सम्मं । तं मुणिनाहं नमित्तु नरनाहो ॥ पुरओ य संनिविट्ठो । सपरीवारो य विणयपरो ॥ ७२ ॥
त्यां राजा ते मुनींद्रने सम्यक् प्रकारे त्रण प्रदक्षिणापूर्वक वांदीने परिवारसहित विनयपूर्वक तेमनी पासे बेठा. ॥ ७२ ॥
सोवि सिरिअजियसेणो । मुणिराओ रायरोसपरिमुक्को ॥ करुणिक्कपरो परमं । धम्मसरूवं कहइ एवं ॥ ७३ ॥
त्यारे राग, द्वेषरहित तथा फक्त एक करुणामांज तत्पर एवा ते अजितसेन मुनिराज पण आवीरीते धर्मनुं स्वरूप कहेवा लाग्या. ॥
भो भो भव्वा भवोहिमि । दुल्लहो माणुसो भवो ॥ चुल्लगाईहिं नाएहिं । आगमंमि वियाहीओ ॥ ७४ ॥
हे भव्यो ! आ संसाररूपी समुद्रमां 'चुल्लग' आदिकना दृष्टांतथी सिद्धांतोमां मनुष्यजन्मने दुर्लभ कह्यो छे. ॥ ७४ ॥

लद्धंमि माणुसे जम्मे । दुलहं खित्तमारियं ॥ जं दीसंति इहाणेमे । मिरथा भिल्लापुलिंदिया ॥ ७५ ॥

वली मनुष्यजन्म पामते छते पण आर्यक्षेत्र मलवुं दुर्लभ छे, केमके भील्ल तथा पुलिंदआदिक अनेक म्लेच्छ लोको देखाय छे. ॥७५॥

आरिसेसु य खित्तेसु । दुलहं कुलमुत्तमं ॥ जं वाहसूणियाईणं । कुले जायाण को गुणो ॥ ७६ ॥

वली आर्यक्षेत्रमां पण उत्तम कुल दुर्लभ छे, केमके पाराधि तथा कसाइआदिकना कुलमां उत्पन्न थएलाओने शुं गुण थाय तेम छे ? ॥

कुले लद्धेवि दुल्लभं । रूवमारुग्गमाउयं ॥ विगला वाहियाकाल–मया दीसंति जं जणा ॥ ७७ ॥

वली कुल पण कदाच उत्तम मले, तो पण रूप, आरोग्यपणुं अने आयु मलवुं दुर्लभ छे, केमके घणा लोको कदरूपा, रोगी तथा अकालमृत्युवाला देखाय छे. ॥ ७७ ॥

तेसु सव्वेसु लद्धेसु । दुल्लहो गुरुसंगमो ॥ जं सया सव्वखित्तेसु । पाविज्जंति न साहुणो ॥ ७८ ॥

वली ते पण सघलुं जो कदाच मले तो पण गुरुनो योग मलवो दुर्लभ छे, केमके सर्व क्षेत्रोमां हमेशां साधुओ मलता नथी. ॥ ७८ ॥

महतेणं च पुन्नेणं । जाएवि गुरुसंगमे ॥ आलस्साईहिं रुद्धाणं । दुल्लहं गुरुदंसणं ॥ ७९ ॥

वली कोइ महान् पुण्यना योगथी कदाच गुरुनो पण संगम थाय, तो पण आलसआदिकथी रुंधावाथी गुरुनुं दर्शन दुर्लभ थइ पडे छे.॥

कहं कहंपि जीवाणं । जाएवि गुरुदंसणे ॥ दुग्गाहिआण धुत्तेहिं । दुल्लहं पज्जुवासणं ॥ ८० ॥

वळी कोइक रीते कदाच गुरुनुं दर्शन पण थइ जाय, तो पण धूर्त्ताए एवुं तो मनने व्युद्ग्राहित करी मेल्युं होय छे के, ते सुगुरुनी सेवा करवानुं दुर्लभ थइ पडे छे. ॥ ८० ॥

गुरुपासेवि पत्ताणं । दुल्लहा आगमस्सुइ ॥ जं निद्दाविगहाओवि । दुज्जयाओ सयाइवि ॥ ८१ ॥

वळी कदाच गुरुनीपासे बेसवानुं पण थाय, तो पण सिद्धांतनुं श्रवण दुर्लभ थाय छे, केमके निद्रा तथा विकथाओ पण हमेशां अंतराय करनारी थाय छे. ॥ ८१ ॥

संपत्ताए सुईएवि । तत्तबुद्धी सुदुल्लहा ॥ जं सिंगारकहाईसु । सावहाणमणो जणो ॥ ८२ ॥

वळी आगमोनुं श्रवण पण कदाच मळे, तो पण तत्वनी बुद्धि दुर्लभ थाय, केमके लोको शृंगारआदीकनी कथामां सावधान मनवाळा रहे छे.॥

उवइट्ठेमि तत्तंमि । सद्धा अच्चंतदुल्लहा ॥ जं तत्तरुइणो जीवा । दीसंति विरला जए ॥ ८३ ॥

वळी तत्व जाणवामां आवे तो पण श्रद्धा अत्यंत दुर्लभ थाय छे, केमके तत्वरुचिवाळा जीवो जगतमां विरला देखाय छे. ॥ ८३ ॥

जायाए तत्त सद्धाए । तत्तबोहो सुदुल्लहो ॥ जं आसन्नसिवा केइ । तत्तं बुज्झंति जंतुणो ॥ ८४ ॥

वळी कदाच तत्वोपर श्रद्धा थाय तो पण ते तत्वोनो बोध थवो दुर्लभ छे, केमके नजदीक मोक्षवाळा एवा कोइकज जीवो तत्वोने जाणीशके छे.

तत्तं दसविहो धम्मो । खंतीमद्दवमज्जवं ॥ मुत्ती तवो दया सच्चं । सोयं बंभं आकिंचणं ॥ ८५ ॥

तत्व एटले क्षमा, मार्दव, आर्जव, त्याग, तप, दया, सत्य, शौच, ब्रह्मचर्य तथा अकिंचनरूप दश प्रकारनो धर्म जाणवो. ॥ ८५ ॥

**खंति नाममकोहत्त । मद्दवं माणवज्जणं ॥ अज्जवं सरलो भावो । मुत्ती निग्गंथया दुहा ॥ ८६ ॥**

क्षमा एटले क्रोधनो त्याग, मार्दव एटले माननो त्याग, आर्जव एटले सरलपणुं, अने त्याग एटले द्रव्यथी अने भावथी एम बन्ने प्रकारे निर्ग्रंथपणुं जाणवुं. ॥ ८६ ॥

**तवो इत्थानिरोहो य । दया जीवाण पालणं ॥ सच्चं वक्कमसावज्जं । सोयं निम्मलचित्तया ॥ ८७ ॥**

तप एटले इच्छानो रोध, दया एटले जीवोनुं रक्षण करवुं ते, सत्य एटले निर्दोष वचन बोलवुं ते, अने शौच एटले निर्मल चित्तपणुं जाणवुं.॥

**बंभमट्ठारभेयस्स । मेहुणस्स विवज्जणं ॥ अकिंचणं न मे कज्जं । केणाविच्छित्तिणीहया ॥ ८८ ॥**

ब्रह्मचर्य एटले अढार प्रकारना मैथुननो त्याग, कोइ पण वस्तुनी मारे जरुर नथी, एवी रीतनी जे निस्पृहता तेने अकिंचनपणुं जाणवुं.॥

**एसो दसविहोद्देसो । धम्मो कप्पद्दुमोवमो ॥ जीवाणं पुन्नपुन्नाणं । सव्वसुक्खाण दायगो ॥ ८९ ॥**

एवीरीतनो दशे प्रकारनो धर्म कल्पवृक्ष समान छे, तथा पुण्यशाली जीवोने सर्व सुखोनो आपनार छे. ॥ ८९ ॥

**धम्मो चिन्तामणीरम्मो । चिन्तियत्थाण दायगो ॥ निम्मलो केवलायो–लच्छिवित्थिड्ढकारओ ॥ ९० ॥**

वली ते धर्म चिंतामणिरत्नसमान मनोहर, चिंतित अर्थोने देनारो, नीर्मल अने केवलज्ञाननी लक्ष्मीनो विस्तार करनारो छे. ॥९०॥

कल्लाणिक्कमओ वित्त–रूवो मेरूवमो इमो ॥ सुमणाणं मणोतुट्ठिम् । देइ धम्मो महोदओ ॥ ९१ ॥

वली ते महान् उदयवालो एवो धर्म मेरुनीपेठे एक कल्याणमय (पक्षे–सुवर्णमय) प्रसिद्ध स्वरूपवालो (पक्षे–धनरूपी) छे; तेमज ते निर्मल मनवालाओने (पक्षे–देवोने) चित्तमां आनंद आपे छे. ॥ ९१ ॥

सुगुत्तसत्तखित्तीए । सव्वस्सव्वयसोहिओ ॥ धम्मो जयइ संवित्तो । जंबूदीवोवमो इमो ॥ ९२ ॥

वली ते धर्म घरनी सर्व मिलकतनीपेठे सात क्षेत्रोथी सारी रीते गुप्त करेलो छे, एवो उत्तम आचारवालो (पक्षे–गोलाकार) जंबूद्वीपसरखो ते धर्म जयवंतो वर्त्ते छे. ॥ ९२ ॥

एसो य जोहिं पन्नत्तो । तेवि तत्तं जिणुत्तमो ॥ एयस्स फलभूया य । सिद्धा तत्तं न संसओ ॥ ९३ ॥

वली आ धर्म जेओए प्ररूप्यो छे, एवा ते उत्तम जिनेश्वरो पण तत्वरूप छे, अने ते धर्मना फलभूत एवा सिद्धमहाराजो पण तत्वरूप छे, तेमां संशय नथी. ॥ ९३ ॥

दंसंता एयमायारं । तत्तमायरियावि हु ॥ सिक्खयंता इमं सीसे । तत्तमुज्झायावि य ॥ ९४ ॥

वली ते धर्मसंबंधि आचारने देखाडता एवा आचार्यो पण तत्वरूप छे, तथा शिष्योप्रते ते आचारने शिखवता एवा उपाध्यायो पण तत्वरूप छे.

साहयंता इमं सम्मं । तत्तरूवा सुसाहुणो ॥ एयस्स सद्दहणेणं । सुतत्तं दंसणंपि हु ॥ ९५ ॥

वली ते धर्माचारने सम्यक् प्रकारे साधता एवा उत्तम साधुओ पण तत्वरूप छे, तथा तेनी सारी रीते सद्दहणा करवाथी दर्शन पण उत्तम तत्वरूप छे.

एयस्सेवावबोहेणं । तत्तं नाणंपि निच्छयं ॥ एयस्साराहणारूवं । तत्तं चारित्तमेव य ॥ ९६ ॥

तेनाज बोधना कारणरूप होवाथी ज्ञान पण निश्चयें करीने तत्वरूप छे, अने तेनी आराधनारूप चारित्र पण तत्वरूपज छे. ॥ ९६ ॥

इत्तो जा निज्जरा तीए । रूवं तत्तं तवोवि य ॥ एवमेयाइं सव्वाइं । पयाइं तत्तमुत्तमं ॥ ९७ ॥

वळी तेनी निर्जरारूप एवो जे तप ते पण तत्वरूप छे, एवी रीते ए सर्वे नवे पदो तत्वरूपज छे. ॥ ९७ ॥

तत्तो नवपइ एसा । तत्तभूया विसेसओ ॥ सव्वेहिं भवसत्तेहिं । नेया ज्झेया य निच्चसो ॥ ९८ ॥

माटे ए पूर्वे कहेलां नवे पदो विशेषप्रकारे तत्वरूपज छे, माटे तेओने सर्व भव्य मनुष्योए हमेशां जाणवां तथा ध्यावबां. ॥ ९८ ॥

एयं नवपयं भव्वा । झायंता सुद्धमाणसा ॥ अप्पणो चेव अप्पंमि । सख्खं पिख्खंति अप्पयं (अख्खयं–इति पाठां०)

एवीरीतनां ते नवे पदोने शुद्ध मनथी ध्यावनारा भव्यजनो साक्षात् पोतामां रहेला पोताना आत्माने जोइ शके छे. ॥ ९९ ॥

अप्पंमि पिख्खिए जं च । खणे खिज्जइ कम्मयं ॥ न तं तवेण तिव्वेण । जम्मकोडिहिं खिज्जइ ॥११००॥

अने एवी रीते आत्मदर्शन थवाथी क्षणवारमां जेवो कर्मोनो क्षय थाय छे, तेवो कर्मक्षय क्रोडोगमे जन्मोमां तपेला एवा तीव्र तपथी पण थतो नथी.

ता तुप्भे भो महाभागा । नाऊणं तत्तमुत्तमं ॥ सम्मं झाएह जं सिग्घं । पावेहाणंदसंपयं ॥ १ ॥

माटे हे महाभाग्यवान्! तमो एवीरीतना उत्तम तत्वने जाणीने तेओनुं सम्यक् प्रकारे ध्यान धरो? के जेथी तुरत आनंदनी संपदाने पामो.॥

एवं सो मुणिराओ। काऊणं देसणं ठिओ जाव॥ ताव सिरिपालराया। विणयपरो जंपए एवं॥ २॥

एवीरीते ते मुनिराज ज्यारे देशना देइ रह्या, त्यारे श्रीपालराजा विनयमां तत्पर थइने आवीरीते कहेवा लाग्या. ॥ २॥

नाणमहोयहि भयवं। केण कुकम्मेण तारिसो रोगो॥ बालत्ते मह जाओ। केण सुकम्मेण समिओ य॥ ३॥

हे अवधिज्ञानी भगवन्! कया कुकर्मथी मने बाल्यपणामां आवो रोग उत्पन्न थयो? अने कयां सुकृतथी ते शांत थयो?॥ ३॥

केणं च कम्मणाहं। ठाणे ठाणे य एरिसिं रिद्धिं॥ संपत्तो तह केणं। कुकम्मणा सायरे पडिओ॥ ४॥

वळी कयां कर्मथी मने जगोजगोए आवी रुद्धि मळी, तेम कया कुकर्मथी मारे समुद्रमां पडवुं पड्युं?॥ ४॥

तह केण नीयकम्मेण। चेव डुंबत्तणं महाघोरं॥ पत्तोहं तं सव्वं। कहेह काऊण सुपसायं॥ ५॥

तेम वळी कयां मारां कर्मथी मने अत्यंत घोर एवु डुंबपणुं प्राप्त थयुं? ते सघळुं आप कृपा करीने कहो?॥ ५॥

तो भणइ मुणिवरिंदो। नरवर जीवाण इत्थ संसारे॥ पुव्वकयकम्मवसओ। हवंति सुख्खाइं दुख्खाइं॥ ६॥

ते सांभळी मुनिराज कहे छे के हे राजन्! आ संसारमां पूर्वे करेलां कर्मोना वशथी जीवोने सुखदुःख थाय छे. ॥ ६॥

इत्थेव भरहवासे। हिरण्णउरनामयंमि वरनयरे॥ सिरिकंतो नाम निवो। पावड्ढिपसत्तओ अत्थि॥ ७॥

आज भरतक्षेत्रमां हिरण्यपुर नामना उत्तम नगरमां मृगयाना व्यसनवाळो श्रीकांत नामे राजा हतो. ॥ ७ ॥

**तस्सच्छि सिरिसमाणा। सरीरसोहाइ सिरिमइ देवी ॥ जिणधम्मनिउणबुद्धीइ। विसुद्ध संमत्तसीलजुया ॥८॥**

तेने शरीरनी शोभावडे करीने लक्ष्मीसमान एवी श्रीमती नामे राणी हती, के जे जैनधर्ममां निपुणबुद्धिवाळी तथा शुद्ध सम्यक्त्व अने शीलसंयुक्त हती. ॥ ८ ॥

**तीए य नरवरिंदो । भणिओ तुह नाह जुज्जए नेवं ॥ पावद्धिमहावसणं । निबंधणं नरयदुक्खाणं ॥ ९ ॥**

तेणीए राजाने कह्युं के, हे स्वामी ! नरकनां दुःखोनां कारणरूप एवुं शिकारनुं महाव्यसन आपने घटे नही. ॥ ९ ॥

**भीसणसत्थकरेहिं । तुरयारूढेहिं जं हणिज्जंति ॥ नासंतावि हु ससया। सो किर को खित्तियायारो ॥ १० ॥**

हाथमां भयंकर हथियारोने लेइ, घोडापर चडी नाशता एवा ससलाओने जे मारवा, ए ते शुं कंइ क्षत्रियोनो आचार कहेवाय ? ॥

**जच्छ अकयावराहा । मयावराहाइणोवि निन्नाहा ॥ मारिज्जंति वराया । सा सामिय केरिसा नीइ ॥ ११ ॥**

वली हे स्वामी ! जे शिकारमां बिचारां निरपराधी तथा अनाथ एवा हरिणो तथा डुक्करआदिकोने जे मारवां ते केवी रीतनी नीति कहेवाय !॥

**हंतूण परप्पाणं । अप्पाणं जे कुणंति सप्पाणं ॥ अप्पाणं दिवसाणं । कए य नासंति अप्पाणं ॥ १२ ॥**

जे माणसो परना आत्माने हणीने पोताना आत्माने पुष्ट करे छे, ते थोडा दिवसोने माटे पोताना आत्मानो नाश करे छे. ॥१२॥

इच्चाइ जिणिंदागम-उदएससएहिं बहियंतीए ॥ तीए न सक्किओ सो । निवरिउं पापवसणाओ ॥ १३ ॥

एवी रीतनां जिनेश्वरप्रभुना आगमना सेंकडोगमे उपदेशोथी तेणीए प्रतिबोध्या छतां पण ते तेने ते पापव्यसनथी निवारी शकी नही.॥

अन्नदिणे सो सत्तहिं । सएहिं उल्लंठदुट्ठवंठेहिं ॥ मइयासत्तो पत्तो । कत्थवि एगंमि वणगहणे ॥ १४ ॥

एक दिवसे ते सातसो दुष्ट उल्लंठ पुरुषोसहित शिकारमां तल्लीन थयोथको कोइ एक गीचझाडीवालां वनमां गयो. ॥ १४ ॥

दट्ठूण तत्थ एगं । धम्मद्धयसंजुअं मुणिवरिंदं ॥ राया भणेइ एसो । चमरकरो कुट्ठिओ कोवि ॥ १५ ॥

त्यां एक धर्मध्वज (ओघा) सहित मुनिराजने जोइने ते श्रीकांतराजाए कह्युं के, हाथमां चामरवालो आ कोइक कोढीयो लागे छे. ॥१५॥

तं चेव भणंतेहिं । तेहिं वंठेहिं दुट्ठचित्तेहिं ॥ उवसग्गिओ मुणिंदो । खमापरो लेट्ठूलट्ठीहिं ॥ १६ ॥

ते सांभली ते सर्व दुष्ट चित्तवाला उल्लंठोए पण तेमज कहीने तेओ ते क्षमाधारी मुनिराजने ढेफां तथा लाकडीओथी उपसर्ग करवा लाग्या. ॥

जह जह ताडंति मुणिं । ते दुट्ठा तह तहा समुल्लसइ ॥ हासरसो नरनाहे । मुणिनाहे उवसमरसो य ॥ १७ ॥

एवी रीते ते दुष्टो जेम जेम मुनिराजने मारे छे तेम तेम राजानो हास्यरस उल्लसायमान थाय छे, अने तेथी मुनिराजने तो उलटो उपशमरस उत्पन्न थाय छे. ॥ १७ ॥

ते कयमुणिउवसग्गा । निप्भग्गा हणियभूरिमयवग्गा ॥ नरवइपुट्ठिविलग्गा । पत्ता नियअंमि नयरंमि ॥ १८ ॥

एवी रीते हणेलां छे घणां मृगो जेमणे एवा ते निर्भागीओ मुनिने उपसर्ग करीने राजानी पाछल पाछल पोताना नगरमां गया.॥१८॥

**अन्न दिणे सो पुणरवि ! राया मिगयागओ नियं सिन्नं ॥ मुत्तूणहरिणपुट्ठिं। धाविओ इक्कगो चेव ॥ १९ ॥**

वली एक दिवसे ते राजा फरीने शिकारमाटे गयो, त्यां ते पोताना सैन्यने छोडीने एकलोज हरिणनी पाछल दोड्यो. ॥ १९ ॥

**नइतडवणे निलुक्को । सो हरिणो नरवरो तओ चुक्को ॥ जा पिच्छइ ता पासइ। तइए कंठे ठियं साहुं ॥ २० ॥**

एवामां ते हरिण नदी किनारापरना वनमां छुपाइ गयो, अने तेथी ते राजानी नजरे चड्यो नही; पछी जेवामां ते जुए छे तेवामां नदीकिनारापर रहेला एक साधुने तेणे जोया. ॥ २० ॥

**तं दट्ठूणं पावेण । तह कह त्रिपिल्लिओ मुणिवरिंदो ॥ सहसत्ति जहा पडिओ। नईजले तो पुणो तेण ॥ २१ ॥**

तेमने जोइने ते पापीए ते मुनिराजने एवो तो एक हडसेलो मार्यो के जेथी ते नदीना जलमां पडी गया; एवामां वली तेने, ॥२१॥

**संजायकिंपि करुणा–भावेणं कड्ढिऊण सो मुक्को ॥ को जाणइ जीवाणं । भावपरावत्तमइविसमं ॥ २२ ॥**

कंइंक दयाभाव आववाथी तेमने तेणे नदीमांथी बहार कहाड्या, केमके जीवोना अति विषम एवा भावना फेरफारने कोण जाणी शके छे?॥

**गिहमागएण तेणं। नियावयाओ निवेइओ सहसा ॥ सिनिमइ देवीइ पुरो। तीएइ निवो इमं भणिओ ॥ २३ ॥**

पछी ते राजाए घेर आवीने पोतानो ते वृत्तांत तुरत श्रीमतीराणीनीपासे निवेदन कर्यो, त्यारे तेणीए राजाने एवी रीते कह्युं के, ॥

अन्नेसिंपि जणाणं । पीडाकरणं हवेइ कडुअफलं ॥ जं पुण मुणिजणपीडा–करणं तं दारुणविवागं ॥ २४ ॥
अन्य माणसोने पण जे पीडा करवी तेनुं पण कडवुं फल मले छे, त्यारे मुनिजनोने जे पीडा करवी तेनो तो भयंकर विपाक थाय छे.॥

जओ–साहूणं हीलाए । हाणी हासेण रोअणं होइ ॥ निन्दाइ वहो बंधो । ताडणया वाहिमरणाइं ॥ २५ ॥
केमके–साधुनी हीलना करवाथी हाणी थाय छे, हांसी करवाथी रडवुं पडे छे, निंदा करवाथी वधबंधन थाय छे. तथा ताडना करवाथी व्याधि तथा मृत्युआदिक थाय छे. ॥ २५ ॥

मुणिमारणेण जीवाणं–णंतसंसारियाण बोहीवि ॥ दुलहा चिय होइ धुवं । भणियमिणं आगमेवि जओ ॥ २६ ॥
मुनिने मारवाथी जीवोने अनंतसंसारीपणुं थाय छे; तथा तेने बोधिबिज दुर्लभ थइ पडे छे; केमके आगममां पण कह्युं छे के, ॥२६॥

चेइयदव्वविणासे । इसिघाए पवयणस्स उड्डाहे ॥ संजइचउत्थभंग । मूलग्गी बोहिलाभस्स ॥ २७ ॥
देवद्रव्यनो विनाश करवाथी, मुनिनो घात करवाथी शासननी हीलना करवाथी, अने साधवीनुं शीलव्रत भांगवाथी बोधिबीजना मूलमां अग्नि नाखवाजेवुं थाय छे. ॥ २७ ॥

तं सोऊण नरिंदो । किंपि समुल्लसियधम्मपरिणामो ॥ पभणेइ अहं पुणरवि । न करिस्सं एरिसमकज्जं ॥ २८ ॥
ते सांभली कंइक धर्मनो परिणाम उल्लसयमान थवाथी राजाए कह्युं के, हवे फरीने एवुं अकार्य हुं करीश नही. ॥ २८ ॥

कइवइ दिणेसु पुणरवि । तेण गवरखट्ठिएण कोवि मुणी ॥ दिट्ठो मलमलिणतणू । गोअरचरियं परिभमंतो ॥२९॥
वली केटलाक दिवसो गयाबाद तेणे झरूखामां बेठांथकां कोइक मुनिने जोया, के जे मेलथी मलीन शरीरवाला थयाथका गोचरीमाटे भमता हता.
तत्तो सहसा विस्सा–रिऊण तं सिरिमइसिखवंवि ॥ सो राया दुट्ठमणो । नियवंठे एवमाइसइ ॥ ३० ॥
ते वखतें तुरत ते श्रीमतीए आपेली शिखामण विसरीने, ते दुष्ट मनवाला राजाए पोताना ते उलंठ पुरुषोने हुकम कर्यो के, ॥३०॥
रेरे एयं डुंबं । नयरं विट्टालयंतमम्हाणं ॥ कंठे घितूण दुयं । निस्सारह नयरमज्झाओ ॥ ३१ ॥
अरे ! आ डुंब आपणा नगरने वटलावे छे. माटे तेने गरदन पकडीने तुरत नगरनी बहार कहाडी मेलो ? ॥ ३१ ॥
तेहिं नरेहिं तहच्चिय । कढ्ढिज्जंतो पुराओ सो साहू ॥ नियगवखट्ठियाए । दिट्ठो तीए सिरिमईए ॥ ३२ ॥
त्यारे ते उलंठो तेवीजरीते करीने ते साधुने नगरनी बहार कहाडी मेलवा लाग्या, ते वखते पोताना झरूखामां बेठेलो ते श्रीमतीए ते बनावजोयो
तो कुवियाए तीए । राया निप्भंछिओ कडुगिराए ॥ तो सोवि लज्जिओ भणइ । देवि मे खमसु अवराहं ॥३३॥
त्यारे क्रोधायमान थयेली एवी ते श्रीमतीराणीए कडवां वचनोथी राजानी निभ्रंछना करी, त्यारे तेणे पण शरमाइने कह्युं के, हे देवि ! मारो ते अपराध क्षमा कर ? ॥ ३३ ॥
सो मुणिनाहो रन्ना । तत्तो आणाविओ नियावासं ॥ नमिओ य पूइओ खामि–ओ य तं नियमवराहं ॥३४॥

पछी राजाए ते मुनिराजने पाछा पोताना मेहेलमां बोलाव्या, तथा तेमने नमीने अने पूजीने पोतानो अपराध खमाव्यो. ॥ ३४ ॥

**पुट्ठो य सिरिमईए । भयवं अन्नाणभावओ रन्ना ॥ साहूणं उवसग्गं । काऊण कयं महापावं ॥ ३५ ॥**

पछी श्रीमतीराणीए मुनिराजने पूछयुं के, हे भगवान्! आ राजाए अज्ञानदशाथी साधुओने उपसर्ग करीने महापाप कर्युं छे; ॥३५॥

**तप्पावघोयणत्थ । किंपि उवायं कहेह पसिऊणं ॥ जेण कएणं एसो । पावाओ छुट्टइ नरेसो ॥ ३६ ॥**

माटे आप पसाय करीने ते पाप टाळवामाटे कंइक उपाय फरमावो? के जे करवाथी आ राजा ते पापथी मुक्त थाय. ॥ ३६ ॥

**तो भणइ मुणिवरिंदो । भद्दे पावं कयं अणेण घणं ॥ जं मुणिणो उवघाए । सव्वगुणाणंपि उवघाओ ॥ ३७ ॥**

त्यारे मुनिराजे कह्युं के, हे भद्रे! एमणे घणुं पाप कर्युं छे, केमके मुनिने उपसर्ग करवाथी सर्व गुणोनो विनाश थाय छे. ॥ ३७ ॥

**तहवि कयदुक्कयाणंवि । जीयाण जइ होइ भावउल्लासो ॥ ता होइ दुक्कयाणं । नासो सव्वाणवि खणेणं ॥ ३८ ॥**

तो पण दुष्कार्य करनारा जीवोने पण जो भावनो उल्लास थाय, तो ते सर्व दुष्कार्योनो क्षणवारमां पण विनाश थइ जाय. ॥ ३८ ॥

**भावस्सुल्लासकए । अरिहाइपसिद्धसिद्धचक्कस्स ॥ आराहणं मुणीहिं । उवइट्ठं भवजीवाणं ॥ ३९ ॥**

अने तेटला माटे भावना उल्लासने अर्थे भव्यजीवोने अरिहंतआदिक प्रसिद्ध एवां सिद्धचक्रजीनुं आराधन मुनिओए उपदेशेलुं छे. ॥

**ता जइ करेइ सम्मं । एयस्साराहणं नरवरोवि ॥ ता छुट्टइ सयलाणं । पावाणं नत्थि संदेहो ॥ ४० ॥**

माटे आ राजा पण जो ते सिद्धचक्रजीनुं आराधन सम्यक् प्रकारे करे, तो ते पण सर्व पापोथी छुटी जाय, तेमां संदेह नथी. ॥४०॥

**तो सिक्खिऊण पूआ–तवोविहाणाइयं विहिं राया ॥ भत्तीइ सिद्धचक्कं। आराहइ सिरिमईसहिओ ॥ ४१ ॥**

ते सांभली राजाए ते संबंधि पूजा तथा तपविधानआदिकनी विधि शीखीने श्रीमतीसहित भक्तिपूर्वक श्रीसिद्धचक्रनुं आराधन कर्युं.॥

**पुन्ने य तवोकम्मे। रन्ना मंडाविए य उज्जमणे॥ सिरिमइसहीहिं अट्ठाहिं। विहिया अणुमोयणा तस्स ॥ ४२ ॥**

पछी ते तपकार्य संपूर्ण थयाबाद राजाए ते संबंधि उजमणुं कर्युं, त्यारे श्रीमतीनी आठ सखीओए पण तेनी अनुमोदना करी. ॥४२॥

**सत्तसएहिं तेहिं। सेवयपुरिसेहिं तस्स नरवइणो ॥ दट्ठूण धम्मकरणं। पसंसियं किंपि खणमित्तं ॥ ४३ ॥**

वली ते सातसो सेवकोए पण तेमनुं धर्मकार्य जोइने क्षणमात्र तेनी थोडीक प्रशंसा करी. ॥ ४३ ॥

**ते अन्नदिणे राया–एसेणं सीहनामनरवइणो ॥ हणिऊण गाममिक्कं। वलिया जा गोधणं गहिउं ॥ ४४ ॥**

एक दिवसे ते सेवको राजाना हुकमथी सींहनामना राजाना एक गामने भांगीने जेवामां गोधन लेइने पाछा वले छे, ॥ ४४ ॥

**ता पुट्ठिपत्तो सीहो। बहुबलकलिओ पयंडभूयदंडो ॥ तेण कुविएण सव्वे। धाडयपुरिसा हया तत्थ ॥ ४५ ॥**

तेवामां घणां लश्करवालो तथा भयंकर भुजदंडवालो ते सींहराजा तेओनी पाछल आव्यो, तथा तेणे कोपायमान थइने ते धाड पाडनारा सर्वे पुरुषोने त्यां मारी नाख्या. ॥ ४५ ॥

तेवि मरिऊण खत्तिय–पुत्ता होऊण तरुणभावेवि ॥ साहूवसग्गपाव–प्पसायओ कुट्ठिणो जाया ॥ ४६ ॥
तेओ पण मरीने क्षत्रियपुत्रो थया, तथा पूर्वे साधुने उपसर्ग करवाने लीधे तेओ युवावस्थामां पण कुष्टिओ थया. ॥ ४६ ॥
जो सिरिकंतो राया। पुन्नपभावेण सो तुमं जाओ ॥ सिरिमइजीवो मयणा–सुंदरि एसा मुणियतत्ता ॥ ४७ ॥
जे श्रीकांतराजा हतो ते पुन्यना प्रभावथी तमो थया, अने श्रीमतीनो जे जीव हतो, ते आ तत्वोनी जाणकार मयणासुंदरी थइ. ॥४७॥
जं पुव्वंपि हु धम्मिक्क–तप्परा तुहहिइक्कतल्लित्था ॥ आसि इमा तं जाया । एसा तुह मूलपट्टंमि ॥ ४८ ॥
ते मयणासुंदरी पूर्व भवमां पण फक्त एक धर्ममांज तत्पर थइथकी फक्त तमारांज हितमां तल्लीन हती, अने तेथी अहीं ते तमारीज मूल पट्टराणी थइ छे. ॥ ४८ ॥
तुमए जहा मुणीणं ! विहिया आसायणा तहा चेव ॥ कुट्ठित्तं जलमज्जण–मवि डुंबत्तं च संपत्तं ॥ ४९ ॥
वली तमोए जे मुनिनी आसातना करी, तेथी तमोने कुष्टिपणुं, जलमां बुडवापणुं तथा डुंबपणुं प्राप्त थयुं. ॥ ४९ ॥
जं च तए तीए । सिरिमइए वणेणं सिद्धचक्कस्स ॥ आराहणा कया तं । मयणावयणासुहं पत्तो ॥ ५० ॥
वली ते पूर्वभवमां जे श्रीमतीना वचनथी तमोए सिद्धचक्रनी आराधना करी, तेज आ मयणासुंदरीना वचनथी तमो सुख पाम्या छो.॥
जो एसो विच्छारो । रिद्धिविसेसस्स तुज्झ संजाओ ॥ सो सयलोवि पसाओ। नायव्वो सिद्धचक्कस्स ॥ ५१ ॥

वली आ विशेष प्रकारनी रूद्धिनो जे तमोने विस्तार थयो छे, ते सघलो पसाय श्रीसिद्धचक्रजीनो जाणवो. ॥ ५१ ॥

**सिरिमइसहीहिं जाहिं। विहिया अणुमोअणा तया तुम्हं ॥ताओ इमाओ जायाओ। तुज्झ लहुपट्टदेवीओ ॥५२॥**

वळी श्रीमतीनी जे सखीओए पूर्वभवमां तमारी अनुमोदना करी हती, ते आ तमारी लघु पट्टराणीओ थइ. ॥ ५२ ॥

**एयासु अट्ठमीए। एस सवित्तीसंमुहे कहियमासि ॥ खज्जसु सप्पेण तुमं—ति तेण कम्मेण सा दट्ठा ॥ ५३ ॥**

तेओमानी आठमीए पोतानी शोकने महोडे एम कह्युं हतुं के, तने सर्प खाओ? ते कर्मथी तेणीने सर्पे डंख मार्यो. ॥ ५३ ॥

**धम्मपसंसाकरणेणं। तच्छ सत्तहिं सएहिं सुहकम्मं ॥ जं विहियं तेण इमे। गयरोगा राणया जाया ॥ ५४ ॥**

वळी ते समये ते सातसो पुरुषोए धर्मनी प्रशंसा करवाथी जे शुभकर्म बांध्युं हतुं, तेथी तेओ निरोगी थइने राणिम पदवीवाला थया.॥

**सीहो थ घायविहुरो। पालित्ता मासमणसणं दिक्खं ॥ जाओहमजियसेणो। बालत्ते तुज्झ रज्जहरो ॥ ५४ ॥**

वळी ते सीहराजा घायल थवाथी विधुर थयेथको एक मासक्षपणना अनशनपूर्वक दीक्षा पाळीने, बाल्यपणामां आ तमारुं राज्य हरनार हुं अजितसेन थयो. ॥ ५४ ॥

**तेणं चिय वेरेणं। बद्धोहं राणएहिं एएहिं ॥ पुव्वकयप्भासेणं। जाओ मे चरणपरिणामो ॥ ५५ ॥**

वळी ते (उपर वर्णवेलां) वैरने लीधे मने ते रणाओए बांध्यो, तथा पूर्वे करेला अभ्यासथी मने अहीं चारित्रनो परिणाम थयो.॥५५॥

सुहपरिणामेण मए । जाइं सरिऊण संजमो गहिओ ॥ सोहं उप्पन्नावहि-नाणो नरनाह इह पत्तो ॥ ५६ ॥
शुभ परिणामथी मने जातिस्मरण ज्ञान थवाथी में संयम लीधुं, तेज आ हुं अवधिज्ञानी थयाबाद अहीं आव्यो छुं. ॥ ५६ ॥
एवं जं जेण जहा । जारिसकम्मं कयं सुहं असुहं ॥ तं तस्स तहा तारिस-मुवट्ठियं मुणसु इत्थ भवे ॥ ५७ ॥
एवीरीते जेणे ज्यारे जे अने जेवुं शुभ अथवा अशुभ कर्म करेलुं होय छे, तेने त्यारे ते अने तेवुं आ भवमां प्राप्त थाय छे, एम जाणवुं.॥
तं सोऊणं सिरिपाल-नरवरो चिंतए सचित्तंमि ॥ अहह अहो केरिसयं । एयं भवनाडयसरूवं ॥ ५८ ॥
ते सांभलीने श्रीपालराजा पोताना मनमां विचारे छे के अहो हो ! आ ससंारना नाटकनुं केवुं स्वरूप छे ! ! ॥ ५८ ॥
पभणेइ य मे भयवं । संपइ चरणस्स नत्थि सामत्थं ॥ ता काऊण पसायं । मह उचियं दिसह करणिज्जं ॥ ५९ ॥
पछी ते कहे छे के, हे भगवन् ! हाल तो चारित्र लेवानी मारी शक्ति नथी, माटे कृपा करीने मने उचित कार्य फरमावो ? ॥५९॥
तो भणइ मुणिवरिंदो । नरवर जाणेसु निच्छयं एवं ॥ भोगफलकम्मवसओ । इच्छभवे नत्थि तुह चरणं ॥ ६० ॥
त्यारे मुनिमहाराज तेने कहे छे के हे राजन् ! भोगावली कर्मोने लीधे आ भवमां तमोने चारित्र नथी, ए निश्चयथी जाणवुं. ॥६०॥
किंतु तुमं एयाइं । अरिहंताइ नवावि सुपयाणि ॥ आराहंतो सम्मं । नवमं सग्गंपि पाविहसि ॥ ६१ ॥
परंतु तमो आ अरिहंतआदिक नवे उत्तम पदोने सम्यक् प्रकारे आराधताथका नवमे स्वर्गे जशो. ॥ ६१ ॥

तत्तोवि उत्तरुत्तर–नरसुरसुख्खाइं अणुहवंतो य ॥ नवमे भवंपि मुख्खं । सासयसुख्खं धुवं लहसि ॥ ६२ ॥
अने त्यांथी पण उत्तरोत्तर मुनष्य तथा देवसंबंधि सुखोने अनुभवतांथका तमो नवमे भवे खरेखर मोक्षरूपी शाश्वतुं सुख पामशो.॥६२॥
तं सोऊणं राया । साणंदो निययगिहंमि संपत्तो ॥ मुणिनाहोवि हु तत्तो । पत्तो अन्नच्छ विहरंतो ॥ ६३ ॥
ते सांभलीने राजा आनंदसहित पोताने घेर गया, अने मुनिराज पण त्यांथी विहार करीने अन्य जगोए पधार्या. ॥ ६३ ॥
सिरिपालोवि हु राया । भत्तोए पियमाहिसंजुत्तो ॥ पुव्वुत्तविहाणेणं । आराहइ सिद्धवरचक्कं ॥ ६४ ॥
हवे श्रीपालराजा पण भक्तिपूर्वक पोतानी स्त्रीओ तथा मातासहित पूर्वे कहेली विधिमुजब श्रीसिद्धचक्रनुं आराधन करे छे. ॥ ६४ ॥
अह मयणासुंदरी । भणइ नाह जइया तए कया पुव्विं ॥ सिरिसिद्धचक्कपूआ । तइया नो आसि भूरिधणं ॥ ६५ ॥
हवे मयणासुंदरी कहे छे के, हे स्वामी! आपे पूर्वे ज्यारे सिद्धचक्रजीनी पूजा करी हती, त्यारे आपनी पासे आटलुं बधुं धन नहोतुं.॥
इन्हिम् च तुम्ह एसो । रज्जसिरि अच्छि.विच्छरसमेया ॥ ता कुणह वित्थरेणं । नवपयपूयं जहित्थाए॥६६॥
अने हमणा तो आवी रीतना विस्तारवाली राज्यलक्ष्मी आपनी पासे छे, माटे हवे इच्छामुजब विस्तारथी नवपदजीनी पूजा करो?॥
तं सोऊण अइ गरुय–भत्तिसत्तोहिं संजुओ राया ॥ अरिहंताइपयाणं । करेइ आराहणं एवं ॥ ६७ ॥
ते सांभली अत्यंत महोटी भक्ति अने शक्तिसहित राजा अरिहंतआदिक पदोनुं आवी रीते आराधन करे छे. ॥ ६७ ॥

नव चेइहरपडिमा-जिन्नुद्धाराइविहिविहाणेणं ॥ नाणाविहपूयाहिं । अरिहंताराहणं कुणइ ॥ ६८ ॥
नव जिनमंदिर प्रतिमा तथा जीर्णोद्धार आदिक विधिपूर्वक करीने, तथा विविध प्रकारनी पूजाओवडे करीने ते अरिहंतपदनुं आराधन करेछे.
सिद्धाणवि पडिमाणं। कारावणपूअणापणामेहिं ॥ तम्मयमणज्झाणेणं । सिद्धपयाराहणं कुणइ ॥ ६९ ॥
सिद्धोनी पण प्रतिमा कराववी, तथा तेमनो पूजा अने तेमना प्रते प्रणामवडे करीने तन्मयध्यानपूर्वक ते सिद्धनुं आराधन करे छे. ॥
भत्तिबहुमाणवंदण-वेयावच्चाइकज्जमुज्जुत्तो ॥ सुस्सूसणेविहिनिउणो । आयरियाराहणं कुणइ ॥ ७० ॥
भक्ति, बहुमान, वंदन तथा वैयावच्छआदिक कार्यमां उद्यमवंत थइने, तथा शुश्रूषानी विधिमां निपुण थयाथका ते श्रीपालराजा मयणासुंदरिसहित आचार्यपदनुं आराधन करेछे. ॥ ७० ॥
ठाणासणवसणाइ । पढंतपाढंतयाण पूरंतो ॥ दुविहभत्तिं कुणंतो । उवज्झायाराहणं कुणइ ॥ ७१ ॥
भणता तथा भणावनाराओप्रते स्थान, भोजन तथा वस्त्रआदिक आपीने द्रव्यथी अने भावथी एम बन्ने प्रकारे ते उपाध्यायपदनुं आरधन करे छे.
अभिगमणवंदणनमंसणेहिं । असणाइवसहिदाणेहिं ॥ वेयावच्चाईहिं य । साहुपयाराहणं कुणइ ॥ ७२ ॥
सन्मुख जवुं, वंदन करवुं, नमन करवुं, तथा भोजनआदिक अने स्थानआदिक आपीने, तेमज तेओनी वैयावच्छ करवा आदिकें करीने ते साधुपदनुं आराधन करे छे. ॥ ७२ ॥

रहजत्ताकरणेणं । सुतित्थजत्ताहिं संघपूयाहिं ॥ सासणपभावणाहिं । सुदंसणाराहणं कुणइ ॥ ७३ ॥
रथयात्रा करवावडे करीने, तथा उत्तम तीर्थोनी यात्र अने संघपूजा तथा शासननी प्रभावनावडे करीने ते दर्शनपदनुं आराधन करे छे.॥

सिद्धंतसच्छपुच्छय-कारावणरक्खणच्चणाईहिं ॥ सज्झायभावणाहिं । नाणपयाराहणं कुणइ ॥ ७४ ॥
सिद्धांतनां शास्त्रोनां पुस्तको लखाववां, तेओनुं रक्षण तथा पूजन करवुं, सज्झायध्यान तथा भावनाआदिकथी ते ज्ञानपदनुं आराधन करे छे.॥

वयनियमपालणेणं । विरइक्कपराण भत्तिकरणेणं ॥ जइधम्माणुरागेणं । चारित्ताराहणं कुणइ ॥ ७५ ॥
व्रतनियम पालवावडे करीने, तथा विरतिधारीओनी भक्ति करवावडे करीने, अने यतिधर्मपर अनुराग धारण करीने, ते चारित्रपदनुं आराधन करे छे. ॥ ७५ ॥

आसंसाइविरहियं । बाहिरमब्भिंतरं तवोकम्मं ॥ जहसत्तीइ कुणंतो । सुद्धतवाराहणं कुणइ ॥ ७६ ॥
कंई पण इच्छाविना यथाशक्ति बाह्य वने अभ्यंतर तपने तपताथका ते शुद्ध रीते तपपदनुं आराधन करे छे. ॥ ७६ ॥

एवमेयाइं उत्तम-पयाइं सो दव्वभावभत्तोए ॥ आराहंतो सिरिसिद्ध-चक्कमच्चेइ निच्चंपि ॥ ७७ ॥
एवी रीते उपर वर्णवेलां ते उत्तम पदोने द्रव्यथी अने भावथी भक्ति पूर्वक आराधताथका ते श्रीपालराजा हमेशां श्रीसिद्धचक्रजीनी पूजा करे छे.

एवं सिरिपालनिवस्स । सिद्धचक्कच्चणं कुणंतस्स ॥ अद्धपंचमवरिसेहिं । जा पुन्नं तं तवोकम्मं ॥ ७८ ॥

एवी रोते श्रीपालराजाने सिद्धचक्रजीनी पूजा करतांथकां साडापांच वर्षे ज्यारे ते तपकार्य संपूर्ण थयुं. त्यारे ॥ ७८ ॥

**तत्तो रन्ना नियरज्ज–लच्छिविच्छारगरुयसत्तोए ॥ गुरुभत्तोए कारिउ–मारद्धं तस्स उज्जमणं ॥ ७९ ॥**

राजाए पोतानी राज्यलक्ष्मीना विस्तारप्रमाणे महोटी शक्ति अने भक्तिथी तेनुं उजमणुं करवा मांडयुं. ॥ ७९ ॥

**कच्छवि विच्छिन्ने जिण–हरंमि काउं तिवेइयं पोढं ॥ विच्छिन्नं वरकुट्टिम–धवलं नवरंगकयचित्तं ॥ ८० ॥**

कोइक विस्तीर्ण जिनमंदिरमां त्रण वेदिकाओनुं विस्तीर्ण पीठ रचवुं, तेनुं तलीउं सफेद रंगनुं तथा तेमां नवरंगीचित्रो आलेखवां. ॥

**सालिपमुहेहिं धन्नेहिम् । पंचवन्नेहिम् मंतपुएहिम् ॥ रइऊण सिद्धचक्कं । संपुन्नं चित्तचुज्जकरं ॥ ८१ ॥**

तेमां शालिप्रमुख मंत्रथी पवित्र करेलां पांच वर्णना धान्योथी मनने आश्चर्य करनारुं एवुं संपूर्ण सिद्धचक्रनुं मंडल आलेखवुं. ॥८१॥

**तत्थय अरिहंताइसु । नवसु पएसु ससप्पिखंडाइं ॥ नालियरगोलयाइं । सामन्नेणं ठविज्जंति ॥ ८२ ॥**

तेमां अरिहंतआदिक नवे पदोपर घीखांडसहित नालीयेरना गोला सामान्यप्रकारे स्थापवा. ॥ ८२ ॥

**तेण पुणोनरवइणा । मयणासहिएण वरविवेएणं ॥ ताइंपि गोलयाइं । विसेससहियाइं ठवियाइं ॥ ८३ ॥**

हवे एवी रीते मयणासुंदरीसहित ते श्रीपालराजाए उत्तम विवेकपूर्वक ते गोलाओ विशेष प्रकारनी सामग्रीसहित स्थापन कर्या. ॥

**अरिहंतपए धवले । चंदणकप्पूरलेवसियवन्नं ॥ अडकक्केणयं चउ–तीसहीरयं गोलयं ठवियं ॥ ८४ ॥**

तेमां श्वेत एवां अरिहंतपदपर चंदन अने कपूरना लेपथी सफेद रंगनो तथा आठ कर्केतन अने चोंत्रीस हीराओसहित तेमणे गोलो स्थाप्यो.॥

**सिद्धपए पुण रत्ते । इगतीसपवालमट्ठमाणिक्कं ॥ नवरंगघुसिणविहिय–प्पलेवगुरुगोलय ठवियं ॥ ८५ ॥**

सिद्धपदपर लालरंगना एकत्रीस प्रवालाओ तथा आठ माणेक सहित नवीन रंगवाला एवा केसरना लेपनवालो महोटो गोलो स्थाप्यो.॥

**कणयाभे सूरिपए । गोल गोमेयपंचरयणजुयं ॥ छत्तीसकणयकुसुमं । चंदणघुसिणकियं ठवियं ॥ ८६ ॥**

सुवर्णसरखां आचार्यपदपर पांच गोमेदकरत्न तथा छत्रीस सुवर्णना पुष्पोसहित चंदन अने केसरथी लेपन करेलो गोलो स्थापन कर्यो.॥

**उवज्झायपए नीलं । अहिलयदलनीलगोलयं ठवियं ॥ चउरिन्दनीलकलियं । मरगयपणवीसपयगजुयं ॥८७॥**

लीला एवा उपाध्यायपदपर चार इंद्रनीलमणिसहित अने पचीस मरकतमणिओना पदकसहित नागरवल्लिना पानसरखो लीलो गोलो स्थाप्यो.

**साहुपए पुण सामे । समयमयं पंचरायपट्टंकं ॥ सगवीसारिट्ठमणिं । भत्तीए गोलयं ठवियं ॥ ८८ ॥**

श्याम एवां साधुपदपर कस्तुरीसहित पांच राजपट्टे करीने युक्त तथा सत्तावीस अरिष्टमणिवालो गोलो भक्तिथी स्थापन कर्यो. ॥८८॥

**सेसेसु सियपएसु । चंदणसियगोलए ठवइ राया ॥ सगसट्ठिगवन्नासयरि–पन्नमुत्ताहलसमेओ ॥ ८९ ॥**

वली बाकीनां पण (चारे) श्वेत पदोपर, (अनुक्रमे) सडसठ, एकावन, सीत्तेर तथा पचास मोतीओसहित सफेद गोलाओने राजाए स्थाप्या.॥

**अन्नं च नवपयाणं । उद्देसेणं नरेसरो तच्छ ॥ तत्तवन्नाइं सुमेरु–मालचोराइं मंडेइ ॥ ९० ॥**

वली ते नवे पदोने उद्देशीने श्रीपालराजा ते ते रंगना सुमेरु, माला तथा चीरआदिक त्यां स्थापन करे छे. ॥ ९० ॥

**सोलस अणाहएसु । गरुआइं सक्कराइं लिंगाइं ॥ मंडावेइ नरिंदो । नाणामणिरयणचित्ताइं ॥ ९१ ॥**

शोले अनाहतोपर ते राजा नाना प्रकारना मणि तथा रत्नोथी चित्रित थयेला मोटा साकरना लिंगोने स्थापन करावे छे. ॥९१॥

**इगसोलस पंचसु सीइ । दोसु चउसट्ठि सरसदक्खाओ ॥ कणयकच्चोलियाहिम । मंडावइ अट्ठवग्गेसु ॥ ९२ ॥**

वली आठे वर्गोमांथी प्रथम वर्गमां शोल, ते पछीना पांचे वर्गोमां दरेकपर शोल शोल मली एंसी, तथा ते पछीना बे वर्गोमां बत्रीस बत्रीस मली चोसठ उत्तम रसवाली द्राक्षो सुवर्णना कचोलां सहित स्थापन करावेछे. ॥ ९२ ॥

**मणिकणगनिम्मियाइं । नरनाहो अट्ठ बीयपूराइं ॥ वग्गंतरगयपढमे । परमिट्ठिपयंमि ठावेइ ॥ ९३ ॥**

पछी ते श्रीपालराजा मणि अने सुवर्णथी बनावेलां आठ बीजोरां वर्गांतरनी अंदर रहेला पेहेला परमेष्टिपदपर स्थापे छे. ॥९३ ॥

**खारिक्कपुंजयाइं । ठावेइ अडयाललद्धिठाणेसु ॥ गुरुपाउआसु अट्ठसु । नाणाविहदाडिमफलाइं ॥ ९४ ॥**

पछी अडतालीस लब्धिओनां स्थानकोपर खारेकनी राशिओ स्थापे छे, तथा आठ गुरुपादुकाओपर नाना प्रकारनां दाडिमना फलो स्थापे छे.

**नारिंगाइफलाइं । जयाइठाणेसु अट्ठसु ठवेइ ॥ चत्तारि कोहलाए । चक्काहिट्ठायगपएसु ॥ ९५ ॥**

जयादिक आठ स्थानकोपर नारंगीआदिक फलो स्थापे छे, तथा चक्रना अधिष्ठायकोनां पदोदर चार कोलांनां फलो स्थापे छे. ॥९५॥

आसन्नसेवयाणं । देवीणं बारस वयंगाइं ॥ विज्जसुरिजख्खजख्खिणि–चउसट्ठिपएसु पूगाइं ॥ ९६ ॥

तेमज नजीकनी सेवक एवी देवीओनां स्थानपर बार वयंग नामनां फलो स्थापे छे. तथा विद्यादेवीओ अने यक्ष तथा यक्षिणीनां चोसठ पदोपर सोपारीना फलो स्थापे छे. ॥ ९६ ॥

पीयबलीकूडाइं । वत्तारिदुवारपालगपएसु ॥ कसिणबलीकूडाइं । चउवीरएसु ठवियाइं ॥ ९७ ॥

वली चार द्वारपालोनां पदोपर ते चार पीलां नैवेद्यना ढगला स्थापे छे, तथा चार वीरनां पदोपर चार श्याम रंगना नैवेद्यना ढगला स्थापे छे.

नवनिह्विपएसु कंचण–कलसाइं विचित्तरयणपुन्नाइं ॥ गहदिसिपालपएसु य । फलफुल्लइं सवण्णाइं ॥ ९८ ॥

नवेनिधिओने स्थाने विविधरत्नोथी भरेला सुवर्णना कलशो स्थापे छे,तथा ग्रहो अने दिक्पालोनां स्थानोमां तेमना रंगमुजब फलफुलो स्थापेछे

इच्चाइ गुरुयविच्छर–सहियं मंडाविऊणमुज्जमणं ॥ न्हवणूसवं नरिंदो । कारावइ विच्छरविहोए ॥ ९९ ॥

इत्यादिक महोटा विस्तारथी उजमणुं मंडावीने श्रीपालराजा विस्तारवाली विधिपूर्वक स्नात्रोत्सव करावे छे. ॥ ९९ ॥

विहियाए पूयाए । अट्ठपयाराइं मंगलावसरे ॥ संघेण तिलयमाला–मंगलकरणं कयं रन्नो ॥ १२०० ॥

पछी अष्टप्रकारी पूजा संपूर्ण थयाबाद मंगलसमये श्रीपालराजाने श्रीसंघे मंगलीकमाटे तिलक करीने माला पहेरावी. ॥ १२०० ॥

तओ—जो धुरि सिरिअरिहंतमूल दढपीढपइट्ठिओ । सिद्धसूरिउवज्झायसाहुचउसाहगरिट्ठिओ ॥ दंसण-

नाणचरित्ततवविहिपडिसाहर्हिं सुंदरु । तत्तरुखरसरवग्गलद्धिगुरुपयदलडंबरु ॥ दिसिवालजरुखजक्खिणि-पमुहसुरकुसुमेहिं अलंकियउ । सो सिद्धचक्कगुरुकप्पतरु अम्हह मणवंछिय दियउ ॥ १ ॥

जे मुख्य एवा श्रीअरिहंतप्रभुरूपी मूळभूत दृढ पीठिकाथी प्रतिष्ठित थयेलुं छे, तथा सिद्ध, आचार्य, उपाध्याय अने साधुरूपी चार शाखाओथी गरिष्ट थयेलुं छे, तथा दर्शन, ज्ञान, चारित्र अने तपरूपी प्रतिशाखाओथी सुंदर थयेलुं छे, ते संबंधि अक्षरो, स्वर, वर्गो, लब्धि तथा गुरुपादुकारूपी पत्रोना आडंबरवाळुं छे, तेम दिक्पाल, यक्ष, अने यक्षिणीआदिकरूप देवताइ पुष्पोथी शोभितुं थयेलुं छे, ते श्रीसिद्धचक्ररूपी महान् कल्पवृक्ष अमारां मनोवांछित आपो ? ॥ १ ॥

इच्चाइ नमुक्कारे । भणिऊण नरेसरो य गहिरसरं ॥ सक्कत्थयं भणित्ता । नवपयथवणं कुणइ एवं ॥ २ ॥

इत्यादिक नमस्कारने गंभीर स्वरथी भणीने श्रीपालराजा शक्रस्तव करीने आवीरीते नवे पदोनुं स्तवन कहे छे. ॥ २ ॥

उप्पन्नासन्नाणमहोमयाणं । सपाडिहेरासणसुट्ठियाणं ॥ सद्देसणारंजियसज्जणाणं । नमो नमो होउ सया जिणाणं

वळी उत्पन्न थयेलां केवलज्ञानरूपी तेजवाळा, प्रातिहार्ये करीने सहित एवां आसनपर बेठेला, तथा उत्तम देशनाथी लोकोने खुशी करनारा, एवा जिनेश्वरोने मारो हमेशां नमस्कार थाओ ? ॥ ३ ॥

सिद्धाणमाणंदरमालयाणं ! नमो नमोणंतचउक्कयाणं ॥ सूरिण दूरीकयकुग्गहाणं । नमो नमो सुरसमप्पभाणं

परमानंदमय लक्ष्मीना स्थानरूप, तथा अनंत चतुष्टयवाळा एवा सिद्ध महाराजने नमस्कार थाओ? तथा दूर करेल छे कदाग्रह जेमणे एवा, अने सूर्यसरखी कांतिवाळा एवा आचार्य महाराजोप्रते नमस्कार थाओ? ॥ ४ ॥

सुतच्छवित्थारणतप्पराणं । नमो नमो वायगकुंजराणं ॥

साहूण संसाहियसंजमाणं । नमो नमो सुद्धदयामयाणं ॥ ५ ॥

सूत्र अने अर्थनो विस्तार करवामां तत्पर एवा हाथीसरखा उपाध्यायोप्रते नमस्कार थाओ? तथा संयमने साधनारा अने शुद्ध दयामय एवा साधुओप्रते नमस्कार थाओ? ॥ ५ ॥

जिणुत्ततत्ते रुइसख्खणस्स। नमो नमो निम्मलदंसणस्स ॥ अन्नाणसंमोहतमोहरस्स। नमो नाणदिवायरस्स॥६॥

जिनेश्वरप्रभुए कहेला तत्वोमां रुचिधरवारूप निर्मल एवां दर्शनप्रते नमस्कार थाओ? तथा अज्ञान अने मोहरूपी अंधकारने हरनारा एवां ज्ञानरूपी सूर्यप्रते पण नमस्कार थाओ ॥ ६ ॥

आराहियाखंडियसक्कियस्स। नमो नमो संजमवीरियस्स ॥ कम्मदुमुम्मूलणकुंजरस्स। नमो नमो तिव्वतवोभरस्स

आराधित करेली छे अखंडरीते सत्क्रियाओ जेमां एवां संयमवीर्यने नमस्कार थाओ? तथा कर्मोरूपी वृक्षोने मूलमांथी उखेडवाने हाथीसमान एवां तीव्र तपसमूहने नमस्कार थाओ? ॥ ७ ॥

इय नवपयसिद्धं लद्धिविज्जासमिद्धं । पयडियसरवग्गं ह्रींतिरेहासमग्गं ॥

दिसिवइसुरसारं खोणिपीढावयारं । तिजयविजयचक्कं सिद्धचक्कं नमामि ॥ ८ ॥

एवी रीते नवे पदोथी सिद्धथयेला, तथा लब्धिओ अने विद्याओथी वृद्धि पामेला, प्रगट करेल छे स्वरो तथा वर्गो जेमां, तथा ह्रींकारनी त्रण रेखावाळा, दिक्पालआदिक देवोथी मनोहर थयेला अने त्रणे जगत्मां जय करवाने चक्रसमान, एवा पृथ्वीपीठपर स्थापन करेला सिद्धचक्रजी महाराजने हुं नमस्कार करुं छुं. ॥ ८ ॥

इति स्तवः ॥ वज्जंतिएहिं मंगल–तूरेहिं सासणं पभावंतो ॥ साहम्मियवच्छलं । करेइ वरसंघपूयं च ॥९॥

एवी रीते स्तवन जाणवुं. ॥ पछी मंगलीकनां वाजां वागते छते श्रीपालराजा शासननी प्रभावना करताथका स्वामिवात्सल्य तथा उत्तम एवी संघनी पूजा करे छे. ॥ ९ ॥

एवं सो नरनाहो । सहिओ ताहिं च पट्टदेवीहिं ॥ अन्नेहिं बहुएहिं । आराहइ सिद्धवरचक्कं ॥ १० ॥

एवी रीते ते श्रीपालराजा ते पट्टराणीओ अने घणा अन्यलोकोसहित श्रीसिद्धचक्रजीनुं आराधन करे छे. ॥ १० ॥

अह तस्स मयणसुंदरि–पमुहाहिं राणियाहिं संजाया ॥ नव निरुवमगुणजुत्ता । तिहुअणपालाइणो पुत्ता ॥११॥

हवे ते मयणासुंदरी आदिक राणीओने अनुपम गुणोवाला त्रिभुवनपालआदिक नव पुत्रो थया. ॥ ११ ॥

गयरहसहस्सनवगं । नव लक्खाइं च जच्चतुरियाणं ॥ पत्तीणं नवकोडी । तस्स नरिंदस्स रज्जंमि ॥ १२ ॥

ते राजाना राज्यमां नव हजार हाथीओ नव हजार रथो नव लाख जातिवंत घोडाओ अने नव क्रोड पालाओ हता. ॥ १२ ॥

**एवं नवनवलीलाहिं । चेव सुख्खाणि अणुहवंतो सो ॥ धम्मनीईइ पालइ । निच्चं निक्कंटयं रज्जं ॥ १३ ॥**

एवी रीते नवी नवी क्रीडाओथी सुखोने अनुभवता एवा ते श्रीपालराजा धर्म अने नीति पूर्वक हमेशां पोतानुं निष्कंटक राज्य पाले छे.॥

**रज्जं च तस्स पालं–तयस्स सिरिपालनरवरिंदस्स ॥ जाव जायाइं सम्मं । नववाससयाइं पुन्नाइं ॥ १४ ॥**

एवीरीते ते श्रीपालराजाने सम्यक् प्रकारे राज्य पालतांथकां ज्यारे नवसो वर्षो संपूर्ण थयां, ॥ १४ ॥

**ताव निवो तं तिहुअण–पालं रज्जंमि ठावइत्ताणं ॥ सिरिसिद्धचक्कनवपय–लीलमणो संथुणइ एवं ॥ १५ ॥**

त्यारे राजाए ते त्रिभुवनपाळने राज्यपर स्थाप्या अने पोते श्रीसिद्धचक्रजीना नवे पदोमां तल्लीन मनवाळा थइने आवी रीते स्तुति करवा लाग्या.

**सेस तिभवेहिं मणुएहिं । जेहिं विहियारिहाइठाणेहिं ॥ अज्जिज्जइ जिणगुत्तं । ते अरिहंते पणिवयामि ॥ १६ ॥**

त्रण भव शेष रह्ये छते मनुष्य भवमां जेमणे अरिहंतआदिक वीसे स्थानकोनुं आराधन कर्युं छे, अने तेम करीने जेमणे जिननामकर्म बांधेलुं छे, एवा अरिहंत प्रभुओने हुं नमस्कार करुं छुं. ॥ १६ ॥

**जे एगभवंतरिया । रायकुले उत्तमे अवयरंति ॥ महसुमिणसुइयगुणा । ते अरिहंते पणिवयामि ॥ १७ ॥**

जे एकएक भवने अंतरे उत्तम एवां राज्यकुलमां अवतरे छे, तथा महास्वप्नोथी जेमना गुणो सूचित थायछे, ते अरिहंतोने हुं नमुं छुं.॥

जेसिं जन्मंमि महिमं । दिसाकुमारीउ सुरवरिंदाय ॥ कुवंति पहिट्ठमणा । ते अरि० ॥ १८ ॥
जेमना जन्म वखते हर्षितमनवाळी दिशाकुमारीओ तथा इंद्रो महिमा करे छे, ते अरिहंतोने हुं नमुं छुं. ॥ १८ ॥
आजम्मंपि हु जेसिं । देहे चत्तारि अइसया हुंति ॥ लोगच्छेरयभूया । ते अरि० ॥ १९ ॥
जेमना शरीरमां छेक जन्मथी मांडीने लोकोमां आश्चर्य भूत एवा चार अतिशयो होय छे, ते अरिहंतोने हुं नमुं छुं. ॥ १९ ॥
जे तियनाणसमेथा । खीणं नाऊण भोगफलकम्मं ॥ पडिवज्जंति चरित्तं । ते अरि० ॥ २० ॥
जे त्रण ज्ञाने करीने सहित होय छे, तथा पोतानुं भोगावली कर्म क्षीण थयेलुं जाणीने जे चारित्र लीये छे, ते अरिहंतोने हुं नमुं छुं.॥
उवउत्ता अपमत्ता । सियझाणा खवगसेणिहयमोहा ॥ पावंति केवलं जे । ते अरि० ॥ २१ ॥
जेओ उपयोगवान्, अप्रमादी, शुक्लध्यानी तथा क्षपकश्रेणिथी मोहने हणीने केवलज्ञान पामे छे, ते अरिहंतोने हुं नमुं छुं. ॥ २१ ॥
कम्मखईया तह सुर-कया य जेसिं च अइसया हुंति ॥ एगारसगुणवीसं । ते अरि० ॥ २२ ॥
जेओने कर्मोना क्षयथी अग्यार अतिशयो थया छे, तथा देवोए करेला ओगणीश अतिशयो छे, ते अरिहंतोने हुं नमुं छुं. ॥ २२ ॥
जे अट्ठपाडिहारेहिं । सोहिया सेविया सुरिंदेहिं ॥ विहरंति सया कालं । ते अरि० ॥ २३ ॥
जेओ आठ प्रातिहार्योथी शोभी रह्या छे, तथा जेओ इंद्रोथी सेवायेलाथका हमेशां विचरे छे, ते अरिहंतोने हुं नमुं छुं. ॥ २३ ॥

पणतीसगुणगिराए । जेय विबोहं कुणंति भव्वाणं ॥ महिवीढे विहरंता । ते अरि० ॥ २४ ॥
पांत्रीस गुणोवाली वाणीवडे करीने जेओ पृथ्वीपर विचरताथका भव्योने प्रतिबोधे छे, ते अरिहंतोने हुं नमुं छुं. ॥ २४ ॥
(२) अरिहंता वा सामन्न—केवला अकयकयसमुग्घाया ॥ सेलोसीकरणेणं । होऊणमजोगिकेवलिणो ॥ २५ ॥
अरिहंतो अथवा सामान्य केवलीओ, नही करेल तथा करेल समुद्घातवाला, तथा शैलेशीकरणें करीने अजोगी केवली एवा ॥ २५ ॥
जे हु चरिमंमि समए । दुसयरिपयडीओ तेरस य चरिमे ॥ खविऊण सिवं पत्ता । ते सिद्धा दिंतु मे सिद्धिं ॥ २६ ॥
तथा जेओ छेल्लाथी अगाडीना समये कर्मनी बहोतेर प्रकृतीओने अने छेल्ले समये तेर प्रकृतीओने खपावीने मोक्षे गयेला छे, ते सिद्धो मने सिद्धि आपो ? ॥ २६ ॥
चरमंगतिभागोणा—वगाहणा जे उ एगसमयंमि ॥ संपत्ता लोगग्गं । ते सिद्धा० ॥ २७ ॥
छेल्लां शरीरनी त्रण भागथी ऊणी अवगाहनावाला एवा जेओ एक समयमां लोकांतप्रते प्राप्त थाय छे ते सिद्धो मने सिद्धि आपो ? ॥
पुव्वपओग असंगा । बंधच्छेया सहावओवावि ॥ जेसिं उड्ढा हु गइ । ते सिद्धा० ॥ २८ ॥
पूर्वप्रयोग, असंग, बंधनछेद अथवा स्वभावथी जेओनी ऊर्ध्वगति थयेली छे एवा ते सिद्धो मने सिद्धि आपो ? ॥ २८
ईसीपब्भाराए । उवरिं खलु जोअणंमि लागंते ॥ जेसिं ठिई पसिद्धा । ते सिद्धा० ॥ २९ ॥

इषप्राग्भारवाली सिद्धशिलानी उपर एक योजन लोकांतमां जेओनी स्थिति प्रसिद्ध छे एवा ते सिद्धो मने सिद्धि आपो? ॥ २९ ॥

**जे य अणंता–अपुण–ब्भवा य असरीरया अणाबाहा ॥ दंसणनाणुवउत्ता । ते सिद्धा० ॥ ३० ॥**

वली जेओ अनंत, पुनर्भवविनाना, शरिररहित तथा बाधारहित अने ज्ञानदर्शन करीने युक्त छे, ते सिद्धो मने सिद्धि आपो? ॥३०॥

**जेणंतगुणा विगुणा । इगतीसगुणा य अहव अट्ठगुणा ॥ सिद्धाणंतचउक्का । ते सिद्धा० ॥ ३१ ॥**

जेओ अनंत गुणोवाला, वर्णआदिक गुणो विनाना, तथा एकत्रीस गुणोवाला अथवा आठ गुणोवाला अने सिद्ध थयेल छे अनंत चतुष्क जेमने एवा ते सिद्धो मने सिद्धि आपो? ॥ ३१ ॥

**जह नगरगुणे मित्थो । जाणंतोवि हु कहेउमसमच्छो ॥ तह जेसिं गुणे नाणी । ते सिद्धा० ॥ ३२ ॥**

जेम कोइ भिल्ल नगरना गुणोने जाणे, परंतु कही शके नही, तेम जेओना गुणोने ज्ञानी जाणतांथकां पण कही शके नही, ते सिद्धो मने सिद्धिआपो?

**जेय अणंतमणुत्तर–मणोरमं सासयं सयाणंदं ॥ सिद्धिसुहं संपत्ता । तं सिद्धा० ॥ ३३ ॥**

वली जेओ अनंत, अनुत्तर, मनोहर, शाश्वतुं तथा सदा आनंदमय एवुं सिद्धिसुख पाम्या छे, ते सिद्धो मने सिद्धि आपो? ॥३३॥

**(२) जे पंचविहायारं । आयरमाणा सया पयासंति ॥ लोयाणणुगहत्थं । ते आयरीए नमंसामि ॥ ३४ ॥**

(२) जेओ पांच प्रकारना आचारने आचरताथका हमेशां लोकोना अनुग्रहमाटे प्रकाशे छे, ते आचार्योने हुं नमुं छुं. ॥ ३४ ॥

देसकुलजाइरूवाइ–एहिं बहुगुणगणेहिं संजुत्ता ॥ जे हुंति जुगे पवरा । ते आय० ॥ ३५ ॥
देश, कुल, जाति तथा रूपआदिक घणा गुणोयें करीने जे युक्त छे, तथा जेओ युगप्रधान छें, एवा ते आचार्योने हुं नमुं छुं ॥३५॥
जे निच्चमपमत्ता । विगहविरत्ता कसायपरिचत्ता ॥ धम्मोवएससत्ता । ते आय० ॥ ३६ ॥
जेओ हमेशां प्रमादरहित, विकथाविनाना, कषायोथी रहित तथा धर्मनो उपदेश देवामांज आसक्त छे, ते आचार्योने हुं नमुं छुं. ॥३६
जे सारणवारणचोय–णाहिं पडिचोयणाहिं निच्चंपि ॥ सारंति नियं गत्थं । ते आय० ॥ ३७ ॥
जेओ सारणा, वारणा, चोयणा तथा पडिचोयणाथी हमेशां पोताना गच्छनी सार करे छे, ते आचार्योने हुं नमुं छुं. ॥ ३७ ॥
जे मुणियसुत्तसारा । परोवयारिक्कतप्परा दिंति ॥ तत्तोवएसदाणं । ते आय० ॥ ३८ ॥
जेओए सूत्रोनो सार जाणेलो छे, तथा जेओ फक्त परोपकारमांज तत्पर थइने तत्वोनो उपदेश आपे छे, ते आचार्योने हुं नमुं छुं.॥
अत्थमिए जिणसूरे । केवलिचंदेवि जे पइवाव ॥ पयडंति इह पयच्छे । ते आय० ॥ ३९ ॥
जिनेश्वरप्रभुरूपी सूर्य तथा केवलीरूपी चंद्र आथमते छते जेओ दीपकनीपेठे अहीं पदार्थोने प्रकट करे छे, ते आचार्योने हुं नमुं छुं.॥
जे पावभरक्कंते । निवडंते भवमहंधकूवंमि ॥ निच्छारयंति जीवे । ते आय० ॥ ४० ॥
पापोना भारथी आक्रांत थयेला तथा संसाररूपी महा अंध कुवामां पडता एवा जीवोनो जेओ निस्तार करे छे, ते आचार्योने हु नमुं छुं.

**जे मायतायबंधव–पमुहेहिंतोवि इच्छ जीवणं ॥ साहंति हियं कज्जं । ते आय० ॥ ४१ ॥**

वली जेओ माता, पिता तथा बंधव आदिको करतां पण (वधारे) जीवोनुं हितकार्य अहीं साधे छे, ते आचार्योने हुं नमुं छुं. ॥४१॥

**जे बहुलद्धिसमिद्धा । साइसया सासणं पभासंति ॥ रायसमानिच्चिंता । ते आय० ॥ ४२ ॥**

वली जेओ घणी लब्धिओये करीने युक्त थयाथका तथा अतिशयोवाला थइने राजानीपेठे नचिंत थयाथका शासनने दीपावे छे, ते आचार्योने हुं नमुं छुं. ॥ ४२ ॥

**(३) जे बारसंगसज्झाय–पारगा धारगा तयच्छाणं ॥ तदुभयविच्छाररया । तेहं झाएमि उवज्झाए ॥ ४३ ॥**

जेओ बारे अंगोना पारंगामी, तथा तेओना अर्थोने धारण करनारा, अने सूत्रार्थ बन्नेना विस्तारमांरक्त एवा ते उपाध्यायोने हुं ध्यावुं छुं.॥

**पाहाणसमाणेवि हु । कुणंति जे सुत्तधारया सीसे ॥ सयलजणपूयणिज्जे । तेहं झा० ॥ ४४ ॥**

वली जेओ पत्थरसमान शिष्योने पण सूत्ररूपी टांकणांओनी धाराथी सर्व जनोवडे पूजनीक बनावे छे, एवा ते उपाध्यायोने हुं ध्यावुं छुं.

**मोहाहिदट्ठनट्ठ–प्पनाण जीवाण चेयणं दिंति ॥ जे केवि नरिंदा इव । तेहं झा० ॥ ४५ ॥**

मोहरूपी सर्पे डंखवाथी नष्ट थयेल छे आत्मज्ञान जेओनुं एवा जीवोने जेओ नरेंद्रनीपेठे (विषवैद्योनीपेठे) चैतन्य आपे छे, ते उपाध्यायोने हुं ध्यावुं छुं. ॥ ४५ ॥

अन्नाणवाहिविहुराण । पाणीणं सुअरसायणं सारं ॥ जे दिंति महाविज्जा । तेहं झा० ॥ ४६ ॥
अज्ञानरूपी व्याधिथी गभरायेला प्राणीओने जेओ श्रुतरूपी उत्तम रसायन आपे छे, एवा महावैद्यसमान उपाध्यायोने हुं ध्यावुं छुं.॥

गुणवणभंजणमयगय–दमणंकुसुसरिसनाणदाणं जे ॥ दिंति सया भवियाणं । तेयं झा० ॥ ४७ ॥
गुणोरूपी बगीचाने भांगनारा एवा मदरूपी हाथीओने दमवामां अंकुशसरखा एवां ज्ञानदानने जेओ हमेशां भव्योप्रते आपे छे, ते उपाध्यायोने हुं ध्यावुं छुं. ॥ ४७ ॥

दिणमासजीवियंताइं । सेसदाणाइं मुणिय जे नाणं ॥ मुत्तिंतं दिंति सया । तेहं झा० ॥ ४८ ॥
अन्य दानोने दिन, मास, अथवा जीवितसुधि फक्त चालनारां जाणीने जेओ छेक मुक्तिसुधि पहोंचे तेवुं ज्ञानदान हमेशां आपे छे, ते उपाध्यायोने हुं ध्यावुं छुं. ॥ ४८ ॥

अन्नाणंधे लोआण ! लोयणे जे पसत्थसत्थमुहा ॥ उग्घाडयंति सम्मं । तेहं झा० ॥ ४९ ॥
अज्ञानथी अंध थयेला लोकोना लोचनोने जेओ उत्तम शास्त्रना मुखथी (पक्षे–शस्त्रनी अणीथी) सम्यक् प्रकारे खुल्लां करे छे, ते उपाध्यायोने हुं ध्यावुं छुं. ॥ ४९ ॥

बावन्नवन्नचंदण–रसेण जे लोयपावतावाइं ॥ उवसामयंति सहसा । तेहं झा० ॥ ५० ॥

जेओ बावन अक्षरोरूपी चंदनना रसथी लोकोनां पापरूपी तापने तुरत शांत करे छे ते उपाध्यायोने हुं ध्यावुं छुं. ॥ ५० ॥

जे रायकुमरतुल्ला । गणतत्तिपरा य सूरिपयजुग्गा ॥ वायंति सीसवग्गं । तेहं झाएमि उवज्झाए ॥५१॥(४)

जेओ युवराजनी पेठे गच्छनुं समाधान करवामां तत्पर रहेला छे, तथा जे आचार्यपदने योग्य छे, अने शिष्यवर्गने वाचना आपे छे, एवा ते उपाध्यायोने हुं ध्यावुं छुं. ॥ ५१ ॥ (४)

जे दंसणनाणचरित्त–रूवरयणत्तएण इक्केण ॥ साहंति मुख्खमग्गं । ते सव्वे साहुणो वंदे ॥ ५२ ॥

जेओ ऐक्यताने पामेलां एवां दर्शन, ज्ञान अने चारित्ररूपी त्रण रत्नोवडे करीने मोक्षमार्गने साधे छे, एवा ते सर्वे साधुओने हुं वांदुं छुं.॥

गयदुविहदुट्ठज्झाणा । जे झाइयसुक्कधम्मज्झाणा य ॥ सिख्खंति दुविहसिख्खं । ते सव्वे० ॥ ५३ ॥

जेमनुं बन्ने प्रकारनुं दुष्ट ध्यान गयेलुं छे, तथा जेओ धर्म अने शुक्लध्यान ध्यावे छे, अने बन्ने प्रकारनी जेओ शिक्षा आपे छे, ते सर्वे साधुओने हुं वांदुं छुं. ॥ ५३ ॥

गुत्तित्तएण गुत्ता । तिसल्लरहिया तिगारवविमुक्का ॥ जे पालयंति तिपइं । ते सव्वे० ॥ ५४ ॥

जेओ त्रण गुप्तिओथी गुप्त थयेला, त्रणे शल्योथी रहित अने त्रणे गर्वोथी मुक्त थयाथका त्रिपदीने पाळे छे, ते सर्वे साधुओने हुं वांदुं छुं.

चउविहविगहविरत्ता । जे चउविहचउकसायपरिमुक्का ॥ चउहा दिसंति धम्मं ते सव्वे० ॥ ५५ ॥

चारे प्रकारनी विकथाओथी विरक्त थयेला, अने चार भेदोथी मुक्त थयेला एवा जेओ चार प्रकारनो धर्म उपदेश छे, ते सर्वे सधुओने हुं वांदुं छुं.

निज्जियपंचपमाया । निज्झियपंचिंदिया य पालंति ॥ पंचेव य समिईओ । ते सव्वे० ॥ ५६ ॥

जितेल छे पांच प्रमादो जेमणे एवा तथा पांचे इंद्रियोने जीतनारा थयाथका जेओ पांचे समितिओने पाले छे, ते सर्वे साधुओने हुं वांदुं छुं.

छज्जीवकायरख्खण–निउणा हासाइछक्कमुक्का जे ॥ धारंति अ वयछक्कं । ते सव्वे ॥ ५७ ॥

छकायजीवोनी रक्षा करवामां निपुण हास्यआदिक छएने तजनारा, अने जेओ छ व्रतोने धारण करे छे, ते सर्वे साधुओने हुं वांदुं छुं.

जे जियसत्तभया गय–अट्ठ मया नव बंभगुत्तीओ ॥ पालंति अप्पमत्ता । ते सव्वे० ॥ ५८ ॥

जेओए सात भयोने जीतेला छे, जेमना आठे मदो गयेला छे, तथा जेओ प्रमादरहित थइने ब्रह्मचर्यनी नवे गुप्तिओने पाले छे, ते सर्वे साधुआने हुं वांदुं छुं. ॥ ५८ ॥

दसविहधम्मं तह बार–सेव पडिमाउ जेय कुव्वंति ॥ बारसविहं तवोवि य । ते सव्वे ॥ ५९ ॥

वली जेओ दश प्रकारना यतिधर्मने तथा बार प्रतिमाओने धारण करे छे, तेम जेओ बार प्रकारनो तप पण करे छे, ते सर्वे साधुओने हुं वांदुं छुं.॥

जे सत्तरसंजमंगा । उव्वूढाठारससहससीलंगा ॥ विहरंति कम्मभूमिसु । ते सव्वे० ॥ ६० ॥

जेमना अंगमां सत्तर प्रकारनुं संयम वसी रह्युं छे, तथा जेओ अढार हजार शिलांगोने धारण करे छे, एवी रीते कर्मभूमीओमां विचर-

नारा एवा ते सर्वे साधुओने हुं वंदन करुं छुं. ॥ ६० ॥ (५)

(५) जं सुद्धदेवगुरुधम्म–तत्तसंपत्तिसद्दहणरूवं ॥ वन्निज्जइ सम्मत्तं । तं सम्मदंसणं नमिमो ॥ ६१ ॥

जे शुद्ध देव, गुरु अने धर्मना तत्वनी संपत्तिनी सद्दहणारूप सम्यक्त्व कहेवाय छे, ते सम्यग्दर्शनने अमो नमीये छीये. ॥ ६१ ॥

जावेगकोडाकोडी–सागरसेसा न होइ कम्मट्ठिई ॥ ताव न जं पाविज्जइ । तं सम्म० ॥ ६२ ॥

ज्यांसुधि एक कोडाकोडी सागरोपमनी कर्मनी स्थिति बाकी न होय, त्यांसुधि जे प्राप्त थतुं नथी ते सम्यग्दर्शनने अमो नमीये छीये.॥

भव्वाणमद्धपुग्गल–परियट्टवसेसभवनिवासाणं ॥ जं होइ गंठिभेए । तं सम्म० ॥ ६३ ॥

अर्धपुद्गलपरावर्तन जेटलो बाकी रहेल छे संसारवास जेमनो एवा भव्यमनुष्योने ग्रंथिभेद थये छते जे प्राप्त थाय छे, ते सम्यग्दर्शनने अमो नमीये छीये. ॥ ६३ ॥

जं च तिहा उवसमियं । खओवसमियं च खाइयं चेव ॥ भणियं जिणिंदसमए । तं सम्म० ॥ ६४ ॥

वली जे औपशमिक, क्षायोपशमिक अने क्षायक एम त्रण प्रकारनुं जिनागममां कहेलुं छे, ते सम्यग्दर्शनने अमो नमीये छीये. ॥६४॥

पणवारा उवसमियं । खओवसमियं असंखसो होइ ॥ जं खाइयं च इक्कसि । तं सम्म० ॥ ६५ ॥

औपशमिक, सम्यक्त्व पांचवार तथा क्षायोपशभिक असंख्यवार आवे छे, तथा जे क्षायक छे ते एकज वार आवे छे, एवां ते सम्यग्दर्शनने अमो नमीये छीये. ॥ ६५ ॥

जं धम्मद्दुममूलं । भाविज्जइ धम्मपुरद्दवेसं च ॥ धम्मभवणपोढं वा । तं सम्म० ॥ ६६ ॥

वली जे धर्मरूपी वृक्षनुं मूळ छे, तथा जे धर्मरूपी नगरमां प्रवेश करवाना द्वाररूप छे, तथा जे धर्मरूपी मेहेलनो पायो छे, ते सम्यग्दर्शनने अमो नमीये छीये. ॥ ६६ ॥

जं धम्मजयाहारं । उवसमरसभायणं बिंति ॥ मुणिणो गुणरयणनिहिं । तं सम्म० ॥ ६७ ॥

धर्मनो जय करवामां आधारभूत, तथा मुनिओ जेने उपशमरसना भाजनरूप अने गुणोरूपी रत्नो भंडाररूप कहे छे, ते सम्यक्त्वने नमीये छीये.

जेण विणा नाणंपि हु । अपमाणं निष्फलं च चारित्त ॥ मुख्खोवि नेव लब्भइ । तं सम्म० ॥ ६८ ॥

जे विना ज्ञान पण अप्रमाण छे, तथा चारित्र निष्फल छे, अने मोक्ष पण मलतो नथी, ते सम्यग्दर्शनने अमो नमीये छीये. ॥६८॥

जं सद्दहाणलख्खण–भूसणपमुएहिं बहुअभेएहिं ॥ वन्निज्जइ समयंमि अ । तं सम्म० ॥ ६९ ॥

जेने सद्दहणा, लक्षण तथा भूषणआदिक घणा भेदोथी आगममां वर्णव्युं छे, ते सम्यग्दर्शनने अमो नमीये छीये. ॥ ६९ ॥ (६)

सव्वन्नुप्पणीयागम–भणियाण जहट्ठियाण तत्ताणं ॥ जो सुद्धो अवबोहो । तं सन्नाणं मह पमाणं ॥ ७० ॥

वळी सर्वज्ञप्रभुए बनावेलां आगमोमां कहेला एवा यथास्थित तत्वोनां शुद्ध अवबोध रूप जे छे, ते सद्ज्ञान मारे प्रमाणभूत छे. ॥७०॥

जेणं भख्खाभख्खं । पिज्जापिज्जं अगमविगमं ज ॥ किच्चाकिच्चं नजइ । तं सन्नाणं० ॥ ७१ ॥

जेथी भक्ष्य, अभक्ष्य, पेय, अपेय, अगम, विगम, तथा कृत्य अकृत्य जणाय छे, ते सद्ज्ञान मारे प्रमाणभूत छे. ॥ ७१ ॥

**सयलकिरियाण मूलं । सद्धा लोअंमि तीअ सद्धाए ॥ जं किर हवेइ मूलं । तं सन्नाणं० ॥ ७२ ॥**

आ दुनीयामां सर्व क्रियाओनुं मूल श्रद्धा छे, अने ते श्रद्धानुं मूळ खरेखर ज्ञान छे. ते सद्ज्ञान मारे प्रमाणभूत छे. ॥ ७२ ॥

**जं मइसुयओहिमयं । मणपज्जवरूवकेवलमयं च ॥ पंचविहं सुपसिद्धं । तं सन्नाणं० ॥ ७३ ॥**

वळी जे मति, श्रुत, अवधि, मनपर्यव अने केवल, एम पांच भेदोथी प्रसिद्ध थयेलुं छे, ते सद्ज्ञान मारे प्रमाणभूत छे. ॥ ७३ ॥

**केवलमणोहिणंपि हु । वयणं लोयाण कुणइ उवयारं ॥ जं सुयमईरूवेणं । तं सन्नाणं० ॥ ७४ ॥**

वळी केवली, मनपर्यवज्ञानी तथा अवधिज्ञानीओनुं वचन पण श्रुत अने मतिज्ञानरूपे लोकोने उपकार करे छे, माटे ते सद्ज्ञान मारे प्रमाणभूत छे.

**सुयनाणं चेव दुवा–लसंगरूवं परूवीयं जत्थ ॥ लोयाणुवयारकरं । तं सन्नाणं० ॥ ७५ ॥**

वळी जेमां लोकोने उपकार करनारुं एवुं द्वादशांगीरूप श्रुतज्ञान प्ररूपेलुं छे, ते सद्ज्ञान मारे प्रमाणभूतछे. ॥ ७५ ॥

**तत्तुच्चिय जं भव्वा । पढंति दिंति निसुणंति ॥ पूयंति लिहावंति य । तं सन्नाणं० ॥ ७६ ॥**

वळी तेथी भव्यजनो जेने भणे छे, जेनुं दान आपे छे जेने सांभळे छे, पूजे छे तथा लखावे छे, ते सद्ज्ञान मारे प्रमाणभूत छे.॥

**जस्स बलेणं अज्जवि । नज्जइ तियलोयगोयरवियारो ॥ करगहियामलयंपिव । तं सन्नाणं० ॥ ७७ ॥**

जेना बलथी आजे पण त्रणे लोकोसंबंधि विचार हाथमां लीधेलां आंमलांनीपेठे जणाय छे, ते सद्ज्ञान मारे प्रमाणभूत छे. ॥७७॥

जस्स पसायेण जणा । हवंति लोयंमि पुत्थणिज्जा य ॥ पूज्जा य वन्नणिज्जा। तं सन्नाणं मह पमाणं ॥ ७८ ॥

जेना पसायथी दुनीयामां मनुष्यो पूछवालायक, पूजनीय, तथा प्रशंसनीय थाय छे, ते सद्ज्ञान मारे प्रमाणभूत छे. ॥ ७८ ॥ (७)

जं देसविरइरूवं । सव्वविरइरूवयं च अणुकमसो ॥ होइ गिहोणजईणं । तं चारित्तं जए जयइ ॥ ७९ ॥

जे गृहस्थिओने अने मुनिओने अनुक्रमे देशविरति तथा सर्वविरतिरूप छे. ते चारित्र जगत्मां जय पामे छे. ॥ ७९ ॥

नाणंपि दंसणंपि य । संपुन्नफलं फलंति जीवाणं ॥ जेणं चिय परियरिया । तं चारित्तं० ॥ ८० ॥

वली जे चारित्रथी युक्त थयेलां एवां ज्ञान अने दर्शन पण जीवोने संपूर्ण फलरूपे फले छे, ते चारित्र जगत्मां जय पामे छे.॥८०॥

जं च जईणं जहुत्तर–फलं सुसामाइयाइपंचविहं ॥ सुपसिद्धं जिणसमए । तं चारित्तं० ॥ ८१ ॥

वली जे मुनिओने माटे जैन आगममां यथोत्तर फल आपनारुं उत्तम सामायिक आदिक पांच प्रकारनुं प्रसिद्ध छे, ते चारित्र जगत्मां जय पामे छे.

जं पडिवन्नं परिपा–लियं च सम्मं परूवियं दिन्नं ॥ अन्नेसिं च जिणेहिंवि । तं चारित्तं० ॥ ८२ ॥

वलीजे चारित्रने जिनेश्वरोए स्वीकार्युं छे, पाल्युं छे, तथा अन्योप्रते सम्यक् प्रकारे प्ररूप्युं छे, अने आप्युं छे, ते चारित्र जगत्मां जय पामे छे.

छखंडाणमखंडं । रज्जसिरिं चइय चक्कवट्टीहिं ॥ जं सम्मं पडिवन्नं । तं चारित्तं० ॥ ८३ ॥

छखंडोनी अखंड राज्यलक्ष्मीने पण तजीने चक्रवर्त्तीओए जेने सम्यक् प्रकारे अंगीकार कर्युं छे, ते चारित्र जगत्मां जय पामे छे. ॥

जं पडिवन्ना दमगा–इणोवि जीवा हवंति तियलोए ॥ सयलजणपूयणिज्जा । तं चारित्तं० ॥ ८४ ॥

जेने स्वीकारवाथी द्रमकआदिक जीवो पण त्रणे लोकोमां सर्व जनोथी पूजनीक थाय छे, ते चारित्र जगत्मां जय पामे छे. ॥८४॥

जं पालंताण मुणी–सराण पाए णमंति साणंदा ॥ देविंददाणविंदा । तं चारित्तं० ॥ ८५ ॥

जेने पाळनारा एवा मुनीश्वरोने चरणे देवेंद्रो तथा दानवेंद्रो आनंदसहित नमे छे, ते चारित्र जगत्मां जय पामे छे, ॥ ८५ ॥

जं चाणंतगुणंपि हु । वन्निज्जइ सतरसभेयदसभेयं ॥ समयंमि मुणिवरेहिं । तं चारित्त पवन्नोहं ॥ ८६ ॥

जे अनंता गुणोवाळुं होवा छतां पण मुनीश्वरोए आगममां सत्तर प्रकारनुं तथा दश प्रकारनु वर्णव्युं छे, ते चारित्रने हुं प्राप्त थयो छुं.

समिईओ गुत्तीओ । खंतिपमुहाउ मित्तिआइउ ॥ साहंति जस्स सुद्धिं । तं चारित्तं पवन्नोहं ॥८७॥ (८)

समितिओ, गुप्तिओ तथा क्षांतिआदिक, अने मैत्री आदिक भावनाओ जेनी सिद्धिने साधे छे, ते चारित्रने हुं प्राप्त थाउं छुं. ॥८७॥(८)

बाहिरमब्भिंतरियं । बारसभेयं जहुत्तरगुणं जं ॥ वन्निज्जइ जिणसमए । तं तवपयमेस वंदामि ॥ ८८ ॥

बाह्य तथा अभ्यंतर मळीने बार भेदोवाळुं तथा उत्तरोत्तर गुणोवाळुं जेने आगममां वर्णव्युं छे, ते तपपदने हुं वांदुं छुं. ॥ ८८ ॥

तब्भवसिद्धिं जाणं–तएहिं सिरिरिसहनाहपमुहेहिं ॥ तित्थयरेहिं कयं जं । तं तव० ॥ ८९ ॥

तेज भवे सिद्धि थवानी छे, एम जाणतां छतां पण श्रीरूषभदेवआदिक तीर्थंकरोए जेने आचरेलुं छे, ते तपपदने हुं वांदुं छुं.॥८९॥

जेण खमासहिएणं । कएण कम्माणमवि निकायाणं ॥ जायइ खओ खणेणं । तं तव० ॥ ९० ॥

जे तपने क्षमासहित आचरवाथी निकाचित कर्मोनो पण क्षणमांज क्षय थाय छे, ते तपपदने हुं वांदुं छुं. ॥ ९० ॥

जेणं चिय चलणेणव । जीवसुवन्नाओ कम्मकिट्टाइं ॥ फिट्टंति तख्खणं चिय । तं तव० ॥ ९१ ॥

अग्निवडे करीने जेम, तेम जे तपथी आत्मारूपी सुवर्णमांथी तत्क्षण मेल नाश पामे छे, ते तपपदने हुं वांदुं छुं. ॥ ९१ ॥

आसंसाइविरहिए । जमि कए कम्मनिज्जरट्ठाए ॥ हुंति महासिद्धीओ । तं तव० ॥ ९२ ॥

आशंसारहित कर्मोना क्षयमाटे जे तप करवाथी महासिद्धिओ थाय छे, ते तपपदने हुं वांदुं छुं. ॥ ९२ ॥

जस्स पसाएण धुवं । हवंति नाणाविहाउ लद्धीओ ॥ आमोसहिपमुहाओ । तं तव० ॥ ९३ ॥

जेना पसायथी खरेखर आमौषधीआदिक नाना प्रकारनी लब्धिओ प्राप्त थाय छे, ते तपपदने हुं वांदुं छुं. ॥ ९३ ॥

कप्पतरुस्सव जस्से-रिसा उसुरवरनराण रिद्धीओ ॥ कुसुमाइं फलं च सिवं । तं तव० ॥ ९४ ॥

कल्पवृक्षसरखा एवा जे तपरूपी वृक्षनां देव तथा मनुष्यभवसंबंधि रूद्धिओ पुष्पोसमान छे, अने मोक्ष फल समान छे, ते तपपदने हुं वांदुं छुं.॥

अच्चंतमसज्झायं । लीलाइवि सव्वलोयकज्जाइं ॥ सिज्झंति झत्ति जेणं । तं तव० ॥ ९५ ॥

अत्यंत असाध्य एवां पण सर्व लोकोनां कार्यो जेनाथी लीलामात्रमां तुरत सिद्ध थाय छे, ते तपपदने हुं वांदुं छुं. ॥ ९५ ॥

**दहिदुवाइमंगल–पयच्छसत्थंमि मंगलं पढमं ॥ जं वन्निज्जइ लोए । तं तवपयमेस वंदामि ॥ ९६ ॥(९)**

वलो दुनीयामां पण दधिदूर्वादिक मंगलीक पदार्थोना समूहमां जे तपने पेहेलुं वर्णववामां आवे छे, ते तपपदने हुं वांदुं छुं. ॥९६॥

**एवं च संथुणंतो । सो जाओ नवपएसु लीणमणो ॥ जह कहवि जहा पिखइ । अप्पाणं तम्मयं चेव ॥९७॥**

एवीरीते स्तवतांथकां ते श्रीपालराजा नवपदमां तल्लीन मनवाला थया, अने तेथी ज्यारे क्यारे पण पोताना आत्माने ते तन्मय देखवा लाग्या.

**एयंमि समयकाले । सहसा पुन्नं च आउयं तस्स ॥ मरिऊणं सिरिपालो । नवमे कप्पंमि संपत्तो ॥ ९८ ॥**

एवा समयमां तेमनुं आयु तुरत संपूर्ण थयुं. जेथी ते काल करीने नवमेदेवलोके पधार्या. ॥ ९८ ॥

**माया य मयणसुंदरि–पमुहाओ राणियाओ समयंमि ॥ सुहझाणा मरिऊणं । तत्थेव य सुरवरा जाया ॥ ९९ ॥**

पछी तेमनी माता तथा मयणासुंदरीआदिक राणीओ पण समय आव्येछते शुभध्यानथी कालकरीने तेज देवलोकमां देवपणे उत्पन्न थयां.

**तत्तो चविऊण इमे । मणुयभवं पाविऊण कयधम्मा ॥ होहंति पुणो देवा । एवं चत्तार वाराओ ॥१३००॥**

त्यांथी चवीने तेओ मनुष्यभव पामी धर्मकार्यो करीने पाछा देवो थशे; एवी रीते चारवार तेओ देव अने मनुष्यभव पामशे.॥१३००॥

**सिरिपालभवाउ नवमे । भवंमि संपाविऊण मणुयत्तं ॥ खविऊण कम्मरासिं । संपाविस्संति परमपयं ॥ १ ॥**

पछी श्रीपालनां भवथी नवमे भवे मनुष्यपणु पामीने तथा कर्मोनी राशि खपावीने तेओ मोक्षपद पामशे. ॥ १ ॥

एवं भो मगहेसर । कहियं सिरिपालनरवरचरित्तं ॥ सिरिसिद्धचक्कमाहप्प—संजुयं चित्तचुज्जकरं ॥ २ ॥

एवी रीते हे मगधेश्वर! श्रीसिद्धचक्रजीना माहात्म्यवाळुं. तथा मनने आश्चर्य करनारुं श्रीपालराजानुं चरित्र कह्युं. ॥ २ ॥

तं सोऊणं सेणिय—राओ नवपयसमुल्लसियभावो ॥ पभणेइ अहह केरिस—मेआण पयाणमाहप्पं ॥ ३ ॥

ते सांभळीने श्रेणिकराजा नवपदजीपर उल्लसायमान भाववाळो थयोथको बोल्यो के, अहाहा! आ पदोनुं केवुं माहात्म्य छे!! ॥३॥

तो भणइ गणी नरवर । पत्तं अरिहंतपयपसाएणं ॥ देवपालेण रज्जं । सक्कत्तं कत्तिएणावि ॥ ४ ॥

त्यारे गौतमस्वामी कहे छे के, हे राजन्! अरिहंतपदना पसायथी देवपालने राज्य तथा कार्तिकशेठने इंद्रपणुं मल्युं छे. ॥ ४ ॥

सिद्धपयं झायंता । के के सिवसंपयं न संपत्ता ॥ सिरिपुंडरीयपंडव—पउममुणिंदाइणो लोए ॥ ५ ॥

सिद्धपदने ध्यावताथका श्रीपुंडरीकजी, पांडवो तथा रामचंद्रजी आदिक कोण कोण आ जगत्मां मोक्षसंपदा नथी पाम्या? ॥ ५ ॥

नाहियवायसमज्जिय—पावभरोवि हु पएसि नरनाहो ॥ जं पावइ सुररिद्धिं । आयरियपयप्पसाओ सो ॥ ६ ॥

नास्तिकवादथी मेलवेल छे पापोनो समूह जेणे एवो प्रदेशीराजा पण जे देवतानी ऋद्धि पाम्यो, ते आचार्यपदनो पसाय जाणवो.॥

लहुअंपि गुरुवइट्ठं । आराहंतेहिं वयरमुवज्झायं ॥ पत्तो सुसाहुवाओ । सीसेहिं सीहगिरिगुरुणो ॥ ७ ॥

लघु एवा पण, परंतु गुरुमहाराजे फरमावेला एवा वज्रस्वामी उपाध्यायने आराधनारा एवा सिंहगिरिजी महाराजना शिष्योनो साधुवाद थयो.

साहुपयविराहणया । आराहणया य दुक्खसुखाइं ॥ रुप्पिरोहिणीजीवेहिं । किं न हु पत्ताइ गुरुयाइं ॥ ८ ॥

साधुपदनी विराधनाथी अने आराधनाथी अनुक्रमे रूपी तथा रोहिणीना जीवोने शुं महान् दुःखसुखो न थयां ? ॥ ८ ॥

दंसणपयं विसुद्धं । परिपालंतिइ निच्चलमणाए ॥ नारीइवि सुलसाए । जिणराओ कुणइ सुपसंसं ॥ ९ ॥

दर्शनपदने निश्चलमनथी शुद्धरीते पालतांथकां स्त्री एवी सुलसानी पण जिनेश्वरप्रभुए प्रशंसा करी छे. ॥ ९ ॥

नाणपयस्स विराहण-फलंमि नायं हवेइ मासतुसो ॥ आराहणाफलंमि य । आराहणं होइ सीलमई ॥ १० ॥

ज्ञानपदनी विराधनाना फलमाटे 'मासतुस साधुनुं' दृष्टांत जाणवुं, अने तेनी आराधनाना फलमाटे शीलमतीनुं उदाहरण जाणवुं. ॥

चारित्तपयं तह । भावओवि आराहियं सिवभवंभि ॥ जेणं जंबुकुमारो । जाओ कयजणचमुक्कारो ॥ ११ ॥

शिवकुमारना भवमां चारित्रपदने उत्तम भावपूर्वक आराधवाथी जंबूकुमार लोकोने आश्चर्य करनारा थया. ॥ ११ ॥

वीरमईए तह कहवि । तवपयं आराहियं सुरतरुव्व ॥ जह दमयंतीइ भवे । फलियं तं तारिसफलेहिं ॥ १२ ॥

वीरमतीए तपपदने एवुं तो आराध्युं, के जेथी दमयंतीना भवमां तेणीने कल्पवृक्षनीपेठे तेवां फलोथी ते फलिभूत थयुं. ॥ १२ ॥

किं बहुणा मगहेसर । एयाण भत्तिभावेणं ॥ तं आगमेसि होहिसि । तित्थयरो नत्थि संदेहो ॥ १३ ॥

हे मगधेश्वर! वधारे शुं कहुं? आ नवपदोना भक्तिभावथी तमो पण आगामीकाळमां तीर्थंकर थशो, तेमां संदेह नथी. ॥ १३ ॥

**तम्हा एयाइं पयाइं । जिणसासणस्स सव्वस्सं ॥ नाऊणं भो भविया । आराहह सुद्धभावेणं ॥ १४ ॥**

माटे आ नवपदोने जिनशासननुं सर्वस्व जाणीने हे भव्यो! तमो शुद्धभावथी तेनुं आराधन करो ॥ १४ ॥

**एयाइं च पयाइं । आराहंताण भव्वसत्ताणं ॥ हुंति सयावि हु मंगल-कल्लाणसमिद्धिसिद्धीओ ॥ १५ ॥**

आ पदोने आराधनारा भव्यप्राणीओने हमेशां मंगल, कल्याण, समृद्धि तथा सिद्धिओ थाय छे. ॥ १५ ॥

**एवं तिकालगोयर-नाणे सिरिगोयमंमि गणनाहे ॥ कहिऊण ठिए सेणिय-राओ जा नमवि मुणिनाहं ॥ १६ ॥**

एवीरीते त्रिकाळज्ञानी एवा श्री गौतमस्वामी गणधरमहाराज कही रह्या, त्यारे श्रेणिकराजा जेवामां ते मुनींद्रने नमीने, ॥ १६ ॥

**उट्ठेइ तओ हरिसिय-चित्तो ता तत्थ कोवि नरनाहं ॥ विन्नवइ देव वद्धा-विज्जसि वीरागमेण तुमं ॥ १७ ॥**

त्यांथी हर्षित मनवाला थयाथका उठे छे, तेवामां त्यां कोइक माणस तेमने विनंति करे छे के, हे राजन्! श्रीवीरप्रभुना आगमननी हुं आपने वधामणी आपुं छुं. ॥ १७ ॥

**तं सोऊणं सेणिय-नरनाहो पमुइओ सचित्तंमि ॥ रोमंचकंचुचियतणू । वद्धावणियं च से देइ ॥ १८ ॥**

ते सांभलीने श्रेणिकराजा पोताना मनमां खुशी थया, तथा रोमांचथी कंचुकित शरीरवाला थयाथका ते माणसने वधामणी आपे छे.॥

इत्थंतरंमि तिहुयण–भाणूसिरिवद्धमाणजिणनाहो ॥ अइसयसिरीसणाहो। समागओ तत्थ उज्जाणे ॥ १९ ॥
एटलामां त्रणे जगत्ना सूर्यसमान एवा श्रीवर्धमान प्रभु अतिशयोनी लक्ष्मीसहित ते उद्यानमां पधार्या. ॥ १९ ॥
देवेहिं समवसरणं । रइयं अच्चंतसुंदरं सारं ॥ सिरिवद्धमाणसामी । उवविट्ठो तच्छ तिजयपहू ॥ २० ॥
त्यारे देवोए त्यां अत्यंत सुंदर अने मनोहर समवसरण रच्युं, तेपर त्रणे जगत्ना स्वामी एवा श्रीवीरप्रभु बीराज्या. ॥ २० ॥
मोयमपमुहेसु मुणी–सरेसु सक्काइएसु देवेसु ॥ सेणियपमुहनिवेसु य । तहिं निविट्ठेसु सव्वेसु ॥ २१ ॥
पछी त्यां गौतमस्वामीआदिक मुनीश्वरो, इंद्रआदिक देवो, अने श्रेणिकआदिक राजाओ, एम सर्व बेसते छते, ॥ २१ ॥
सेणियमुद्दिस्स पहू । पभणइ नरनाह तुज्झ चित्तंमि ॥ नवपयमाहप्पमिणं । अइगुरुयं कुणइ अत्थरियं ॥ २२ ॥
श्रेणिकराजाने उद्देशीने प्रभु कहे छे के, हे राजन्! तमारां मनमां आ नवपदजीनुं माहात्म्य अति मोहोटुं आश्चर्य करेछे. ॥ २२ ॥
तं च इमेसि पयाणं । कित्तियमित्तं इमं तए नायं ॥ जं सव्वाण सुहाणं । मूलं आहणमिमेसिं ॥ २३ ॥
ए पदोनुं जे माहात्म्य तमोए जाण्युं छे, ते हजुं शुं हिसाबमां छे? केमके तेमनुं आराधन सर्व सुखोनुं मूलरूप छे. ॥ २३ ॥
एयाराहणमूलं च । पाणिणं केवलो सुहो भावो ॥ सो होइ धुवं जीवाण । निम्मलप्पाण नन्नेसिं ॥ २४ ॥
तेमना आराधननुं मूल केवल प्राणीओनो शुभ भाव छे, अने ते शुभ भाव खरेखर निर्मल आत्मावालाओने होय छे, अन्योने होतो नथी.

जेवि य संकप्पवियप्प-वज्जिया हुंति निम्मलप्पाणो ॥ ते चेव नवपयाइं । नवसु पएसु च ते चेव ॥ २५ ॥
संकल्पविकल्पविनाना एवा जे कोइ निर्मल आत्मावालाओ छे, तेओज नवपदरूप छे, अने नवे पदोमां पण तेओज छे. ॥ २५ ॥
जं झाया झायंतो । अरिहंतं रूवसुपयपिंडत्थं ॥ अरिहंतपयमवं चिय । अप्पं पिख्खेइ पच्चख्खं ॥ २६ ॥
ध्यान धरनार एवो पुरुष अरिहंतप्रभुने रूपस्थ, पदस्थ तथा पिंडस्थरूपे ध्यावतोथको पोताना आत्माने प्रत्यक्ष रीते अरिहंतपदरूप जुए छे.
रूवाईयसहावो । केवलसन्नाणदंसणाणंदो ॥ जो चेव य परमप्पा । सो सिद्धप्पा न संदेहो ॥ २७ ॥
रूपातीत स्वभाववालो, तथा केवलज्ञान अने केवलदर्शनना आनंदरूप जे परमात्मा छे, तेज सिद्धात्मा छे, तेमां संदेह नथी. ॥२७॥
पंचपच्छाणमयाय-रिय महामंतझाणलीणमणो ॥ पंचविहायारमओ । प्रायच्चिय होइ आयरिओ ॥ २८ ॥
पांच प्रस्थानवालो जे सूरिमहामंत्र, तेना ध्यानमां लीन मनवालो, तथा पांच प्रकारना आचारमय एवो जे आत्मा, तेज आचार्यरूप थाय छे.
महपाणझायदुवाल-संगसुत्तत्थतदुभयरहस्सो ॥ सज्झायतप्परप्पा । एसप्पा चेव उज्झाओ ॥ २९ ॥
महाप्राण नामना ध्यानथी ध्यावेल छे द्वादशांगीनां सूत्र, अर्थ अने तदुभयनो रहस्य जेणे, तथा स्वाध्यायमां तत्पर एवो जे आ आत्मा, तेज उपाध्याय छे. ॥ २९ ॥
रयणत्तएण सिवपह-संसाहणसावहाणजोगतिगो ॥ साहू हवेइ एसो । अप्पच्चिय निच्चमपमत्तो ॥ ३० ॥

ज्ञानादिक रत्नत्रयें करीने मोक्षमार्गना साधनमां सावधान छे मनआदिक त्रणे योगो जेना, तथा हमेशां प्रमादरहित एवो आ आत्माज साधुरूप थाय छे. ॥ ३० ॥

**मोहस्स खओ वसमा । समसंवेगाइलख्खणं परमं ॥ सुहपरिणाममयं निय–मप्पाणं दंसणं मुणह ॥ ३१ ॥**

मोहना क्षयोपशमथी शमसंवेगादिक उत्तम लक्षणवाला अने शुभपरिणाममय एवा पोताना आत्मानेज दर्शनरूप जाणवो. ॥ ३१ ॥

**नाणावरणस्स खओ–वसमेण जहट्ठियाण तत्ताणं ॥ सुद्धावबोहरूवो । अप्पुच्चिय वुच्चए नाणं ॥ ३२ ॥**

ज्ञानावरणीय कर्मना क्षयोपशमथी यथास्थित तत्वोनो जे अवबोध, तेरूप एवो आत्माज ज्ञान कहेवाय छे. ॥ ३२ ॥

**सोलसकसाय नव । नोकसायरहियं विसुद्धलेसागं ॥ ससहावठियं अप्पा–णमेव जाणेह चारित्तं ॥ ३३ ॥**

शोल कषाय अने नव नोकषायथी रहित, शुद्ध लेश्यावाला अने निजस्वभावमां रहेला एवा आत्माने चारित्ररूपे जाणवो. ॥३३॥

**इच्छानिरोहो सुद्ध–संवरो परिणओ य समयाए ॥ कम्माइं निज्जरंतो । तवोमओ चेव एसप्पा ॥ ३४ ॥**

इच्छाने रोकवाथी शुद्ध संवररूप अने समताथी परिणमेलो, तथा कर्मोनीनिर्जरा करतो एवो आ आत्माज तपरूप छे. ॥ ३४ ॥

**एवं च ठिए अप्पाण–मेव नवपयमयं वियाणित्ता ॥ अप्पंमि चेव निच्चं । लीणमणा होह भोभविया ॥ ३५ ॥**

एवीरीते होते छते आत्मानेज नवपदमय जाणवो, अने तेथी हे भव्यो! तमो हमेशां आत्मामांज लीन मनवाला थाओ? ॥ ३५ ॥

**तं सोऊणं सिरिवीर–भासियं सेणिओ नरवरिंदो ॥ साणंदो संपत्तो । निययावासं सुहावासं ॥ ३६ ॥**

एवीरीते श्रीवीरप्रभुनुं वचन सांभळीने श्रेणिकराजा आनंदसहित सुखनां स्थानरूप एवा पोताना मेहेलप्रते गया. ॥ ३६ ॥

सिरिवीरजिणोवि हु । दिणयरुव्व कुग्गहपहं निवारंतो ॥ भवियकमलपडिबोहं कुणमाणो विहरइ महीए ॥ ३७ ॥

श्रीवीरप्रभु पण सूर्यनी पेठे कदाग्रहना मार्गने निवारताथका तथा भव्योरूपी कमलोने प्रतिबोधताथका पृथ्वीपीठपर विचरवा लाग्या.॥

एसा नवपयमाहप्प–सारसिरिपालनरवरिंदकहा ॥ निसुणंतकहंताणं । भवियाणं कुणउ कल्लाणं ॥ ३८ ॥

नवपदजीना माहात्म्यथी सारभूत थयेली एवी आ श्रीपालराजानी कथा सांभळनारा तथा कहेनारा एवा भव्यजनोनुं कल्याण करो?

सिरिवज्जसेणगणहर–पट्टप्पहुहेमतिलयसूरीणं ॥ सीसेहिं रयणसेहर–सूरीहिं इमा हु संकलिया ॥ ३९ ॥

श्रीवज्रसेनसूरिनी पाटना मालिक एवा श्रीहेमतिलकसूरिना शिष्य श्रीरत्नशेखरसूरिजीए आ श्रीपालकथा रचेली छे. ॥ ३९ ॥

तस्सीसहेमचंदेण । साहुणा विक्कमस्स वरिसंमि ॥ चउदसअट्ठावीसे । लिहिया गुरुभत्तिकलिएणं ॥ ४० ॥

तेमना शिष्य श्रीहेमचंद्रजी साधुए विक्रम संवत चौदसो अट्ठावीसमां गुरुभक्तिने लीधे आ कथा लखी छे. ॥ ४० ॥

सायरमेरू जा महि–यलंमि जा नहयलंमि ससिसूरा ॥ वट्टंति ताव नंदउ । वाइज्जंता कहा एसा ॥ ४१ ॥

ज्यांसुधि आ पृथ्वीपर समुद्र तथा मेरुपर्वत रहेलाछे, तेमज आकाशतलमां ज्यांसुधि चंद्रसूर्य रहेला छे, त्यांसुधि वंचाती एवी आ कथा समृद्धिपामो?

इति श्रीश्रीपालकथा श्रीसिद्धचक्रमाहात्म्ययुक्ता समाप्ता ॥ श्रीरस्तु ॥

एवीरीते श्रीसिद्धचक्रजीना माहात्म्यथी युक्त थयेली एवी आ श्रीपालराजानी कथा संपूर्ण थइ. ॥

॥ इति श्री श्रीपालचरित्रं समाप्तम् ॥

श्री जैनभास्करोदय प्रिन्टिंग प्रेसमां छाप्युं—जामनगर.